23117
23117

गांधी स्मृति ग्रंथालय
भावनगर

P
050
S111-20

23117

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

આ પુસ્તક


23117
23117

આ પુસ્તક ..... દિવસ રાખી શકાશે.

20 AUG 2004

28 MAR 2006

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણ સંઘ)

卐

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

卐

સાચી કેળવણી સાધનોમાંથી નથી મળતી; પદ્ધતિઓ અને યોજનાઓ તો કેવળ આનુષંગિક સાધનમાત્ર છે. બાળકને સાચી કેળવણી આપવાની જવાબદારી સ્વીકારનારે તો પોતાના જીવનનો ખ્યાલ રાખવો જોઈએ. એ જીવન જેટલું સત્યનિષ્ઠ અને નિખાલસ હશે તેટલા જ પ્રમાણમાં બાળકને તે સાચી કેળવણી આપી શકશે.

માબાપ અને શિક્ષક સહુને આ વાત સરખી રીતે લાગુ પડે છે.

વર્ષ ૨૦ : : કાર્યાલય : : અંક ૧

૨૦૦૧ રાવપુરા : વડોદરા પોષ

'બાળક'ને સન્માનો*

આજને પ્રસંગે મને અહીં બોલાવી લાવવા માટે હું શ્રીમતી સરલા દેવી સારાભાઇનો આભાર માનું છું. તેમ જ આ મકાન, તથા ગૂજરાત વિદ્યાપીઠ અને હરિજનઆશ્રમ (સાબરમતી)નાં મકાનો આ છઠ્ઠા કોર્સ માટે મને વાપરવા મળ્યાં છે તે બદલ લાગતાવળગતા સહુનો હું આભાર માનું છું.

આ આભાર હું મારા એકલા તરફથી વ્યક્તિગત રીતે નથી માનતી પણ બાળકો તરફથી બાળકોનાં પ્રતિનિધિરૂપે માનું છું.

આપણે સહુ અહીં મુખ્યત્વે કરીને 'બાળક' ને કારણે એકત્ર થયાં છીએ. આપણું મહાન કાર્ય બાળકની વ્યક્તિવિશેષતાને સંરક્ષવાનું અને તેને વિકસાવવાનું છે.

દિવસે દિવસે માણસજાતને લાગતું જાય છે કે આપણે હજુ બાળકના પ્રશ્નોને હાથ ધરવા માટે પૂરતા કેળવાયેલ નથી. કેળવણીના જૂના ખ્યાલો જતા જાય છે-જેવા કે મોટેરાંઓએ અને શિક્ષકોએ બાળકોને તૈયાર કરવાનાં છે. એ જૂના ખ્યાલોને બદલે હવે બાળક અનેક શક્તિઓથી ભરેલ એક વ્યક્તિવિશેષ છે એમ મનાવા લાગ્યું છે. બાળક જ માણસનો-મોટા માનવીનો વિધાતા (Constructor of man) છે એવું સમજાવા લાગ્યું છે, અને એ વિચારમાં માણસજાતની આશા અને મુક્તિ દેખાય છે.

એટલે કેળવણીનો વિચાર માત્ર શાળા, પાઠશાળા, વિદ્યાપીઠો કે વિદ્યાલયોનાં બીબાંમાં વિચારવાનો રહેતો નથી, પણ મનુષ્યજાતના સામટા ઉત્થાન માટે માણસનો-તેના જન્મથી જ-વિચાર કરવાનો રહે છે. અર્થાત્ આપણું કામ બાળકમાં રહેલ સુષુપ્ત શક્તિઓ (Potentialities) નું સંરક્ષણ કરવાનું, એની ઉત્ક્રાંતિ કરવાનું, એને વિકસાવવાનું છે.

આપણું કામ બાળકને સંરક્ષવાનું અને મદદ કરવાનું છે એમ હું એટલા માટે કહું છું કે આપણે બાળકને કશું શીખવી શકતાં નથી. વિચાર કરો કે તાજા જન્મેલા બાળકને આપણે શું શીખવીએ છીએ ? બે વર્ષના બાળકને આપણે ભાષાજ્ઞાન કેવી રીતે આપી શકીએ છીએ ? બાળકને બોલતાં શીખવાના પાઠો આપીએ છીએ ખરાં ?—આપી શકીએ ખરાં ? અને છતાં બે વર્ષનું બાળક અધરામાં અધરી ભાષા સંપૂર્ણપણે બોલતાં શીખી જાય છે ! એ ભાષાના વિશિષ્ટ ઉચ્ચારો, ભાવો અને અર્થની ઝીણવટો પણ બાળક પકડી લે છે ! આ બધું એને કોણ શીખવે છે. ?

આ જ હકીકત જુદા જુદા દેશનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં કામ કરતા સઘળા વૈજ્ઞાનિકોને નજર આવી છે, અને સ્વતંત્રપણે જુદા જુદા દેશના ઘણા વૈજ્ઞાનિકો એકમત પર આવી ઊભા છે કે બાલજીવનનાં પહેલાં બે વર્ષ જ આખા જીવનના ઘડતરમાં અતિ ઉપયોગી વખત છે. આ વાતની પ્રતીતિ આપણને હવે થાય છે કે બાળકમાં ગૂઢ શક્તિઓનો ઝરો છે, અને તે વડે જ બાળક મનુષ્યનું ઘડતર કરે છે. નવાઇની વાત છે કે અત્યાર સુધી માનવજાત એ ખજાનાથી અજ્ઞાત હતી. આપણે જાણે કે એ ખજાના

* અમદાવાદમાં છઠ્ઠો મોન્ટેસોરી ટ્રેનિંગ કોર્સ શરૂ કરતી વેળા ડૉક્ટર મેડમ મોન્ટેસોરીએ તા. ૨૬-૧૨-૪૪ ના રોજ આપેલ પ્રારંભિક વ્યાખ્યાન.

પાસેથી હજારો વર્ષોથી પસાર થયા કરીએ છીએ છતાં અજ્ઞાત રહ્યા છીએ !

અત્યારે હવે વૈજ્ઞાનિકો જેમ જેમ મનુષ્યના મનનું બાળપણથી અવલોકન કરે છે તેમ તેમ તેની વૃદ્ધિના નિયમો તેમને મળતા જાય છે. બાળક જાતે જ પોતાને કેમ શીખવે તે હવે સમજાતું જાય છે. બાળકમાં જ જાણે કે કોઇ અજ્ઞાત શિક્ષક વસેલો છે, જે તેની પાસે ચુસ્તપણે અમુક વખતે અમુક જ બાબતોને એક પછી એક ગ્રહણ કરાવે છે ! એ જ એની ક્રિયા શક્તિ (Will)નું ઘડતર કરે છે. ફરી વાર ભાષા-શિક્ષણનાં જ ઉદાહરણ લઇએ તો દેખાય છે કે કોઇ પણ દેશનું–કોઇ પણ ભાષા–વાતાવરણમાં જન્મેલું બાળક અંગ્રેજી, જર્મન, બંગાળી, મરાઠી કે ગુજરાતી ભાષા અમુક ચોક્કસ વખતે જ પકડી લે છે અને તેને આત્મસાત્ કરે છે. આ કાર્ય જાણે કે કોઇ ચોક્કસ વખતપત્રક પ્રમાણે જ ચાલે છે. અંગ્રેજ, જર્મન કે હિંદી બાળક એ જ વખતપત્રક પ્રમાણે ભાષા ઉપાડે છે. જાણે કે બાળકની અંદર જ કોઇ અતિ ચોક્કસ શિક્ષક (Scrupulous Teacher) રહ્યો હોય ! આ ચોક્કસ વખતપત્રકને આપણે **સંવેદન કાળ** (Sensitive Period) કહીશું.

આ બે વર્ષના ગાળામાં બાળક કોઇની સીધી સહાય વિના જ જાતે જ ભાષા ઉપર કાબૂ મેળવે છે એટલું જ નહિ પણ પોતાની જાતિ (Race) અને રાષ્ટ્ર (Nation) ના ગુણોનું પણ પોતામાં ઘડતર કરી લે છે. બાળક જન્મે છે ત્યારે તે લગભગ બહેરા અને મૂંગા જેવું જ હોય છે. પણ પછી બે વર્ષમાં જ આટલી બધી બાબતો તે આત્મસાત્ કરે છે. આ ક્રિયાને આપણે સ્વયંસ્ફૂરિત સંસ્કૃતિનું ગ્રહણ કહી શકીએ. આ બધું તે માત્ર વાતાવરણમાંથી જ સંગ્રહે છે.

આ અવલોકન પરથી હું એવા વિચાર પર આવી છું કે આ જ બે વર્ષના ગાળામાં બાળક સામે સંસ્કૃતિના જેટલા વિષયો રજૂ કરી શકાય તેટલા રજૂ કરવા—ધરવા. અને બાળકને વનસ્પતિ શાસ્ત્ર (Botany) જીવનશાસ્ત્ર (Biology) અને વિજ્ઞાનના બીજા બધા વિષયો જરા પણ થાક કે ભાર વિના આપોઆપ સ્વયંસ્ફૂરિત રીતે જ ગ્રહણ કર્યે જાય છે. આપણે વાતાવરણ તૈયાર કરવાનું છે. આવા વાતાવરણમાં બાળક સ્વતંત્રપણે વધે છે, વિકસે છે. આપણી જૂની પદ્ધતિઓ બદલવાની જરૂર છે. જૂની માન્યતા પેઠે બાળકને આપણે એક ખાલી વાસણ માનવાનું નથી, પણ શક્તિઓથી ભરેલું, સ્વયંશિક્ષણને રસ્તે આગળ વધતું વિશિષ્ટ વ્યક્તિત્વવાળું માનવી સમજવાનું છે.

આથી આ કામ ચલાવવા માટે શિક્ષકો પણ નવીન પ્રકારના જ જોઇએ. બાળકને તેના વિકાસકાર્યમાં શિક્ષકે તો માત્ર મદદ કરવાની છે– જેમ નોકર શેઠને મદદ કરે છે તેમ. બાળક પોતાની મેળે જે જે શક્તિઓ અને ગુણો વિકસાવવાનું છે તેમાં તેણે તો મદદરૂપ જ થવાનું છે. બાળક સ્વતંત્રપણે પોતાના અનુભવથી પોતાનો જે વિકાસ સાધે છે તેના મૂગા સાક્ષી તરીકે અને એક અનુકૂળ નોકરની પેઠે શિક્ષકે વર્તવાનું છે. બાળક એને મન એક પવિત્ર વ્યક્તિ હોવી જોઇએ.

માણસ જાતે પણ આ જ દૃષ્ટિથી બાળકને જોવાનું છે. બાળક માણસ જાતને અપનાવે છે; માણસે બાળકનું દૃષ્ટિબિંદુ અપનાવવું જોઇએ. બાળક અને તેની ભવ્યતા–મોટાઇ આપણે સમ-

વાર મોટો શીશો હોય તોપણ તે આખો મૂળિયાંથી ભરાઈ જાય છે; આખરે જગ્યાના સંકોચને કારણે એમાંથી ડાળીઓ ઓછી કરી નાખવી પડે છે. પણ આવી પરિસ્થિતિ થતાં પાંચ છ મહિના સહેજે નીકળી જાય છે. બાળકોને આમ છ મહિના સુધી આ બધું અવલોકન કરવાનો સમય મળે છે, ને વર્ગના શુષ્ક વાતાવરણમાં એથી ચેતન પુરાય છે.

રકાબીમાં બાગ: વનસ્પતિ કેમ ઊગે છે, વધે છે, તેને પાન કઇ રીતે આવે છે, નાની હોય ત્યારે કેવી હોય છે અને મોટી થયા પછી કેવી દેખાય છે, સૂકાઈને કેમ કરમાઈ જાય છે, તથા આ દરેક અવસ્થામાં તેના રંગો અને આકાર કેવી રીતે બદલાતા અગર ફરતા જાય છે, વગેરેનું નિરીક્ષણ કરવામાં કંદ પુષ્કળ સહાય આપી શકે છે. આ માટે રકાબીઓમાં પાણી ભરી રાખી તેમાં કંદ ઉછેરવાથી સારું અવલોકન થઇ શકે છે, કેમકે આવી રીતે કંદને સાચવી રાખવાથી તેને પાન પણ ઊગે છે.

ગાજર, મૂળા, બટેટા, અળવી, કુંગળી, હળદર, લસણ, વગેરે કંદ-છોડો ફકત પાણીમાં જ રકાબીમાં રાખી વર્ગમાં ઉછેરી શકાય છે એવું બને છે કે એના છોડ વધવા માંડે ત્યારે રકાબીમાં તેમને ઊભા-ટટાર રહેવા સારુ કશો આધાર ન મળવાથી તે આડા પડી જાય છે તોપણ એકાદ મહિના સુધી આવાં કંદો રકાબીમાં જ વર્ગમાં ઉછેરીને મોટાં કરી શકાય છે.

મૂળા અને ગાજરને જલદી પાન આવવાં શરૂ થાય છે, તેમ જ લાંબા વખત સુધી આવ્યા કરે છે. ગાજર અગર મૂળાનો ડીંટિયા તરફથી દોઢ બે ઇંચ ભાગ બાકી રાખી તે રકાબીમાં ઉછેરી શકાય; તેને સારુ એના છેડા તરફના પાતળા ભાગો રકાબીને અડીને રહે તેમ પાણીમાં ગોઠવવા જોઇએ. થોડે દહાડે એમાંથી પાન ફૂટવા લાગે છે. રોજના અવલોકન માટે આવો સાદો ઉછેર અનુકૂળતાભર્યો અને ગમ્મત આપનારો થઇ પડે છે. રોજ રોજ એમાં કાંઇ નવું નવું જોવાનું મળે છે. કુંગળીને મૂછો જેવાં લાંબાં મૂળિયાં નીકળે છે ને ઉપર લાંબાં લાંબાં ઘાસ જેવાં પાન દેખાય છે; અળવીને લાંબી ડાળીઓને છેડે નાંનાં ગોળ પાન દેખાય છે; હળદરનાં પાન વળી પાણકંદા જેવાં લાંબાં ને ભૂગળાં જેવાં નીકળે છે તો મૂળાને કરકરિયાંવાળાં પાન ઊગે છે. બધાંમાં કંઇ કંઇ વિચિત્રતા હોય છે ને બાળકોને ભારે આનંદ પડે છે. આ વખતે સાથોસાથ બહાર બગીચો હોય તો તેમાં અગર કૂંડીમાં આ જ વનસ્પતિઓ જમીનમાં ઉછેરતાં જઇએ તો માટીની અંદર વનસ્પતિના વિકાસ અંગે કેવા કેવા ફેરફારો થતા હશે તેની આછી કલ્પના બાળકો રકાબીમાંના નાના ઉછેર પરથી કરી શકે છે.

બાગીચાં બાગ: બગીચા માટે ખુલ્લી જમીન અગર અગાશી ન હોય ત્યાં બાગ શી રીતે બને, એમ માનીને નિરાશ થઇ જવાનું કશું કારણ નથી. વર્ગમાં બેત્રણ જ બાગીચો હોય તો તેટલી નાનકડી જગ્યામાં પણ નાનીનાની બેત્રણ લાકડાની પેટીઓ ગોઠવીને બાગકામ થઇ શકે છે. વર્ગને જો પરશાળ અગર વરંડાનો લાભ મળ્યો હોય તો ત્યાં બે ચાર નાનાં નાનાં કૂંડાં-કૂંડીઓ ગોઠવી શકાય છે. છેવટે તાર અગર સીંદરીથી કૂંડાંઓ ઊંચે ટાંગીને પણ બગીચો બનાવી શકાય છે. મન હોય તો-માળવે જવાય, તેમ બગીચો કરવાનું જો ચોકસ રાખ્યું હોય તો હરકોઇ યોજના કરીને બેચાર છોડ ઉછેરવાનું અવશ્ય ગોઠવી શકોય.

બારીઓમાં બાગકામની યોજના કરવા માટે જે લાકડાની પેટીઓ રાખીએ તે બરાબર બારીના જ માપની બનાવી હોય તો વધારે સારું. આવી પેટીઓ બહુ તો ફૂટથી સવા ફૂટ ઊંચી રાખવી. પેટીને તળિયે ત્રણચાર કાણાં જોઇએ. બહારથી પેટીને તેલિયો રંગ લગાડી શોભામાં વધારો કરી શકાય, અને અંદર તથા તળિયે ડામર ચોપડી શકાય. તળિયે પાડેલાં કાણાં ઉપર નળિયાના કટકા ઊંધા ગોઠવી પછી અંદર માટી ભરવી. માટી તૈયાર ચાળેલી પોચી ભરવી જોઇએ; ખાતર પણ સાથે જોઇએ જ. માટી ભરતી વેળા મથાળે પેટો એકાદ દોઢ ઇંચ ખાલી રહે તેટલી જ ભરવી. અંદર વાવવાનાં ઋતુનાં ફૂલો એવાં પસંદ કરવાં કે જેનાં મૂળ બહુ લાંબાં કે ઊંડાં જતાં ન હોય. આવી પેટીઓ માટે તૈયાર પરદેશી ફૂલછોડાનાં બી વાપરવાં વધારે સારાં છે; કેટલાંએક દેશી ફૂલઝાડો પણ ઉછેરી શકાય બરાં. પસંદગીમાં એ ધ્યાન રાખવું કે છોડો મોટા થઇને વર્ગમાં જ અંધારું થાય એમ બારીને ઢાંકી ન દે; એટલે સામાન્ય રીતે જે ફૂલછોડો ફૂટ અગર બહુ તો દોઢ ફૂટ વધતા હોય એવા જ લેવા જોઇએ. વળી આ પેટીઓ નાજુક બનાવવી જોઇએ, કેમકે રોજ પાણી પાતી વેળા એને નીચે ઉતારી બહાર લઇ જવી પડવાની, જેથી માટીવાળું પાણી વર્ગમાં ન ફેલાય. ઉપરાંત જો એ બારીઓમાં તડકો આવતો ન હોય તો છોડોને સૂર્યનાં કિરણો મળે તે માટે પેટીઓ ઉપાડીને રોજ થોડા કલાક તડકામાં પણ રાખવી જ પડવાની. રીફના અગર ફર્નના માત્ર શોભા ખાતર ઉછેરવાના છોડો અગર ડેઝી જેવાં ઘાસફૂલોનો ઉછેર આવી પેટીઓમાં થઇ શકશે. તા૦

વર્ધાનું શિક્ષણ-સંમેલન

રાષ્ટ્રીય શિક્ષણ સંમેલનની એક ઘણી મહત્ત્વની બેઠક જાનેવારીની ૧૧મીથી ૧૪મી તારીખ સુધી સેવાગ્રામમાં મળી ગઈ. આપણી બધી જ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓની પાછળ મહાત્મા ગાંધીજીની મૂંગી દોરવણી દેખાઇ આવે છે. અહીં એ વધુ દેખાઇ આવતી હતી કેમકે તેમના નિવાસસ્થાન સેવાગ્રામમાં જ આ સંમેલન ભરાયું હતું. આ સંમેલનના કામકાજનું ઉદ્‌ઘાટન કરવા મહાત્માજી પોતે પધાર્યા હતા. રાષ્ટ્રીય શિક્ષણના નવા કામને મહાત્માજી એટલું બધું મહત્ત્વ આપે છે કે તેમની તબિયત સંતોષકારક ન હોવા છતાં તેઓ પહેલે દિવસે પરિષદમાં આવીને બેઠા હતા. તેઓ કશું બોલ્યા ન હતા; તેમણે મોકલેલો સંદેશો તેઓની હાજરીમાં પરિષદના પ્રમુખ શ્રી ઝકીરહુસેન સાહેબે વાંચી સંભળાવ્યો હતો. મહાત્માજીનો સંદેશો આખી પરિષદને સુકાનરૂપ બની ગયો હતો. તેમણે કહ્યું કે હવે સમગ્ર જીવનની કેળવણીનો વિચાર કરીને આ ક્ષેત્રમાં કામ આગળ ધપાવવાનું છે. ફકત ૭ થી ૧૪ વર્ષનાં બાળકોની પ્રાયાની કેળવણીની નાનકડી બારીમાંથી નીકળીને કેળવણીના વહાણને માનવ જીવનના ભરદરિયામાં ઝંપલાવવાનું છે. સમગ્ર જીવનની કેળવણી એ નવી કેળવણીનું ધ્યેય બની જવું જોઇએ. મહાત્માજીના આ આદેશને કેંદ્રમાં રાખીને જ સંમેલને પોતાનું કામ પૂરું કર્યું. બરું કહીએ તો મહાત્માજીના આદેશને સાચા સ્વરૂપમાં સમજવા અને ઝીલવા માટે જ આ સંમેલન યોજાયું હતું.

મહાત્માજીનો સંદેશો વંચાઇ રહ્યા બાદ સભાપતિ શ્રી ઝકીરહુસેન સાહેબે પાયાની કેળવણી વિષે ઘણું જ મનનીય અને મક્કમ વિચારોથી ભરેલું, સુંદર અને સચોટ પ્રવચન કર્યું હતું. શ્રીમતી આશાદેવીએ મંત્રીના નિવેદનમાં છેલ્લા ૭ વર્ષમાં તાલીમી સંઘે કરેલા કામનો અહેવાલ રજુ કર્યો હતો. મહાત્માજી આટલો વખત રોકાઇને વિદાય થયા.

દેશના જે જે પ્રાંતમાં સરકારી તથા બિન-સરકારી રીતે પાયાની કેળવણીનું કામ ચાલે છે તે તે પ્રાંતમાંથી પ્રતિનિધિઓ આવ્યા હતા. ઉપરાંત ઘણા બરા પ્રાંતના ખાદીકાર્યકર્તાઓ અને હરિજનસેવકો હતા. કેળવણીની ઘણી સંસ્થાઓના સંચાલકો અને શિક્ષકો પણ આવ્યા હતા. મુંબઇ સરકાર, બિહાર સરકાર અને કાશ્મીર રાજ્યના પ્રતિનિધિઓ પોતાના અહેવાલ લાવ્યા હતા. બંગાળ અને ઉત્કલના પાયાની કેળવણીના કામના અહેવાલ તરફ બધાનું ધ્યાન ખેંચાયું હતું. મુંબઇ સરકારના પ્રતિનિધિ શ્રી. એલ. આર. દેસાઇએ પ્રાંતમાં ૭ થી ૧૪ વર્ષનાં બાળકો માટે વર્ધા યોજના પ્રમાણે ચાલતી સરકારી શાળાઓ અને અધ્યાપનમંદિરોની વાત કહી. બિહાર સરકારના પ્રતિનિધિ રાયસાહેબ રામશરણજીએ પોતાની દેખરેખ નીચે બિહારમાં ચંપારણના ૧૦૦ ચોરસ માઇલના વિસ્તારમાં કામ કરતી વર્ધા યોજનાની શાળાઓનું પ્રગતિપૂર્ણ ચિત્ર આલેખ્યું. તેમણે એમ પણ જાહેર કર્યું હતું કે એમની શાળાના વિદ્યાર્થીઓના ઉદ્યોગોમાંથી શાળાના કુલખર્ચના ૩૦ ટકા જેટલું ખર્ચ નીકળે છે. ઉત્કલમાં તો કોન્ગ્રેસ સરકારના ગયા પછી ત્યાંની નવી સરકારે વર્ધા યોજનાથી ચાલતી શાળાઓ પ્રજાને નુકસાનકારક છે એમ જાહેર કરીને તેમને બંધ જ કરી દીધી હતી. પણ ત્યાંના લોકોએ તરત જ પોતાના તરફથી આ કામ ઉપાડી લઇને ઊંચી નીતિ અને રાષ્ટ્રભાવનાનો સરસ દાખલો બેસાડયો છે. બંગાળામાં પાયાની કેળવણીનું કામ થોડા દિવસથી જ શરૂ થયું છે. બંગાળમાં ભૂખમરા અને કંગાલિયત સ્થિતિને કારણે અનેક માબાપ વિનાનાં બાળકોને સંભાળવાનું કામ પ્રજાસેવકોને માથે આવી પડયું. તાલીમી સંઘના સહકારથી આ બાળકોને વર્ધા યોજના મુજબ શિક્ષણ આપવાની સગવડ થઇ છે.

તારીખ ૧૨ મીની બપોરની બેઠકમાં વર્ધા યોજનાનાં ૭ થી ૧૪ વર્ષનાં બાળકોના અભ્યાસક્રમની ચર્ચા થઇ હતી. અત્યારે તે સામાન્ય અભ્યાસક્રમની માફક વિષયવાર ગોઠવાયેલો છે તેને બદલે બધા વિષયો સાથે સંકલિત હોય તેવો બનાવવાની માગણી થઇ હતી. વર્ધા યોજનાના કામનો છેલ્લાં ૭ વર્ષમાં થયેલ અનુભવને ભેગો કરી તેના પરથી નવો અભ્યાસક્રમ રચાવાનો સંભવ છે.

૧૨ મી તારીખે સવારની બેઠકમાં રાયસાહેબ રામચરણજીએ શિક્ષકોની તાલીમની વિચારણા શરૂ કરી હતી. વર્ધા યોજનાના તાત્કાલિક અમલ માટે શરૂઆતમાં ઘણી જ ઓછી તાલીમ પામેલા શિક્ષકોને કામ પર ચઢાવી દેવામાં આવ્યા હતા. પરંતુ હવે ઓછામાં ઓછી બે વર્ષની તાલીમ નક્કી કરવી જોઇએ તેવો બધાનો મત હતો. આ સભામાં બે ઘણા જ મહત્વના નિબંધો વંચાયા હતા. એક નિબંધ સ્વચ્છતા વિષે શ્રી રામચંદ્રનજીએ વાંચ્યો હતો. મહાત્માજી માને છે કે શિક્ષકની તાલીમનું કામ સ્વચ્છતાથી જ શરૂ થવું જોઇએ. તેમણે મહાત્માજીની દૃષ્ટિથી સ્વચ્છતાના વિષયને સર્વાંગી

કેળવણીના અતિ ઉપયોગી વિષય તરીકે સમજાવ્યો હતો. સ્વચ્છતા માટેની વ્યક્તિગત અને સામાજિક ભાવનાને સદા ય જાગ્રત રાખવા પર તેમણે ખાસ ભાર મૂકયો હતો. બીજો લેખ શ્રી કૃષ્ણચંદ્રજીનો હતો. યુનિવર્સિટીના આ પહેલા વર્ગના M.Sc. મહાત્માજી પાસે એકડેએકથી જીવનની તાલીમ લઇ રહ્યા છે. મહાત્માજીએ તેમને આપેલ સ્વચ્છતાના કામમાં પારંગત બની તેઓ રસોઇના કામમાં નિપુણ બન્યા છે. તેમણે રસોઇ મારફતે આહારશાસ્ત્ર, શરીરશાસ્ત્ર અને વિજ્ઞાનનું તથા ધાતુઓ વગેરેનું શિક્ષણ કેમ આપી શકાય તેનો સુંદર ખ્યાલ આપ્યો. આવા લેખો રાષ્ટ્રીય શિક્ષણના નવા માર્ગમાં ઘણો પ્રકાશ આપી શકે.

મહાત્માજીના આદેશ પ્રમાણે પાયાની કેળવણીને માત્ર ૭ થી ૧૪ વર્ષનાં બાળકો માટે ન રાખતાં સમગ્ર રાષ્ટ્રીય જીવનની કેળવણી બનાવી દેવાનો વિચાર પરિષદ સમક્ષ હતો. ૧૪ વરસ પછીની કેળવણીનો અને ૭ વર્ષ પહેલાંની બાલ-કેળવણીનો વિચાર કરવાનો હતો. આને માટે બે બાસ બેઠકો ગોઠવવામાં આવી હતી. વર્ધા યોજનાને અમલમાં મુકાયાં છ વર્ષ થઇ ગયાં. હવે એક વર્ષ પછી તો આ યોજના પ્રમાણે અભ્યાસ પૂરો કરતાં બાળકોને આગળ અભ્યાસ-નો પ્રબંધ કરવાની જરૂરિયાત આપમેળે જ ઊભી થઇ છે. આચાર્ય શ્રી બદ્રીનાથ શર્માએ આને માટે પોતાના વિચારો રજૂ કરી ચર્ચાની શરૂઆત કરી હતી. રાષ્ટ્રીય જીવનને પોષક પ્રવૃત્તિઓ જેવી કે ખેતી, ચરખો, ગોપાલન, વગેરે ધંધાઓને કેન્દ્રમાં રાખીને ૧૪ વર્ષ પછીના વિદ્યાર્થીઓને વર્ધા યોજના પ્રમાણે પારંગત કરવાની અને તેને પોતાની તાલીમ દ્વારા સાચો સેવક અને ભારતમાતાનો સાચો સંતાન કરવાની વાત વિચારાઇ હતી.

૭ વર્ષથી પહેલાંની–જન્મથી માંડીને ૬ વર્ષ સુધીની બાળકેળવણી માટે શ્રી આશા-દેવીએ પોતાની દરખાસ્ત સુંદર વિચારોથી રજૂ કરી હતી. તેમના પછી પ્રમુખશ્રીની વિનંતીથી નૂતન બાલશિક્ષણ સંઘનાં પ્રમુખ શ્રી સરલા-દેવી સારાભાઇએ આ વિષય પર બાળકેળવણીના પોતાના ૩૦ વર્ષના અનુભવનો નિચોડ આપતો નાનકડો પણ મહત્ત્વપૂર્ણ નિબંધ વાંચ્યો. તે પછી નૂતન બાલશિક્ષણ સંઘનાં મંત્રી શ્રો. તારાબેનને વિનંતી કરવામાં આવી. તેમણે પણ પોતાનો નિબંધ વાંચી સંભળાવ્યો. [આ બંને નિબંધો શિક્ષણ પત્રિકાના વાચકો પાસે હવે પછીના અંકોમાં આપવામાં આવશે.] બાળકેળવણીમાં રાષ્ટ્રીયતા અને શાસ્ત્રીયતાનો સુંદર મેળ બેસાડવાની આ બન્ને બહેનોની અજબ આવડતે બાળકેળવણીની વિચારણાને વેગ આપ્યો હતો.

છેલ્લે દિવસે પ્રૌઢ શિક્ષણની વિચારણા ભાઇ રામચંદ્રન તરફથી રજૂ કરવામાં આવી હતી.

સંમેલનને અંગે એક નાનકડું પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં જામિયા મિલિયા–દિલ્હીની શાળામાં વર્ધા યોજના પ્રમાણે શિક્ષણ આપવા માટે જે આકર્ષક સાધનો તૈયાર કરવામાં આવેલાં છે તે મુકાયાં હતાં. સેવાગ્રામની શાળામાં બાળકોને કાંતણ પીંજણ મારફતે અપાતી કેળવણીનો ખ્યાલ આપતાં સાધનો પણ મુકાયાં હતાં. ઉપરાંત બિહાર સરકારની વર્ધા યોજના પ્રમાણે ચાલતી શાળાઓમાં બાળકોએ બનાવેલ કાપડના, સુથારી તથા લુહારકામના નમૂનાઓ હતા. વર્ધા યોજના

મુજબ ૭ થી નાની ઉંમરનાં બાળકો માટે શિક્ષણનો પ્રબંધ કઇ જાતનો થઇ શકે તેનું માર્ગદર્શન કરાવે તેવું રસિક પ્રદર્શન એક ઓરડામાં નૂતન બાલશિક્ષણ સંઘ તરફથી તૈયાર કરવામાં આવ્યું હતું.

પ્રેમશંકર ન. ભટ્ટ

બાલમંદિરમાં ઘરનાં કામો

અમારા બાલમંદિરમાં બાળકને મૂકવા સારુ એક દિવસ તેની માતા આવી ચડ્યાં. હું બહાર જ ઊભી હતી. મેં નમસ્કાર કર્યા ને કહ્યું : " આમ કોઇ વાર બાલમંદિરે આવો તો કેવું સારું ! "

માતા: " મને પણ થયું કે ચાલ આજે બાલમંદિર પણ જોઉં અને સરલાને પહોંચાડતી આવું. પણ બેન ! આ બાંડવાનો અવાજ બાલમંદિરમાં શાનો થાય છે ? "

મેં કહ્યું: " હા, બાળકો બાંડવાનું કામ કરે છે. આવો, જુઓ આ છોકરો બાંડી રહ્યો છે." મેં તેમને અંદર લાવી બાળકો કામ કરતાં હતાં તે બતાવીને કહ્યું.

" વાહ ! અને આ શું ચાલી રહ્યું છે ? વળી બમણવાનું પણ ચાલતું લાગે છે ! પણ બેન, બાંડતાં બાંડતાં કોઇ બાળકનાં આંગળાં ચગદાઇ જાય અગર બમણતાં બમણતાં હથેલી જ છોલાઇ જાય તો શું કરો ? અરે અરે, પેલો બાળક તો વળી છરીથી સુધારે છે. તેનો હાથ નહિ વઢાય ? જુઓ જુઓ, હાથ કપાયો જ લાગે છે. પણ એ ક્યાં ઊપડ્યો ? દવા પણ લગાડી આવ્યો લાગે છે ! છતાં જરા ય રડતો નથી ? ઘેર હોત તો રોઇ રોઇને આખું ઘર ગજવી મૂકત, ને અહીં તો પાછો સુધારવા બેસી ગયો ! ને આ બાજુ વળી વીણવાનું કામ ચાલતું લાગે છે. પણ ઘઉં વીણતાં વીણતાં નીચે પડી જશે તો આજની મોંઘવારીમાં કેમ પોસાશે ? અરે વાહ, આ તો અમારા પાડોશીની કુંદા છે. જુઓ, કેવું મજાનું બાંડે છે ! પણ બેન ! મને તો બીક લાગે છે કે જરૂર એને દરતો હાથે વાગી જશે. અને પેલી બાજુ જુઓ; હું નહોતી કહેતી, કેટલા બધા તલ વેરાઇ ગયા છે ? અને આ બાજુ તો વળી દળવાનું, ઝાટકવાનું, ચાળવાનું વગેરે કામ પણ ચાલતાં લાગે છે. આ બાળકો ઘંટલાથી ભરડે છે બરાં, પણ જોજો, એનું પડ કોઇના પગ પર પડી ન જાય. તમે પણ બરાં છો કે આવું જોખમ વહોરો છો ! બાકી ઘેર આવું કામ કરાવવામાં મારો જીવ તો ન જ ચાલે. કયાંક હાથપગ ભાંગે તો શું કરીએ ? અને વળી આજના રેશનિંગના જમાનામાં માંડ પૂરું થતું અનાજ વેરાય કે બગડે એ કેમ પોસાય ? "

મેં કહ્યું: " તમે કહો છો તે ઠીક છે, પણ આમાં જોખમ જેવું કશું નથી; ને બીવાનું પણ કાંઇ કારણ નથી. બરો વાત એમ છે કે બાળકોને અમે કોઇ કામ સોંપતા પહેલાં તે કેમ કરવું તે બરાબર બતાવીએ છીએ. બનવા જોગ છે કે શરૂમાં અડવાડિયું દસ દિવસ થોડોક બગાડ પણ થાય. પણ રોજ રોજ કામ કેમ કરવું તે બતાવતા જઇએ તો બગાડ ઓછો થાય છે. અહીંની જ વાત લઇએ. આવાં કામકાજ શાળામાં કરવાનું હજુ હમણાં

જ અમે શરૂ કરાવ્યું છે, પણ હજુ અત્યાર સુધી કોઇ ચીજ નકામી નથી ગઇ. વીણતાં વીણતાં કાંઇ અનાજ વેરાય–ઘઉં, ચોખા, દાળ,– વગેરે–તો તુરત વીણી લેવાનું પણ બાળકોને બતાવ્યું છે.

" જુઓ પેલી દળવાવાળી મંડળી. કેવાં મજેથી બાળકો દળે છે ! અત્યાર સુધીમાં ૧૦–૧૨ બાળકો આવી ગયાં પણ લોટ જરા ય ઢોળાયો નથી. બેત્રણ બાળકો દળે છે, ને બીજાં બે પોતાનો વારો આવવાની રાહ જુએ છે. પેલી બાજુ ખાંડવાવાળી મંડળી કામ કરી રહી છે; ત્યાં થોડુંક વેરાયું પણ છે, ને બાળકો તે વીણી લેવાનું પણ તુરત કરી રહ્યાં છે.

" વળી ખમણવા માટેની અમારી આ ગોઠવણ જોઇ ? અમે ખમણીને ભીંત સાથે જડી લીધી છે એટલે તે ખસી જતી નથી; પરિણામે ખમણવાનું કામ કેવું ઝડપથી ચાલે છે તે તમે જુઓ જ છો ! હા, શાક સુધારવાના કામમાં હાથે છરી લાગી જવાનો ભય રહેલો છે એ વાત સાચી છે. પણ મૂળે શાક સુધારવાની છરીને બહુ તીણી ધાર નથી રાખી, એટલે હાથ વઢાય તોપણ ઘા:ઊંડો જવાની બીક નથી રહેતી. તમે પેલા બાળકનું જોયું ના ? આંગળી કપાઇ ગઇ તો જાતે જ દવા લગાડી પાછો શાક સુધારવાને કામે લાગી ગયો છે; જરા ય રોયો કકળ્યો નથી. આ સુધારવાની બાબતમાં હું પોતે પણ કાળજી રાખું છું. રોજ શરૂઆતમાં તે કામ કેમ કરવું તે હું બાળકોને બરાબર બતાવું છું. શાક કેમ પકડવું, આંગળીઓ ક્યાં રાખવી, છરી કેમ પકડવી અને કયાંથી કાપવાનું કામ શરૂ કરવું, વગેરે બધું ઝીણવટથી સમજાવ્યું હોય અને તે સાથે તે કરી બતાવ્યું હોય તો આંગળી કે હાથ કપાવાનો સંભવ ઓછો રહે છે. શાક સુધારવા માટે નીચે પાટિયું રાખીને સુધારવાનું મેં શીખવ્યું છે. અનાજ વેરાઇ જવાની તમને બીક લાગે છે, પણ જેમને હાથે તે વેરાય છે તે જ તે ભરી લે એમ ઠરાવ્યું છે, ને તેમ રોજ ચાલે પણ છે. એટલે રેશનિંગના જમાનામાં અનાજ વેડફાઇ જવાની જે ધારતી તમને રહે છે તેવું કશું અહીં બનતું નથી.

" હું જો તમારી પેઠે બીક જ રાખ્યા કરું કે, છરીથી આંગળાં કપાઇ જશે, ખમણીથી હથેલી જ ખમણાઇ જશે, ખાંડવામાં આંગળાં ચગદાશે અગર તો અનાજ વેડફાઇ જશે, તો આમાંનું એક પણ કામ બાળકો કદી પણ કરી શકવાનાં નથી. મુખ્ય વાત કામ કરતાં શીખવવાની છે.

"આજનો મારો દાખલો બતાવું. મેં બધાં કામ બાળકોને કરી બતાવ્યાં તેમાં વીણવાનું પણ બતાવ્યું હતું. તે વખતે ઘઉંમાંથી કાંકરા વીણીને એક બાજુ રાખ્યા. બતાવવાનું પૂરું થયું એટલે મેં એ કાંકરા પાછા ઘઉંમાં ભેળવી દીધા, એમ માનીને કે બાળકોને વીણવાનું કામ આપી શકાય. પણ પછી ભારે ગમ્મત થઇ ! મારી ક્રિયા પરથી વીણ્યા પછી કાંકરા પાછા ભેળવી દેવા એ પણ વીણવાનું જ એક અંગ છે એમ બાળકોએ માન્યું હોવું જોઇએ ! કેમકે બાળકો પણ વીણવાનો ભાગ પૂરો થતાં જ ઊઠતી વેળાં જુદા કાઢેલા કાંકરા ઘઉંમાં ભેળવીને ઊઠવા લાગ્યાં ! મને તુરત મારી ભૂલ સમજાઇ ને આવતી કાલે મારે એ વિષે બરાબર સ્પષ્ટતાથી સમજાવવું પડશે ને ધ્યાન પણ રાખવું પડશે.

" બાળકોને આવાં ઘરનાં કામો આપણે જો ઘેર પણ સોંપીએ તો તેઓ તે ખુશીથી કરે છે. પણ બને છે કે એવું કે આપણે બાળકોને રસોડામાં પેસવા દેતાં જ નથી અગર ઘરનું આવું કામ પણ સોંપતાં નથી. બહુ થાય તો

છોકરીઓને એવાં કામો કરવાની છૂટ આપીએ છીએ. હું એમ નથી માનતી. દીકરો હોય કે દીકરી, દરેકને ઘરનું કામ સોંપવું જ જોઇએ કેમકે દરેક વ્યક્તિએ સ્વાવલંબી થવાની તાલીમ લેવી જ જોઇએ. નાનપણથી જ જો તેમને આવાં કામ કરવાની ટેવ પડી હોય, તેમનાં આંગળાં ટેવાઈ ગયાં હોય, તો મોટપણે તેઓ આવાં કામ સહેલાઇથી ને ઝડપથી કરી શકે છે. ખરી વાત એમ છે કે બાળકોની વાતમાં કામ પૂરું કરવું એ અગત્યનું નથી, પણ બાળકોને જાતજાતની ક્રિયાઓ કરવાની–તે સાધ્ય કરવાની તાલીમ મળે એ કરવાનું છે. બાળકો શાળામાં થેપલું દળે કે ખાંડે કે શાક સુધારે એથી શાળાનું બધું કામ તેઓ પૂરું કરી દેશે એવું ઓછું જ છે? આપણ મોટેરાંનો એ વાંક છે કે જ્યારે બાળકોને કામ કરવાની હોંશ થઇ આવે છે ત્યારે તે કરવાની છૂટ આપણે આપતાં નથી, ને બાળકો મોટાં થાય ત્યારે 'આટલું ય આવડતું નથી!' કહી ઠપકો આપીએ છીએ."

માતા : "એન! તમારી વાત સાવ સાચી છે. બાળકોને હાથે કામ કરાવવાની શી અગત્ય છે તે મુદ્દો જ મારા ધ્યાનમાં નહોતો. હું તો એમ જ માનતી હતી કે બાળકોની અનેક રમતોમાંથી આ પણ એક રમત ગણી તમે તે ચાલવા દો છો. હવે મને પણ થાય છે કે હું પણ ઘેર મારી વિમલ અને કુનુને આવાં કામ સોંપતી રહું. લ્યો, હવે રજા લઇશ. નમસ્કાર."

સૌ. સ. દેવધર

બાળકોનાં વાચનાલયો અને ઈતર પ્રવૃત્તિઓ

છેલ્લાં બે વર્ષોથી બાળકોનાં વાચનાલયો અંગે મુંબઇની બહેનો સારું એવું કામ કરી રહી છે. બે વરસ પહેલાં નેશનલ કાઉન્સિલ ઑફ વિમેન ઑફ ઇન્ડિયાના બાલકલ્યાણ વિભાગ તરફથી મુંબઇમાં એક બાલકલ્યાણ સંમેલન (Child-Welfare Conference) ભરાયું હતું. તે વેળા એ સંમેલન અંગે બાળકો માટેનાં પુસ્તકોનું એક પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું. એ પ્રદર્શનની એક વિશિષ્ટતા આ હતી. પ્રદર્શનમાં રાખેલાં પુસ્તકો બાળકો હાથમાં લઇ જોઇ શકે, વાંચી શકે, અને પોતાને ગમે તો ખરીદી પણ શકે એવી યોજના કરવામાં આવી હતી. બીજી વિશિષ્ટતા એ હતી કે એ પ્રદર્શનમાં મુંબઇ વિભાગનાં ઇન્સ્પેક્ટ્રેસ મિસ રૂસ્તમજીનાં પોતાના સંગ્રહમાંથી એવાં ઘણા સુંદર પુસ્તકો ત્યાં મૂકવામાં આવ્યાં હતાં જે બીજેથી જોવા મળવાં પણ આજે મુશ્કેલ છે. અન્ય સંગ્રહોમાંથી પણ કેટલાંએક સુંદર બાલપુસ્તકો પ્રદર્શનમાં રાખવા માટે મળ્યાં હતાં. સિવાય પુસ્તકવિક્રેતાઓ તરફથી બાળકોનાં પુસ્તકો વેચાવા સારુ તેમ જ જોવા સારુ પણ ગોઠવવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત હમેશાં જુદી જુદી ભાષા પ્રમાણે એકેક બાલસાહિત્ય-રસિક વ્યક્તિ ત્યાં હાજર રહે એવી ગોઠવણ કરેલી હતી. સારાં સારાં પુસ્તકોનો બાળકોને પરિચય કરાવવો અને તેમાંથી સુંદર ફકરાઓ વાંચી સંભળાવવાનું એને સોંપવામાં આવ્યું હતું.

આખો ય કાર્યક્રમ એક અઠવાડિયા સુધી ચાલ્યો હતો. મુંબઇની બધી શાળાઓનાં બાળકો

ટોળેટોળાં મળી એ પ્રદર્શન જોઇ ગયાં. ઘણા શિક્ષકોને કદી જોવા ન સાંપડેલાં એવાં પુસ્તકો જોવાનો અવસર મળ્યો. બાલવાચન એટલે શું હોઇ શકે એનો સચોટ ખ્યાલ માબાપોને પણ આવી શકયો.

આ આખી ય યોજના તૈયાર કરી પાર પાડવાનું મુખ્ય કામ ડૉ. કાશીબાઇ નવરંગે, મિસિસ રેણૂ, શ્રીમતી તારાબેન પ્રેમચંદ, મિસિસ માલિનીબાઇ પરાંજપે, મિસિસ ઇંદિરાબાઇ જોશી અને શ્રી. સરોજબેન શોધે કર્યું હતું. આ યોજનાદ્વારા તેમણે મુંબઇની કેળવાયેલ પ્રજાને નવી દિશાનું દર્શન કરાવ્યું અને જાગૃતિ પેદા કરી.

પરંતુ આ બેનોએ પોતાના કામને આટલેથી જ પૂરું થયું એમ ન માનતાં એમાં નવો ઉમેરો કર્યો.

ગયે વરસે તેમ જ આ વરસે પણ તેમણે વેકેશનમાં વાચનાલયોની એક નવી યોજના ઉપાડીને ચાલુ કરી. પોતાને ઘેરથી તેમ જ અન્ય અનેક સ્થળેથી તેમણે પુસ્તકો માગી આણ્યાં; વિલ્સન કૉલેજના વિશાળ હૉલમાં ટેબલો ઉપર તે બધાંને ગોઠવ્યાં; અને સવાર સાંજ વાંચવા માટે એનો વાચનાલય તરીકે ઉપયોગ કરાવવા માંડ્યો. હમેશાં ૩૦૦ થી ૪૦૦ બાળકો આ વાચનાલયનો ઉપભોગ લેતાં હતાં. વાચનાલયની વ્યવસ્થા બરાબર સચવાય તે સારુ છસાત શિક્ષક ભાઇબહેનો અને બેએક મુખ્ય વ્યવસ્થાપકો સદા ય હાજર એવી એમની ગોઠવણ હતી. આ રીતે હાજર રહેનારાઓને યોગ્ય પુરસ્કાર આપવાની ગોઠવણ પણ હતી જ. આખું કામ મુંબઇને શોભે એવી રીતે ગોઠવાયું અને પાર પડ્યું. એનો જશ એ બહેનોને જ મળે છે. એ યોજના તેઓ કાયમ ચાલુ રાખે એવી આપણે આશા રાખીએ.

આ દરમિયાન દાદર વિભાગમાં પણ આના મળતો એક બીજો પ્રયોગ કરવામાં આવ્યો હતો. દાદરની યોજનામાં કામની મુખ્ય જવાબદારી ડૉ. કાશીબાઇ નવરંગે, સૌ. શાંતાબાઇ કશાળકર, શ્રી. કે. ટી. મંત્રી, ડૉ૦ ડી. જી. અભ્યંકર અને શ્રી. તારાબેન મોડકે ઉપાડી હતી. એમની યોજનામાં રજાઓ દરમિયાન વાચનાલય ઉપરાંત બાળકો માટે રંજનકાર્યક્રમો પણ ગોઠવવાનું વિચારાયું હતું. ગયે વર્ષે ઑકટોબરમાં એક આવું વાચનાલય શ્રી. સુલભાબાઇ પાણંદીકરને હાથે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. જુદી જુદી ઘણી બહેનોએ એના પુસ્તકાલયવિભાગ અને રંજનવિભાગમાં કામ કર્યું હતું.

પુસ્તકાલય એ સ્થળે ચાલુ કરેલું તેની હમેશની વ્યવસ્થા રાખવાનું કામ સૌ. શાંતાબાઇ ભાંડારે અને કુ. રેડકરે સંભાળ્યું હતું. આ પુસ્તકાલયો હમેશાં એક કલાક અને શનિ, રવિ તથા અન્ય રજાને દિવસે બે કલાક ખુલ્લાં રહે છે. ઘણાં બાળકો એનો લાભ લે છે અને શાળાએ ભણતાં નાનાં બાળકો (બાર વર્ષથી નીચેનાં)માં વાચનની સુરુચિ પેદા કરવાનો વાચનાલયનો હેતુ ઘણે અંશે સધાતો જણાય છે.

રંજનવિભાગ

વાચનાલયની સાથોસાથ રંજનકાર્યક્રમો ગોઠવવાનું પણ હાથ ધરવામાં આવ્યું હતું. ત્રણ ત્રણ મહિનાને અંતરે બાળકો સારુ બાળકો જ ભાગ લઇ કરી બતાવે એવા રંજનકાર્યક્રમો ગોઠવાયા હતા.

રંજનકાર્યક્રમોની આ યોજના ખરેખર આવકારદાયક છે, અને બીજાં સ્થળોએ પણ એવા કાર્યક્રમો યોજાય એમ અમે ઇચ્છીએ

છીએ; બાળકો માટેના મનોરંજનના કોઇ કાર્યક્રમો આપણે ત્યાં હોતા નથી. નાટકો, સિનેમા, સંગીત અગર નૃત્યના જલસાઓ, વગેરે જે યોજાય છે તે મોટેરાંઓને ધ્યાનમાં રાખીને યોજાય છે; અને બાળકો પણ એવા જ કાર્યક્રમો જોવા જાય એવો રિવાજ છે. બાળકો માટેના કાર્યક્રમો ગોઠવાતા હોય તો તે શાળાઓ પોતાના વાર્ષિક ઉત્સવો કરે છે તે વખતે જ ગોઠવાય છે. પણ આવા ઉત્સવોમાં સંચાલકોનું દૃષ્ટિબિંદુ બાળકો કેવું કામ કરી શકે છે તે માબાપોને મુખ્યત્વે બતાવવાનું હોવાથી બાળકોને આવા કાર્યક્રમો જોવાનો અવસર મળતો નથી. બહુ બહુ તો ગ્રાન્ડ રીહર્સલને દહાડે બાળકોને હાજર રહેવાની રજા આપવામાં આવે છે એટલું જ; મુખ્ય અને સંપૂર્ણ ઠાઠભર્યો કાર્યક્રમ તો બીજે દિવસે જ રખાય છે. બીજું એ પણ છે કે આવા કાર્યક્રમો દરેક સંસ્થા પોતા પૂરતા જ ગોઠવતી હોવાથી બાળકોને જે જોવાનું મળે છે તે પોતાની જ સંસ્થાના બાળકોનું કામ હોય છે. ને એક જ સંસ્થાપરત્વે એવું બને છે કે દર વર્ષે ઘણું ખરું એનાં એ બાળકો ને એ જ ઢબના કાર્યક્રમો આવ્યા કરે છે; બાળકોને વૈવિધ્ય જોવાનું એમા ઓછું સાંપડે છે.

આ બહેનોએ યોજેલા મધ્યસ્થ રંજનકાર્યક્રમની ગોઠવણ એવી છે કે જે આખો ય કાર્યક્રમ રચાય તેમાં દરેક સંસ્થા માટે એક અગર બહુ તો બે જ વિશિષ્ટ કાર્યક્રમોને સ્થાન મળે; અને આખા ય સમારંભમાં બધી જ શાળાઓનાં બાળકો જોવા આવી શકે. આવા સમૂહગત રંજનકાર્યક્રમો માટે ચાર આનાની ટિકીટ પણ રખાય છે. એ પૈસામાંથી આખા કાર્યક્રમ અંગેનો ખર્ચ જતાં જે કાંઇ વધે તે પૈસા બાલવાચનાલય ખાતે જમા કરવામાં આવે છે. અર્થાત્ આ યોજનાદ્વારા બાળકો પોતાની મહેનતથી, પોતાના જ પૈસાથી અને પોતે જ આનંદોપભોગ કરતાં કરતાં વાચનાલયને પણ આર્થિક મદદ કરતાં થાય એવી સુંદર વિચારણા એની પાછળ રહેલી છે.

નાયગામ સોશિયલ સેન્ટર તરફથી રજૂ કરાયેલ મોહક નૃત્યપ્રયોગો અને ગીતો, કુ. પ્રભા મંત્રીની બાનગી મંડળીનાં મનોરંજક શાસ્ત્રીય નૃત્યો, મ્યુનિસિપાલીટીની કેંડલ રોડ તથા લેડી જમસેદજી કન્યાશાળા તેમ જ ટિળક-બ્રીજ છોકરાઓની શાળા તેમ જ કન્યાશાળા, તથા શિશુવિહાર તરફથી નાટકો, ગરબા અને અભિનયગીતોના કાર્યક્રમો ઉમેરાતા ગયા, અને એ રીતે જુદી જુદી સંસ્થાઓની પદ્ધતિઓ અને વિવિધતાઓ જોવાનો અવસર બધાં બાળકોને મળવા લાગ્યો. આવડત અને કુદરતી બક્ષિશ ધરાવતાં અનેક બાળકોને પોતાનું કૌશલ્ય બતાવવાનો લાભ મળ્યો. અને નાનકડો કાર્યક્રમ હોવા છતાં દરેક વખતે ૭૫–૧૦૦ રૂપિયાની આવક થતી હોવાથી વાચનાલયના રોજના ખર્ચમાં સારી મદદ મળી ગઇ.

હસ્તવ્યવસાયના વર્ગો

વાચનાલયની સાથે સાથે ઊનાળાની રજાઓમાં એક વર્ગ હસ્તવ્યવસાય માટે પણ ચલાવવામાં આવ્યો હતો. વાસ્તવિક રીતે ૧૨ વર્ષની ઉંમરથી નાનાં બાળકો માટે એકાં એકાં પુસ્તકો વાંચવા કરતાં જેમાં હાથપગને હલાવવાનું મળે એવા કોઇ ઉદ્યોગો કે વ્યવસાયો વધારે જરૂરના છે, અને આપણા દેશમાં દરેક ઘરમાં આવી જાતના કોઇ પણ ઉદ્યોગો હોતા નથી. રજાના દિવસોમાં બાળકો ખાલી રખડ્યા જ કરે છે ને મોટેરાંઓ તેમને ઠપકો આપ્યા કરે છે: "શું રખડ્યા કરો છો?" મોટેરાંઓ એટલા

ઠપકામાં પોતાનું કર્તવ્ય પૂરું થયું સમજે છે, ને બાળકો જેમતેમ રસળ્યા કરે છે. આના ઉપાય તરીકે પણ હસ્તવ્યવસાયના વર્ગો ઉપયોગી છે. આપણો કેળવાયેલ અને સધન ગણાતો વર્ગ પણ બાળકોના સવાલમાં કેવો બેદરકાર છે તે આવા હસ્તઉદ્યોગોને મળતા માબાપોના સહકારથી પ્રત્યક્ષ થાય તેવું હોય છે.

ત.ા૦

"બીજું બાળકોને મારે એનું શું ?"

બાળકેળવણીની આ નવી પદ્ધતિ બેશક બાળકો માટે તો ઘણી ઉપકારક અને સારી છે એમ ઘણા શિક્ષકો કહે છે. તેમનો વાંધો એ જાતનો છે કે આ પદ્ધતિમાં શિક્ષકો માટે જેટલી શાંતિ અને ધીરજ રાખવાનું આવશ્યક છે તેટલું બનવું શિક્ષકને માટે અશક્ય છે. માબાપોની પણ એ જ ફરિયાદ છે : " ગુસ્સે ન થવું એ આપણાથી તો નહિ બની શકે ! "

મૂળ વાત એ છે કે જો બાળકો તરફની સાચી દૃષ્ટિ એક વાર આપણામાં આવી જાય તો આ બધું સહજ બની શકે છે; પછી કદી પણ બાળકો પર તમે ગુસ્સે થઇ જ નહિ શકો.

અમારી બાળશાળામાં તાજો જ એ કિસ્સો બની ગયો તે નોંધવા જેવો છે. એ પ્રસંગે શિક્ષક તો શું, પણ એના હાથ તળે કામ કરી રહેલ અમારી શાળાના પટાવાળાએ જે શાંતિ અને ધીરજનો પરિચય કરાવ્યો તે જોઇને બધા શિક્ષકો પણ છક્ક થઇ થયા હતા !

પ્રસંગ આમ બન્યો હતો.

આઠી વર્ષનો એક છોકરો અમારી શાળાએ આવે છે. સ્વભાવે બહુ તેજ-જલદી ગુસ્સે થઇ જાય એવો છે. મારામારી કરવાનું જ એનું કામ. ગમે તેને ધડ કરતો ઠોંસો લગાવી દે ! સાધારણ રીતે મૂઠીઓ વાળીને જ એ ફરતો હોય છે.

ડૉકટરી તપાસ ચાલતી હતી. તેને ટેબલ પાસે લાવવામાં આવ્યો. ગમે તેને મારી બેસે એ એના સ્વભાવથી જાણકાર શિક્ષકે એના હાથ પોતાના હાથમાં રાખ્યા હતા અને શાંતિથી તેને સમજાવી રહ્યા હતા. પણ શાંતિની કોઇ વાત સાંભળી લેવાની અગર સમજી લેવાની એને ટેવ જ નથી. હજી શિક્ષક તેને સમજાવતા હતા ત્યાં તો તેણે ધડ દઇને ડૉકટરને જ એક પાટુ લગાવી દીધેલી !

શનિવાર હતો. અગિયાર વાગ્યા એટલે બાલમંદિરમાં રજા પડી. બીજાં ઘણાં બાળકો પોતાનો નોકર તેડવા આવે તેની વાટ જોતાં બગીચામાં-કંપાઉન્ડમાં ફરતાં હતાં, રમતાં હતાં. ભાઇને કંઇક વાંધો પડી ગયો હશે એટલે ધડોધડ મારવાનું કામ એમણે શરૂ કરી દીધું. બહાર ફરતાં બાળકો ઉપર ધ્યાન રાખવાનું કામ શાળાના પટાવાળા શંકરને સોંપવામાં આવ્યું હતું. તેણે આ ભાઇને બાળકોને ન મારવાનું જણાવ્યું, ને તરત ભાઇનો મિજાજ ગયો. હાથમાં જમરૂખ જેવડો એક પાણો રાખીને ભાઇ ફરતા હતા તે જ ઉપાડીને તેમણે શંકરના માથા પર ફેંકયો ! શંકરને સખ્ત વાગ્યું, તરમર આવી ગયાં.

પણ શંકર ગુસ્સે ન થયો. ઊલટું એને શાંત કરવા તે પેલા બાળક પાસે ગયો. પેલા બાળકે તો વધારે મારવાનું તોફાન શરૂ કર્યું.

એટલામાં શિક્ષિકાબેન આવી પહોંચ્યાં. તેમણે કહ્યું : " અરે શંકર ! તારું એકડિયાં માને છે ? તું બસી જા. "

શંકર કહેઃ " પણ તો પછી એ બીજાં બાળકોને મારે એનું શું ? "

શિક્ષિકાબેન પેલા ભાઇને ઉપાડીને ચાલ્યાં ગયાં. શંકરને લાગ્યું હતું તેની એટલી કળ ચડી ગઇ હતી કે આખરે તેને બેસી જવું પડયું !

શંકર પટાવાળો સાચો બાલશિક્ષક નથી એમ કોણ કહી શકશે ?

તા૦

નવા આજીવનસભ્ય

[ઘ વર્ગમાં જોડાયાં છે.]

શ્રી. નિર્મળાબેન બકુભાઇ — અમદાવાદ.

મદદ કરશો ?

દર વર્ષની માફક આ વર્ષે પણ હરિજન-શાળાઓ અને શિક્ષકો માટે શિક્ષણપત્રિકાની માગણીઓ ઊભી છે. આ વરસે લવાજમ વધ્યું હોવાથી આ મદદની રકમ ઘણી મોટી થવી જોઇએ. ઉદાર ભાઇબહેનોને આ જ્ઞાનદાન આપવા અમે વિનંતી કરી છીએ કે તેઓ પોતાની મદદ વિશેષ છૂટા હાથે મોકલે.

એક અંક પછી

આ મહિનાથી વર્ષ બદલ્યું હોવાથી આ અંક ૨૦ મા વર્ષના પહેલા અંક તરીકે પ્રગટ થાય છે. પરંતુ જે જૂના ગ્રાહકો છે તેમને આ પછીનો એટલે ફેબ્રુઆરીનો (માઘ માસનો) અંક હજુ મળશે. તે પછી તેમનું લવાજમ પૂરું થશે. અગાઉ લખ્યું છે તેમ બધા સામાન્ય ગ્રાહકોનું લવાજમ ડિસેમ્બર ૧૯૪૫ આખર સુધીનું ૧–૧૦+૦ લેવાનું છે. ગ્રાહકો આ લવાજમ આજથી જ મોકલવા માંડે. માર્ચ મહિનાનો અંક લવાજમ નહિ આવ્યું હોય તેમને રૂા.૧–૧૪–૦ ના વી.પી. થી રવાના થશે.

શિક્ષણ સમાચાર

—વર્ધા શિક્ષણ સંમેલનમાં સંઘનાં પ્રમુખ શ્રી. સરલાદેવી સારાભાઇ, ઉપપ્રમુખ શ્રી. નાના-ભાઇ ભટ્ટ તથા મંત્રી શ્રી. તારાબેન મોડક હાજર રહ્યાં હતાં. તે પ્રસંગે નૂતન બાલશિક્ષણની દૃષ્ટિએ વર્ધા યોજનાને અનુસરીને બાળકોની પૂર્વપ્રાથમિક (એટલે ૩ થી:૭ વર્ષની) કેળવણીની યોજના અંગે શ્રી. સરલાદેવીએ તથા શ્રી. તારાબેને પોતાના મનનીય વિચારો અને યોજના રજૂ કર્યાં હતાં.

—હિંદી શિક્ષણ પત્રિકાના સંપાદક શ્રી. કાશીનાથજી ત્રિવેદી તાજેતરમાં જ નાગપુર જેલમાંથી છૂટીને આવી ગયા છે. તેઓ હિંદી ભાષામાં નૂતન બાલશિક્ષણના વિચારોને વધારે વેગ આપવાનો હવે પ્રયત્ન કરશે.

—વર્ધામાં નૂતન બાલશિક્ષણ સંઘ તરફથી પાયાની કેળવણીના સિદ્ધાંતો બાળકેળવણીમાં કેવી રીતે ઉતારી શકાય તેના નમૂનારૂપે એક નાનકડું પ્રદર્શન રજૂ કરવામાં આવ્યું હતું.

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે એમણે
આત્મારામ પ્રિં. પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. તા. ૩–૨–૪૫

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

卐

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

卐

જ્યારે શિક્ષકને બાળકો ઉપર પોલીસ અગર ન્યાયાધીશનું કામ કરવું પડતું હોય ત્યારે સમજવું કે શિક્ષક અગર બાળક અગર પરિસ્થિતિ સંબંધે કંઈક દોષ છે. આવી અનિષ્ટ પરિસ્થિતિ દૂર કરવા માટે તેને ઢાંકવા કે દાબવાને બદલે તેનાં કારણોમાં ઊંડા ઊતરવું જોઈએ, અને તે કારણોને દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ.

જે શિક્ષક આમ નથી કરતો તે પોતાનાં બાળકોને સામાજિક અગર નૈતિક અગર કોઈ પણ પ્રકારની કેળવણી આપી શકતો નથી.

—સ્વ. ગિજુભાઈ

વર્ષ ૨૦ : : કાર્યાલય : : અંક ૨-૩

૨૦૦૧ રાવપુરા : વડોદરા મહા-ફાગણ

બાલ કેળવણી—પૂર્વ બુનિયાદી તાલીમ

આપની સમક્ષ મારું વકતવ્ય રજૂ કરવામા હું આપનો ઓછામાં ઓછો સમય લઉં એવી ઇચ્છાથી મારા મુખ્ય મુદ્દાઓ મેં નોંધી આણ્યા છે તે હું આપને વાંચી બતાવું છું.

આપણા દેશનું પરમ સદ્‌ભાગ્ય છે કે પૂ ગાંધીજીએ આપણને બુનિયાદી તાલીમની ભાવના આપી છે. આ ભાવના તદ્દન મૌલિક અને અદ્વિતીય છે. તેનું રહસ્ય ઘણું ઊંડું છે, અને જેમ જેમ તેના ઉપર ચિંતન કરીએ છીએ તેમ તેમ તેનો મર્મ વધારે અને વધારે સમજાય છે. શ્રી. આશાદેવી અને શ્રી. રામચંદ્રને આ ભાવનાનું રહસ્ય સમજાવવા યત્ન કર્યો છે. તેમણે બંનેએ આ ભાવનાને ક્રાન્તિકારી કહીને વર્ણવી છે તે તદ્દન ઉચિત જ છે. મને આશા છે કે અહીં પધારેલા સર્વ કેળવણીકારોની સમજમાં એ રહસ્ય ઊતર્યું હશે. બુનિયાદી તાલીમથી ગાંધીજી જે અપેક્ષા રાખે છે તે કેવળ શરીરશ્રમ કે હસ્તઉદ્યોગ નથી. એવો શ્રમ અને ઉદ્યોગ તો છે પણ બુદ્ધિપૂર્વક શ્રમ નથી કરવામાં આવતો તેથી તે વૈતરામાં પરિણમ્યો છે. તેમ જ કેવળ બુદ્ધિના વિલાસની તાલીમની પણ ગાંધીજીને જરૂર નથી. કેટલાક ભાઇઓ તરફથી અહીં હસ્તઉદ્યોગ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. છતાં આપણે જો વિચારીશું તો સમજાશે કે ગાંધીજીને જોઇએ છે એક જાતની તાલીમ, એક જાતની Attitude towards life, a way of life, જીવનનું એક અભિનવ દર્શન, કે જે પુસ્તકોદ્વારા પ્રાપ્ત કરેલું નહિ પણ આપણી સમક્ષ જે વાસ્તવિક જીવન પડેલું છે તેનો સામનો કરતાં, તેની સાથે ગડમથલ કરતાં, તેને સમજતાં, તેને આત્મસાત કરતાં પ્રાપ્ત થાય, જે જીવન-દર્શન પ્રાપ્ત કરતાં અંગમહેનત, બુદ્ધિ અને લાગણી એ સર્વનો સહયોગ અને સુમેળ જામે. આવા સહયોગ અને સુમેળવાળા જીવનમાંથી જે સ્વાવલંબન, સ્વમાન અને તેજસ્વિતા જન્મે તે જ ગાંધીજીને ઇષ્ટ છે, એમ મને પોતાને લાગે છે. પ્રાણવાન અને તેજસ્વી જીવન, પછી તે ગમે તે વ્યવસાયમાં હોય, તે જ ગાંધીજીને અભીષ્ટ છે, એમ મને સમજાય છે. આ જીવન-દર્શન અદ્વિતીય છે અને એ જો આપણા રાષ્ટ્રના જીર્ણ દેહમાં પ્રવેશ પામે તો આજની દીનતા અને હીનતાને બદલે આપણા પ્રજાજીવનની સિકલમાં પરિવર્તન થઇ જાય. આમ જ્યારે આ ભાવના એટલી સમર્થ અને ક્રાન્તિકારી છે, ને ખુદ ગાંધીજી આપણને હવે ઉપસાગરમાંથી મહાસાગરમાં સફર કરાવવા માગે છે તો કેળવણીમાં રસ લેતાં સર્વ ભાઇબહેનોની જવાબદારીઓ અનેકગણી વધી જાય છે. કારણ કે આ ભાવના ક્રાન્તિકારી છે એટલું માત્ર રટન કર્યા કરીશું, તેની પ્રશસ્તિ ગાયા કરીશું તો તે સાર્થક નહિ થાય. તેને સાર્થક કરવા દીર્ઘ દૃષ્ટિ, ક્રમિક યોજના અને કામ કરનાર યોગ્ય કાર્યકર્તાઓ જોઇશે. બીજા શબ્દોમાં કહીએ તો તેને માટે planning અને તૈયારી જોઇશે. તાલીમનું કામ, કેળવણીનું કામ,બેશક રચનાત્મક કામો Constructive workમાં આવી જાય છે, છતાં બીજા રચનાત્મક કામોની તાલીમનું કામ નિરાળું છે. કેળવણીના કાર્યનો છંદ અને તાલ બીજાથી જુદો છે. બીજાં રચનાત્મક કામોમાં બેશક Scientific attitude શાસ્ત્રીય દૃષ્ટિ અને અવલોકનની અપેક્ષા રહેલી

છે, પણ આમાં તેની સવિશેષ આપેક્ષા રહેલી છે. કેળવણીનું, તાલીમનું કામ એ સ્થૂલ ચીજને કે પૈસાનું કામ નથી, પણ માનવજીવન સાથેનો એ ખેલ છે. માટે જ આ ક્ષણે હિન્દુસ્તાની તાલીમા સંઘ ઉપર અસાધારણ જવાબદારી આવી છે. અને આ જવાબદારી સવિશેષ છે, કારણકે પહેલે જ દિવસે શ્રી. શાન્તાબહેન નેરુરકરે કહ્યું તેમ ગાંધીજીએ આપણી સમક્ષ ભાવના રજૂ કરી છે. એ ભાવનાના આવિર્ભાવ માટે આપણે Technique ઉપજાવી કહાડવાનું છે. બુનિયાદી કક્ષામાં ૭ વર્ષોથી વિવિધ પ્રયોગો થઇ રહ્યા છે અને તે ઉપરથી આપણને કંઇક કંઇક અવલંબન મળી રહે છે. પરંતુ મારે નમ્રતાપૂર્વક જણાવવું જોઇએ કે બુનિયાદી તાલીમ જેવી ક્રાન્તિકારી ભાવનાની સફળતાનો મુખ્ય આધાર પૂર્વ બુનિયાદી વયનાં બાળકોની તાલીમ ઉપર રહેલો છે. એ શિશુ વયમાં બુનિયાદી તાલીમની ભાવનાનાં બીજ નંખાયાં હશે તો જ ત્યાર પછીની બીજી કક્ષાઓની તાલીમ સફળ થશે. શિશુશિક્ષાની ચર્ચા વસ્તુતઃ આ સંમેલનને છેલ્લે દિવસે રાખવાને બદલે પહેલે દિવસે રાખવામાં આવી હોત તો વધારે ઉચિત ગણાત, કારણકે આ કક્ષાની વિચારણામાંથી જ બીજી કક્ષાઓ માટે પૂરતું માર્ગદર્શન મળી રહેત, એવો મારો અભિપ્રાય છે. પણ આ કક્ષાનો વિચાર આપણે સમગ્ર જીવનની કેળવણીનો વિચાર કરતાં પહેલી જ વખત કરીએ છીએ તેથી આ છેલ્લો દિવસ રાખ્યો હશે.

શ્રી. તારાબહેન મોડક આપની સમક્ષ નૂતન બાલ કેળવણીની ભાવના અને પદ્ધતિનો ખ્યાલ આપશે. હું તેના કેટલાક મુખ્ય મુદ્દાઓ આપની સમક્ષ રજૂ કરું છું. આ બાલકેળવણીનો પ્રયોગ ગુજરાતમાં છેલ્લાં ૩૦ વર્ષોથી ચાલે છે અને તેનાં પરિણામો ઉપરથી તેમાં અસાધારણ શક્યતાઓ રહેલી છે, અને આપણા સમગ્ર રાષ્ટ્રજીવનના પુનરુજ્જીવન માટે તે પૂર્ણ અંશે કાર્યકર નીવડશે, એ વિષે મને શંકા નથી રહેતી, એવું આપને નમ્રતાપૂર્વક જણાવું છું. મારે આપને એટલું જ બતાવવું છે કે બુનિયાદી તાલીમ જેવી Revolutionary–ક્રાન્તિકારી ભાવના જેને આપણે વ્યવહારૂ સ્વરૂપ આપવા અત્રે એકત્રિત થયાં છીએ, તેને પોષક જ નહિ, પણ તેની પદ્ધતિ અને નૂતન બાલકેળવણીની પદ્ધતિમાં વસ્તુતઃ ફરક નથી. જે કંઇ ફરક લાગે છે તે કેવળ ઉપર ઉપરનો છે, fundamental–મૂળભૂત નથી. મારું આ નિવેદન આપને કદાચ બેહૂદું લાગશે, પણ હું આપને સમજાવવાનો પ્રયત્ન કરીશ. મારે જે કહેવાનું છે તે કંઇ આપણી સંસ્કૃતિને અપરિચિત નથી પણ હવે અનેક વર્ષોના Scientific–વૈજ્ઞાનિક પ્રયોગોને આધારે પણ સિદ્ધ થયેલું છે કે જન્મથી જ બાળકમાં બધી શક્તિઓ બીજરૂપે રહેલી છે; જન્મથી જ તે પોતાનાં અંગો અને ઇન્દ્રિયો કે જેમાં મનનો પણ સમાવેશ થાય છે તે વિવિધ રીતે કસવા, એકબીજાનું સંયોગીકરણ કરવા અને તેની આજુબાજુનું વાસ્તવિક જગત સમજવા, તેની હરહંમેશ ગડમથલ હોય છે. તેને કંઇ ને કંઇ કરવું ગમે છે. જાગતું બાળક સદાસર્વદા પ્રવૃત્તિમય હોય છે, તે આપણ સર્વનો અનુભવ છે. તેની પ્રવૃત્તિઓ એટલા માટે છે કે જેથી તે પોતાની બાલશક્તિઓ કસે, ખીલવે અને સ્વાવલંબી બને. વાળવું, સફા કરવું, વગેરે જેને આપણે ક્ષુલ્લક કામો કહીએ છીએ તેવાં કામો બાળકોને ગમે છે, પણ આપણી અણસમજણમાં આપણે તેને

વારીએ છીએ. બાળકના પ્રદાત્તશીલ સ્વભાવ, સ્વાવલંબી થવાની તેની ઇચ્છા અને તેનાં અંગો અને ઇન્દ્રિયોને કસવાની તેની સ્વાભાવિક urge–દુર્દમ્ય પ્રેરણા, આ તત્ત્વોને લક્ષમાં લઈને નૂતન બાલકેળવણીની પદ્ધતિ રચાઈ છે. બાળકનો જો આવો સ્વભાવ છે તો પછી તેના આવિષ્કરણ માટે તેને યોગ્ય વાતાવરણ કરી આપવું જોઈએ, એ તેમાંથી ફલિત થાય છે. યોગ્ય વાતાવરણ માટે તેમાં ભય, લાલચ અને સ્પર્ધા જેવાં તત્ત્વોનો સર્વથા અભાવ હોવો જોઈએ કે જેથી તે છૂટથી, કોઇ જાતના જડ નિયંત્રણ વિના પોતાની શક્તિઓ ખીલવે. બાળકની શક્તિ ખીલવાને માટે દરેકની પોતપોતાની ગતિ અને ક્રમ હોય છે. આ કુદરતી નિયમને ધ્યાનમાં રાખી તેને માટે સ્વતંત્રતાનું વાતાવરણ રહેવું જોઈએ. તેનો પ્રવૃત્તિશીલ સ્વભાવ છે, પ્રવૃત્તિદ્વારા જ તે પોતાનો સર્વવિધ વિકાસ કરતું રહે છે અને સ્વાવલંબી થવાની તેને urge છે.

બાલસ્વભાવના સ્વરૂપના આવા વૈજ્ઞાનિક પૃથક્કરણ ઉપર રચાયેલી ભાવના અને બુનિયાદી તાલીમની ભાવનામાં શો ફેર છે, તે હું સમજી શકતી નથી. મને પોતાને આ ભાવનાઓનું સ્વરૂપ એક જ લાગે છે. હિંસક તત્ત્વોનો અભાવ અને સ્વાવલંબન એ બન્ને આ ભાવનાઓનો સૂર છે.

હવે આપણે બન્નેની પદ્ધતિની વાત કરીએ.

નૂતન બાલ કેળવણીમાં, વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા સિદ્ધ થયેલું છે કે છ્સાત વર્ષની વય સુધીમાં બાળકને પોતાના ઇન્દ્રિયવિકાસની urge બહુ તીવ્ર હોય છે. વળી તેનો સ્વભાવ પ્રવૃત્તિશીલ છે, એટલે જો યોગ્ય પ્રવૃત્તિઓ તેને માટે યોજી આપવામાં આવે તો તેનો બધી તરેહનો વિકાસ ક્રમબદ્ધ, સમતોલ અને સંવાદી harmonious થાય. આ ઉંમરે થતી ઇન્દ્રિયવિકાસની urge ની જો અવગણના કરવામાં આવે તો આગળની ઉંમરે તેનો વિકાસ ઓછે વત્તે અંશે અધૂરો અને એકાંગી રહેવાનો પૂરો ભય છે. આવા વિચારથી, આ નૂતન બાલકેળવણીની પદ્ધતિમાં એવી પ્રવૃત્તિઓ યોજવામાં આવેલી છે કે જેથી બાળકનો વિકાસ ક્રમિક થાય. આ પ્રવૃત્તિઓ બાળકના પ્રત્યક્ષ, સામાજિક, વાસ્તવિક જીવનમાંથી રજૂ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં બાળક, એટલે શહેર કે ગ્રામનું, તવંગર કે ગરીબનું, એવો ભેદ રાખવામાં આવ્યો નથી. બાળક એટલે બાળક. તે ગમે તેવી પરિસ્થિતિમાં જન્મ્યું હોય, પણ એ જ્યાં હોય ત્યાંથી જ તેને સ્વાવલંબનને પંથે ચડાવવાનું છે. તેમ જ તેનો વ્યક્તિ તરીકેનો અને સમાજના એકમ તરીકેનો સંબંધ પણ યોજવાનો છે. સમાજથી તે અલગ છે એવી કલ્પના નથી. દરેક બાળકે પોતાના પ્રત્યક્ષ વાસ્તવિક જીવન સાથે યુદ્ધ ખેલવાનું હોય છે. તેથી કરીને આ પ્રવૃત્તિઓનું બાહ્ય સ્વરૂપ બાળકની સામાજિક પરિસ્થિતિ પ્રમાણે બદલી શકાય છે. પણ તેની પસંદગીનું ધોરણ-Standard સર્વત્ર એક જ હોય છે.

આ ઉપરથી આપ જોઇ શકશો કે બુનિયાદી તાલીમ જે માણસનો સર્વાંગી વિકાસ સાધવાની ભાવના જીવનને ઉપયોગી વ્યવસાયના Technique દ્વારા સેવે છે તેમાં અને આ પ્રત્યક્ષ વ્યાવહારિક અનુભવ અને અવલોકન બંનેને અભિમત છે. આ રીતે આપને ખાત્રી થશે કે બંનેની પ્રવૃત્તિઓનું ધોરણ સ્વરૂપે એક જ છે.

હવે જે ફેર છે, કે જેને હું મૂળભૂત ગણતી નથી, તે હું આપને બતાવું. બુનિયાદી તાલીમની પ્રવૃત્તિઓ અને સાધનો હજુ પ્રયોગદશામાં છે. અવલોકન અને અનુભવને આધારે કેટલેક સમયે તે પણ નિશ્ચિત થશે. જ્યારે નૂતન બાળકેળવણીમાં જે પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે તેનું સ્વરૂપ અને તેમાં વાપરવામાં આવતાં સાધનો લાંબા સમયના સફળ શાસ્ત્રીય પ્રયોગોને આધારે અમુક રીતે નિશ્ચિત થયેલાં છે. આવા નિશ્ચય ઉપર આવતા પહેલાં, બાળકનો પ્રવૃત્તિશીલ સ્વભાવ, વાસ્તવિક જીવનની ગડમથલમાંથી સાચું પ્રાણવાન જીવન પ્રાપ્ત થાય છે તે સત્ય, અને જ્ઞાન જુદા જુદા વિષયોમાં વહેંચાયેલું નથી પણ તે અખંડાકારે છે તેવી પ્રતીતિ–આટલી બીનાઓ લક્ષમાં રાખી સર્વ પ્રવૃત્તિઓ અને તેનાં સાધનોની સંકલના કરવામાં આવી છે. તેમાં શાસ્ત્રીય ચોકસાઇ છે, વિષયોનું Co-ordination છે. આ સાધનો બેશક નિશ્ચિત થયેલાં છે ને સફળ નીવડેલાં છે. છતાં તેમાં સુધારોવધારો કરવાનો હજુ પણ અવકાશ છે જ.

બાહ્ય દૃષ્ટિએ સાધનોમાં ફેર છે, પણ પ્રવૃત્તિઓ અને સાધનો યોજવાનું ધોરણ-Standard એક જ છે, એ આપના લક્ષમાં આવ્યું હશે. આ રીતે જે ભાવના અને પદ્ધતિમાં તાત્ત્વિક સ્વરૂપે અદ્વૈત છે, તો બુનિયાદી તાલીમનાં બીજ બાળકનો શિશુવયમાં અત્યંત વ્યવસ્થિતરૂપે વવાય કે જેથી તેનો પરિપાક આગળ જતાં તેનાં પૂર્ણ સ્વરૂપે ખીલી નીકળે તે અર્થે નૂતન બાળકેળવણીની પદ્ધતિનો અમલ કરવામાં આવે, એવી આશા હું પ્રદર્શિત કરું છું. આનો અર્થ એવો નથી કે તેનો અક્ષરશઃ સ્વીકાર કરવાનો હું આગ્રહ સેવું છું. અત્યંત સૂમભાવપૂર્વક, આદરપૂર્વક આ પદ્ધતિનો અભ્યાસ આપ સર્વ કરો એવી મારી આપને પ્રાર્થના છે.

જો આપણે રાષ્ટ્રજીવનમાં થતો waste-અપવ્યય અટકાવવો હોય, આપણી શક્તિ અને સમયનો સદુપયોગ કરવો હોય તો પૂર્વ-બુનિયાદી કક્ષામાં જે કામ ઓછીવત્તી સફળતાથી થઇ રહ્યું છે, જેની શક્યતાઓ પ્રત્યે ભારે આશાઓ રહેલી લાગે છે ને જેમાં હજુ ઘણું ઘણું સંશોધન કરવાનો અવકાશ રહેલો છે, તેનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે એ મહત્ત્વનું છે. મારું વક્તવ્ય હું કોઇ પણ જાતની સાંપ્રદાયિક દૃષ્ટિથી રજૂ કરતી નથી, પણ આ દિશામાં મને જે કંઇ પ્રત્યક્ષ અને પરોક્ષ અનુભવથી સમજાતું આવ્યું છે તે ઉપરથી મને પ્રતીતિ થાય છે કે બુનિયાદી તાલીમથી સમગ્ર રાષ્ટ્રજીવનના અંગ-પ્રત્યંગમાં તેમ જ અંગત જીવનમાં ગાંધીજી જે પ્રકારની તેજસ્વિતા અને પ્રાણ માગે છે તેનાં બીજ અત્યંત સુવ્યવસ્થિત રૂપે વાવવાની શક્તિ નૂતન બાલકેળવણીની પદ્ધતિમાં રહેલી છે. જગતમાં જે અનુભવ અને જ્ઞાન પ્રવર્તે રહ્યાં છે તેને ભૌગોલિક કે રાજકીય સીમાઓ નથી. જે અનુભવ અને જ્ઞાનમાં સચ્ચાઇનો રણકાર છે તે સર્વકાળે, સર્વદેશનાં છે, એમ આપણે માનવું જોઇએ. એમાં પૂર્વ કે પશ્ચિમના ભેદો હોવા ન જોઇએ. સંસ્કૃતિના એવા નિરંતર વિનિમય થયેલા છે; તે જો અટકાવીએ તો આપણું પ્રજાજીવન શુષ્ક બની જાય. પરંતુ આપણી સંસ્કૃતિની પ્રકૃતિ જ સર્વગ્રાહી છે. આપણે આપણા ઇતિહાસમાં કેટકેટલી ભિન્ન ભિન્ન જાતિઓ અને સંસ્કૃતિને પચાવી ગયાં છીએ. Synthesis–સમન્વય એ આપણી સંસ્કૃતિનું વિશિષ્ટ સ્વરૂપ છે. માટે કોઇએ

આશંકા કે ભય રાખવાની જરૂર નથી. આ નવીન પદ્ધતિ સ્વીકારીશું તો આપ નિશ્ચિત માનશો કે આપણે તેને પચાવી શકીશું. પારકું લેવામાં કંઈ જ વાંધો નથી. અન્ન પણ બહારની વસ્તુ જ છે અને તે શરીરમાં દાખલ કરીએ છીએ. છતાં તેને પચાવીએ છીએ એટલે એ ઉછીની લેવામાં કંઈ જ દોષ જોતાં નથી. તે જ પ્રમાણે ઉપલક દૃષ્ટિએ નવીન દેખાતી આ પદ્ધતિને આપણે પચાવી શકીશું, અને તે આપણી રાષ્ટ્રપ્રકૃતિને સુસંગત થશે, એવી મને પ્રતીતિ થાય છે. આ પૂર્વબુનિયાદી કક્ષાને આપ ઘણી મહત્ત્વની ગણી સમગ્ર મનુષ્યજીવનની કેળવણીમાં તેને તેનું યોગ્ય સ્થાન આપશો, એવી મને આશા છે.

સરલાદેવી સારાભાઈ

“ કાંઈ કામ કરતાં જ નથી ! ”

“ એ બચુ ! એ બચુ ! અહીં આવ તો ? આ ભાઈ રડે છે તેને જરા હીંચકાવ તો ખરો ? ” કમળાબેને રસોડામાંથી બૂમ મારી. પણ બચું સાંભળે જ શાનો ? એ તો નિશાળની ચોપડીઓ મૂકીને સીધો શેરીમાં ચાલ્યો ગયો. કમળાબેન ખિજાતાં ખિજાતાં બહાર આવ્યાં અને ઓટલે ઊભેલાં ચંદનબેનને કહેવા લાગ્યાં, “જુઓ ને બેન ! છોકરો કંઈ કામ કરતો જ નથી ! મારે હજી રાંધવું છે અને એ તો નાસી ગયો. હું તે હવે બાબાને રાખીશ કે રાંધીશ ? ”

ચંદનબેન કહે: “ હા, બેન ! એવી જ દશા છે. મારી સુશીલા પણ કયાં કાંઇ કામ કરે છે ? કામ બતાવીએ એટલે સીધી પોળમાં નાસી જાય છે. ”

ત્યાં તો અંબાબેન આવ્યાં, ને પુષ્પાબેન પણ આવ્યાં. બધાં ભેગાં થઈને કહેવા લાગ્યાં: “ આ છોકરાંથી તો ભગવાન તોબા ! ચીંથરેલું કંઈ જ કામ કરતાં નથી ”

એટલામાં રંજનબેન આવ્યાં. એ કહેવા લાગ્યાં: “ પણ આ કાંતાબેનનાં છોકરાં કેમ કામ કરે છે ? એમની ઇંદુ અને સૂર્યકાંત તો એ જે કામ બતાવે તે કરે છે. ”

બધાંને લાગ્યું કે વાત તો સાચી છે; એ છોકરાં ઘરનું બધું જ કામ કરે છે. રંજનબેન કહે: “ ચાલો આપણે કાંતાબેનને જ પૂછીએ કે છોકરાં પાસેથી એ શી રીતે કામ કરાવી શકે છે ? કાલે બપોરે જ એમને ત્યાં જઈએ ને પૂછી લઈએ. ”

બીજે દિવસે બપોરે બધાં કાંતાબેનને ત્યાં ગયાં. બધાંને આવકાર આપી કાંતાબેને બેસાડયાં ને પૂછયું: ” કેમ બેન ! આજે કંઈ બધાં ભેગાં થઈને આવ્યાં છો ? શું કશું કામ છે ? ”

રંજનબેન કહે: “ હા, તમારું બાસ કામ પડયું છે એટલે તો અમે બધાં આવ્યાં છીએ. તમારી પાસેથી એક મિજબાની લેવી છે. ”

પણ ત્યાં તો પુષ્પાબેન કહે: “ ના ના, એવું કંઈ નથી. અમે તો તમને પૂછવા આવ્યાં છીએ કે આ તમારાં ઇંદુ અને સૂર્યકાંત તો તમારું બધું કામ કરે છે, પણ અમારાં છોકરાં તો અમારું એક પણ કામ કરતાં નથી. તો તમે એવું શું જાદુ કર્યું છે કે તમારી ઇંદુ ઘરમાં રસોઇ વગેરે બધું કામ કરે છે અને તમારો સૂર્યકાંત પણ ઘરમાં કામ કરે છે તેમ જ બજારનું પણ કામ કરે છે ? ”

કાંતાબેને હસીને કહ્યું: "બેન ! તમારી વાત તો સાચી છે. પણ બે વરસ ઉપર મારી દશા પણ તમારા જેવી જ હતી. ઇંદુ કે સૂર્યકાંતને હું જે કાંઇ કામ બતાવું તેની તે ના જ પાડતાં ને સીધાં શેરીમાં નાસી જતાં. સૂર્યકાંતને કહું કે ભાઇને જરા હીંચકાવ, હું બજારમાંથી શાક લઇ આવું, તો એ સીધો ભાગી જ જતો હતો. ઇંદુને કહું કે બેન, જરા વાસણ ગોઠવી દે, હુ વધાર કરી લઉં, તો એ વળી બીજું જ બહાનુ કાઢી સરકી જતી. પછી તો હું એમને જોઇએ તેટલાં ધમકાવતી પરંતુ બધું ધૂળ ઉપર લીંપણ ! ખૂબ ધમકાવું ત્યારે થોડું કામ કરે, પણ વળી પાછાં એ રામ એના એ ! પછી હું વિચાર કરવા બેઠી. તમને ખબર તો છે કે હું ગિજુભાઇ પાસે એક વર્ષ રહી આવી છું. મને વિચાર આવ્યો કે બાલમંદિરમાં તો પચીસ બાળકો હતાં છતાં એ બધાં ઉમંગભેર કામ કરતાં હતાં. આ મારાં ઇંદુ અને સૂર્યકાંત પણ ત્યાં હોંશભેર કામ કરતાં હતાં. અહીં આજુ બાજુ જોતી હતી કે બીજાં છોકરાં ત્રણચાર વર્ષનાં થાય ત્યાં સુધી તો હોંશભેર કામ કરતાં હોય છે, પણ ત્યાર પછી એવું શું બને છે કે છોકરાં કામ કરતાં નથી અને એમને ધમકાવવાં પડે છે ? બાલમંદિરમાં મેં જોયું હતું કે કામની પસંદગી બાળકો પોતે કરતાં હતાં. મને થયું કે લાવ ને, હું પણ બાળકો ઉપર છોડી જોઉં ? એટલે મેં તો ઘરનાં કામની એક યાદી તૈયાર કરી. કપડાં સંકેલવાં, વાસણ ગોઠવવાં, રસોઇ કરવી, કચરો કાઢવો, બજારમાંથી શાકપાન લાવવું, નાના બાળાને હીંચકાવવો તથા તેને ફરવા લઇ જવો, દૂધ લઇ આવવું, અનાજ ખરીદવું વગેરે કામોનો એક મોટો હારડો તૈયાર કર્યો, અને છોકરાંઓને કામની પસંદગી કરવાનું કહ્યું. અને તમને જાણીને આશ્ચર્ય થશે કે બન્ને છોકરાંએ હું જે જાતનાં કામ સોંપતી હતી તેમાંથી તેમણે કોઇ પણ કામ પસંદ કર્યું નહોતું. ઇંદુએ તો સીધું રસોઇનું કામ લીધું, અને સૂર્યકાંતે શાકપાન લાવવાનુ તથા બાબાને ફરવા લઇ જવાનું માથે લીધું. સાચું કહું તો મને પોતાને છોકરાંને આ કામ સોંપતાં સહેજ ચિંતા જ થતી હતી. મારા મનમાં થતું હતું કે રાંધતાં રાંધતાં ઇંદુ દાઝી જશે તો ? શાકદાળમાં મશાલો ઓછો-વધારે પડશે તો ? ભાઇને ફરવા લઇ જતાં સૂર્યકાંત તેને પાડી નાખશે તો ? બજારમાં પૈસા ખોઇ નાખશે તો ? છેતરાઇને આવશે તો ? એવી એક હજાર ને એક શંકા મારા મનમાં ઊભી થતી હતી. પરંતુ આ અખતરો કરવો તો ખરો એમ માનીને મેં છોકરાંઓએ જે કામ પસંદ કર્યાં તે તેમને કરવા દેવાનું કબૂલ કર્યું. પહેલ જ દિવસે ચમત્કાર થયો. જે ઇંદુ પાંચ દશ બૂમો પાડતાં ન ઊઠે તે પોતાની મેળાએ ઊઠીને સગડી સળગાવવા બેસી ગઇ હતી; જે સૂર્યકાંત નવ વાગ્યા પહેલાં ઊઠતો જ ન હતો તે સાત વાગે ઊઠી દાતણપાણી કરી શાકની થેલી લઇને શાક-માર્કેટમાં ગયો હતો. જે ઇંદુને હું કંઇ કરવાનું કહું તો મારા તરફ કંઇ ધ્યાન જ ન આપે તે પોતાની મેળાએ આવીને પૂછી જતી હતી: 'આ' આમલી આટલી જોઇશે ? મીઠું આટલું નાખું ને ? વઘારેમાં શું શું મૂકું ?' આવી જાતજાતની વાતો પૂછવા આવતી હતી. સૂર્યકાંત પણ શોકપાન એકંદરે સારું લાવ્યો હતો, અને પૈસા કંઇ ખોવાયા પણ ન હતા. પણ આટલેથી બધું કાયમને માટે પતી ગયું એમ તો ન જ હતું. મુશ્કેલીઓ તો આવ્યા જ કરતી. એક દિવસ સૂર્યકાંત શાક લેવા ગયો ત્યાંથી સીધો

રમતમાં ભળી ગયેા. દસ સવાદસ થવા આવ્યા ત્યાં સુધી તેનેા પત્તો નહેાતેા એટલે હું પેાતે જઇને પડખેથી શાક લઇ આવી. સાડાદસ વાગે સૂર્યકાંત ઉતાવળેા ઉતાવળેા શાક લઇને આવ્યેા તે વખતે ઘેર શાક તેા ચૂલે ચડી ગયું હતું ! ઇંદુબેને વળી બીજી જાતનું જ પરાક્રમ કરેલું. પેાળમાં વરઘેાડેા આવ્યેા હતેા એટલે ચૂલે વઘાર ચડાવેલેા ને એ વરઘેાડેા જોવા નીકળી પડી ! હું ને જલદી જઇ પહેાંચી ન હેાત તેા વઘાર બળીને ખાખ થઇ જાત ! આવું આવું તેા કેટલીય વાર બને. પણ સામાન્ય રીતે અમારું કામ સંતેાષકારક રીતે ચાલે છે. અઠવાડિયે એક દિવસ રાત્રે અમે ભેળાં બેસીને કઇ કઇ મુશ્કેલીઓ આવી, એનેા ઉકેલ કેમ લાવવેા, કયાં કયાં કામ બદલાવવાં, વગેરેનેા વિચાર કરીએ છીએ. આની અંદર ધીરજ અને હૈયાઉકલત તેા બૂબ જ જોઇએ છીએ એ વાત તેા છે જ. છેાકરાંઓને ધમકાવવાથી તેા કાંઇ વળતું નથી એ હું જાતઅનુભવથી કહી શકું છું. એમને કયાં મુશ્કેલી આવે છે તે જોવું જોઇએ કેમકે બાળકેા કાંઇ કામ બગાડવા માગતાં નથી હેાતાં; પરંતુ કેટલીક વખત જે કામ બગડે છે તેની અંદર ઘણી વખત તેા અણઆવડત અગર સમજણની ખામી કે માત્ર ઉતાવળ પણ હેાય છે. તે વખતે બૂબ ધીરજપૂર્વક એનેા ઉકેલ લાવી છેાકરાંઓના ધ્યાન ઉપર એ વસ્તુ આણી દેવી જોઇએ. છતાં મારું કહેવું એમ તેા નથી જ કે હું જેમ બધું ઇચ્છું છું તેમ જ બરાબર ચાલે છે. પણ એક વસ્તુ તેા છે જ કે જે બાળકેાને એમની ઉંમરને અનુકૂળ આવે એવું અને એમની પસંદગીનું કામ આપવામાં આવે તેા કેટલીયે મૂંઝવણેા ઓછી થઇ શકે છે. આપણે એમ માનતાં હેાઇએ છીએ કે બાળકેાથી અમુક કામ તેા થઇ શકે જ નહિ એટલે આપણે એમને હળવાં કામ સેાંપીએ છીએ. બાળકેા નાનાં હેાય ત્યાં સુધી તેા એવાં કામેા તેઓ હેાંશેહેાંશે કરતાં હેાય છે પણ તે મેાટાં થતાં તેમને મેાટાં કામેા જોઇએ છે. આપણે એમને એવાં કામેા સેાંપતાં અચકાઇએ છીએ એટલે પછી બાળકેા કેાઇ જાતનું કામ કરતાં નથી, ને એમાંથી એ ફરિયાદ સામાન્ય બને છે કે બાળકેા કામ જ કરતાં નથી ! અમારાં ઇંદુ અને સૂર્યકાંતને એમની ઉંમરને અનુકૂળ કામેા હંમેશાં મળતાં હેાવાથી તેમની સામે મારે ખાસ ફરિયાદ કરવાનું રહેતું નથી. તેઓ પેાતાની મેળાએ પેાતે લીધેલું કામ કરવાનેા પ્રયત્ન કરતાં હેાય છે. એમાં કેાઇ એ કામ બગડે પણ ખરાં ! પણ મારે બૂમાબૂમ કે ધાંટાધાંટી કરવાં પડતાં નથી અથવા તેા ધાકધમકી વાપરવી પડતી નથી. તેઓ પેાતાનું કામ હેાંશભેર કરતાં હેાય છે. અમારા ઘરનું કામકાજ એકબીજાના સહકારથી ચાલે છે. આ થઇ મારી વાત. બેાલેા, તમારે બીજું કાંઇ પૂછવું છે. ? ”

કમળાબેન કહે: “ પૂછવાનું તેા શું હેાય ? પણ એ બધી લપ કરે કેાણ ? એટલી નવરાશ લાવવી કયાંથી ? ”

ત્યાં તેા રંજનબેન બેાલી ઊઠયાં: “ના, બા ! હું તેા કાંતાબેન પ્રમાણે જરૂર કરવાની. એમાં વળી લપ કેવી ? અને આમે ય બીજી લપ કયાં ઓછી કરીએ છીએ ? અને નવરાશની વાત ? નવરાશ તેા કાંતાબેનની માફક કરીએ તેા વધારે જ મળવાની. ”

પુષ્પાબેન કહે: “ રંજનબેનની વાત તેા સાચી છે. નવરાશ તેા કાંતાબેનને આપણા કરતાં કેટલી બધી વધારે મળે છે ! એમનું કામ

તો છોકરાં કરે છે. કાંતાબેન કહે છે તે પ્રમાણે કરવા જેવું તો છે. ”

“ ઠીક; આપણાથી થાય એટલું આપણે કરી જોઇશું. ચાલો હવે જઇએ. કાંતાબેનને ખૂબ ખોટી કર્યાં.”

“ ના ના, એમાં ખોટી શાનાં ? ” કાંતાબેને કહ્યું. “ બધાં મારે ત્યાં આવો તો તો મને બહુ ગમે. ”

“ વારુ, પણ આજે તો હવે અમે જઇશું.” અને બધાં ઊઠીને ઘેર ગયાં. —શં.

યોજનાપદ્ધતિ

(Project Method)

વિદ્યાર્થીઓને કયા કયા અને કેટલા વિષયો શીખવવા તેની વિગતવાર યાદીઓ દરેક કેળવણીખાતા તરફથી અભ્યાસક્રમરૂપે બહાર પાડવામાં આવે છે. જે શાળાઓ ખાતાથી સ્વતંત્ર રીતે ચાલતી હોય તેમને ત્યાં પણ અભ્યાસક્રમો તો નક્કી કરેલા જ હોય છે. એ વિષયોના જ્ઞાન વિના વિદ્યાર્થીનું ભણતર અધૂરું રહે છે એમ મનાય છે.

શિક્ષકોને માટે પણ ઠરાવેલા વિષયો વિદ્યાર્થીને કેમ સહેલાઇથી ભણાવી દેવા એ કાયમી પ્રશ્ન રહે છે. અભ્યાસક્રમમાં નક્કી કરેલા વિષય ગોખાવીને તૈયાર કરાવી દેવા અને વિદ્યાર્થીઓને પરીક્ષામાં તેમાં પાસ કરાવી દેવા એ વિષયશિક્ષણની કનિષ્ઠ રીતિનો નમૂનો છે. સૌથી ઉત્તમ પદ્ધતિ એ છે કે જે દ્વારા વિદ્યાર્થીને મન એ વિષય જીવંત ભાસે, એ વિષય અંગે નવી નવી માહિતી મેળવવાનો તેઓ જાતે પ્રયત્ન કરતા થાય, એ પ્રયત્ન કરવામાં તેમને ઉમંગ રહે અને એ રીતે જાતે જ્ઞાન પ્રાપ્ત કરી વિદ્યાર્થીઓ એને આત્મસાત કરતા થાય. આ જ દૃષ્ટિએ અનેક નવી નવી શિક્ષણપદ્ધતિઓ શોધાય છે અને તેને માટે જાતજાતના પ્રયોગો પણ કરવામાં આવે છે. યોજનાપદ્ધતિ આવી જ એક શિક્ષણપદ્ધતિ છે.

આ પદ્ધતિમાં વિષયશિક્ષણ તો હોય જ છે, પણ તે લેવાની રીતિ નવી છે. આજે એક પાઠ કર્યો તો કાલે તે પછીનો બીજો પાઠ કરવાનો એમ સીધા પુસ્તક પરથી ભણવાને બદલે આમાં યોજના વિચારાય છે. શિક્ષક અને વિદ્યાર્થીઓ મળીને અમુક બાબત તૈયાર કરવાનું ઠરાવાય છે. દાખલા તરીકે બાંડ તૈયાર કરવાની યોજના વિચારી. એ નક્કી થતાં જ બીજો વિચાર બાંડ તૈયાર કરવા માટે કઇ કઇ ચીજો જોઇએ તેની યાદી તૈયાર કરવાનો થાય. શિક્ષક-વિદ્યાર્થીઓ સાથે મળીને જ આ યાદી તૈયાર કરે. પુસ્તકો વાંચીને હકીકત એકઠી કરવામાં આવે, ઉપરાંત કોને પૂછવાથી, કયાં કયાં પુસ્તકોમાંથી અથવા કયે કેકાણે જવાથી અને શું કરવાથી જરૂરી માહિતી એકઠી થઇ શકશે અને ધારેલી યોજના પાર પડશે એની વિચારણા વિદ્યાર્થીઓ સાથે મળીને શિક્ષક વિચારી લે. આટલું થાય એટલે શાં પગલાં લેવાં તેની વિગત મુકાય અને એને અંગે કરવાનાં કામો માટે ટુકડીઓ નક્કી થઇ યોજના શરૂ કરવામાં આવે. આ રીતે કામ કરવામાં બાંડ કેમ તૈયાર થાય છે તેની માહિતી એકઠી

કરવાથી જ કામ સરી જતું નથી; આને અંગે જરૂરી ચિત્રો એકકાં કરવાં તથા નવાં આવશ્યક ચિત્રો અથવા નકશાઓ દોરવા, એને અંગે કરવા પડતા હિસાબોનું કામ (ગણિત) પતાવવું, એનો પણ એમાં સમાવેશ થાય છે. ખાંડની ઉત્પત્તિનો ઇતિહાસ, કયે ઠેકાણે ખાંડ તૈયાર થઇ શકે તેની ભૌગોલિક માહિતી, વગેરે પણ એમાં મેળવવાં તો પડે જ. એમ એનું સાહિત્ય ઇતિહાસ, ભૂગોળ અને અન્ય આનુષંગિક વિષયો પણ યોજનાની સાથે જ લેવાય. આથી એક યોજનામાં અન્ય વિષયના શિક્ષકોનો સહકાર પણ લેવો પડે. આ કારણે યોજનાપદ્ધતિમાં જ્યે એક વર્ગમાં બધા જ વિષયો એક જ શિક્ષક શીખવતો હોય તો કામ વધારે સરલ બને છે, છતાં વિષયવાર શિક્ષકો જુદા જુદા હોય તોપણ અન્ય શિક્ષકોનો સહકાર સાધીને આખી યોજના તૈયાર કરી શકાય છે.

આ યોજનામાં ખાસ લાભો રહેલા છે. યોજનામાં બધું જ તૈયાર કરવાનું હોવાથી એમાં મળતું જ્ઞાન કેવળ પુસ્તકિયા ન બની જતાં એની વ્યાવહારિક બાજુ પણ વિદ્યાર્થીઓ શીખતા જાય છે. આથી એ વિષય પરત્વે મળતું જ્ઞાન પણ વધારે જીવંત બને છે અને વિદ્યાર્થીઓ તે હોંશે હોંશે મેળવે છે. કેમકે બધી બાબતો જાતે પ્રત્યક્ષ કરવાની હોવાથી દરેક બાબતની માહિતી સંપૂર્ણપણે અને વિગતવાર મેળવવાની હોય છે અને અનુભવ લઇને કરવાની હોય છે. દાખલા તરીકે ખાંડ બનાવવા માટે શેરડીનું વાવેતર કરવાનું આખો વર્ગ નક્કી કરે તો કઇ જમીનમાં શેરડીનું વાવેતર થઇ શકે, અને કઇ જાતનું ખાતર જોઇશે, વગેરે બીજી અનેક માહિતી મેળવવી પડે; એટલું જ નહિ પણ એ માહિતી માત્ર જાણવાપરતી ન રહેતાં મેળવેલી માહિતીઓનો પ્રત્યક્ષ અમલ પણ કરી જોવો જોઇએ. પરિણામે જ્ઞાન ફકત શબ્દપાંડિત્ય ન બનતાં વ્યવહારનો અમલી ભાગ બને છે જીવનમાં હંમેશાં આવું જ બને છે. શાળામાં નાટ્યપ્રયોગો કરવાનું નક્કી થાય ત્યારે તેના મંત્રી અને અન્ય કાર્યકર્તાઓને અનેક જાતના વ્યાવહારિક જ્ઞાનનો લાભ મળે છે. આવું જ્ઞાન તેમને પુસ્તકોમાંથી કદી પણ મળવાનો સંભવ હોતો નથી. સિવાય આખું કાર્ય પાર ઉતારવામાં સહુએ સહકારથી કામ કરવું આવશ્યક હોઇ મહેનતનાં અનેક કામો જાતે જ કરી લેવાં પડે છે. આ રીતે મેળવેલું જ્ઞાન બાંકડા પર બેસી ચોપડીઓ ગોખી કાઢવામાં સમાઇ ન જતાં ક્રિયાદ્વારા પ્રત્યક્ષ અમલ કરીને મેળવેલું જીવંત જ્ઞાન બને છે.

પરંતુ શાળામાં આવી યોજના ઘડવામાં કૃત્રિમતા તો છે જ. પરંતુ એક વાર યોજના કરવાનું નક્કી કર્યા પછી રોજ વ્યવહારમાં જે જે કામો કરવાં પડે છે, જે જે માહિતીઓ એકઠી કરવી પડે છે, જે વાંચવું પડે છે, જે જે અનુભવો અને કાર્યપ્રવીણતા પ્રાપ્ત કરવાં પડે છે દુનિયાની રીતથી જેટલા માહેતગાર બનવું પડે છે, એ બધી ક્રિયાઓમાં પ્રત્યક્ષ કરવાનું હોવાથી ઘેર કોઇ કામ કરવાનું આવી પડે અથવા શાળામાં કોઇ ઉત્સવ ઊજવવો હોય ત્યારે જેમ ચારે બાજુ પ્રવૃત્તિશીલતા અને વિદ્યાર્થીઓમાં તરવરાટ આવેલો દેખાય છે તે જ સ્થિતિ શાળામાં પણ ઠરાવેલી યોજના પૂરી થતાં સુધી વિદ્યાર્થીઓમાં પેદા થયેલી જોઇ શકાય છે. આ કારણે શિક્ષણ કંટાળાભર્યું ન બનતાં તે મેળવવા માટે હોંશ અને ઉમંગનું વાતાવરણ પથરાયલું રહે છે.

મુશ્કેલીઓ

આજે આ પદ્ધતિથી કોઇ શાળામાં કામ થતું જોવામાં આવતું નથી અથવા સંભળાતું નથી એનું મુખ્ય કારણ શિક્ષકોની શિથિલતા છે. આ પદ્ધતિથી કામ કરવામાં શિક્ષકો ખૂબ મહેનતુ હોવા જોઇએ તેમ જ તેમણે સતત જાગ્રત રહેવું જોઇએ. શિક્ષકની કલ્પકતા, વિદ્યાર્થીઓમાં ભળી જવાની આવડત તથા યોગ્ય કાળે માર્ગદર્શન કરવાની કુનેહ આ પદ્ધતિમાં અનિવાર્ય બને છે. આજની સામાન્ય શાળાઓમાં ખાતું તેમ જ શિક્ષક ચોકકસ ધરેડના ગુલામ જોવા હોય છે. તેમનામાં નવા વિચારો કરવાની હોંશ અથવા નવા નવા પ્રયોગો કરવાની ઉત્કંઠા બહુ થોડે અંશે નજર આવે છે. ઉપરાંત આ પદ્ધતિથી કામ કરવા જતાં નકકી કરેલા અભ્યાસકમને પહોંચી વળાશે કે નહિ અગર તો વિદ્યાર્થીઓ આમાં ખરેખર કામ કરશે કે રમત જ કર્યા કરશે, એ અંગે પણ તેમના મનમાં અશ્રદ્ધા હોય છે. નવી પદ્ધતિઓનો અમલ શાળાઓમાં નજર નથી આવતો તેમાં અશ્રદ્ધા જ એક મોટું અંગ છે. પરિણામ એ આવે છે કે નવી નવી શોધાતી પદ્ધતિઓના અખતરાઓ પછી એનો અમલ મોટા પાયા પર થતો ન હોવાથી એ પદ્ધતિઓ ખરેખર કેટલી યશસ્વી નીવડશે તે જાણવાનું અગર તેમાં રહેલા ગુણ-દોષો પારખી કાઢવાનું મુશ્કેલ બને છે. –તા૦

ચોપડી નહિ, બાળકોને વાંચો !

"અવલોકનો તો સામે પડયાં છે; બાળકોને વાંચો. ચોપડીમાંથી એ નહિ વંચાય."

આઠ વર્ષ પહેલાંનો પ્રસંગ હતો, અને એ પ્રસંગે ઉપરોક્ત વાકય મારા માથામાં ઘણની જેમ લાગ્યું હતું. આજ પર્યંત તે ભૂલ્યો નથી.

જીવનમાં કેટલાક પાકો આખા માર્ગના દર્શક થાય છે. અને તે પ્રેરક તેમ જ વાહક નીવડે છે. એ ભુલાતા નથી. ગાઢ અંધકારમાં પણ ધ્રુવતારાની જેમ માર્ગદર્શક જ રહે છે; અને ભુલાય ત્યારે તેમાંથી મળતી પ્રેરણા અને વિકાસ આપોઆપ જ બંધ થાય છે.

હું કંઇક એવી શોધ કરતો હતો કે મારામાં કેટલીક માનસિક આડશ હતી તે દૂર થાય; પ્રાણ પોતાના માર્ગે જતાં રુંધાય નહિ. ઘણા વખતથી બાળકોમાં હું જે કેટલીક ખૂંચો જોઇ રહ્યો હતો તે ઊકલી જાય તેમ ઇચ્છતો હતો. હું મારી સાથે બીજી ઘણી જાગૃતિ લાવવા માગતો હતો.

આ બધું એક જ વખતે એક સાથે કયાંથી શોધું ? એ વિચારો આવતાં ક્રીડાંગણમાં બાળકોની વચ્ચે જઇને બેઠો.

મધ્યાહ્નનો સમય હતો ઘણાંખરાં બાળકો સંગીતના ઓરડામાં હતાં. સંગીતની મધુર સૂરીલી મીઠાશ કમ્પાઉન્ડમાં સર્વત્ર ગુંજતી હતી. તેમ છતાં મારું ડહોળાયેલું મન સાવ બહેરું થઇ ગયું હતું. પડોશની શાળા, ઘોરી રસ્તા પરથી ભોં ભોં કરતી અને ધૂળના ગોટા ઉડાડતી જતી મોટરો, એ બહારના જગમાં ઘૂમતું હતું. શાન્તિની શોધના વિચારોના વમળમાં તણાઇ હું બાળકો વચ્ચે બેઠો પણ એથી ઘડીકમાં શાન્તિ કયાંથી જડે ?

કુદરતી રીતે જ કેટલાંક બાળકો મારી નજીક બેસી ગયાં. એ પ્રફુલ્લિત, નિર્દોષ, પ્રેમાળ

ચહેરાઓએ મારી આંખમાં ઠંડક રેડી, અને ધીમે ધીમે તેમની અંદરઅંદરની વાતો તરફ મારા કાન અને આંખો એકાગ્ર થવા માંડયાં.

કેટલાંક બાળકોએ પોતાના ઘરની વાતો કરી; કેટલાંકે પોતાના અંતરની વાતો સંભળાવી; કેટલાંકે પોતાના નાના મિત્રોની ફરિયાદો સંભળાવી. બાલમંદિરમાં કેટલાંક માણસો તેમને શા માટે ગમતાં નથી, કેટલીકવાર શિક્ષકો તેમને કેમ નડે છે, કેટલાક શિક્ષકો કેમ ગમતા જ નથી, માબાપોના જુલમ તેમને કેવા સહન કરવા પડે છે તેની લાચારી તેમણે સંભળાવી તથા તેમને અણગમતી એવી અનેક વાતો કરી.

બાલમંદિર પછી ભવિષ્યમાં કંઇ નિશાળે તેમને બેસવાનું છે, બાલમંદિરમાં તેમને શી શી ખોટ અને ઊણપો જણાય છે, વગેરે પણ વાતો થતી હતી. બાળકોની એ વાતો લગભગ બે કલાક ચાલી. અને જ્યારે હું ઊઠયો ત્યારે લાગ્યું કે પેટ ભરીને બાળકોની વાતો હું નિરાંતે સાંભળી શકતો નહોતો. આજે તેમની વાતોમાંથી મને કેટલું બધું જાણવાનું મળ્યું? બાળકોનાં શિક્ષકો પ્રત્યેનાં, અન્ય માણસો પ્રત્યેનાં, તેમનાં માબાપો પ્રત્યેનાં અને અંદરઅંદરનાં બાળકો પ્રત્યેનાં સુખદુઃખ તેમ જ પ્રવૃત્તિનિવૃત્તિનાં કારણો હું તારવી શકયો.

મને મારી બેચેનીની દવા જડી ગઇ. હું સતેજ થયો; ઓરડામાં ફરી વળ્યો. બાળકોએ જ્યાં જ્યાં મને સૂચન કરેલું ત્યાં ત્યાં તેમને પૂરતા પ્રમાણમાં વાતાવરણ, સાધનો અને પ્રવૃત્તિ તથા જરૂર પડે શિક્ષકની મદદ મળી શકે છે કે નહિ તેનો અભ્યાસ કર્યો, અને બીજે દિવસે પૂર્વતૈયારી વખતે પ્રત્યેક શિક્ષકનું બાળકોએ બતાવેલી ઊણપો પ્રત્યે ધ્યાન ખેચ્યું.

બાળકો ઘેર ગયાં પછી શિક્ષકોને તે દિવસની અસર વિષે પૂછ્યું. તેમને તે દહાડાની બાળકોની પ્રવૃત્તિનો વેગ, આનંદ અને રસ તેમ જ ગંભીરતા અલૌકિક જણાયાં.

ત્રીજે દિવસથી બાળકો આવ્યાં ત્યારથી જ મારી અસરનો પડઘો વાસ્તવિક ઠર્યો. તેઓએ વાતાવરણમાં પ્રવૃત્તિની સુવાસ ફેલાવી હતી. દરેક પ્રવૃત્તિ તેઓ ખૂબખૂબ રસ લઇ કરી રહ્યાં હતાં અને પ્રત્યેક શિક્ષકને ચેતનવંતું વાતાવરણ સહેજે જણાતું હતું. જે પ્રવૃત્તિઓ દિવસ દરમ્યાન પૂરી ન થાય એવી જેમને જેમને લાગતી હતી તે દરેક વ્યક્તિ પોતાની મંડળીમાંથી પોતપોતાની પ્રવૃત્તિ સ્વતંત્ર રીતે કરવા સમૂહથી જુદી પડતી હતી.

મારા મનનો અંધકાર આજે હતો જ નહિ. મેં મારી અંદર શિથિલતા અનુભવી હતી, કયાંક નિરાશ પણ થયો હતો, કયાંક પ્રયત્ન છતાં નાહિંમત થયો હતો, છતાં મારી નબળાઇનું નિવારણ થઇ શકે તેવી જ્યાં શકયતાઓ હતી ત્યાં દૂર કરવા મેં પ્રયત્ન કર્યો.

વ્યક્તિગત કહી શકાય તેવા વાલીઓને કેટલાક પ્રસંગોનો લાભ લઇ મળી લીધું.

ટૂંકામાં મારી બાળશાળાનું મધ્યબિન્દુ બાળક અને તેના પ્રશ્નોના સામાન્ય વિભાગમાં ન જતાં વર્તમાન કાળમાં વ્યક્તિગત–આજે સ્પર્શતા પ્રશ્નોને સૌથી પહેલાં હાથમાં લીધા અને તેમાંથી ઘણાંખરાનો સંતોષકારક ઉકેલ થયો.

સાત વર્ષ પહેલાં મારા હાથમાંથી ચોપડી ખેંચી લેનાર વ્યકિતને ત્યારે હું સમજી શકું એમ ન હતું કારણ તેમણે મને ક્રીડાંગણમાં રમતાં બાળકોનું અવલોકન કરવા કહ્યું હતું. મને એમાં કંઇ સૂઝ પડતી ન હતી એટલે હું

ચોપડી વાંચતો હતો. અવલોકનોને સમજવા જેટલી દૃષ્ટિ તે વખતે મારામાં ન હતી; મને એવાં અવલોકનોમાં રસ ન હતો; અને તેથી જ જ્યારે ચોપડી લઇ લેવામાં આવી ત્યારે તે તલવારનો ઝાટકો લાગ્યા જેવું થયું હતું.

એ પ્રસંગ આજ પણ મારા શિક્ષકજીવનમાં તાજો જ લાગે છે; અને છતાં આજે એ વિરલ ઘા એવી જ વેદનામાં રાખે એમ ઇચ્છું છું.-ભ૦

શાસ્ત્રીયતાની કસોટી

બાળશિક્ષણને માટે મૅાન્ટેસોરી પદ્ધતિ સર્વશ્રેષ્ઠ છે એ સૌ કોઇ આજે કબૂલ કરે છે. તે સર્વશ્રેષ્ઠ છે કારણ કે બધી પદ્ધતિઓ કરતાં તે વધુ શાસ્ત્રીય છે એમ કહેવામાં આવે છે. એ પદ્ધતિની ખાસ શાસ્ત્રીયતા શામાં રહેલી છે તે બરાબર સમજી લેવાની જરૂર છે. અને તે માટે શાસ્ત્રીયતા એટલે શું તે પણ બરાબર સમજવું જોઇએ.

સરળમાં સરળ ભાષા વાપરીએ તો કેળવણીની શાસ્ત્રીયતા એટલે કેળવણીની સ્વાભાવિકતા. કારણ કે શાસ્ત્ર એટલે કોઇ પણ તંત્રની પાછળ રહેલી તે તંત્રને આધારભૂત એવી મૂલગત તત્ત્વપ્રણાલિ કે નિયમાવલિ. સંગીતનું શાસ્ત્ર એટલે સંગીતના સ્વરોની ભિન્ન ભિન્ન મિલાવટની નિયમાવલિ. ભાષાનું શાસ્ત્ર એટલે શુદ્ધ ભાષાના બંધારણની નિયમાવલિ ગણિતશાસ્ત્ર એટલે વ્યક્તાવ્યક્ત સંખ્યાઓના પરસ્પર સંબંધ અને વિશિષ્ઠ પરિણામોને લગતી નિયમાવલિ. ખગોળશાસ્ત્ર એટલે આકાશસ્થ ગોલકોની ગતિને લગતી નિયમાવલિ. એ જ રીતે કેળવણીનું શાસ્ત્ર એટલે બાલજીવનના વિકાસની પાછળ રહેલી નિયમાવલિ.

આ નિયમાવલિ જેટલા પ્રમાણમાં સર્વ-વ્યાપક તેટલા પ્રમાણમાં તેની શાસ્ત્રીયતા વધારે. આજે સાચી લાગતી નિયમાવલિ આવતી કાલે સાચી ઠરશે જ એમ નથી. એક વખત એવો હતો કે જ્યારે પૃથ્વી સ્થિર છે તથા સૂર્ય અને ગ્રહમાળા તેની આસપાસ ફરે છે એવો અટળ નિયમ સ્વીકારાયો હતો અને તેના ઉપર ખગોળ-શાસ્ત્ર રચેલું હતું. પણ આગળ જતાં આ નિયમને સર્વવ્યાપિતાની કસોટી લગાડવા જતાં તે અશાસ્ત્રીય માલૂમ પડયો અને પછી સૂર્યની સ્થિરતા તથા તેની આસપાસ ફરતા ગ્રહો અને પૃથ્વીનો સિદ્ધાન્ત સ્વીકારાયો. આજે તે સિદ્ધાન્ત સંપૂર્ણ તથા શાસ્ત્રીય ગણાય છે. તેમ છતાં આઇન્સ્ટીનનો સાપેક્ષતાનો સિદ્ધાન્ત દિવસે દિવસે સ્વીકારતો જાય છે, અને તેટલા પ્રમાણમાં પાછલો સિદ્ધાન્ત પોતાની જગા ગુમાવતો જાય છે.

એક વખત એવો હતો કે કેળવણીમાં પણ એમ મનાતું કે બાળક કોરી પાટી કે ખાલી થેલી છે. તે કોરી પાટી ઉપર ગમે તે લખાય; તે ખાલી થેલીમાં ગમે તે ભરાય. એટલે કે બાળકને આપણે ઇચ્છીએ તેવા સંસ્કાર આપી શકીએ. પણ આ સિદ્ધાન્ત વખત જતાં અશાસ્ત્રીય નીવડયો અને બાલમાનસનો વધુ અભ્યાસ થતાં બાલવિકાસનો જે કુદરતી ક્રમ છે એ જ સાચી કેળવણીનો પાયો હોઇ શકે એવી વિચારસરણી નીકળી. એ વિચારસરણી ઉપર જ મૅાન્ટીસોરી પદ્ધતિ રચાયેલી છે.

હવે મૅાન્ટેસોરીયા બીજી પદ્ધતિ શાસ્ત્રીય છે કે નહિ તેની કસોટી શી ? શિક્ષક બાળક સાથે જે વર્તન રાખે છે તે શાસ્ત્રીય છે કે નહિ તેની કસોટી શી ? ઘરમાં માબાપ કે વડીલો બાળકો પ્રત્યે જે જાતનું વલણ રાખે છે તે શાસ્ત્રીય છે કે નહિ તે શા ઉપરથી જાણવું ? તે જાણવાની એક જ કસોટી છેઃ તે એ કે જે પદ્ધતિથી શિક્ષણ અપાય છે, શિક્ષક વિદ્યાર્થી સાથે જે વર્તન રાખે છે, માબાપ સંતાન પ્રત્યે જે વલણ બતાવે છે, તે બાલવિકાસના કુદરતી ક્રમ સાથે મેળ છે કે નહિ. જે પદ્ધતિ, વર્તન કે વલણ બાળકના કુદરતી વિકાસને મદદરૂપ થાય તે શાસ્ત્રીય કહેવાય, અને જે બાળકના કુદરતી વિકાસને અટકાવે તે અશાસ્ત્રીય કહેવાય.

દરેક શાળા મૅાન્ટેસોરી પદ્ધતિથી ચાલતી નથી હોતી. બલ્કે ઘણી ખરી શાળાઓમાં મૅાન્ટેસોરી પદ્ધતિનું નામનિશાન પણ નથી હોતું. આવી શાળાઓ શિક્ષણપદ્ધતિમાં શાસ્ત્રીયતા લાવવા માટે કશું જ નહિ કરી શકે ? નહિ કરે તે નહિ ચાલે. મૅાન્ટેસોરી પદ્ધતિનો સંપૂર્ણ શાસ્ત્રીય માર્ગ સંજોગવશાત્ નહિ લઈ શકે તો ઓછામાં ઓછું અશાસ્ત્રીયતાના પાપમાંથી તો બચી શકે. મૅાન્ટેસોરીનાં સાધનો નહિ વસાવી શકે તોપણ ઇંદ્રિયવિકાસ અને વિષયોનું જ્ઞાન એ બન્નેમાં બાલવિકાસનો કુદરતી ક્રમ જાળવવાનો પ્રયત્ન તો કરી શકે. આને માટે દરેક શાળાએ શાસ્ત્રીયતાની કસોટીએ પોતાની કાર્યપદ્ધતિને તપાસવી જોઈએ. જે ક્રમ અકુદરતી એટલે અશાસ્ત્રીય લાગે તે છોડી દેવો જોઈએ. બાળકના ભાષાવિકાસમાં શબ્દોનું ઉચ્ચારણ પ્રથમ આવે છે, પછી વાક્યો દ્વારા ક્રિયાઓનું વર્ણન આવે છે. શાળાનો ભાષા-શિક્ષણનો ક્રમ પણ એવો જ હોવો જોઈએ. ભાષાના વિકાસ પછી વ્યાકરણનું શાસ્ત્ર રચાયું છે, એટલે શાળામાં પણ વ્યાકરણનું શિક્ષણ ભાષાના વિકાસના ક્રમમાં જ અપાવું જોઈએ. જીવનની અનેકવિધ ક્રિયાઓ અને પ્રવૃત્તિઓમાંથી ગણિતશાસ્ત્ર ઊભું થયું છે, તેથી ગણિત-શાસ્ત્રનું શિક્ષણ પણ એવી ક્રિયાઓ અને પ્રવૃત્તિઓના અનુસંધાનમાં જ અપાવું જોઈએ. એ જ નિયમ બીજાં બધાં શિક્ષણનાં અંગોને લાગુ થાય છે.

જેમ શાળામાં તેમ જ ઘરમાં પણ બાળકના શિક્ષણનો ક્રમ ચાલુ જ હોય છે. તેમાં શિક્ષણ માટેની અનુકૂળ પરિસ્થિતિ ઊભી કરવાનું કામ માબાપોને માથે હોય છે. માબાપોએ બાલજીવનના કુદરતી વિકાસના નિયમોનો સંપૂર્ણ ખ્યાલ મેળવી લેવો જોઈએ અને વિકાસક્રમને મદદરૂપ થાય એ જ રીતે બાળકની પ્રવૃત્તિઓને દોરવી જોઈએ. બાળક એટલે નિર્વ્યાંજતા. તે જે કાંઈ કરવા પ્રેરાય તેમાં તેના વિકાસનાં બીજ રહેલાં જ હોય છે. એટલે બાળકને સંપૂર્ણ સ્વાતંત્ર્ય મળે એ રીતે માબાપે તેના જીવનમાં મદદરૂપ થવું ઘટે છે. આ જ માબાપો માટે શાસ્ત્રીયતાની કસોટી છે.

ફ્રેબલનું શાસ્ત્ર જીવનના વિકાસક્રમ ઉપર રચાયેલું છે. તેથી ફ્રેબલ એટલે જીવનથી-ગૃહજીવનથી તદ્દન અલગ વસ્તુ છે એવી માન્યતા કોઈએ નહિ રાખવી જોઈએ. શાળાઓમાં બાળકોનું વિશિષ્ટ ક્રિયાકૌશલ્ય અને જ્ઞાન વધારવા માટેનાં પૂરતાં સાધનો અને નિષ્ણાતો હોવાથી શાળાઓ બાલવિકાસના ક્ષેત્રમાં ઘણો મોટો ભાગ ભજવી શકે છે; એ દૃષ્ટિએ શાળાઓનું સ્થાન અનિવાર્ય છે જ. પણ દરેક ઘર એ બાળજીવનના વિકાસ માટેનું

ક્ષેત્ર છે એ રીતે ઘરોને પણ પોતાની ફરજ અદા કરવાની રહે છે. અને બાળકોનાં માબાપો ઉપર બતાવેલ શાસ્ત્રીયતાની કસોટીએ પોતાનું બાળક પ્રત્યેનું વલણ અને વર્તન હરઘડીએ તપાસતાં રહેશે તો બાળવિકાસમાં તેઓ ઘણી રીતે મદદગાર થશે. ગો. રા.

બાળયુગનાં મંડાણ

[વર્ધા શિક્ષણપરિષદ (બુનિયાદી તાલીમ) માં તા. ૧૭-૧-૪૫ ના રોજ શ્રી. તારાબેન મોડકે આપેલા અંગ્રેજી વ્યાખ્યાનનું રૂપાંતર.]

જે સંઘ તરફથી બોલવા હું ઊભી થઇ છું તે નૂતન બાલશિક્ષણ સંઘની સ્થાપના અને શરૂઆત સ્વ. ગિજુભાઇએ કરી હતી. એને શરૂઆતનું પોષણ પણ ગિજુભાઇએ જ આપ્યું હતું. છેલ્લાં પીસ વર્ષથી સંઘ બાલ-શિક્ષણનું કાર્ય અવિરતપણે અને ભારે શ્રદ્ધા-પૂર્વક કરી રહેલ છે. શરૂઆતનાં એ વર્ષોમાં સંઘને કોઇ રાજ્યની મદદ નહોતી અગર તો નહોતું કોઇ મહાન્ દેશનેતાનું પીઠબળ. જે બાળકોના કલ્યાણ અર્થે સંઘે પ્રયત્નો આદર્યા હતા તેનાં માબાપો તરફથી સહાનુભૂતિના શબ્દો પણ ભાગ્યે સાંપડતા. અને છતાં અમે આ કાર્યમાં મંડ્યાં રહ્યાં. હરપ્રયત્ને, લેશ પણ ડગ્યા વિના, અમે બાળકોના ઉદ્ધારના કાર્યમાં મશગૂલ બન્યાં. એક બાજુ બાળકેળવણીનું માસિક શિક્ષણપત્રિકા ચાલતું હતું; બાલમંદિરો સ્થપાયે જતાં હતાં; અધ્યાપનમંદિરોમાં અનેક ભાઇ-બહેનો તાલીમ લઇ રહ્યાં હતાં; શિક્ષણરસિકો તેમ જ માબાપોની પરિષદો મળતી હતી અને સ્થળે સ્થળે સભાઓ ભરાતી હતી; શહેરનાં તથા ગામડાનાં પછાત વર્ગોનાં બાળકોની કેળવણીના અખતરાઓ પણ થઇ રહ્યા હતા.

આ અનેકવિધ પ્રવૃત્તિઓ ચલાવવાનું બળ —અંતરની હિંમત અમને ક્યાંથી મળતી હતી? અમારી પ્રેરણાનો ઉગમ બાળકમાં હતો. બાળક ક્ષણે ક્ષણે અમને નવાં દર્શનો કરાવતું હતું; અનેકવિધ પરિસ્થિતિમાંથી ઊઠતા ભિન્નભિન્ન પ્રત્યાઘાતોનું જ્ઞાન અમને તે આપી રહ્યું હતું; બાળક પોતાની સ્વયંસ્ફૂરિત પ્રવૃત્તિઓથી અમારામાં અજબ પ્રેરણા અને શ્રદ્ધા જગવી રહ્યું હતું. માનવી જીવનનો વિકાસ, તથા બીજ-રૂપે વસેલી અનેકવિધ શક્તિઓનો થઇ રહેલો એનો આવિષ્કાર, વગેરે દૃશ્યો જોતાં અમારા મનમાં અનેક આશાઓ બંધાતી હતી તથા અંતઃકરણો આનંદથી ઊભરાઇ જતાં હતાં. એ આનંદ જ અમને અમારા થકવી નાખે તેવા પ્રયત્નોને અડગપણે વળગી રહેવાની અમારામાં શ્રદ્ધા જગાવતો હતો. ખરેખર, એ અનુભવો અને દૃશ્યો અદ્‌ભુત હતાં.

બાળકો સાથેનો અમારો સંપર્ક વધતો ચાલ્યો તેમ તેમ અમે જોઇ શક્યાં કે બાળકોની દશા ખરેખર દુઃખદ છે; ડગલે ને પગલે બાળકનું ભયંકર અપમાન થઇ રહ્યું છે, બાળકના સ્વયંસ્ફૂરિત વિકાસને રૂંધી દેવામાં આવે છે, તેનો તિરસ્કાર થઇ રહ્યો છે, અને હરેક રીતે તેનું દમન ચાલી રહ્યું છે ! બાળકોની કેળવણી, શિસ્ત અને તેમના ઉછેરની બાબતમાં માબાપોનું કેટલું ભયંકર અજ્ઞાન પ્રવર્તે છે તેનો અમને તે

વખતે જ ખ્યાલ આવ્યો. અમે એ પણ જોઇ શક્યાં કે આ અજ્ઞાન ફક્ત અભણ માબાપો પૂરતું જ છે એવું કશું નથી; ભણેલાં અને સુસંપન્ન કહેવાતાં માબાપોનું પણ બાળઉછેરની બાબતમાં એવું જ અજ્ઞાન છે ! જેમ જેમ બાળકોની બાબતોમાં અમે ઊંડાં ઊતરતાં ગયાં તેમ તેમ વધારે ને વધારે દુઃખદ અને દિલ હલાવી નાખે તેવાં દૃશ્યો નજરે પડતાં ગયાં. અમને અમારા પ્રયત્નો અધૂરા લાગ્યા. ફક્ત બાલમંદિરોથી ચાલવાનું નથી એની અમારી ખાતરી થઇ. માબાપોની કેળવણી અને તેમની જાગૃતિ એ અમારા માટે મુખ્ય પ્રશ્ન થઇ પડ્યો.

પૂર્વભૂમિકા કેળવણીને પૂ. બાપુજીના આશીર્વાદ તો ઘણા વખત પૂર્વે મળી ચૂક્યા હતા. એમણે એ સવાલને આજે જ રાષ્ટ્રીય મહત્ત્વ આપ્યું કેમકે એમણે જોયું હશે કે દેશને માટે આ કાર્ય હાથ ધરવાનો મોકો આજે જ આવી લાગ્યો છે. આ કાર્યને પણ રાષ્ટ્ર/ઘડતરનાં રચનાત્મક કાર્યો પૈકી એક ગણવામાં આવ્યું છે એ જાણી અમારાં હૈયાં હર્ષથી નાચી ઊઠ્યાં છે. બાળકની કેળવણીના ભાવિ વિષે અમે આશાભરી મીંટ માંડી રહ્યાં છીએ.

બાળકેળવણીનો સાચો–યથાર્થ આદર્શ સમજવા તે અંગેના કેટલાએક મુદ્દાઓની ચોખવટ આપણે આ પ્રસંગે કરી લીધી હોય તો વધારે સારું એમ મારું માનવું છે.

પૂર્વભૂમિકા શિક્ષણના ખર્ચના સવાલે અનેક વિચારકોને મૂંઝવ્યા છે. એક સહૃદયી મિત્રે હજુ પરમ દહાડે જ આ સ્થળે જ આ શિક્ષણને અંગે જરૂરી ખર્ચના ભારે આંકડાઓ વિષે ચિંતા વ્યક્ત કરી હતી. પણ હું આ આખા ય પ્રશ્નને આપની પાસે બીજી રીતે રજૂ કરવા માગું છું. પૂર્વભૂમિકા શિક્ષણ અંગે એક પાઇ પણ ખર્ચવાની આપણને આજ સુધી ટેવ નથી, એટલે એ અંગે થોડોશો ખર્ચ કરવો પડે કે આપણે જાણે ઘણું ખરચી નાખ્યું એમ આપણને સહેજે થઇ જાય છે. પણ જો કોઇ અર્થશાસ્ત્રી આંકડા મૂકીને આપણને બતાવી આપે કે કેવળ અજ્ઞાનને કારણે આપણે કેટલી માનવસંપત્તિ એળે ગુમાવીએ છીએ અથવા વિકાસને અભાવે સબડવા દઇએ છીએ, તો આપણે દંગ થઇ જવાના ! મારી તો ખાતરી છે કે દેશને માટે આ નુકસાનીનું પ્રમાણ જબરજસ્ત આવશે.

આપણી ખાતરી થઇ જાય કે બાળકના તંદુરસ્ત વિકાસ સારુ સ્વચ્છ દૂધ અતિ આવશ્યક છે, તો આપણે બાળકને લોટ ભેળવેલું દૂધ આપવાથી કદી જંપવાના નથી. બાળક અશ્વત્થામાને તેની માતાએ દૂધને બદલે પાણીમાં લોટ ડોહીને તે દૂધ તરીકે પાયું તેમ ન કરતાં આપણે દ્રોણાચાર્યની પેઠે ગમે તે ઉપાયે સાચું દૂધ મેળવવા–તે દૂધ મળી શકે તેટલું દ્રવ્ય પ્રાપ્ત કરવા કટિબદ્ધ થવું જોઇએ, નીકળી પડવું જોઇએ. કે બાળકેળવણીનો પ્રશ્ન પણ આવો જ અગત્યનો પ્રશ્ન છે–બનવો જોઇએ. આપણું લક્ષ બાળકોની કેળવણી સસ્તી કરવા તરફ નહિ પણ તેમની સાચી જરૂરિયાત કેમ પૂરી પડે અને તેનો યથાર્થ માનસિક વિકાસ કેમ સધાય તે હોવું જોઇએ.

પૂર્વભૂમિકા શિક્ષણના ખર્ચના સવાલે અનેક વિચારકોને મૂંઝવ્યા છે. એક સહૃદયી મિત્રે હજુ પરમ દહાડે જ આ સ્થળે જ આ શિક્ષણને અંગે જરૂરી ખર્ચના ભારે આંકડાઓ વિષે ચિંતા વ્યક્ત કરી હતી. પણ હું આ આખા ય પ્રશ્નને આપની પાસે બીજી રીતે રજૂ કરવા

આજે બાળકેળવણીનું કાર્ય મોટે ભાગે ખાનગી સંસ્થાઓ કરી રહેલ છે. સ્વાભાવિક રીતે જ એનો ખર્ચ કાં તો માબાપોને શિર પડે છે અગર તો દાનવીર લોકોની થેલીઓમાંથી થાય છે. માબાપોને માથે એ સઘળો ભાર

અતિશય બોજારૂપ છે તો દાનવીરોને મન બાળકેળવણીનું કાર્ય નધણિયાતા બાતા જેવું દીસે છે. પરિણામે એવું બન્યું છે કે જ્યારે બાળકેળવણીનું કાર્ય ભૂખમરો વેઠી રહ્યું છે ત્યારે બીજી બાજુથી એ કેળવણી અતિ ખર્ચાળ છે એવો દોષ તેને સહન કરવો પડે છે.

જરા ઊંડા ઊતરીને વિચારીએ તો પ્રશ્ન સાવ સહેલો છે. ધારો કે આપણે એક બાગ રાખ્યો છે. માળી આ બાગની સંભાળ ક્યારે લેશે એમ તમે ધારો છો ? એને માટે આપવાનું બાતરપાણી એ પહેલેથી જ આપશે કે ખર્ચ વધી જવાને બહાને એ કામ મુલતવી રાખશે ? બાગમાં રોપેલાં નાનાં નાનાં ફૂલ-છોડો અથવા ફૂલઝાડો સાવ સૂકાઇ જાય–બળી જાય પછી બાગવાન સંભાળ લે એમ આપણે કબૂલ કરશું ખરા ? આ પાછલી સંભાળ કોઇ રીતે કામીયાબ નીવડશે ખરી ત્યારે અભણ જેવો માળીને માટે જે વાત આટલી સ્પષ્ટ છે તે આપણા ભણેલાને ગળે કેમ ઊતરતી નથી એ ખરેખર અજાયબી પમાડનારું છે. પરંતુ માનવી સ્વભાવનું ઘડતર જ આવી જાતનું છે. કોઇ પણ નવી બાબતનો સ્વીકાર કરતાં તે અચકાય છે, અગર કરે તો અતિશય ધીમેથી, અતિશય આસ્તે આસ્તે, તેનો તે અંગીકાર કરે છે.

આથી આપ સહુને મારી પ્રથમ તો એવી વિનંતિ છે કે બાળકેળવણીના ખર્ચાળપણાના ખ્યાલો–અયોગ્ય પૂર્વગ્રહો તજી દો, અને બીજી વિનંતિ એ છે કે છેવટે ખર્ચ કરવાની વૃત્તિને બદલે તદ્દન શરૂઆતમાં જ વધારે ખર્ચ કરવાનું આવશ્યક છે એ સિદ્ધાંતનો સ્વીકાર કરો.

બાળકેળવણી સામેના વિરોધનો બીજો મુદ્દો એ છે કે એ પદ્ધતિના વિચારો પશ્ચિમમાંથી–પરદેશથી આવેલા છે. ઉપર નિર્દેશ કરાયેલ વ્યક્તિ તરફથી જ આ આક્ષેપ મુકાયો હતો. આવા આક્ષેપો મુકાય છે એ ખરેખર ખેદની બિના છે.

મહાન્ સત્યદ્રષ્ટાઓ, મહાન્ શોધકો અને વૈજ્ઞાનિક શોધખોળ કરનારાઓનાં મન દેશની સીમાઓથી મર્યાદિત નથી થતાં. સારું ય જગત તેમને પોતાનું જ લાગે છે–જગત આખાનાં તેઓ સંતાન છે. સારી ય માનવ જાતના કલ્યાણ અર્થે જ તેમના પરિશ્રમો હોય છે; અને એમનાં ફળોનો સ્વીકાર પણ દુનિયાએ એ રીતે જ કરવાનો હોય છે. બેશક, આ સત્યોનો અમલ દરેક દેશમાં પોતપોતાની પરિસ્થિતિ અને દેશકાળને અનુરૂપ કરવામાં વિવેકબુદ્ધિનો ઉપયોગ તો થવો જ જોઇએ. પરંતુ કોઇ પણ બાબત માત્ર તે પરદેશી છે–બાસ કરીને શિક્ષણના પ્રદેશમાં–એમ કહી તેને તરછોડીએ તો આપણો વિકાસ જ અટકી પડે. ગમે તે સ્થળેથી અગર દિશાએથી આવતા પ્રકાશનો આપણે સ્વીકાર જ કરવો જોઇએ. પશ્ચિમમાંથી આવતી દરેક બાબત સારી ગણીને તેનું અંધકરણ કરવું અનિષ્ટ છે; આપણે તે વિષે સદૈવ જાગ્રત જ રહેવું જોઇએ. પણ એ જ રીતે આપણે સર્વજ્ઞ છીએ એમ માનીને બહારથી આવતા કોઇ પણ જાતના જ્ઞાન-પ્રકાશ સામે દરવાજા બંધ કરીને બેસી જવાની વૃત્તિ પણ એટલી જ અનિષ્ટ અને ઘાતક છે.

શિક્ષણના આ ક્ષેત્રમાં હજુ નવી નવી શોધો અને બખતરાઓને પુષ્કળ અવકાશ છે. આ નવા કાર્યક્ષેત્ર તરફ અનેક-જુવાન ભાઇ-બહેનો આકર્ષાશે અને એમાં લાગી જશે એ

વિષે મને જરા ય શંકા નથી. ઘણાઓને બાળ-કેળવણીનું કાર્ય અતિશય કંટાળાભર્યું અને થકવી નાખે એવું લાગે છે. મનમોજી, હઠીલાં અને બીજા સાથે કોઇ રીતે નમતું ન જોખનારાં છોકરાંઓ સાથે કાયમ કામ પાડવું જરા ય સહેલું નથી એમ તેમને લાગે છે. પરંતુ બાળકો સાથેનો મારો આટલો લાંબો અનુભવ મને જુદી રીતે વિચારવાનું કહે છે. બાળ-કેળવણીનું કામ મારા મનથી બરેબર તંદુરસ્તી અને તાજગી બક્ષનારું છે. તેમની સાથે રહેતા શિક્ષકો માનવી મનના ગૂઢ છતાં અ-મર્યાદ પ્રદેશનું દર્શન કરી શકે છે. તમારું સ્વાભાવિક વલણ તત્ત્વચિંતકનું હશે તો એ દર્શનમાંથી તમને અનેક નવા નવા વિચારણીય મુદ્દાઓ હાથ લાગશે. સમાજશાસ્ત્રી અને માનસશાસ્ત્રી માટે તો માનવી વર્તનના ખુદ આદિકારણને પહોંચવાનો અહીં અવસર મળશે. તમે સાહિત્યરસિક હશો તો બાળકોની ભાષાના ઘડતર અને બાલસાહિત્યના અભ્યાસનો એક મોટો પ્રદેશ તમને હાથ લાગશે. કલાના અભ્યા-સીને માટે પણ બાળકોનાં કલાત્મક સર્જનોનો વિશાળ પ્રદેશ પડેલો છે. તમારામાં વૈજ્ઞાનિકનો આત્મા હશે તો ય બાળકેળવણી તમારે માટે શોધખોળનું પૂરતું ક્ષેત્ર બની રહેશે, કેમકે બાળક પોતે જ પ્રકૃતિમાતાનાં ગૂઢ સત્યોને ઉકેલવાનો પ્રયત્ન કરી રહેલ છે. કેળવણીનું કાર્ય એવું છે કે માણસની બધી જાતની શક્તિ-ઓને એમાં અવકાશ મળી રહે છે; પોતાની આખી ય જિંદગીસુધી એમાં મસ્ત બની શકાય છે.

વ્યક્તિનો વિચાર બાજુએ મૂકી રાષ્ટ્ર-દૃષ્ટિએ વિચારીએ તો, બાળકના જન્મથી માંડીને તે અંત સુધીની કેળવણીનો પ્રશ્ન હાથ ધરવાની પૂજ્ય બાપુજીની હાકલ દેશને માટે એક નવા જ યુગના મંડાણનું સૂચન કરે છે. હિંદી જીવનના આ અણખેડ્યા પ્રદેશમાંથી અનેક મહામૂલાં રત્નો સાંપડવાનાં છે. પણ એક બાબત વિષે આપણે કાર્યકર્તાઓએ સાવચેત રહેવાની જરૂર છે. આપણે ગામડાંમાં જતી વેળા આપણી સાથે શહેરી શાળાઓ, શહેરી વિચારો અને ભાવનાઓ, તથા શહેરી રીતભાત તેમ જ રહેલીકરણી ગામડામાં રખે લઇ જઇએ ! ગામડામાં જતી વેળા આપણે સાવ કોરાધાકોર બનીને જવું જોઇશે. અને એ રીતે ગામડાના સ્થાનિક સ્વાભાવિક વાતાવરણમાં કઇ જાતની શાળાઓ ખીલી શકશે તે તપાસવું જોઇશે.

લોકસાહિત્ય, લોકકલા, લોકગીતો અને લોકનૃત્યોમાં તેમના સ્વાભાવિક વાતાવરણમાંથી મારી ખાતરી છે કે આપણને ઊંચી કક્ષાની સાચી કલા અને સાચું સાહિત્ય સાંપડશે. આપણે એ બધા પ્રદેશો પર શોધકની નજર ફેંકવી પડશે. આપણાં ચિત્રો અને કલાના નમૂનાઓ અર્થે પાર્શ્વભૂમિ તરીકે ઉપયોગી થાય એવી અનેક સામગ્રી (દાખલા તરીકે ભીંતો, ઘરનાં ભોંયતળિયાંની ગાર, માટીનાં વાસણો, ઝાડની છાલો તેમ જ વાંસના ટુકડાઓ, વગેરે) સાંપડશે. રંગની મિલાવટ અર્થે તેમ જ ચિત્રો અને ઘટનાઓના સર્જનના સાધન તરીકે વપરાય તેવી અનેક ચીજો (દાખલા તરીકે જાતજાતના રંગની માટી, બિયાં, જંગલી ફૂલો અને ઘાસ વગેરે) પણ આપણને એ પૂરો પાડશે.

અહીં બાજુના જ ઓરડામાં એક ખૂણામાં પ્રૌઢ શિક્ષણ અંગેના નકશાઓ–તખ્તાઓનું એક નાનકડું પ્રદર્શન ગોઠવ્યું છે, તે જોઇ

લેવા આપને મારી વિનંતી છે. એ પ્રદર્શન છેક નાનું છે, પરંતુ શું થઇ શકે તેવું છે એનો ખ્યાલ–ખાતરી એના પરથી આપને અવશ્ય થઇ શકશે.

છેલ્લાં થોડાંએક વર્ષોથી અમે અમારાં સુશોભન અને ઘટનાચિત્રો માટે બની શકે તેટલી નકામી ફેંકી દીધેલી વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ. એક વાર એ બાજુ લક્ષ જતાં જ અમે જોઇ શકયાં કે રોજ રોજ ફેંકી દેવાતી સેંકડો નકામી ચીજોનો ઉપયોગ આ સુશોભન અર્થે થઇ શકે છે. અમને પોતાને એની વિપુલતાથી આશ્ચર્ય થયેલું. આજે અમારે ત્યાં ભણતાં બાળકો, અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ તેમ જ શિક્ષકોની આંખ આને સારુ એટલી તો કેળવાઇ ગઇ છે કે હરકોઇ ચીજનો શો ઉપયોગ થાય તે ઝટ દઇને અમને સૂઝી જાય છે. એક વાર આંખને ટેવ પડી જાય તો અગાઉ જ્યાં કશું જ સૂઝતું ન હોય ત્યાં વિવિધ દૃશ્યોનાં દર્શન સહજ થઇ શકે છે. ગ્રામજીવનમાં ભળી જઇ–તેમાં ઓતપ્રોત થઇને કામ કરવાની જે વાત હું કહી રહી છું તેની પાછળ મારી આ જાતની દૃષ્ટિ રહેલ છે.,

પૂર્વોબૂનિયાદી કેળવણીનું મંડાણ બેશક ક્રિયાત્મક જ હોઇ શકે. બરી વાત એ છે કે પ્રવૃત્તિ એ જ બાળકનું જીવન–આત્મા છે. પોતાના સર્વ અવયવોના નિરંતર હલન-ચલનદ્વારા જ તે સ્નાયુઓ પર કાબૂ સાધી શકે છે. આથી આવી કોઇ બાબત મળી આવતાં તેનો ઉપયોગ કરી લેવામાં સ્વાભાવિક રીતે જ તે આનંદ અનુભવે છે. વાળવાનું, સાફ કરવાનું, દળવાનું, વાસણ માંજવાનું કે એવી ક્રિયા કરવાનું મળે અગર તો માટી, પીંછી, તકલી કે ધનુષપીંજણ જેવું કોઇ સાધન મળે કે બાળકના હાથપગ ઊંચાનીચા થાય છે; એ દ્વારા કશીક ક્રિયા કરવા તે તલપાપડ થઇ જાય છે. પૂર્વ-બૂનિયાદી તેમ જ બૂનિયાદી શાળાઓ આ રીતે સમાન કક્ષાએ આવે છે કેમકે બંનેમાં ક્રિયા એ જ શિક્ષણનું માધ્યમ–વાહન છે. આમ પૂર્વબૂનિયાદી શાળાઓમાંથી સ્વાભાવિક રીતે જ બૂનિયાદી શાળાઓ વિકસે છે, ઉદ્ભવે છે. જો ત્રણ વર્ષની ઉંમરે બાળકોની પૂર્વોબૂનિયાદી કેળવણી આરંભીએ તો સાત વર્ષની ઉંમરે બાળક પહોંચે ત્યાં સુધીમાં એણે બૂનિયાદી શાળાના પહેલા વર્ષનો અભ્યાસક્રમ પૂરો કર્યો હશે.

બાળકેળવણીમાં સૌથી અગત્યના મુદ્દાઓ તે બાળકનું ચાર પ્રકારનું સ્વાતંત્ર્ય છે. એનો આપણે આદરપૂર્વક સ્વીકાર કરવો જ જોઇએ. બાળક શહેરી જીવન જીવનારું હોય કે ગામડાનું હોય, તે પૈસાદાર કુટુંબનું હોય કે ગરીબ હોય, ઉજળિયાત કોમનું હોય કે પછાત વર્ગનું હોય, તેના હકકોનો સ્વીકાર થવો જ જોઇએ, તેના માનસિક વિકાસને સારુ પૂરતો અવકાશ મળે એવો પ્રયત્ન આપણે કરવો જોઇએ.

પહેલું સ્વાતંત્ર્ય પસંદગીનું છે. બાળકે કઇ પ્રવૃત્તિ કરવી તે નકકી કરવાના તેના પ્રાથમિક હકકનો સ્વીકાર થવો જ જોઇએ.વિચારપૂર્વક વ્યવસ્થિત રીતે વાતાવરણ ગોઠવ્યા પછી બાળકે શું કરવું અને કઇ રીતે તેમાંથી શિક્ષણ પ્રાપ્ત કરવું તે સર્વાંશે બાળકના વલણ પર છોડવું જોઇએ. બાળકે આપણે કહીએ તે જ કામ કરવું અગર તો અમુક બાબતોનો જ અભ્યાસ કરવો એવું કોઇ પ્રકારનું દબાણ તેના પર ન હોવું જોઇએ.

બીજું સ્વાતંત્ર્ય સ્વપ્રયત્નનું છે. આપણા અતિ ઉત્સાહમાં તણાઇ જઇને આપણે બાળકને બધું કહી દેવા અગર શીખવી દેવા બેસવું

ન જોઇએ. ઊલટું બાળક જાતે પ્રયત્ન કરે અને ભૂલો કરીને જાતે જ તે સુધારતાં શીખે અને એ રીતે જાતઅનુભવથી આખરે સત્ય હકીકતને મેળવે એ રીતે પ્રયત્ન કરવા આપણે તેને અવકાશ આપવો જોઇએ.

ત્રીજું સ્વાતંત્ર્ય વિચારણાનું છે. બાળકે પોતાને માટે પોતે જ વિચાર કરતાં શીખવાના તેના હકનો આપણે સ્વીકાર કરવો જોઇએ. બાળકને બદલે આપણે જ વિચારી નક્કી કરવું અને તેને માત્ર હુકમ કરવો કે તારે આ કરવાનું છે ને પેલું નથી કરવાનું, એવા મતાગ્રહનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. એને બદલે બાળકના નાનકડા મગજમાં જે જાતના વિચારો થઇ શકે તે પ્રમાણે કરો લેવાને તથા તે મુજબ આચરવાને આગે આપણે તેને જવા દેવું જોઇએ.

સ્વાતંત્ર્યનો ચોથો મુદ્દો સ્વયંસ્ફૂર્તિનો છે. સમયપત્રક મુજબ કામ કરવાનો વખત થયો છે માટે તે હાથ ધરવું એમ નહિ, પરંતુ બાળક તે કામ કરવા માટે અંદરથી પ્રેરાય ત્યારે તે કરે, એમ થવું જોઇએ. આપણે સમજી લેવું જોઇએ કે બાળકમાં અંતઃપ્રેરણા, આંતરિક ધક્કો, અંતરનું વલણ અથવા તો સ્વયંસ્ફૂર્તિ જેવું કંઇક છે જે તેને હમેશાં જ્ઞાનસંપાદન કરવા પ્રેર્યા કરે છે. એટલે બાળકને જે જાણવું હોય તે જાણી લેવાનું, તેમ જ તે કયે વખતે અને કેવી રીતે જાણી લેવું તે નક્કી કરવાનું કાર્ય આપણે બાળકની સ્વયંસ્ફૂર્તિ પર છોડવું જોઇએ. આપણે નક્કી કરેલા અભ્યાસક્રમની પકડમાંથી તેને મુક્તિ આપી બાળક પોતાનું સમયપત્રક અને અભ્યાસક્રમ પોતે જ ઉપજાવી કાઢે એમ થવા દેવું જોઇએ.

મેં ઉપર કહ્યું છે તેમ બાળકને આપણે અમુક ભણાવી દેવાનો આગ્રહ સેવવાને બદલે તેની માનસિક શક્તિઓનો વિકાસ કેમ થાય, તેઓ બળવાન કેમ બને, તે દિશામાં પ્રયત્નો કરવા જોઇએ. બાળકની વિચારશક્તિ જાગે, તેની એકાગ્રતા (Concentration) કેળવાય, પોતાના ઇંદ્રિયગમ્ય અનુભવો પરથી બાળક તુલના કરતાં શીખે, હલનચલનદ્વારા શરીરના સ્નાયુઓ પર પ્રભુત્વ પ્રાપ્ત કરે, વિકાસ સાધે અને એ રીતે પોતાની ક્રિયાશક્તિને બળવાન બનાવે, અને એ સર્વને પરિણામે સમાજમાં પોતાનું યોગ્ય સ્થાન પ્રાપ્ત કરી લે એમ કરવું જોઇએ. આ ઉંમરે બાળકેળવણીનું મુખ્ય ધ્યેય આ શક્તિઓ સંપાદન કરવાનું રહેવું જોઇએ. બેશક આ દરમિયાન બાળકનુ વલણ લેખન-વાચન જેવાં જ્ઞાનપ્રાપ્તિનાં સાધનો પણ સાધ્ય કરવાનું જણાય તો ભલે તે કરી લે. પરંતુ આ બધું કરતી વેળા બાળક બધી ક્રિયાઓ જાતે કરે, સ્વેચ્છાપૂર્વક કરે, દુનિયાનું જ્ઞાન પ્રાપ્ત કરવાની– કુદરતના મહાન નિયમો જાણી લેવાની તેની પ્રબળ આંતરિક ઇચ્છાને લીધે કરે, એમ થવું જોઇએ.

સમિતિએ કયા ધોરણે અને અને કઇ જાતનું કામ કરવાનું છે તેની સામાન્ય રૂપરેખા શ્રીમતી આશાદેવીએ આપની પાસે રજૂ કરી જ છે. એ સમિતિના માનનીય સભ્યોને મારી વિજ્ઞપ્તિ છે કે જ્યારે તેઓ ખરેખર કામ શરૂ કરવા માંડે ત્યારે મેં અહીં રજૂ કરેલા મુદ્દાઓ પણ અવશ્ય લક્ષમાં લે.

અત્યારે મને એક જૂની વાત યાદ આવે છે. એક વાર જુહુ કાંઠે એક ફોટોગ્રાફરે બાપુજીએ એક ફોટો પાડી લીધો હતો અને તેને ‘ The Leader Leads ’ (દોરનાર દોરવાય છે) એવું નામ આપ્યું હતું. એ ફોટોમાં એક બાળક બાપૂજીની લાકડી

પકડી તેમને દોરી રહેલ છે એમ બતાવેલું છે. એ ચિત્ર કેટલું અર્થસૂચક છે ? આજે બાપુજી સ્વેચ્છાપૂર્વક બાળકની પાછળ ખેંચાઇ રહેલ છે- બાળકની જન્મપૂર્વ, ગર્ભાવસ્થા તેમ શૈશવકાળ દરમ્યાન તેઓ બાળકને અનુસરવા તત્પર થયા છે–એ બતાવે છે કે આજથી હિંદમાં બાળક માટે નવા સૂર્યનો ઉદય થયો છે–આજથી બાલ-યુગનાં મંડાણ શરૂ થયાં છે !

ગામડામાં મૉન્ટેસોરી

ગામડાને અનુકૂળ વાતાવરણ

ગામડામાં મૉન્ટેસોરી બાલમંદિર ચલાવવું હોય તો ગામડાની પદ્ધતિને અનુકૂળ તેનું વાતાવરણ જોઇએ. એ બાલમંદિર ચાર દીવાલની વચ્ચમાં જ ચાલે એવું કાંઇ નહિ, પણ એક ઝૂંપડું બાંધી તેમાં પણ ચલાવી શકાય કે જેથી બાળકોમાં સ્વતંત્રતા અને સ્વયંસ્ફૂરિત રસ જાગે. અને સાથે સાથે એ પણ જોવું કે ચારે બાજુ વાતાવરણ શાંત છે કે નહિ. જો ખુલ્લી હવામાં બાલમંદિર હોય તો બાળકોની શારીરિક આરોગ્યતા જળવાય. આપણે તેમને માટે નહાવા, ધોવા, બેસવાઊઠવા તથા રહેવાની વ્યવસ્થાનો વિચાર કરવો જોઇએ. સાફસૂફ કરવું, પીરસવું, વસ્તુઓ વ્યવસ્થિત ગોઠવવી, શાંતિનો પાઠ આપવો, રમવું, ફરવા જવું, કુદરતનું નિરીક્ષણ કરવું, આ બધાનો આપણે બાળકોને સંપૂર્ણ ખ્યાલ આપવો જોઇએ, જેથી બાળકોને કામ કરવામાં રસ ઉત્પન્ન થાય અને બાળક સ્વતંત્ર બને.

ગામડામાં મૉન્ટેસોરી બાલમંદિર ચલાવવું હોય તો એને માટે ખાસ મકાન જોઇએ એવું કાંઇ નથી; ખુલ્લી હવામાં એક ઝૂંપડી બાંધીને પણ તેમાં આપણે બાલમંદિર ચલાવી શકીએ, અને આજુબાજુ બગીચો પણ આપણે બનાવી શકીએ, અને તેમાં બાળકોને નદી, પર્વત, ખીણ, વગેરેનો પણ સાધારણ ખ્યાલ આપી શકીએ. જેમકે આપણે બગીચામાં એક નાનો સરખો ખાડો કરી તેમાં પાણી રેડી તેમાંથી લીટેડા જેવું પાડી પાણી વહેતું હોય તેવું કરી બતાવવાથી બાળકને સાધારણપણે નદીનો ખ્યાલ આવે છે. તેવી જ રીતે આપણે બાળકને ડુંગરાનો પણ ખ્યાલ આપી શકીએ, જેમકે થોડાક પથરાઓ લાવી ઉપરાઉપરી ગોઠવીને તેમને ડુંગરનો ખ્યાલ આપી શકાય. તેવી જ રીતે આપણે બાળકને તળાવ, સરોવર, વગેરેનો પણ ખ્યાલ આપી શકીએ. આ બધું આપણે વિશાળ જગા હોય તો સહજ અને સરળતાથી ખર્ચ વિના થોડાક શ્રમ સાથે બાળકોને રસ ઉત્પન્ન થાય તેમ કરી બતાવી શકીએ છીએ

ગામડામાં મૉન્ટેસોરી ચલાવતા પહેલાં આપણે શું કરવું જોઇએ ? આપણે બાળકોને પ્રથમ તો સ્વચ્છતાનો પાઠ આપવો જોઇએ. જેમકે પ્રથમ તો આપણે બાળકોની શારીરિક તપાસ કરવી જોઇએ. આપણે બાળકોને પૂછી શકીએ: "તમારા દાંત બતાવો; આંખો બતાવો; હાથ બતાવો; કાન બતાવો; નાક બતાવો; નખ બતાવો; કપડાં બતાવો." આ રીતે શારીરિક તપાસ કરી શકાય. જો કોઇ બાળકના દાંત ગંદા હોય તો તેને અરીસા પાસે લઇ જઇ બતાવવું અને કહેવું "જુઓ, તમારા દાંત ગંદા છે." આ રીતે

બાળકનું ગંદા દાંત તરફ ધ્યાન ખેંચવું અને પછી સાથે રહી દાંત સાફ કરાવી વળી પાછું અરીસામાં જોવા કહેવું. આમ કરવાથી બાળકને સ્વચ્છતાનો ખ્યાલ જરૂર આવશે.

એ જ પ્રમાણે કોઇ બાળકના હાથ ગંદા હોય તો તેને કહેવું કે, " ભાંઇ, હાથ ગંદા છે. ચાલો આપણે ધોઇ નાખીએ." ધોઇ લીધા પછી બાળકને કહેવું કે, " હવે હાથ કેવા લાગે છે ?" બાળક ખાતરી થવાથી તુરત કહેશે : " હવે હાથ સુંદર લાગે છે. ". આમ બાળકને હાથની સ્વચ્છતાનો ખ્યાલ તુરત આવશે.

ઉપર આપણે દાંત, હાથ, વગેરેની સ્વચ્છતા વિષે તપાસી ગયા તે જ રીતે આપણે નાક, આંખો, નખ, માથું, કપડાં, વગેરેની તપાસ કરવી અને જો બાળક બરાબર સ્વચ્છ થઇને ન આવ્યું હોય તો આપણે તેનું ધ્યાન સ્વચ્છતા તરફ ખેંચાય તેમ લક્ષ આપવું.

ત્યાર બાદ આપણે બાળકનું નહાવા તરફ લક્ષ ખેંચીએ. જેમકે કેમ નહાવું ? પ્રથમ આપણે બાલદી કે કોઇ પણ વાસણમાં પાણી લેવું, અને આપણા પોતાના શરીર પર થોડું રેડવું. પછી શરીરનાં દરેક અંગો ચોળી બતાવવાં જેથી શરીર ઉપર જામેલો મેલ ઊખડી જશે અને શરીરની ચામડી એકદમ સ્વચ્છ માલૂમ પડશે. આ પ્રમાણે વખતોવખત બરાબર નિયમિત રીતે નહાવાથી બાળકને સ્વચ્છતા શું છે એનો ખ્યાલ જરૂર આવશે. અને બાળકોમાં આપોઆપ (સ્વયંસ્ફૂરિત) સ્વચ્છતાનો રસ ઉત્પન્ન થશે.

સાધનમીમાંસા

ગામડામાં મૉન્ટેસોરી સાધનો વગર પણ મૉન્ટેસોરી પદ્ધતિ ચલાવી શકાય છે. જેમકે મોટું અને નાનું એનું શિક્ષણ આપવું હોય તો પાસેના ઝાડ પરથી એક મોટી અને એક નાની લાકડી ભાંગી લાવી આપણે બાળને મોટા અને નાનાનો ખ્યાલ આપી શકીએ છીએ.

તે જ પ્રમાણે જો આપણે લીસું અને બરચડું શીખવવું હોય તો એક પથ્થર લીસો અને એક બરબચડો લાવી આપણે બાળક પાસે મૂકવો, અને આપણે પ્રથમ બાળકને તેના ઉપર હાથ ફેરવી બતાવી કહેવું કે "આ લીસો છે, આ બરબચડો છે," અને એમ સૂચન આપવું. ત્યાર પછી દરેક બાળકને વારાફરતી પાસે બોલાવીને લીસા, તેમ જ બરબચડા પથ્થર ઉપર હાથ ફેરવાવી સ્પર્શ કરાવવો જેથી બાળકને લીસા અને બરબચડાનો તુરત ખ્યાલ આવશે. ત્યાર બાદ આપણે બાળકને પૂછવું, " લીસું બતાવો; લીસું બતાવો." " બરબચડું બતાવો; બરબચડું બતાવો." આ પ્રમાણે કરવાથી બાળકને લીસા-બરબચડાનો તુરત ખ્યાલ આવશે.

આ સિવાય આપણે બાળક પાસે માટીકામ કરાવી શકીએ છીએ. જેમકે આજુબાજુના બાંડામાંથી માટી ખોદી લાવી બાળકો આગળ આપણે તેના સુંદર નમૂના બનાવી મૂકી શકીએ—જેવા કે માટીનો વાટકો, ચમચો, દાડમ, સફરજન વગેરે વસ્તુઓ બનાવી, આપણે તેને સુશોભિત બનાવી શકીએ છીએ.

ત્યાર પછી કાગળકામ આપણે દાખલ કરી શકીએ. જેમકે આપણે કાગળના નાના નાના ટુકડાઓને ચોડીને ધારો કે રકાબી બનાવવી છે. તો પ્રથમ આપણે કાગળના નાના નાના ટુકડાઓને રકાબી પર ચોટાડતા પહેલાં આપણે તેના પર સાબુના પાણીનો હાથ ફેરવવો. ત્યાર બાદ તેના ઉપર કાગળના નાના નાના ટુકડાઓ

ચોટાડવા. બધી જ જગો ઉપર ટુકડાઓ ચોટાડી લીધા પછી તેને ઉખેડવાનો પ્રયત્ન કરવો જેથી તેમાંથી રકાબી જેવો આકાર નીકળશે. આ પ્રમાણે કાગળને ચીટકાવીને પણ આપણે બાલ-મંદિરમાં પ્રવૃત્તિ ઉત્પન્ન કરી શકીશું.

એ જ પ્રમાણે ખેતીકામનો પણ થોડો ઘણો મહાવરો આપી શકાય છે. અને એ કરતી વખતે બાળકો પાસે બાગકામ સહેલાઈથી અને આનંદ-પૂર્વક કરાવી શકાય છે. તેઓ નાના નાના લંબ-ગોળ, ચોરસ, ત્રિકોણ વગેરે જાતના ક્યારા કરે છે. નાની નાની કોદાળી ને પાવડા વડે જમીન ખોદીને પોચી બનાવે છે, તેમાં જાતજાતના ફૂલ છોડ રોપે છે, તેને હમેશાં પાણી સીંચે છે. આ બધું કરવામાં બાળકને ખૂબ આનંદ થાય છે, તેમાં તે જરાએ કંટાળો દાખવતુ નથી.

બાળકને બીજું મનગમતું કામ માટીકામનું છે. બાળકને માટી ચૂંથવી ખૂબ ગમે છે. તેઓ આજુબાજુથી માટી લાવી એકઠી કરે છે અને તેના જુદા જુદા ઘાટો બનાવવા કોશિશ કરે છે.

એ જ પ્રમાણે કાંતણ, સીવણ, ગૂંથણ અને ગ્રામ્યઉદ્યોગને લગતા બીજા વિષયો શીખવી શકાય છે. હસ્તવ્યવસાયમાં કાતરકામ અને ભરતકામ એ વિષયોમાં ગામડામાં બાળકોને મુશ્કેલીઓ વેઠવી પડે છે.

ગામડું એટલે જ કુદરતમય જગત કે જેથી બાળકોને ગામડામાં કુદરતી લીલાનું જ્ઞાન કરાવી નીચેના વિષયોનો પ્રત્યક્ષ અનુભવ કરાવી ઘણી જ સહેલી રીતે શીખવી શકાય છે. જેવા કે ભૌગોલિક, ઐતિહાસિક, અને વૈજ્ઞાનિક વિષયો. આ વિષેનું જ્ઞાન આપતી વખતે બાળકોને કંઈક પ્રવાસનો ખ્યાલ આપી તેનાથી થતા લાભાલાભ અને તેમાંથી મળતા સારા ગુણોનું માર્ગદર્શન થઇ શકે. ભૌગોલિક દૃષ્ટિએ નદી, ડુંગર, ખાડી, ઝરો, સરોવર, વગેરેનો પ્રત્યક્ષ અનુભવ કરાવી શકાય છે. ઐતિહાસિક દૃષ્ટિએ કોઇ પણ જોવા લાયક સ્થળ અને કોઇ વીર પુરુષની કંઇક યાદગીરીનો પ્રત્યક્ષ અનુભવ કરાવી તેની કંઇક માહિતી આપી શકાય છે. વિજ્ઞાનની દૃષ્ટિએ બાળકોને જુદી જુદી જાતનાં ઝાડો તથા છોડોનું શરૂઆતમાં ઊગવું, તેના ઉપર ફૂલો કેવી રીતે આવે, ધનધાન્ય કેવી રીતે પાકે તે તેમ જ જાતજાતનાં પશુપક્ષીઓનો પરિચય કરાવી તેમના અવાજો વિષે માહિતી આપી શકાય છે.

વળી ગામડામાં બાળકને ધંધાદારી માણ-સોનો પ્રત્યક્ષ અનુભવ કરાવી શકાય છે. જેમ કે કુંભારવાડે ગયા હોઇએ તો કુંભાર ચાકડો કેમ ચલાવે છે, માટીનુ પ્રથમ શું કરે છે અને તેના ઘાટો કેવી રીતે ઘડે છે, તેને પછી કેવી રીતે પકવે છે અને તેમાંથી બનેલી કઇ કઇ ચીજો આપણે વાપરીએ છીએ તે બતાવી શકાય છે. એ જ મુજબ ખેતીકામનો અનુભવ પણ કરાવી શકાય છે. પ્રથમ ખેડૂત જમીન શા માટે ખેડે છે, કેવી રીતે તે ખેડે છે અને ખેડાયા પછી તેમાં અનાજ કેવી રીતે વાવે છે તથા તેમાં શી શી સાવચેતીઓ રાખવી પડે છે, તે જાણી અને શીખવી શકાય છે. એ જ મુજબ લુહાર, સુથાર, સોની, મોચી, વગેરેના ધંધાઓ વિષે ઘણું જ્ઞાન આપી શકાય છે.

ગામડામાં મૉન્ટેસોરી પદ્ધતિ પ્રમાણે શાળા અને બાલમંદિર ખાસ કરીને ચલાવી શકાય છે એ આપણે ઉપરની બાબતો ઉપરથી જોઇ શક્યા છીએ. છતાં પણ કેટલીક ઊણપો

રહી જાય છે કે જેની સગવડો ફક્ત શહેરમાં મળે છે. એવી સગવડોમાં મોટાં મોટાં સંગ્રહસ્થાનો, આલેશાન ઐતિહાસિક રથળો, યંત્રોથી ચાલતી મિલો અને કારખાનાંઓની ગણના થઇ શકે. આ બધાંની માહિતીની પણ બાળકને જરૂર છે. પણ તદ્દન નાનાં બાળકોને માટે આમાં ઊણપ જેવું લાગતું નથી. આથી મૉન્ટેસોરી પ્રદ્ધતિની શરૂઆત ગામડામાં સારી રીતે થઇ શકે છે.

ભગવતીપ્રસાદ શેલત.

પૂર્વ પ્રાથમિક કેળવણી

(૧)

પ્રવૃત્તિ અને અનુબંધ (co-relation)

[વર્ધા યોજનામાં શ્રદ્ધા ધરાવતા અને એ અનુસાર જેમણે શાળા ચલાવવાનો પ્રત્યક્ષ અનુભવ લીધો છે એવા એક શિક્ષકબાઇએ આ તખતાઓ (charts) તૈયાર કર્યા છે. પૂર્વ પ્રાથમિક કેળવણી, નૂતન બાલશિક્ષણના સિદ્ધાંતો અને વર્ધા યોજના એ ત્રણેનો સુમેળ કેમ સાધી શકાય એની કલ્પના કરીને આ તખ્તાઓ તૈયાર કર્યા છે. એમના આ તખતાઓ શિક્ષણ પત્રિકાના વાચકો અને શિક્ષણરસિકોને ઉપયોગી અને વિચારપ્રેરક થશે એવી આશાથી અમે તે અહીં ક્રમશઃ છાપવા ધાર્યું છે. એ બધા છપાઇ જાય દરમિયાન શિક્ષણરસિક બાઇઓ અને બહેનો પોતાના અભિપ્રાયો અમને મોકલી આપે એવી માગણી છે. —તંત્રી]

(૧) મુખ્ય પ્રવૃત્તિ :—રસોડાનાં કામો.

(૨) અંતર્ભૂત પ્રવૃત્તિ :—શાક વીણવું, છાલ ઉતારવી, સુધારવું.

(૩) બાળકની ઉંમરમર્યાદા :—૩ થી ૭ વર્ષ.

(૪) સાધનો :—પાટલા અથવા પાટિયું, શાક સુધારવાની છરીઓ, થાળીઓ, તપેલું, આસન અને જુદાં જુદાં શાક.

(૫) કામ-પ્રવૃત્તિ કરવાની રીત :—(ક) બાળકોના હાથ ન વઢાય એવી રીતે પાટલા પર શાક રાખીને છરીથી સુધારવું. (ખ) સુધારતા પહેલાં શાક કેવી રીતે સાફ કરવું, કેવી રીતે છાલો ઉતારવી, અગર વીણવું વગેરે ક્રિયાઓ વ્યવસ્થિત રીતે ક્રમાનુસાર બતાવવી. (ગ) સુધારેલા શાકને સંભાળપૂર્વક સાચવી રાખવું. (ઘ) કચરાનો નિકાલ કરવો.

(૬) ભાષા-અનુબંધ (શિક્ષણ) :—(ક) શાકનાં નામ. (ખ) શાકનાં વર્ણન. (ગ) તે તે શાકનાં ગુણદર્શક વિશેષણો. (ઘ) એનાથી મળતા સ્વાદનાં નામ. (ચ) ભાવાભાવ. (છ) વર્ણનાત્મક વાક્યો. (જ) પ્રશ્નોત્તર અને વાતચીત.

(૭) ગણિત-અનુબંધ (શિક્ષણ) :—(ક) શાકના ટુકડાઓ ગણવા. (ખ) શાકનું વજન કરવું. (ગ) શાકના ભાવ (કિંમત) જાણવા. (ઘ) સસ્તું છે કે મોંઘું તે વિચારવું.

(૮) વિજ્ઞાન-અનુબંધ (શિક્ષણ) :—(ક) શાકના પ્રકારો-વેલાઓ પર, છોડવા ઉપર

જમીનની અંદર તેમ જ ઊંચા ઝાડો પર થનારાં શાકની જાતો. (ખ) શાકની જાતોનું વર્ગીકરણ. (ગ) પ્રત્યક્ષ નિરીક્ષણ અને માહિતી. (ઘ) શાકોના અંતરંગનું જ્ઞાન (ચ) સ્વાદની ઓળખાણ. (છ) ખોરાક અને શારીરસ્વાસ્થ્યમાં શાકોનું સ્થાન.

(૯) ક્રિયાકૌશલ્યનો વિકાસ:- (ક) છરી પકડતાં શીખવું. (ખ) છરી વાપરતાં આવડવી. (ગ) છાલ ઉતારવી, વીણવું, સુધારવું. (ઘ) સરખા પ્રમાણસર શોભે તેવા ટુકડા કરવા. (ચ) શાકના નકામા ભાગોની વ્યવસ્થા કરવી. (છ) શાકનાં બિયાંની કલાત્મક રચનાઓ–ઘટનાઓ અને શણગાર.

(૧૦) પ્રવૃત્તિનો શૈક્ષણિક હેતુ:- બાળકો પાસે આ પ્રવૃત્તિ કરાવવાથી કેળવણીની દૃષ્ટિથી નીચેની બાબતો સિદ્ધ થશે—

(ક) માનવી જીવનમાં શાકનું શું સ્થાન છે તેનું જ્ઞાન.
(ખ) જ્ઞાનેન્દ્રિયો દ્વારા શાકની સાથે બાળકોનો પરિચય–ઇંદ્રિયવિજ્ઞાન.
(ગ) ક્રિયાકૌશલ્યની પ્રાપ્તિ.
(ઘ) ધારવાળાં સાધનોનો સંભાળપૂર્વક ઉપયોગ કરવાની આવડત.
ચ) કાપવાની ક્રિયાની આવડત.
(છ) સ્વાવલંબનનો વિકાસ.
(જ) છોકરીઓની પેઠે છોકરાઓ પણ રસોડાનું કામ કરી શકે છે, એમાં કાંઇ શરમાવા જેવું નથી, એ વિષેની સામાજિક કેળવણી.
(ઝ) વિનાશાત્મક વૃત્તિનો સર્જનાત્મક ક્રિયામાં ઉપયોગ.

(૨)

અનુબંધ–પાઠ

પ્રવૃત્તિ:- શાક સુધારવું.
વિષય:- વિજ્ઞાન–શાકની જાતોની માહિતી.

શિક્ષક:- મધુ ! તમે શું સુધારો છો ?
મધુ:- હું બટાટાં સુધારું છું.
શિક્ષક:- બટાટાં ક્યાંથી લાવ્યા ?
મધુ:- બજારમાંથી.
શિક્ષક:- બજારમાં બટાટાં ક્યાંથી આવ્યાં હશે ?
(મધુ જવાબ આપી શકતો નથી.)
શિક્ષક:- જાનુ ! તમે કહી શકશો ?
(જાનુ પણ જવાબ આપી શકતો નથી.)

શિક્ષક:– વીણાબહેન ! તમે કહેશો ?
વીણા:– ઝાડ ઉપરથી.
શિક્ષક:– તમે બટાટાનું ઝાડ જોયું છે ?
વીણા:– ના જી.
શિક્ષક :—ત્યારે તમે બટાટાં ઝાડ ઉપરથી આવ્યાં હશે એમ શા પરથી જાણ્યું ?

(વીણા જવાબ આપતી નથી.)

શિક્ષક :—સાંભળો ત્યારે. બટાટાં ઝાડ પર ઊગતાં નથી; એ જમીનની અંદર પાકે છે. ઝાડ પર થનારાં શાક વળી બીજાં છે. હરિ ! તમે કહો, ઝાડ પર ઊગનારાં શાક તમે કયાં કયાં જોયાં છે ?

હરિ :—સરગવાની શીંગો. અમે એને દાળમાં નાખીએ છીએ.
શિક્ષક :—બરાબર છે. સરગવાનું ઝાડ ઠીક ઠીક ઊંચું થાય છે. કોણે કોણે સરગવા દેખ્યા છે ?
બાળકો :—મેં, મેં, મે...(એકીસાથે વધારે ઉત્તરો આવે છે.)
શિક્ષક :—કયાં જોયા છે ?
બાળકો :—અહીં, આપણા આંગણામાં.
શિક્ષક :—વારુ. ત્યારે કહો, આ દૂધી કયાં થતી હશે ? કાશીબહેન ! તમે જવાબ આપશો ?
કાશીબહેન :—દૂધી વેલા પર લટકે છે.
શિક્ષક :—બરાબર છે. દૂધીનો વેલો તમે જોયો છે ?
મનુ :—હા, મેં જોયો છે. કાંદીવલીમાં મારા મામાને ત્યાં જોયો છે.
શિક્ષક :—વેલો ઘરમાં હતો કે ?
મનુ :—ના જી, આંગણામાં હતો.
શિક્ષક :—વારુ. હવે કહેશો, શાક બીજે કયાં કયાં ઊગે છે ?
વીણા :—જમીનની અંદર ઊગે છે.
શિક્ષક :—એ તો આવી ગયું. પણ એ વિના બીજે કયાંય ?

(બધાં બાળકો મૂંગાં રહે છે.)

શિક્ષક :—ત્યારે રીંગણાં કયાં ઊગે છે તે કોઇને ખબર છે ?
હરિ :—હા હા, મેં જોયાં છે. રીંગણાં નાનાં ઝાડ પર થાય છે.
શિક્ષક :—કયાં જોયાં હતાં?
હરિ :—એક વાડીમાં.
શિક્ષક :—એને નાનાં ઝાડ નહિ પણ છોડવાઓ કહે છે. વારુ, હવે કહેશો શાક કયાં કયાં ઊગે છે ?
હરિ :—જમીનની અંદર થાય છે.

શિક્ષક :—વારુ; બીજે કયાં કયાં ?

હરિ :—ઝાડ પર, છોડવાઓ ઉપર અને વેલાઓ ઉપર.

શિક્ષક:— બહુ સરસ. જમીન અંદર બટાટાં સિવાય બીજાં કયાં કયાં શાક થાય છે તે તમને કહું; સાંભળો. શકરિયાં અથવા રતાળુ અને સૂરણ જમીનની અંદર જ પાકે છે. હુંગળી અને લસણ પણ જમીનની અંદર જ થાય છે. છોડવાઓ ઉપર ઊગનારાં શાકમાં રીંગણાં, કોબી, ફુલેવર, ભીંડા અને ગુવાર વગેરે આવે. દૂધી, કોળું, કાકડી, ગિલોડાં, તૂરિયાં, પાપડી વગેરે શાક વેલા પર ઊગે છે. મોટાં ઝાડો પર બહુ ઓછાં શાક થાય છે, એમાંથી સરગવાનું શાક આપણે રોજ વાપરીએ જ છીએ.

મનુ:— કેરી પણ ઝાડ પર જ થાય છે.

શિક્ષક:— પરંતુ કેરીને શાકમાં નથી ગણતા. આજે તો આપણે શાક વિષે જ વાતો કરી છે. કેરીની વાત વળી બીજી કોઇ વાર કરશું—કેરી ખાશું ત્યારે.

(૩)

અનુબંધ-પાઠ

પ્રવૃત્તિ:— શાક સુધારવાની.

વિષય:— વિજ્ઞાન.

" અરે જુઓ જુઓ ! આ રીંગણામાં તો જીવડું છે ! " શાક સુધરતાં સુધારતાં નાનો અરુણ બોલી ઊઠ્યો.

" કયાં છે ? " કહી બધાં બાળકો-અરુણ પાસે દોડી આવ્યાં. એક રીંગણામાંથી ઇયળ બહાર નીકળવાની કોશિશ કરતી હતી તે અરુણે બતાવ્યું. બધાં બાળકો તે જોઇ રહ્યા.

" ઓહો, આ તો રીંગણાંની ઇયળ છે. એ આમાં કયાંથી આવી હશે ? " મેં પૂછ્યું.

" આ રીંગણામાં જ હતી. " અરુણે જવાબ આપ્યો.

" સારું થયું કે તમે એ દેખી ગયા. જોયા વિના જ રીંગણું સુધારી નાખ્યું હોત તો ? "

" તો તો એ જીવડું શાકમાં જ ચડી જાત અને આપણા ભોજનમાં પણ આવત. " એક બાળકે કહ્યું.

" સાચી વાત છે. લીલાં શાકોમાં ઘણી વાર આવી ઇયળો આવી જાય છે. શાક સુધારતી વખતે જો આપણે ધ્યાન ન રાખ્યું હોય તો આપણા ખોરાકમાં પણ તે આવી જાય અને આપણી તબિયત—તંદુરસ્તીને બગાડી દે. એટલા માટે એવી ઇયળ અને તેની પડખેનો શાકનો ભાગ ફેંકી દઇને બાકીનું શાક સુધારવાનું ધ્યાનમાં રાખવું જોઇએ.

કોઇ બાળક બોલતું સંભળાયું: " અરે લક્ષ્મીબહેન ! ધ્યાન દઇને શાક સુધારજો, હો ! આમાં તો જીવડાં અને ઇયળો પણ હોય છે. "

ગા. ર.

સોવિએટ રશિયાનાં બાળકો

[અનુસંધાન ગતાંક પહેલાથી ચાલુ]

૨

પરીક્ષાઓ

ગયા લેખમાં આપણે માબાપોનો શિક્ષણ-સંસ્થા સાથે શો સંબંધ હોય છે તે જોયું. આજે સોવિએટ રશિયામાં પરીક્ષાઓનું સ્થાન અને સ્વરૂપ કેવાં છે તે તપાસીએ.

આપણા દેશની જેમ બીજા ઘણા દેશોમાં પરીક્ષા એક ભયંકર ભૂતની જેમ બાળકોના જીવનમાં ભય અને ચિંતાનું વાતવરણ ફેલાવે છે. રશિયામાં પરીક્ષાની પ્રથાને એવી હળવી અને સ્વાભાવિક બતાવી દીધી છે કે ત્યાં પરીક્ષાના ભય જેવી કોઇ વસ્તુ જ નથી રહી. પરીક્ષા ચોથા ધોરણથી ઉપલા વર્ગોમાં લેવાય છે અને તે વિદ્યાર્થીઓની પરીક્ષા કરતાં શિક્ષકોની જ પરીક્ષા હોય છે.

પરીક્ષાના વખત પહેલાં લગભગ એક માસ દરેક વિષયને જુદાં જુદાં અંગોમાં વહેંચી દેવામાં આવે છે અને તેની વિગતો ટાઇપ કરીને દરેક વર્ગમાં દીવાલ ઉપર ચોડી દેવામાં આવે છે. આમાંથી બાળકો જાણી શકે છે કે પરીક્ષા માટે કયા પ્રશ્ન પુછવાના છે. પરીક્ષાને દિવસે આ કાગળોમાંથી દરેક વિગતની કાપલી જુદી કાઢવામાં આવે છે અને આ બધી કાપલીઓ કશા પણ ક્રમ વિના ઢગલામાં મૂકવામાં આવે છે. દરેક બાળક એમાંથી એક કાપલી ખેંચે છે અને તેનો જવાબ આપે છે.

આખો અભ્યાસક્રમ વિગતવાર એક મહિના સુધી વર્ગમાં મૂકવામાં આવેલો હોવાથી બાળકો તેનો અભ્યાસ પૂરી રીતે કરી શકે છે અને તેમાં શિક્ષકોની મદદ લે છે. વિદ્યાર્થીઓની સાપ્તાહિક સભાઓમાં હોશિયાર તેમ જ મંદ બન્ને પ્રકારના વિદ્યાર્થીઓ પોતે દરેક વિષયનો અભ્યાસ કેવી રીતે કરે છે તેની વિગતો આપે છે અને તેમાંથી આખા વર્ગને ઘણું માર્ગ-દર્શન મળે છે.

પરીક્ષાઓને અંગે માબાપોની સભાઓ બોલાવી તેમાં પરીક્ષાના અભ્યાસક્રમનો પૂરતો ખ્યાલ તેમને આપવામાં આવે છે અને પરીક્ષાની ચિંતા તેઓ ન કરે તેમ જ બાળકોને તે માટે ધાકધમકી ન આપે એ તેમને સમજાવવામાં આવે છે. માબાપ બાળકોને મદદ કરી શકે એ આ સભાઓનો મુખ્ય હેતુ હોય છે. રશિયાના શિક્ષણશાસ્ત્રીઓ વિદ્યાર્થી ઘરમાં સ્વતંત્ર રીતે અભ્યાસ કરી શકે એ વસ્તુને ઘણું મહત્ત્વ આપે છે.

આ પરીક્ષાઓ ઘણે ભાગે મૌખિક અને પ્રત્યક્ષ ક્રિયાઓ સાથેની હોય છે. વિદ્યાર્થીઓને મન પરીક્ષા અને સ્વાભાવિક પ્રવૃત્તિ જ બને છે. દરેક વિદ્યાર્થી પોતાનો પ્રશ્ન ઉપાડી લઇ તેનો જવાબ તૈયાર કરવા બેસી જાય તે વખતે તેના મોઢા ઉપર ઉત્સાહનું હાસ્ય દેખાઇ આવે છે.

એક લગભગ પંદર વર્ષના બાળકોના વર્ગની પ્રાણીશાસ્ત્રની પરીક્ષા લેવાતી હતી. આખા ઓરડામાં વિષયોના ખંડ પ્રમાણે જુદા જુદા તખ્તાઓ બનાવી ચોડવામાં આવ્યા હતા. દીવાલ પાસે ટેબલો ઉપર જુદાં જુદાં પ્રાણીઓનાં હાડપિંજર ગોઠવવામાં આવ્યાં હતાં. બરાબર

નવ વાગે પરીક્ષાની પહેલી ટુકડી આવી પહોંચી. આમાં સત્તર વિદ્યાર્થીઓ હતા. ભાઇ એડમંડ્સે બધાને સૂચના આપી: "શરૂઆતમાં હું ત્રણ વિદ્યાર્થીઓને બોલાવીશ. તેમણે એક એક પ્રશ્ન-કાપલી ઉઠાવી લઇ પોતાના ટેબલ આગળ જવું. ચાર અગર પાંચ મિનિટમાં પોતાનો જવાબ તેમણે વિચારી રાખવાનો છે. તેમને ચાર્ટ્સ કે મૉડેલ્સનો ઉપયોગ કરવાની સંપૂર્ણ છૂટ રહેશે. આ ત્રણે જણા જવાબ આપી રહે પછી તેઓ ચાહે તો બહાર જાય, ચાહે તો પાછલા બાંકડા પર બેસી રહે. બધાની પરીક્ષા પૂરી થયા પછી અમે માર્ક-ગુણ માટે ચર્ચા કરીશું અને પછી તમને તમારું પરિણામ જણાવી દઇશું."

આ પછી ત્રણ બાળકોને બોલાવવામાં આવ્યા. તેમણે પોતાના પ્રશ્નો ઉપાડ્યા. તેને અંગેનાં મૉડેલ્સ લઇ તેઓએ પોતાની નોંધો તૈયાર કરી. પહેલાં પહેલો વિદ્યાર્થી ઊભો થયો અને તેની પરીક્ષાનો જવાબ આપવા માંડ્યો: "મારો સવાલ છે માછલીનું અંતરંગ અને બહિરંગ બન્નેનો ખ્યાલ તમને આપવો." એટલું કહી તેણે માછલીનું હાડપિંજર હાથમાં લીધું અને અસ્ખલિત રીતે તેના ઉપર વિવરણ કર્યું. તેની પરીક્ષા પૂરી થઇ અને તેને 'ઉત્તમ' એવી નોંધ શિક્ષક તરફથી મળી.

અને એના પછી બીજા વિદ્યાર્થીઓ આવતા ગયા. કોઇ વિદ્યાર્થી ગભરાઇ જાય તો એને કહેવામાં આવતું કે "તમે થોડી વાર બેસી જાઓ. પાછળથી તમે આવજો." બીજી વખત વિદ્યાર્થીનો બધો ક્ષોભ ચાલ્યો જતો અને તે બરાબર જવાબ આપી શકતો. એક વિદ્યાર્થીને માટે જે પ્રશ્ન આવ્યો હતો તે તેને આવડતો ન હતો, તેથી તેને બીજી કાપલી લેવાનું કહેવામાં આવ્યું; અને તેનો જવાબ તેણે બરાબર આપ્યો.

પરીક્ષા પૂરી થઇ અને ૧૭ માંથી ૧૧ ને 'ઉત્તમ,' ૪ ને 'સારું' અને બે ને 'સાધારણ' એવી રિમાર્ક મળી. તરત જ વિદ્યાર્થીઓને પરિણામ જણાવી દેવામાં આવ્યું.

આ રીતે બધી પરીક્ષાઓ પૂરી થયા પછી શિક્ષકોની સભા બોલાવી પરીક્ષાનાં પરિણામ વિચારી શિક્ષણપદ્ધતિનો વિચાર ચલાવવાની પ્રથા રશિયામાં છે.

આ પરીક્ષામાં અજ્ઞાનતાનો ભય નથી, પરિણામ વિષેની ચિંતા નથી, નાપાસ થવાની નાલેશી નથી. આવી પરીક્ષા તો વિદ્યાર્થીઓ માટે એક ઉત્સવ જેવી હોય છે. આપણે ત્યાંની પરીક્ષાની પ્રથાને આની સાથે સરખાવીએ તો?

ગો. ૨૬.

તમારા જાતઅનુભવો મોકલો

(મૉન્ટેસોરી શિક્ષકોને વિનંતિ)

'શિક્ષણ-પત્રિકા' માં મૉન્ટેસોરી પદ્ધતિના હિંદુસ્તાનમાં થતા પ્રયોગોનાં પરિણામો શિક્ષક ભાઇબહેનો આપે તે જરૂરી છે. ગુજરાતમાં અનેક જગાએ અનેક ભાઇઓ અને બહેનો પોતાના પ્રયોગો ચલાવી રહ્યાં છે. દરેક આગળ જુદી જુદી જાતના સવાલો હોય છે. કોઇ ગામડામાં બાલમંદિર ચલાવતા હોય, તો ત્યાંનાં બાળકો, તેમના સંસ્કારો, તેમની આર્થિક પરિસ્થિતિ તથા તેમના રીતરિવાજ બધું

જ વિશિષ્ટ પ્રકારનું હોય છે. કોઇ નાનકડા શહેરમાં બાલમંદિર ચાલવતા હોય, તો તેમને વળી જુદી જાતના જ પ્રશ્નોનો ઉકેલ કરવાનો રહે છે. જ્યારે અમદાવાદ-મુંબઇ જેવાં શહેરોમાં અલગ પ્રકારની પરિસ્થિતિ વર્તે છે. આ બધી જાતનાં બાલમંદિરોના અધ્યાપકો પોત-પોતાના અનુભવો અમને લખી જણાવે તો 'શિક્ષણ પત્રિકા'ને વધુ સમૃદ્ધ બનાવવામાં અમને અમૂલ્ય મદદ મળશે. મૉન્ટેસોરી પદ્ધતિની સિદ્ધાન્તચર્ચા 'પત્રિકા'એ ઠીક ઠીક પ્રમાણમાં કરી છે હવે પ્રત્યક્ષ વ્યવહાર અને તેનાં પરિણામો બન્નેની દૃષ્ટિએ કેળવણી-નો વિચાર થવાની જરૂર છે. અને બધા શિક્ષકોનો સહકાર મળે તો જ આ થઇ શકશે એ દૃષ્ટિએ અમે શિક્ષક ભાઇબહેનોને વિનવીએ છીએ કે તેઓ પોતાનો અનુભવ 'પત્રિકા' માટે લખી મોકલે. એ બધાના અનુભવો તારવીને 'શિક્ષણ પત્રિકા'માં નવીન જાતનાં લખાણો પ્રસિદ્ધ કરવાનો અમારો ઇરાદો છે.

જે પરિણામો અમને મોકલવાનાં તેમાં પ્રત્યક્ષ નિરીક્ષણ એ મુખ્ય વસ્તુ હોવી જોઇએ. સિદ્ધાન્તચર્ચા અગત્યની વસ્તુ નથી. વિશિષ્ટ પરિસ્થિતિમાં વિશિષ્ટ સંસ્થાએ કેવી રીતે કામ કર્યું અને તેમાંથી શું પરિણામ આવી શકયું એ વાત અગત્યની છે. વિશિષ્ટ બાળકમાં વિશિષ્ટ ખોડ યા ખોટ જણાતી હતી, તે મૉન્ટેસોરી પદ્ધતિથી સર્વાંશે યા અલ્પાંશે કેવી રીતે દૂર થઇ એ વાત પણ 'પત્રિકા'ને ઉપયોગી નીવડશે. જે વિભાગમાં બાલમંદિર હોય ત્યાંનાં માબાપોની દૃષ્ટિમાં કેટલે અંશે પરિવર્તન થઇ શકયું, એ વસ્તુ પણ અગત્યની છે. આ અને બીજી અનેક દૃષ્ટિએ પોતાનાં પરિણામો મૉન્ટે-સોરી પદ્ધતિમાં કામ કરનારાં ભાઇબહેનો 'પત્રિકા' માટે મોકલી આપી શકશે. અમે આ દ્વારા વિનંતી કરીએ છીએ કે સૌ શિક્ષક ભાઇબહેનો પોતાના અનુભવો અમને મોકલી આપે.

—તંત્રી

આંબલાની મુસાફરીએ

મિત્રો,

ઘણાં વર્ષોથી મુ. નાનાભાઇને આપણે મળ્યા નથી. ગુજરાત અને બૃહદ્ ગુજરાતના શિક્ષણ-ક્ષેત્રમાં કામ કરતાં ભાઇબહેનો એકત્રિત થઇ હળેમળે, વાતોચીતો કરે, પોતાની મૂંઝવણોનો ઉકેલ મેળવે એવું બનતું નથી. પરિણામે ઘણાં ભાઇબહેનોને આજે કેળવણીના કાર્ય અંગેની અને બીજી અનેક મુશ્કેલીઓ ભોગવવી પડે છે.

આ દિશામાં આપણે કાંઇક સક્રિય વિચાર કરીએ, આપણી મૂંઝવણો મુ. નાનાભાઇ પાસે મૂકીએ, તેમની સાથે દિલભરદિલ વાતો કરીએ અને કેળવણીના ક્ષેત્રમાં આવનારી ક્રાંતિના જે ભણકારા વાગી રહ્યા છે તેને વિષે તેમની પાસેથી કાંઇક જાણીએ, આપણી મૂંઝવણોનું મુ. નાનાભાઇ પાસેથી માર્ગદર્શન મેળવીએ, આપણા કામકાજમાં આપણે રસબસ થઇએ, અને જાત્રાએથી જેમ જાત્રાળુઓ તાજામાજા થઇને આવે છે તેમ આંબલાથી આપણે પાછાં ફરીએ એ હેતુથી આંબલાની મુસાફરીનો કાર્યક્રમ ગોઠવ્યો છે.

સૌને આવવાની અનુકૂળતા પડે તેટલા માટે **મેની શરૂઆતમાં** આ મુસાફરી ગોઠવી છે.

યોક્કસ તારીખો છાપાંઓમાં જાહેર કરવામાં આવશે. મુસાફરીનો કાર્યક્રમ બે દિવસનો રહેશે. આ કાર્યક્રમ અંગેની સૂચનાઓ તેમ જ મુ. નાનાભાઇને પૂછવાના પ્રશ્નો સૌને અગાઉથી મોકલી આપવા વિનંતિ છે જેથી સમગ્ર પ્રશ્નાવલિ તૈયાર થાય.

મુ. નાનાભાઇએ આ વિચારને વધાવી લીધો છે અને ખાવાપીવાની તથા રહેવાની વ્યવસ્થા આપણને સૌને તેમના તરફથી મળશે માત્ર મુસાફરી ખર્ચ જ આવનારને માથે આવશે. આવનારને બિસ્તરો અને થાળીવાટકો તથા લોટો સાથે લઇને આવવા વિનંતિ છે.

દક્ષિણામૂર્તિનાં જૂનાં નવાં સૌ વિદ્યાર્થી ભાઇબહેનોને તેમ જ શિક્ષણક્ષેત્રમાં કાર્ય કરતાં સૌ ભાઇબહેનોને આ મુસાફરીએ આવવાને આમંત્રણ છે. જેઓ આ મુસાફરીએ આવવા માગતાં હોય તેઓ તેમનાં નામ તા. ૧૫ મી એપ્રિલ સુધીમાં નીચેને સરનામે જણાવે જેથી આવનારનાં નામો અગાઉથી મુ. નાનાભાઇને મોકલી શકાય.

વજુભાઈ દવે.

ખુલાસો

જાનેવારી મહિનાનો અંક ગ્રાહકોને રવાના કર્યા પછી વર્ધાશિક્ષણ પરિષદને અંતે એક વિચાર બાલગ્રામ કેળવણીની સળંગસૂત્ર યોજના આપવાનું વિચારેલું, એટલે આખી યોજના એકીસાથે બે અંક એકઠા કરીને આપવાની ધારણા હતી. પણ હાલ તુરત તે યોજના છાપવાનું મુલતવી રહ્યું છે, એટલે ચાલુ રીતનો અંક વાચકોના હાથમાં મૂકીએ છીએ. યોજના આગળ ઉપર આપવામાં આવશે.

આથી અગાઉથી જણાવ્યા સિવાય અમારે ફેબ્રુ-માર્ચના અંકો સાથે પ્રગટ કરવા પડયા છે. ઘણા વાચકો-ગ્રાહકોને આથી મુશ્કેલી પડી હશે. તે બધાની અને મારી માગીએ છીએ.

એપ્રિલનો અંક ચોથા અઠવાડિયામાં પ્રગટ થશે. એ અંક વી. પી. થી મોકલવાનો છે. એટલે જેમનાં લવાજમ ૨૦ મી એપ્રિલ સુધીમાં આવી ગયાં હશે તેમને અંક વખતસર મળશે. વી. પી. થી લવાજમ મોકલનારને વી. પી. મળતાં સુધી રાહ જોવી પડશે. અમારી ગ્રાહકોને વિનંતિ છે કે તેઓ લવાજમ મનીઓર્ડરથી વડોદરા મોકલી આપે.

—વ્યવસ્થાપક

આવતો અંક વી. પી. થશે

જાનેવારીના અંકમાં જાહેર કર્યા પ્રમાણે હવે જૂનાં લવાજમવાળાં ગ્રાહકોનું લવાજમ પૂરું થાય છે. જેઓ નવા જાનેવારીથી જ નોંધાયા છે તેમનું તો લવાજમ મળી ચૂકયું છે; પણ જેઓ જૂના ગ્રાહકો છે તેમણે આ અંક મળેથી પોણા વર્ષનું લવાજમ નવા ધોરણે એટલે સામાન્ય સભ્યના લવાજમ સહિત (૧-૨-૦ + ૦-૮-૦) ૧-૧૦-૦ મોકલી આપવા કૃપા કરવી.

જેમનું લવાજમ તા. ૨૦ મી એપ્રિલ

સુધીમાં આવી નહિ ગયું હોય તેમને વી. પી. ખર્ચ સહિત રૂ. ૧–૧૪–૦ નાં વી. પી. રવાના થશે, જેનો સ્વીકાર કરવા સહુને વિનંતિ છે. જેઓ બંધ થવા માગતા હોય તેઓ કાર્યાલયને ૦–૪–૦ ના ખર્ચમાં ઉતારવાને બદલે એક પોસ્ટકાર્ડથી પોતાનો ગ્રાહક નંબર લખીને બંધ થવાનું જણાવે.

ડિસેમ્બર ૧૯૪૪ ના અંકમાં જણાવ્યા પ્રમાણે સામાન્ય સભ્ય ઉપરાંતના અન્ય સભ્યોનું લવાજમ ૧૯૪૫ સાલ માટેનું નીચે મુજબનું છે:–

સંસ્થા જોડાણ રૂ. ૬–૨–૦

સહાયક સભ્ય રૂ. ૫–૨–૦

સક્રિય સભ્ય રૂ. ૩–૨–૦

જેઓ આ ત્રણ પૈકી સભાસદો છે તેમને સંસ્થા-જોડાણ માટે લાલ વર્તુળ, સક્રિય માટે વાદળી વર્તુળ અને સહાયક માટે લાલ ચોકડી આ સામે કરેલી છે. તેમણે પોતાનું લવાજમ એ રીતનું મોકલવાનુ છે.

જેઓનું લવાજમ આ રીતે નહિ આવ્યું હોય તેમને ૨૦ મી એપ્રિલથી ૦–૪–૦ વી. પી ના ઉમેરીને ૬–૬–૦, ૫–૬–૦ અને ૩–૬–૦ નાં વી. પી રવાના થશે. સંઘના સહુ સભ્યો આ વી. પી. નો કૃપા કરી સ્વીકાર કરે.

—વ્યવસ્થાપક

શિક્ષણ-સમાચાર

—બાલશિક્ષકોનું સંમેલન. નૂતન બાલ-શિક્ષણ સંઘની ઉત્તર ગુજરાત શાખાનાં બાલ-મંદિરોના શિક્ષકોનું સંમેલન પાટણ તા. ૧૪–૧૫ એપ્રિલના અરસામાં ભરવાનું નક્કી થયું છે. વિશેષ માહિતી ત્યાંના કાર્યકર્તા શ્રી. પૂનમ-ચંદ શાહ, આચાર્ય, કિલ્લોલ-બાલમંદિર, પાટણ પાસેથી મળી શકશે.

—શ્રી. વજુભાઇ દવેએ આંબલાની મુસા-ફરીએ દક્ષિણામૂર્તિના જૂનાં નવાં સહુ વિદ્યાર્થી-ભાઇબહેનોને તેમ જ અન્ય શિક્ષણ રસિકોને મે મહિનાની શરૂઆતમાં [illegible] ભજન પાઠવ્યું છે. તેની વિગતો નીચેને સ્થળેથી મળી શકશે. શ્રી. વજુભાઇ દવે, શારદામંદિર, એલીસ બ્રીજ, અમદાવાદ.

—છઠ્ઠો મૉન્ટેસોરી પ્રાથમિક કોર્સ પૂરો થવા આવ્યો છે. તા ૨૮ મી માર્ચે મૅડમ મૉન્ટેસોરીનુ છેવટનું વ્યાખ્યાન થઇ ગયું. તા. ૫ થી એપ્રિલે લિખિત પરીક્ષા છે. પરીક્ષાને અંતે સહુ વિદ્યાર્થીઓ એપ્રિલના પહેલા અઠવાડિયામાં પોતપોતાને સ્થાને મૉન્ટેસોરી શિક્ષણનો તાજો સંભાર ભરીને પાછા ફરશે લગભગ ૨૦૦ જેટલાં ગુજરાતી જાણનારાં ભાઇબહેનોએ આ તાલીમ લીધી હશે. ગુજરાતનાં બાળકોનાં ભાગ્ય પાંગરતાં જાય છે.

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે એમણે
આત્મારામ પ્રિં. પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. તા. ૩૦–૩–૪૫

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણ સંઘ)

卐

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

卐

જ્યારે વિચાર પ્રત્યક્ષ જીવનથી અલગ પડી જાય છે (રોજિંદા જીવનને સ્પર્શતો અટકી પડે છે) ત્યારે વિચાર પોતે નિર્જીવ બને છે અને જીવન વિચારશૂન્ય બની જાય છે. માનવી ઘરમાં જીવન જીવે છે અને શાળામાં વિચાર કરતાં શીખે છે, આથી પ્રત્યક્ષ જીવન અને વિચારોનો મેળ બાતો નથી. આના ઉપાય તરીકે એક પક્ષે શાળાએ ઘરમાં પેસવું જોઈએ ને બીજે પક્ષે ઘરે શાળામાં ઘૂસવું જોઈએ. બીજી રીતે કહીએ તો સમાજશાસ્ત્રીઓએ શાળા-કુટુંબો ઊભાં કરવાં જોઈએ અને શિક્ષણશાસ્ત્રીઓએ કૌટુંબિક શાળાઓ નિર્માણ કરવી જોઈએ.

—વિનોબા ભાવે

વર્ષ ૨૦ | : : કાર્યાલય : : | અંક ૪

૨૦૦૧ | રાવપુરા : વડોદરા | ચૈત્ર

મૉન્ટેસોરી પદ્ધતિનાં સાધનો

ઉત્ક્રાંતિની સીડીમાં જ્યારે સર્વ પ્રથમ મનુષ્ય થવા સર્જાયેલાં પ્રાણીઓએ (Primates વર્ગના apes–નરવાનરો એ) બીજાં પ્રાણીઓની પેઠે ચારે પગે ચાલવાની પદ્ધતિ છોડી અને સીધા બે પગે થવાની ક્રિયાની કક્ષા (erect position) પ્રાપ્ત કરી, તે ઉપલબ્ધિને ઉત્ક્રાંતિવાદમાં એક મહાન કક્ષા ગણવામાં આવે છે. કારણ કે તેમ થવાથી ભવિષ્યમાં થનાર સંપૂર્ણ મનુષ્ય માટે બે મોટી શારીરિક પૂર્વતૈયારીઓ થઇ. એક તો ઊભાં ચાલતા થવાથી તે પ્રાણીઓના બે હાથ–બે મુખ્ય ક્રિયાઅવયવો શરીરના ભારવહનના કાર્યમાંથી છૂટા થયા, અને બીજી અગત્યની વાત તે પ્રાણીની સમક્ષ દૃષ્ટિ થઇ તે ગણાય છે. અત્યાર સુધીનાં મોટા ભાગનાં બધાં પ્રાણીઓને ચહેરાની બાજુએ કે જમીન ભણી જ જોઇ શકાય તેવી સગવડવાળી આંખો હતી જ્યારે આ નરવાનર ઊભો થતાં તેણે સમક્ષ જોયું.

એટલે બન્ને બાજુથી, ક્રિયાત્મકતા સગવડની રીતે છૂટા હાથોએ અને બીજી બાજુએ વાતાવરણના સીધા સંપર્કની દૃષ્ટિએ સમક્ષ જોવાથી, પણ ઘણી સગવડતા કરી આપી એટલે તજ્જન્ય અનુભવો વધારે વિશાળ થવા લાગ્યા. એમ સ્વતંત્ર, ઇચ્છાશક્તિ પ્રેરિત ક્રિયાત્મકતાની શક્યતાએ અને વિશાળ સમક્ષ દૃષ્ટિએ તે પ્રાણીને વાતાવરણને અનુકૂળ થઇ પોતાનું જીવન ટકાવવાનાં પરિબળોની શોધ અને જાતની વૃદ્ધિના કાર્યમાં ઘણી સુગમતા કરી આપી. પરિણામે તેનામાં સ્વેચ્છિત ક્રિયાશક્તિના, અને તેવા બીજા, પ્રાણીજીવનથી નવીન પ્રકારના ગુણો વિકાસ પામ્યા. પરિણામે બુદ્ધિનું આખું યંત્ર માત્ર જન્મસહજ આવેગો (instincts) થી પર જઇને સ્વતંત્ર વિચારકક્ષા ઉપર આવ્યું, અને તે પ્રાણીના સ્થૂળ મગજનો પણ વિકાસ થયો.

મનુષ્યજીવનના બાલ્યકાળમાં પણ કાંઇક આવી જ પ્રવૃત્તિ બને છે. બાળક પણ એક વર્ષની આસપાસના ગાળામાં ચાલવા લાગે છે, અને ત્યારથી તેના જીવનમાં પણ એક નવો જ તબક્કો શરૂ થાય છે. એ તબક્કો પણ ઘણી રીતે અગત્યનો છે. બાળક પણ સમક્ષ દૃષ્ટિ મેળવે છે. એની દૃષ્ટિમર્યાદા વધે છે. એટલે અત્યાર સુધી ન દેખાતી કે જુદી રીતે (ઊંચી, આડી કે ચપટ) દેખાતી ઘણી વસ્તુઓ તે જુએ છે અને વાતાવરણનો નવેસરથી નવા કોણથી (perspective માં) સંપર્ક સાધે છે.

તેમ જ બીજી તરફ એના બન્ને હાથ, જે અત્યાર સુધી શરીરનો ભાર વહન કરવામાં રોકાયેલા હતા તે હવે છૂટા થાય છે. એથી હાથ દ્વારા મેળવવાના અનુભવોનું અને હાથ દ્વારા કરવાની ક્રિયાઓનું તેનું ક્ષેત્ર એકદમ વિશાળ થઇ જાય છે. વળી વધારામાં સ્વતંત્રપણે ચાલવાથી સ્વાવલંબનનું એક મોટું અને અગત્યનું પગથિયું બાળક આત્મસાત્ કરે છે.

હવે આપણે જો આપણો આજુબાજુનાં આ ઉંમરનાં બાળકોનો અને એમની સ્વતંત્ર તથા સ્વાવલંબનમય ક્રિયાઓનો અભ્યાસ કરીશું તો ડૉ. મૉન્ટેસોરીએ શોધેલાં ક્રિયાત્મકતા અને તેને પરિણામે વિકસતી બુદ્ધિમત્તાનાં સાધનો આપણને ખૂબ જ યથાર્થ અને સંપૂર્ણ માલૂમ પડશે. આ ઉંમરનાં બાળકોના હાથ છૂટા થવાને પરિણામે વસ્તુઓ પકડવી,

ઊંચકવી, એક જગાએથી બીજી જગાએ લઇ જવી, આ બધી જ ક્રિયાઓમાં તેમને ઘણો જ રસ પડે છે. તે આખા હાથના અને ક્રમેક્રમે અંગૂઠો અને આંગળીઓના સ્નાયુઓનો સમન્વય (co-ordination) સાધે છે અને ક્રિયાઓ માટેનું પ્રભુત્વ મેળવે છે. એક વર્ષની નાની બેબીને મેં લગભગ કલાકો સુધી અંગૂઠો અને પહેલી આંગળી વડે એક દિવાસળીને પકડીને ઊંચકીને મૂકતાં (ફરીફરી વાર થાકયા વિના મૂકતાં) જોઇ છે. એ કામમાં તે અતિશય તન્મયતાથી અને એકાગ્રતાથી મંડી રહે છે. વળી એ જ બાળકીને રમકડાંના 'કૂતરા' કે 'ઢીંગલી'માં રસ નથી. પણ એણે જાતે જ એક રમત શોધી કાઢેલી. એક લાકડાના ઘડાના મોંમાં લાકડાનું મરચું નાખવું અને કાઢવું એ તેનો પ્રિય વ્યવસાય છે. એ કામ પણ થાકયા વિના કલાકો સુધી એ કરે છે.

ત્યારે આપણે જોઇ શકીએ છીએ કે એ એ બાળકે જાતે જ પોતાની પસંદગીથી બતાવ્યો આપ્યું કે માનવબાળ પોતાની વૃદ્ધિની અમુક કક્ષાએ અમુક ચોકકસ અને નકકી પ્રકારની જ ક્રિયાવાળી પ્રવૃત્તિઓમાં રસ લે છે. એ લાકડાના ઘડાનું મોઢું અને મરચું (ગોળ કાણું અને દડો) એ જ આપણી દડાપેટીનો પૂર્વજ છે.

બીજી વાત ક્રમિકતા (sense of order and sequence) ની છે. તદ્દન નાનાં બાળકોના મનમાં આ ક્રમિકતાના ખ્યાલો બહુ જ દૃઢપણે જોવામાં આવે છે. કોઇ પણ એકથી અઢી વર્ષના બાળકને તમે રમાડયું હશે તો એ વાતનો તમને ખ્યાલ આવશે. બૅટબૉલ, હૉકી, દડો કે કોઇ પણ એવી રમતો (તદ્દન નાનાં બાળકો સાથે માથે રૂમાલ મૂકી લઇ લેવાની રમત) માં તમે જોશો તો દેખાશે કે પહેલે દિવસે જે રીતે, જે સાધનોથી અને જે જગાએ તે રમત ચાલી હશે તે જ રીતે, તે જ જગાએ અને તે જ સાધનોથી બાળક એ રમત ફરી ફરી માગશે. જે બાળકોને બોલતાં પણ નથી આવડયું એવાં નાનાં બાળકો પણ એ ક્રમિકતા (order & sequence) માગે છે. એક વર્ષની એક નાની બેબીને એક દિવસ હું રમકડાંના કૂતરાથી રમાડતો હતો. એમાં પહેલે દિવસે જે રીતે હસીને મેં તે કૂતરાને લાત લગાવીને તેના (બાળકીના) પેટ ઉપર અફળાવ્યું હતું તે જ રીતે ફરી ફરી તે રમવા માગતી હતી. અને તે આખી રીતમાં જરા ફેરફાર કરું તો તે વિરોધ બતાવતી હતી. તે એટલે સુધી કે એ આખી રીતમાંથી હસવાનું પણ ભૂલી જઉં કે બાદ કરું તોપણ તે ભૂમો પાડી વિરોધ બતાવતી હતી.

આ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે બાળકનું મન જ ક્રમિકતા (sequence અને order) માગે છે. અને તેથી જ લાંબી સીડી, પહોળી સીડી, મિનારો કે રંગની તખ્તીઓની ક્રમિકતા–ટૂંકમાં જે બધાં સાધનોમાં સતર્ક પરાપૂર્વનો સંબંધ છે (logical order and sequence) તે માત્ર પુખ્ત વયની કલ્પનાના જોરે રચાયેલાં નથી પણ બાળકની એક ઊંડી અજ્ઞાત મનની ભૂખ (psychological need) ને અનુલક્ષીને રચાયેલાં છે.

એટલે કે આ લેખના શરૂના માનવવંશ-શાસ્ત્રના મૂળ મુદ્દાઓ લક્ષમાં લઇને વિચારતાં સમજી શકીએ છીએ કે માનવબાળના 'હાથ' અને 'દૃષ્ટિ' અને તેના ઉપયોગને પરિણામે થતા મનના વિકાસને બરાબર સમજીને મૉન્ટેસોરી પદ્ધતિનાં સાધનોનાં મૂળભૂત અંગો રચાયાં છે. એમાં હાથની ક્રિયાત્મકતાને સંપૂર્ણ-

પણે આવિષ્કૃત થવાની સગવડ સાથે જ ચોકકસ ક્રિયા, ચોકકસ માપ અને ક્રમિકપણાના બધા ગુણો આવી જાય છે.

હવે એક બીજી અને અગત્યની વાત જોઇએ. કેટલાક વિચારકો એવો વાંધો ઉઠાવે છે કે આ પદ્ધતિમાં સાધનોની વિપુલતાથી બાળક ઊલટું ગૂંચવાઇ જાય છે. એ લોકોનું એમ પણ કહેવું છે કે સાધારણ જીવનના ચાલુ વ્યવહારનાં સત્યો કે વસ્તુ પરત્વેના ગુણો (qualities) સમજાવવા માટે આટલું બધું 'ધન' અને વિપુલતાવાળું (elaborate) સાધન શા માટે ? વળી એમ પણ કહેવામાં આવે છે કે બાળકો ક્રિયાત્મક છે તે સ્વીકારી લઇને ચાલીએ તોપણ તેમાં અમુક જ સાધનો શા માટે જોઇએ ? 'કોઇ પણ' સાધનોને રસ્તે એ ક્રિયાત્મકતા ન વળી શકે ?

હવે આ વાતનો અર્થ સમજવા માટે પણ આપણે માણસના સમગ્ર મનનું, ઇતિહાસ-પૂર્વના (pre-historic) વખતથી થયેલ ઘડતર સમજવું જોઇએ.

માણસના મનની કાર્યપદ્ધતિ અને અનુભવોને સંગ્રહીને સમજવાની રીત સ્થૂળમાંથી સૂક્ષ્મમાં જવાની છે. અને પછી બીજી રીતે ગુણો એ જ તથા સૂક્ષ્મ વિચારો (abstraction) ને સ્થૂળ અને મૂર્ત સ્વરૂપ આપીને તેમને પ્રત્યક્ષ કરવાનું તેને ગમે છે.

માનવ ઇતિહાસ બતાવી આપે છે કે ગ્રીસ, રોમ અને હિંદમાં 'ગુણો' દર્શાવવા તેની પ્રતિમાઓ થઇ છે: 'ન્યાય' 'દયા' વગેરે ગુણોની આરસની મૂર્તિઓ થઇ છે.

દેવો-દેવીઓની મૂર્તિઓમાં માણસે બધા સૂક્ષ્મ ભાવો (abstract) નું નિરૂપણ કર્યું છે. આથી સમજાય છે કે માણસના મનને સૂક્ષ્મતામાં સમજાયેલી વાત તે મૂર્ત સ્વરૂપમાં મૂકે છે ત્યારે તેને એક પ્રકારનો ઊંડો માનસિક આનંદ અને સંતોષ થાય છે.

બરાબર એ જ માનસિક વલણને અનુસરીને, માનવ મનની પ્રાથમિક અને નૈસર્ગિક (elemental) જરૂરિયાત સમજીને આ સાધનો બનાવવામાં આવ્યાં છે. આમાં પણ ગુણોને મૂર્ત સ્વરૂપ આપવામાં આવ્યું છે; દા૦ ત૦ લાંબું ટૂંકું, ઊંચું નીચું, જાડું પાતળું, વગેરે ગુણોને તેમ જ ગણિતશાસ્ત્રનાં બધાં જ સૂક્ષ્મ વિધાનો (abstract concepts) ને બાળક સમક્ષ સ્થૂળ સ્વરૂપમાં મૂકયાં છે. અને આ બધા ગુણો અને વિધાનોને બાળક સમજી શકે, અનુભવી શકે, તેનાં સત્યો આત્મસાત કરી શકે તેવી રીતે તેની સાથે યોગ્ય કક્ષાઓની યોગ્ય ક્રિયાઓને જોડવામાં આવી છે. અને ક્રિયાઓ પણ આપણે ઉપર જોઇ ગયા તેમ બાળકના મનના ઘડતરની પદ્ધતિ અને જરૂરિયાતના લાંબા વખતના અને ઊંડા અવલોકન પરથી રચાયેલી છે.

એટલે આ ઉપરથી લાગે છે કે 'કોઇ પણ' ક્રિયા પૂરી પાડતું સાધન એ બાળકની વૃદ્ધિને કદાચ થોડોઘણી મદદ કરે, પણ તે તેને માટે સંપૂર્ણ (adequate) તો ન જ ગણાય.

છેલ્લે એક વાક્યમાં કહીએ તો, બાળકની વૃદ્ધિ સાથે જોડાયેલી શારીરિક ક્રિયાત્મકતાને વ્યવસ્થિતરૂપે કામ કરવાનું મળે, અને તેની સાથે જ તેના માનસિક પ્રદેશના અવ્યક્ત અને હજુ સુધી ન સમજાયેલાં અનેકવિધ વિકાસક્ષમ ક્ષેત્રોને સીધી યા આડકતરી રીતે વૈજ્ઞાનિક સહાય અને પોષણ મળે એવી આખી સુસંબદ્ધ કક્ષાવાર સાધનો દ્વારા સંપન્ન એવી પદ્ધતિ કોઇ હોય તો તે એક મૉન્ટેસોરી પદ્ધતિ જ લાગે છે.

નરેન્દ્ર બ્રહ્મભટ્ટ

મનોરંજન કાર્યક્રમ પ્રસંગે*

વહાલાં બાળકો, શ્રી તારાબેન, શ્રી સરોજબેન મંત્રી બહેનો અને મિત્રો !

નૂતન બાળશિક્ષણ સંઘની મુંબઇની શાખાના કાર્યકર્તાઓ, મુંબઇનાં સંઘમાન્ય બાલમંદિરોના શિક્ષકો તથા બાળકોના જે ત્રિવેણી સહકારથી આજનો સુંદર કાર્યક્રમ શક્ય બન્યો છે, તે બદલ, તે બધાને આપણાં અભિનંદન ઘટે છે. આ કાર્યક્રમ માટે લેવાયેલો શ્રમ સાર્થક નીવડશે, એ વિશે મને ખાત્રી છે.

સંઘને માન્ય મુંબઇ શહેરનાં બાલમંદિરોના શિક્ષકો, બાળકો અને તેમનાં માતાપિતા, એ સર્વ એકબીજાના વધુ નિકટ પરિચયમાં આવે અને એ દ્વારા બાળકેળવણીની સર્વાંગી પ્રવૃત્તિઓ વધારે સમૃદ્ધ બને અને વિસ્તાર પામે, એવા શુભ આશયથી, સંઘની આ શહેરની શાખાએ કેટલાક સમયથી વિવિધ પ્રયત્નો કરવા માંડયા છે, એ તમે સર્વે જાણો છો. બહુ જ થોડા સમયમાં તેણે સારો વિકાસ કર્યો છે. આજનો કાર્યક્રમ પણ એવા જ પ્રયત્નોનો એક વિભાગ છે. બાલમંદિરોની વધતી જતી સંખ્યા ઉપરથી આપણને ખાત્રી થાય છે કે બાળકેળવણીના વિષયમાં માતાપિતાની દૃષ્ટિ ઉત્તરોત્તર ખૂલતી જાય છે. પણ આ ખૂલતી જતી દૃષ્ટિ પૂરી રીતે સાર્થક બને તે માટે યોજના, એકાગ્રતા અને ઘણા પ્રકારના ગાઢ સહકારની જરૂર રહે છે. દરેક બાલમંદિરના શિક્ષકો પોતપોતાની રીતે યથાશક્તિ પ્રયત્નો કરી બાળકેળવણીની સેવા કેરી રહ્યા છે. તેમ છતાં દરેકને નવાનવા અનુભવો થતા જતા હશે, દરેકને કંઇ કંઇ પ્રશ્નો મૂંઝવતા હશે, દરેક વિષયમાં નવા નવા એંધતરાઓ થતા હશે. આ બધા અનુભવોની ખુલ્લા દિલથી અને ઉદારતાપૂર્વક આપલે કરવાની ઘણી અગત્ય રહે છે, કારણ કે આવા વિનિમયથી ઘણી કિંમતી સૂચનાઓ મળે છે. બધા શિક્ષકો એક રીતના સાધકો છે, અને સાધકો જ્યારે અંતર ખોલીને પોતાની સાધનાની વાતો કરે છે ત્યારે દરેકને ઘણું ઉપયોગી માર્ગદર્શન મળી રહે છે. શિક્ષકના આન્તર જીવનની આવી જરૂરિયાતને પૂરી પાડવા અહીંની શાખા અહીંના બાલ-શિક્ષકોનું અભ્યાસમંડળ પણ યોજે છે એ જાણી તમને ઘણો આનંદ થશે. જે શિક્ષકો આમાં રસ અને એકાગ્રતાથી ભાગ લે છે તેઓ આવા પ્રકારની પ્રવૃત્તિની પૂરી કદર કરી શકતા હશે. તેમાંથી તેમને ઘણો ઉપયોગી પ્રકાશ મળી રહેતો હશે એ વિષે મને ખાત્રી જ છે. આ પ્રકાશથી તેમનામાં આશા અને ઉત્સાહ આવવાની સાથે, શિક્ષક તરીકેની તેમની કુશળતામાં એક જાતની તેજસ્વિતા આવતી હોવી જોઇએ. બાલશિક્ષણના અનુભવોનું ક્ષેત્ર બેશક વિશાળ છે, અને તેથી તે ઘણો સમય માગી લે છે છતાં મને લાગે છે કે આ બધું કરતાંની સાથે, દરેક સાચા શિક્ષકના દિલમાં વસતા પુરુષની પણ કેટલીક આકાંક્ષાઓ રહેલી હોય છે. આ આકાંક્ષાના સંતોષ માટે સાહિત્ય, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનનું સેવન યથાશક્તિ ચાલુ રહેવું જોઇએ છે. સાહિત્ય, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાન જેવા વિષયો મનુષ્યની રસિકતા અને તત્ત્વશોધક દૃષ્ટિને પોષીને સમૃદ્ધ અને વિશાળ બનાવે છે,

---

* તા. ૧૭-૩-૪૫ ના રોજ મુંબાઇમાં સુંદરાબાઇ હોલમાં મુંબઇનાં સંઘમાન્ય બાલમંદિરોના સહકારથી નૂતન બાલશિક્ષણ સંઘ-મુંબઇ શાખાએ ઊજવેલા મનોરંજન કાર્યક્રમ પ્રસંગે પ્રમુખ સ્થાનેથી આપેલું ભાષણ.

અને આવી સમૃદ્ધ અને વિશાળ દૃષ્ટિના અભાવે બાલશિક્ષક ગમે તેવો ખંતીલો અને સદાગ્રહી હોય છતાં, તેનું બાળકો સાથેનું કામ એકદેશીય અને કેટલેક અંશે નિષ્પ્રાણ બનવાનો ભય રહેલો છે. આવો ભય નિર્મૂળ કરવા સાહિત્ય, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાન જેવા વિષયો પણ અભ્યાસ-મંડળમાં ચર્ચા માટે હાથ ધરવા ઘટે છે. ઉત્સાહી શિક્ષકો આ દિશામાં એક વખત પગલું માંડશે, અને કંઈક નાની પણ શરૂઆત કરશે તો તેમાં કેવી સંજીવની રહેલી છે તેનો પ્રત્યક્ષ અનુભવ તેમનાં અંગત જીવનમાં તેમ જ શિક્ષણકાર્યમાં થયા વિના નહિ રહે.

આજના રંજનકાર્યક્રમને પ્રસંગે, બાળકોનાં માતાપિતા ઉપરાન્ત આવી બાલપ્રવૃત્તિઓમાં રસ લેનાર જાહેર જનતા પણ હાજર છે. આવા પ્રયોગો યોજવામાં એક વિશિષ્ટ દૃષ્ટિ એ રાખવાની છે, કે એ પ્રયોગો બાળકોની શક્તિના પ્રદર્શનરૂપે ન બનવા જોઇએ. બાલમંદિરોમાં ચાલતી સામાજિક પ્રવૃત્તિઓના એક પ્રકાર તરીકે, બાલજીવનના આંતર વિકાસ માટે આવા પ્રયોગોની યોજના થવી જોઇએ છે. આપણે સમજવું જોઇએ છે, કે આ તેમના સામાજિક જીવનની એક તાલીમ જ છે. કારણ કે આવી તાલીમ દ્વારા, બાળકો બીજાં બાલમંદિરોના શિક્ષકો અને બાળકો સાથે સહકારથી વર્તતાં શીખે છે. બાળકેળવણીનું રહસ્ય સમજનાર દરેક શિક્ષક આ વિશિષ્ટ દૃષ્ટિબિંદુથી વાકેફ છે, અને તેથી તે બાળકોની સામાજિક વૃત્તિઓના સ્વાભાવિક આવિષ્કાર માટે આવી વિવિધ યોજનાઓ કરે છે. તેથી અત્રે એકત્ર થયેલાં સર્વ ભાઇબહેનોએ આ દૃષ્ટિએ આ બધા પ્રયોગોની કદર કરવાની છે. એમાં પ્રદર્શન કે સ્પર્ધાને સ્થાન નથી, તેમ જ નિરાશાને પણ સ્થાન નથી. દરેક બાળક પોતાની શક્તિ અનુસાર પ્રયત્ન કરે છે. તેથી કોઇ પણ બાળક કે પ્રયોગ વિષે અભિપ્રાય બાંધતાં, અને તે વ્યક્ત કરતાં, આપણા ઉપર અસાધારણ જવાબદારી આવી પડે છે.

આવા પ્રયોગો બાળકોની શક્તિઓનું પ્રદર્શન કરાવી તેમનાં માતાપિતાને મુગ્ધ કરવા, જાહેર જનતાનું ધ્યાન આકર્ષવા કે બાલ-મંદિરોનું અસ્તિત્વ સિદ્ધ કરવા નથી, એ તો સ્પષ્ટ છે. આજનો રંજનકાર્યક્રમ બાળકોની સામાજિક તાલીમના એક આવશ્યક ભાગરૂપ છે, એમ સમજી અત્રે એકત્ર થયેલામાંથી કોઇને બાળકોના અભિનય કે વેષભૂષા, પડદા કે બીજી સાધનસામગ્રી વિષે જો કંઇ ઊણપ લાગે તો તેથી નિરાશ થવાની જરૂર નથી. શિક્ષકો આ વાત બરાબર સમજે છે, એટલે પ્રયોગોની રજૂઆતમાં સાદાઇ અને સ્વાભાવિકતા રહે એમાં નવાઇ નથી. આવે પ્રસંગે વાણી, અભિ-નય, સંગીત કે સૂરદ્વારા બાળક પોતાનો મનોગત ભાવ બરાબર વ્યક્ત કરવા પ્રયત્ન કરે છે, એટલું જ જોવાનું રહે છે. કળાનાં આ બધા નિયત વાહનો દ્વારા બાળકની હૃદયશ્રી સ્વાભાવિક રીતે પ્રકટવી જોઇએ, નહિ કે વેષભૂષા વગેરેથી. સાચી કળા નહિ હોય તો વેષભૂષાની કૃત્રિમ બાહ્ય સહાય નિરર્થક છે. સાચી ભક્તિ વિના પૂજનો આડંબર શા કામનો ? એ ભક્તિનું રહસ્ય સમજ્યા વિના, કેવળ બાહ્ય સૌંદર્ય અને વેશભૂષાથી શંકરને આકર્ષવા પાર્વતીએ પ્રયત્ન કર્યો ત્યારે તેને શંકરની ઉપેક્ષાથી લજ્જિત થઇ પાછું ફરવું પડયું અને અન્તે તેને ઉગ્ર તપનો આશ્રય લેવો પડયો. આજને પ્રસંગે, બાળકોના પ્રયોગોને ઉચિત સાદાઇ અને સંયમનું દર્શન જો અહીં કોઇને થાય તો તે દૂષણ નહિ પણ ગૌરવરૂપ લેખાવું જોઇએ.

આપણે માતાપિતાઓએ બાળકેળવણી વિષેની આવી, અને બીજી અનેક દૃષ્ટિ કેળવવાની રહે છે. જેમ શિક્ષકો બાલમંદિર ખોલી તેને માત્ર આકર્ષક સાધનોથી ભરી નાખે, તો તેથી કાંઇ યથાર્થ રીતે તે બાલમંદિરના નામને પાત્ર ઠરતું નથી; તે જ રીતે, માતાપિતા પોતાનાં બાળકોને કોઇ એક જાણીતા બાલમંદિરમાં મોકલે તો તેટલાથી જ તેમનું કર્તવ્ય પૂરું થઇ જતું નથી. બાહ્ય સાધનોનો આડંબર વિપથગામી છે અને સાધનોની સાર્થકતા માટે શિક્ષકોમાં યોગ્ય દૃષ્ટિ અને કળા જોઇએ છે, તે જ પ્રમાણે, બાલમંદિરમાં બાળકોને મોકલવાનો માત્ર ખર્ચ કરી માતાપિતા પોતાની જાતને કૃતાર્થ ન માને. બાળકેળવણીની કૃતાર્થતા માટે આપણે માતપિતાએ બાળજીવનનું રહસ્ય સમજવા તત્પરતા અને ધીરજ કેળવવાં પડશે. બાળકોના શિક્ષકો સાથે ગાઢ સહકાર આપવો જોઇશે. આપણાં અંગત જીવનમાં સાદાઇ, સંયમ અને વિચારશીલતા કેળવવાં પડશે. નૂતન બાળકેળવણીની ભાવના એ સમગ્ર જીવનને આવરી લેતું એક તત્ત્વજ્ઞાન જ છે. અને એ તત્ત્વજ્ઞાનને મૂર્ત સ્વરૂપે સિદ્ધ કરવા તેની પદ્ધતિમાં ક્રમિક યોજના છે. આ ભાવના અને યોજના સમજવા આપણે સાચો આગ્રહ સેવવો પડશે. એક વખત એનું રહસ્ય યથાર્થ રૂપે સમજાશે તે પછી આપણે આપણાં પ્રિય બાળકોના સાચા કલ્યાણ માટે આપણી પૂર્ણ શક્તિથી બધા પ્રયત્નો કરીશું, એ વિષે મને મુદ્દલે શંકા નથી.

સરલાદેવી સારાભાઈ

બાળકેળવણીનો વિકાસ*

બાળકેળવણી એટલે નિશાળમાં ભણવા માંડતાં પહેલાંની કેળવણી જેને આપણે પૂર્વ–પ્રાથમિક શિક્ષણના નામથી ઓળખીએ છીએ, તેની શરૂઆત કિંડરગાર્ટન પદ્ધતિથી થઇ છે.

આ પહેલાં બાલશિક્ષણમાં કેવળ અંધકાર હતો એમ કહી શકાય. યુરોપમાં આ કાળને Dark ages–અંધકાર યુગને નામે ઓળખવામાં આવે છે. આપણા હિંદમાં પણ એ જાતનો અંધકાર જ પ્રસરેલો હતો.

એ કાળે બાળકોને ધાકમાં રાખવાં જ જોઇએ એમ મનાતું. તેમને ગમે કે ન ગમે તોપણ શારીરિક શિક્ષા દ્વારા અથવા હરકોઇ ઉપાયે તેમને મોટેરાંઓએ ભણતાં કરવાં જોઇએ એ ધર્મ ગણાતું. આ ભણતરમાં મોટો ભાગ ગોખણપટ્ટી હતી; સંસ્કૃતની –રૂપાવલિઓ, –શ્લોકો, આંકના ગડિયા, બધું જ ગોખીને મોંએ કરી લેવામાં શિક્ષણનો સમાવેશ થઇ જતો.

શિક્ષણના સિદ્ધાંતો પણ એ ધોરણે જ રચાયા હતા. એમ માનવામાં આવતું કે માનવી જન્મથી જ વિપથગામી–સ્વભાવતઃ પતનશીલ છે. માનવીનો ઉદય થાય, તેની ઉન્નતિ થાય, તેને જ્ઞાન મળે એવી બાબતો તેને મૂળથી ગમતી નથી. બાળકને ભણવા જવાનું ન ગમે, ભણતરનો એટલે કે ગોખવાનો તેને કંટાળો આવે, તેને ગોખેલું યાદ ન રહે, એ સઘળું એના પતનશીલ સ્વભાવના લક્ષણ-

---

*અમદાવાદમાં પ્રાથમિક શિક્ષણ પરિષદમાં તા. ૧–૪–૪૫ ના રોજ શ્રી. તારાબેન મોડકે આપેલ વ્યાખ્યાનનો સારભાગ.

રૂપે મનાતું. આ કારણે બાળકને ન ગમતું હોય તેવું પરંતુ મોટેરાંને મન જે એની ઉન્નતિ કરનારું જણાય તે સઘળું બાળક પાસેથી સખ્તાઈપૂર્વક કરાવી લેવું એ શિક્ષણનું આવશ્યક ધોરણ મનાતું.

સિદ્ધાંતમાં આવી માન્યતા હોવાથી શારીરિક શિક્ષા અગર દેહદંડને એ કાળે પ્રાધાન્ય અપાતું. બાળકોએ શું શીખવું યોગ્ય છે એનો કોઇ વિચાર ન કરતું; શીખવવાની પદ્ધતિઓ હોઇ શકે એની કલ્પના પણ નહોતી. વેપારીના બાળકે હિસાબો-બાસ કરીને લેખાં અને તેની ફૂંચીઓ પાઠ કરી લેવાની હતી, અને બ્રાહ્મણોએ શાસ્ત્રો-મંત્રો વગેરે મોંએ કરવાનાં હતાં. બાળકની કેળવણી માટે આટલું સંપૂર્ણ ગણાતું.

ફ્રિન્ડરગાર્ટન પદ્ધતિએ યુરોપમાં કેળવણીની દુનિયામાં એક જબરી ક્રાંતિ આણી. આ પદ્ધતિના શોધક ફ્રોએબેલના દિલમાં બાળકો માટે અથાગ પ્રેમ ભર્યો હતો. બાળકોની આંખે આંસુ પડતાં તે જોઇ ન શકતો. બાળકનું દિલ દુભાય, અગર તે હિજરાતું હોય તો તેનો જીવ કળીએ કળીએ કપાતો. આથી તેણે યોજેલી શિક્ષણ-પદ્ધતિનું મંડાણ નવા જ સિદ્ધાંતો પર થયું. બાળકને આનંદમાં રહેવા દો; ભણાવવું હોય તો તેને ગમ્મત પડે તે રીતે અને તેવું તેને શીખવો; આ એની પદ્ધતિનાં મુખ્ય અંગ થયાં. આને પરિણામે બાળકને શું ગમશે, કેવી રીતે તે ખુશી રહેશે, એ વિષે જાગૃત રહેવાની જરૂર શિક્ષકને પણ લાગી. આથી સ્વાભાવિક રીતે જ બાળક કેન્દ્રસ્થાને આવ્યું. ભણવાના વિષયોની રચના બાળકને મધ્યમાં રાખીને વિચારાઇ અને એથી બાળકની સમજણમાં આવે તેવી તથા તેને ગમે તેવી તેની કક્ષાની બાબતોને કેળવણીમાં મુખ્ય સ્થાન મળ્યું: વાર્તાઓ, ગીતો, રમતો, અભિનય વગેરે બાબતોની મદદ લઇને શિક્ષણ આપવાની રીતિ-પ્રથા દાખલ થઇ. ટૂંકમાં બાળકનું વલણ અને તેની પસંદગીનો વિચાર કરવાની શરૂઆત થઈ. આને કારણે શારીરિક સજા-દેહદંડ વગેરે નાબૂદ થાય એ તો સ્વાભાવિક જ હતું.

વળી અનુભવે એમ દેખાયું કે બાળકોને હાથવતી કાંઇક કર્યા કરવાનું બહુ ગમે છે. આથી લાકડાની ઇંટોથી રમવું-ઘર ચણવું તેમ જ હાથકારીગરીનાં બીજાં અંગો જેવાં કે સીવણ, ચિત્રકામ, કાગળકામ (કાગળની ઘડીઓ પાડવી અગર સાદડી બનાવવી) વગેરે રમતોને શિક્ષણમાં અગત્યનું સ્થાન આપવામાં આવ્યું.

એકંદરે ફ્રિન્ડરગાર્ટન પદ્ધતિએ કેળવણીના ક્ષેત્રમાં વિચાર તેમ જ આચારમાં એક મહાન ક્રાંતિ આણી. પરંતુ સમુદ્રમંથનમાંથી અમૃત સાથે જેમ હળાહળ ઝેર પણ નીકળ્યું, તેમ જ આ નવી ક્રાંતિમાં ઇષ્ટ બાબતો સાથે કેટલાંએક અનિષ્ટો પણ દાખલ થયાં.

બાળકોનો વિચાર કરવાનું સૂત્ર સ્વીકારાયું અને બાળકોને ભણવામાં ગમ્મત સાથે જ્ઞાન મળે, તેમને કંટાળો ન ઊપજે એ રીતે ભણાવવાનું થયું, તેથી ભણાવવામાં કેળવણીનું શાસ્ત્ર અને તેની કળા-Methodologyનો જન્મ થયો. ' સોટી વાગે ચમચમ ને વિદ્યા આવે રમઝમ ' એ પદ્ધતિને તિલાંજલિ મળી એટલે નાઇલાજે શિક્ષકે કઈ રીતે ભણાવવાથી વસ્તુ વિદ્યાર્થીના મગજમાં પેસશે અને ચિરસ્થાયી થશે એની શોધ કરવી અને યુક્તિઓ અજમાવવી રહી પરિણામે દરેક વિષયના શિક્ષણની પદ્ધતિઓ અસ્તિત્વમાં આવવા લાગી તથા તે અંગેનાં શિક્ષણસાહિત્યો યોજાયાં. ચિત્રો, નકશાઓ, મોડેલ્સ વગેરેની મદદથી વિદ્યાર્થીઓને વિષયમાં રસ જાગે છે અને શીખવવામાં પણ વધારે સરળતા થાય છે એવો શિક્ષકોને

અનુભવ થતો ગયો, તે સાથે શિક્ષણનાં સાધનોમાં અનેક પ્રકારો પેદા થયા તથા નવા શોધાયા.

પણ બીજી બાજુ સાધારણ કોટિના શિક્ષકોએ વિદ્યાર્થીઓ પાસેથી પાઠ તૈયાર કરાવી લેવાની એક નવી જ યુક્તિ શોધી કાઢી. એ યુક્તિનો મૂળ ઉદ્દેશ શિક્ષકને ઓછી મહેનત પડે છતાં વિદ્યાર્થીઓ પૂરી મહેનત કરીને સઘળા પાઠો બરાબર કેમ તૈયાર કરી લાવે એ હતો. આ નવી યુક્તિમાં માર્ક આપવા, નંબર ચડાઊતરી કરવા અને ઈનામો આપવાં એ હતાં. નંબર ઊતરી જવાની બીકને કારણે તેમ જ ઈનામ મેળવવાની લાલચને લીધે વિદ્યાર્થીઓ ખૂબ ખૂબ પાઠો કરી લાવતા થયા. વિદ્યાર્થીઓને શાળાએ વખતસર હાજર રાખવા માટે નંબરો ચડાવવા અગર માર્ક આપવાનું ચાલુ થયું ! કપડાં સાફસૂફ રખાવવાં હોય તો તેના ય માર્ક ! લખાણમાં શુદ્ધિ અને છેકાભૂંસી કે ડાઘાડૂઘી ન પાડવાં હોય તો તેના પણ માર્ક !

અર્થાત્ આ સમુદ્રમંથનમાથી નીકળેલું હળાહળ ઝેર તે સ્પર્ધા અને લાલચ–હરીફાઈ અને ઈનામની પ્રથા છે ! આ હરીફાઇ અને લાલચને જોરે વિદ્યાર્થીઓ પાસેથી ધાર્યું કામ લઇ શકાય છે એ અનુભવે સહુને આકર્ષ્યા. પણ આ હરીફાઇના તત્ત્વે બાળકના–માનવીના સ્વભાવમાં ઊંડો સડો દાખલ કર્યો. લાલચ અને ઈનામને કારણે ભણનાર વિદ્યાર્થીને એના અભાવે વાંચવામાંથી રસ ઊડી જવા લાગ્યો. સ્પર્ધામાં જે વિદ્યાર્થીઓ આગળ ન આવી શકયા તેમનામાં બાળપણથી જ લઘુતાગ્રંથિએ મૂળ ઘાલ્યાં. આત્મવિશ્વાસના અભાવે તેઓ એમ માનતા થયા કે આપણે તો વર્ગમાં છેક છેડે બેસવાને જ લાયકના છીએ, અગર જે નવી નવી સજ્જાઓ મારતરો શોધી કાઢે તે ભોગવી લેવા માટે જ સરજાયા છીએ !

આમ ઘણાં વર્ષો વહી ગયાં. પણ આજથી લગભગ ચાલીસ વર્ષ પહેલાં બાળશિક્ષણના આકાશમાં એકાએક એક નવા સૂર્યનો ઉદય થયો ! એના પ્રકાશથી નવીન યુગનો આરંભ થયો અને કેળવણીના જગતમાં બીજી મહાન ક્રાંતિ થઇ.

ડૉકટર મોન્ટેસોરીએ બાલશિક્ષણના ક્ષેત્રમાં શાસ્ત્રીય દૃષ્ટિબિંદુએ નવો જ પ્રકાશ ફેંકયો.

તેમણે બાળકનું ગર્ભાવસ્થાથી માંડીને સૂક્ષ્મ અવલોકન કર્યું. બાળક કેમ મોટું થાય છે–વધે છે, એ દરમિયાન એ કઇ કઇ ક્રિયાઓ કરે છે અને શી રીતે પોતાનો વિકાસ સાધે છે, વગેરે બાબતોનો એમણે શાસ્ત્રીય રીતે અભ્યાસ કરી લીધો. એમાથી એમને કેટલાંએક નવાં તત્ત્વો હાથ લાગ્યાં. આ વિચારો એટલા તો નવા હતા અને એવા તો ધરમૂળથી ફેરફારો માગતા હતા કે સારી ય શિક્ષણની દુનિયા એથી હલી ઊઠી. એમણે રજૂ કરેલા વિચારો નવા હતા છતાં શાસ્ત્રીય પદ્ધતિ પર મંડાયેલા હતા.

ડૉકટર મોન્ટેસોરીએ પોતાનાં અવલોકનોને પરિણામે નીચેના સિદ્ધાંતો તારવ્યા:

(૧) બાળક જ્ઞાન મેળવવા સ્વભાવતઃ જ ઉત્સુક હોય છે. પોતાની આસપાસની દુનિયાને તથા તેના વહેવારને જાણી લેવાની અતિ તીવ્ર જિજ્ઞાસા તેનામાં જન્મતઃ જ હોય છે, અને એની પ્રાપ્તિ અર્થે જ બાળપણમા એની પ્રવૃત્તિઓ ચાલતી હોય છે.

(૨) આ ઉંમરે જ્ઞાન ગ્રહણ કરવાની બાળકની શક્તિ પણ અતિશય જોરદાર હોય છે. માનવી જીવનનો સૌથી શ્રેષ્ઠ સંસ્કારક્ષમ કાળ એ એનો બાલ્યકાળ છે.

(૩) જ્ઞાનપ્રાપ્તિ અર્થે બાળક થાકયા વિના, કંટાળ્યા વિના અથાગ મહેનત કરતું હોય છે.

જાતમહેનતને પરિણામે જ બાળક જ્ઞાન ગ્રહણ કરી શકે છે.

(૪) બાળક પોતાને ભણવાના વિષયોની પસંદગી પોતાની મેળે પોતાની જ્ઞાનપિપાસાને જોરે કરી શકે છે. તેની સ્વયંસ્ફૂર્તિ બાળકને તેના વિશિષ્ટ વિકાસને અનુકુળ હોય તેવા વિષયો અને સમયની પસંદગી કરવામાં સહાય–પ્રેરણા આપ્યા કરે છે.

(૫) બાળકનો સ્વભાવ પ્રગતિશીલ છે– ઉન્નતિગામી છે. હંમેશાં તે આગળ ને આગળ વધવામાં પ્રવૃત્ત રહે છે. બાળકમાં નજર આવતું આળસ, કંટાળો, ભણતર વિષેનો અણગમો, વગેરે બાબતો તો બાળકને ન સમજાય તેવી રીતે અને તેવે સમયે એ બાબતો રજૂ કરવાનું જ પરિણામ છે.

(૬) બાળક પોતાની એ અવસ્થા માટેનું એક મહાન જીવનકાર્ય લઇને જ અવતરે છે. એ કાર્ય તે પોતાનો વિકાસ—મોટા થવું– સંપૂર્ણપણે વિકસિત માનવી બનવું તે છે. બીજનું જીવનકાર્ય જેમ સંપૂર્ણ વિકસેલા વૃક્ષમાં પરિણમવું એ છે તેમ જ બાળકનું જીવનકાર્ય સંપૂર્ણ પુખ્ત માનવી બનવું એ છે. આ ધ્યેયની પ્રાપ્તિ અર્થે જ એની અંત:પ્રેરણા તેને સતત ધકેલ્યા કરે છે અને પ્રવૃત્ત રાખે છે.

બાલજીવનનાં ઉક્ત અવલોકનો ઉપરથી તેમણે નીચે મુજબ શિક્ષણના સિદ્ધાંતો તારવ્યા:–

(ક) બાળકને પોતાનું જીવનકાર્ય સિદ્ધ કરવા સારુ છૂટું મૂકો. આ તેમનો જગપ્રસિદ્ધ, દુનિયાને છક કરી નાખે તેવો અને છતાં ગળે ન ઊતરે તેવો બાળકના સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિનો સિદ્ધાંત છે.

(ખ) બાળક પોતે વિચાર કરી શકે છે; તેનામાં સિદ્ધાંતો તારવી કાઢવાની શક્તિ રહેલી છે. માટે બાળકને જાતે મહેનત કરીને અનુભવો મેળવાની તક આપો અને જાતે જ શીખવા દો. આ તેમનો સ્વયંશિક્ષણનો સિદ્ધાંત છે.

(ગ) હરેક બાળકની પસંદગી અને અણગમો જુદી જુદી તરેહનાં હોય છે; બાળકના વિકાસની ગતિ, અને જુદી જુદી અવસ્થાએ સિદ્ધ થતી આવડત પણ ભિન્ન ભિન્ન હોય છે. આથી બાળકની કેળવણીમાં વર્ગશિક્ષણની પ્રથાને બદલે વ્યક્તિગત કેળવણીને જ સ્થાન આપો.

(ઘ) જ્ઞાન મેળવવાની બાળકની જિજ્ઞાસા એટલી અદમ્ય હોય છે કે નવું નવું જ્ઞાન મેળવવા તે સદા ય આતુર જ હોય છે. વળી જ્ઞાન મેળવ્યાની તૃપ્તિનો આનંદ પણ અદ્‌ભુત હોય છે. માટે સ્પર્ધા, ઈનામ, ચડાઊતરી અથવા માર્ક આપવાની પ્રથા દાખલ કરીને બાળકોની આ નૈસર્ગિક અને સ્વભાવજન્ય ક્રિયાને કલુષિત ન કરો.

ડૉક્ટર મોન્ટેસોરી શિક્ષણશાસ્ત્રના પોતાના આ સિદ્ધાંતો તારવીને જ માત્ર બેસી ન રહ્યાં. તેમણે આ સઘળું શી રીતે સાધી શકાય તેનો પણ રસ્તો બતાવ્યો. બાળક જાતે પ્રયત્ન કરીને શીખે, પ્રયત્ન કરતી વેળા પોતાની ભૂલો જાતે સુધારી શકે અને સ્વયં શિક્ષણ પ્રાપ્ત કરી શકે એવાં સ્વયં ભૂલ-સુધારક અને સ્વયંશિક્ષણ આપનારાં સાધનો પણ તેમણે નિર્માણ કર્યાં.

ડૉક્ટર મોન્ટેસોરીનાં શિક્ષણવિષયક આ સાધનો બાલશિક્ષણની પ્રગતિમાં એક અદ્‌ભુત અને મૌલિક ફાળો છે.

ડૉ. મોન્ટેસોરીએ આ રીતે કેળવણીની દુનિયામાં ભારે જબરું આંદોલન ઊભું કર્યું. તેમણે અભ્યાસક્રમ અને સમયપત્રકના વિચારને તિલાંજલિ આપી. શિક્ષક ભણાવે ને બાળકો ભણે એ પ્રથામાં પણ ફેરફાર કર્યો. તેમણે શિક્ષકને પાર્શ્વભૂમિમાં બેસાડ્યો અને બાળક તથા શિક્ષણનાં સાધનોનો પ્રત્યક્ષ પરિચય

કરાવી દીધો. શિક્ષકનું કામ મદદ કરનારનું–દિશાસૂચકનું–બાલસમાજની વ્યવસ્થા રાખનાર નિરીક્ષક તરીકેનું જ ગણ્યું. બાળકોને ભણાવી ગણાવીને ડાહ્યાંડમરાં બનાવનાર 'ગુરુ' તરીકેની માથાકૂટ તેને માથે ન રહી.

આપણે આપણા દેશની બાળકેળવણીનો ઇતિહાસ તપાસતો હોય તો આપણે ત્યાં કિન્ડરગાર્ટન શાળાઓ દાખલ થઈ ત્યાર પછીનો ૫૦–૬૦ વર્ષનો કાળ અવલોકી જવો જોઈએ.

શરૂઆતમાં મિશનરીઓએ પોતાની શાળાઓમાં કિન્ડરગાર્ટન પદ્ધતિ દાખલ કરી. તે કાળે બાળકેળવણીમાં સૌથી અદ્યતન ગણાતી એ પદ્ધતિને તેમણે પોતાની શાળાઓમાં સ્થાન આપ્યું. એ શાળાઓમાં મોટી મોટી ફી ભરીને સારી સંખ્યામાં બાળકો ભણવા જતાં. ધીરેધીરે ટ્રેનિંગ કૉલેજ એટલે સરકારી અધ્યાપનમંદિરોની પ્રેક્ટીસિંગ શાળાઓ–શિક્ષણાનુભવશાળાઓમાં એ પદ્ધતિ દાખલ કરવામાં આવી. પરિણામે કોઈ કોઈ સ્થળે આવી અલગ શાળાઓએ પણ દેખા દીધી આપણા દેશમાં કિન્ડરગાર્ટન શાળાઓની વ્યવસ્થિત શરૂઆત કરવાનું માન વડોદરા રાજ્યને મળે છે. એ રાજ્યને કારણે ગુજરાતમાં આ શાળાઓનો પ્રચાર વધારે પ્રમાણમાં થયો હતો.

મોન્ટેસોરી પદ્ધતિની શાળાઓ મોટી સંખ્યામાં ચલાવવાનો જશ પણ ગુજરાતને ભાગે જ આવે છે. ગુજરાતમાં પહેલી મોન્ટેસોરી શાળા વસોમાં નીકળી; ત્યાંથી આ સિદ્ધાંતો વઢવાણમાં સ્વ. શ્રી. ગિજુભાઇ પાસે પહોંચ્યા ત્યાર પછી ભાવનગરમાં રહી સ્વ ગિજુભાઇએ ડૉ. મોન્ટેસોરીના સિદ્ધાંતોનો એકલવ્યની પેઠે જાતે અભ્યાસ કર્યો, સતત ચિંતન કર્યું, પ્રયોગો અને અનુભવોનો સંભાર ભર્યો અને એ રીતે નવા સિદ્ધાંતોનો પ્રત્યક્ષ પ્રયોગ કેમ કરવો તે ચોજી કાઢ્યું. આ દિશામાં તેમને પ્રાપ્ત થયેલું આ અદ્‌ભુત દર્શન હતું. પોતાને લાધેલાં આ તત્ત્વોનો પ્રચાર એમણે જોરશોરથી સારા ય ગુજરાત અને બૃહદ્ ગુજરાતમાં આદરી દીધો. તેમણે અધ્યાપનમંદિર ખોલ્યું, અને એમાં તેમને ચરણે બેસી મોન્ટેસોરીના સિદ્ધાંતોનું પાન કરનાર તેમના શિષ્યોએ ગુજરાતભરમાં ઠેરઠેર બાલમંદિરો ચાલુ કર્યાં. આજે ગુજરાતમાં ઘણાં મોન્ટેસોરી બાલમંદિરો ચાલે છે. આ બધાં બાલમંદિરો મોટાં શહેરોમાં ઊઘડ્યાં છે એટલું જ નહિ પરંતુ સામાન્ય રીતે ગામડાં ગણાય એવાં ઘણાં દૂરદૂરનાં મધ્યમ શહેરોમા પણ આ બાલમંદિરો પહોંચી ગયાં છે.

– સ્વ. ગિજુભાઇની મહેનતને લીધે જનતામાં બાળકેળવણી અંગે પુષ્કળ જાગૃતિ આવી. આજે બાળકો માથે ઘરમાં કામ પાડતી વેળા સામાન્ય માબાપો પણ એટલું સમજતાં તો થઇ જ ગયાં છે કે "બાળકો પર ગુસ્સે થવાય નહિ; તેમને મરાય નહિ." ગામના આગેવાન પુરુષોને પોતાના ગામમાં બાલમંદિર તો હોવું જ જોઇએ એમ લાગ્યા વિના રહેતું નથી. બાલમંદિરો ચાલતાં હોય ત્યાં પણ તેને માટે સારા મકાનની જરૂરિયાત સહુ કોઇ સ્વીકારે છે; બાલમંદિરમાં સાધનો સારાં જ જોઇએ, અને શિક્ષક પણ કેળવાયેલ જ જોઇએ એટલું તેઓ અવશ્ય કબૂલ રાખે છે. એકંદરે લોકોમાં બાળકેળવણી વિષે સારો આદર અને મમતા જાગૃત થયેલાં નજર આવે છે.

આ દૃશ્યની બીજી બાજુ પણ છે. ઘણાઓનું કહેવું છે કે આ બાલમંદિરો જેવાં હોવાં જોઇએ તેવાં નથી. ઘણાઓનું કહેવું છે કે જે બાલમંદિરો ચાલે છે તે બધાં બાળકેળવણીની

તેમનાથી જ ઊઘડયાં છે એમ માનવાનું કશું કારણ નથી; કેટલાં ય બાલમંદિરો આજે કમાવાના એક સારા સાધન તરીકે ચલાવવામાં આવે છે. ઘણાઓનો સખત વાંધો છે કે ગમે તે આલીમવાલી વ્યકિત 'બાલમંદિર' ના નામનું સુંદર પાટિયું મારી બાળકોને એકઠાં કરે છે, ને જૂની પદ્ધતિના મહેતાજી કરતાં પણ કનિષ્ઠ દરજ્જાની શાળા ચલાવે છે. જૂના મહેતાજી આઠ આના પી લેતા તો આ 'બાલમંદિરો' ના નવા 'આચાર્યો' બબ્બે ત્રણત્રણ રૂપિયા પી પડાવે છે ! એક વર્ગ એવો પણ છે જેમને આ બાલમંદિરો —સારાં ચાલતાં બાલમંદિરો પણ બહુ ખર્ચાળ પદ્ધતિનાં છે એવું ખરેખર લાગે છે. કેટલાએકનું કહેવું એવું છે કે આ શાળામાં બાળકોને બહુ માથાભારે બનાવી દેવામાં આવે છે. કેટલાએક અનુભવ વિના જ કહેવા લાગે છે કે "બાળકને તેની મરજી પ્રમાણે બધું કરવા દઈએ તો ભવિષ્યમાં તેનું કેમ ચાલશે ?"

આ સઘળી ટીકાઓમાંથી કોઇ કોઇ ધ્યાન આપવા જેવી હોય તોપણ એકંદરે એથી નિરાશ થવાનું કારણ નથી. જ્યારે કોઇ પણ નવી બાબતની શરૂઆત થાય છે, ત્યારે પહેલાં પહેલાં આવી ભૂલો દાખલ થઇ પણ જાય છે. એનો ઉપાય તો પ્રજાએ–માબાપોએ જાગૃત થવું એ છે. આ દિશામાં નૂતન બાલશિક્ષણ-સંઘ પોતાથી બની શકતું બધું કરી રહેલ છે. ધીરે ધીરે સત્ય આગળ તરી આવશે, ને અસત્ય આખરે ઉઘાડું પડી જશે. એમાં ગભરાઇ ગયે ન ચાલે. મારું તો દૃઢ માનવું છે કે બાલશિક્ષણનો આ નવો પ્રવાહ વધારે ને વધારે વેગવાન બનતો જાય છે.

હવે તો વળી સ્વ. કસ્તુરબા સ્મારકફાળા મારફત જે કામો શરૂ થવાનાં છે તેમાં બાલશિક્ષણનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પરિણામે આજ સુધી બાલશિક્ષણનો પ્રવાહ માત્ર મોટાં શહેરોમાં જ અટવાઇ રહ્યો હતો તે હવે દેઠ નાનાં નાનાં ગામડાંઓમાં પણ ફરી વળશે. બાળકેળવણીનું કાર્ય વધારે વિસ્તારમાં પહોંચી જવાનાં શુભ ચિહ્નો આજે ચોમેર દેખાઇ રહ્યા છે. સરકારની સાર્જંટ કમીટીએ પણ પોતાના અહેવાલમાં પૂર્વપ્રાથમિક કેળવણીનો સમાવેશ કર્યો છે. એકંદરે એવું દેખાય છે કે રાજ્ય તેમજ પ્રજા ઉભય પક્ષે આ કાર્ય મોટા પાયા પર હવે ચાલુ થઇ જશે.

પ્રાથમિક શાળાનાં શિક્ષક ભાઇબહેનો ! તમારા હાથમાંથી બાળકોનો મોટો સમૂહ પસાર થાય છે. તમે સહુ બાળકેળવણીની ઊંડી સમજણ, સહાનુભૂતિ અને શ્રદ્ધાથી આ કાર્ય ઉપાડી લઇ સમસ્ત બાળજનતાના કાર્યમાં પૂરતી સહાય આપશો તો આ કાર્ય અવશ્ય પાંગરશે. તમારો સહુનો સાથ મળશે જ એવી હું આશા સેવું છું

તા.

સોવિયેટ રશિયાનાં બાળકો

(૩)

બહિઃશાલેય પ્રવૃત્તિઓ

વર્ગોમાં વિષયોનું શિક્ષણ અપાય છે અને દરેક વર્ગમાં દરેક બાળક હાજરી આપે એવી અપેક્ષા રખાય છે. પણ કેટલાંક બાળકો કેટલાએક ખાસ વિષયોમાં વિશેષ રસ ધરાવતાં હોય છે. એવાં બાળકો માટે દરેક શાળામાં અનેક મંડળો હોય છે. આ મંડળોનું કામ શાળાના સમય પછી ચાલે છે અને બાળકો તેમાં ઇચ્છા મુજબ જોડાઇ શકે છે સાહિત્ય અને નાટ્યનું મંડળ, વિજ્ઞાન–મંડળ, કલા–મંડળ વગેરે અનેક પ્રકારનાં મંડળોમાં બાળકો ઇચ્છા મુજબ ભાગ લે છે. આ સિવાય યાંત્રિક પ્રવૃત્તિઓનાં શોખીન બાળકો માટે યંત્રો બનાવવાની સગવડ આપતાં ખાસ મંડળો પણ દરેક શાળામાં રહે છે.

આ મંડળોમાં બાળકોની હાજરી મરજિયાત હોય છે. પણ એક વાર એક મંડળમાં જોડાયા પછી અમુક વખત સુધી તો આ મંડળમાં એને રહેવું જ પડે છે. આનો હેતુ એ છે કે એ મંડળમાંથી બાળક જોઇતી શક્તિનો વિકાસ પ્રાપ્ત કરી શકે. આવા દરેક મંડળનો એક નેતા હોય છે અને તેને પગાર આપવામાં આવે છે. વિદ્યાર્થીઓમાંથી એકને મંડળના મંત્રી તરીકે ચૂંટવામાં આવે છે અને મંત્રી બાળકોની હાજરી વગેરે રાખી આખા મંડળની સામાન્ય વ્યવસ્થા સંભાળે છે.

આ જુદાં જુદા મંડળો પહેલી મે, સાતમી નવેંબર, નવું વર્ષ, કે વર્ષાન્ત ઉત્સવ વખતે ભેગાં થાય છે. આ મેળાવડામાં નાટ્યમંડળ તરફથી નાટકો રજૂ કરવામાં આવે છે, વિજ્ઞાન–મંડળનાં બાળકો રંગબેરંગી પ્રકાશની આયોજના કરે છે, સંગીતમંડળ સંગીતનો કાર્યક્રમ રજૂ કરે છે. આની સાથે બાળકોએ બનાવેલી યાંત્રિક ચીજો, બાળકોનાં ચિત્રો અને બીજાં સર્જનોનું પ્રદર્શન પણ ગોઠવવામાં આવે છે.

રશિયામાં નિસર્ગવિજ્ઞાન ઉપર ખૂબ ભાર મૂકવામાં આવે છે. પ્રાણી અને વનસ્પતિઓનો મોટો સરખો સંગ્રહ રાખવામાં આવે છે અને તેની બધી વ્યવસ્થા બાળકો જ કરે છે. નિસર્ગવિજ્ઞાનમાં એકરસ થવાથી વિધ્વંસક અને તોફાની વૃત્તિના એક બાળકના જીવનમાં કેવું અજબ પરિવર્તન થયું તેનો એક દાખલો અહીં આપવો ઠીક થશે સીમોર નામનો ચોથા ધોરણમાં ભણતો એ વિદ્યાર્થી હતો. એક વખત ઇંગ્લેંડથી શિક્ષકોનું એક મંડળ મોસ્કો આવ્યું. એ મંડળ મોસ્કોની બોટેનિકલ ગાર્ડન જોવા નીકળ્યું. તેમને બાગ બતાવીને બધી ચીજો સમજાવવા માટે સીમોરની યોજના કરવામાં આવી હતી. એ બાળકે બીજ અને છોડ વિષે એટલું અદ્‌ભુત જ્ઞાન બતાવ્યું કે આવેલ મહેમાનોને ખૂબ જ નવાઈ લાગી. એ બાળકે બધા છોડો વિષે મહેમાનોને માહિતી આપી. અંતે તે એમને મિચ્યુરિન નામના પ્રખ્યાત વનસ્પતિના પ્રયોગશાસ્ત્રીની પદ્ધતિ મુજબ ચાલતા વનસ્પતિની કલમો બનાવવાના પ્રયોગ–વિભાગમાં લઇ ગયો. ત્યાં ગયા પછી સીમોર એકદમ દોડીને છોકરાંઓના એક ટોળા પાસે ગયો અને બાગમાંનું એક ફૂલ તોડવા માટે તેમને વઢવા લાગ્યો. અન્તે તેણે તેમને જવા દીધા પણ તેમને ચેતવણી આપી કે સામાજિક

સંપત્તિનુ યોગ્ય માન આપતાં તેઓ શીખે ? આજ સીમોર વિનાશક વૃત્તિવાળા તોફાની બાળક તરીકે જાણીતો હતો. પણ વનસ્પતિ ઉછેરની સર્જનપ્રવૃત્તિમાં તેની વૃત્તિઓને અવકાશ મળવાથી તે સામાજિક સંપત્તિનો મોટો રક્ષક થયો !

શાળાઓમાં જે બાળકો નિષ્ણાત યંત્રશાસ્ત્રજ્ઞ અને બાંધકામ જાણનાર હોય છે, તેમને માટે જિલ્લા યાંત્રિક કેન્દ્રો ચાલે છે. આ કેન્દ્રોમાં યાંત્રિક રચનાનાં સાધનો વ્યવસ્થિત રીતે ગોઠવેલાં રહે છે. બાળકો આમાં જઇ પોતાની ઇચ્છા મુજબ વાયરલેસ સેટ, નાની સ્ટીમરો, એરોપ્લેન, મોટરો વગેરે બનાવે છે. આ બધી ચીજો માત્ર રમકડાં તરીકે નહિ, પણ પ્રત્યક્ષ ચાલી શકે, ઊડી શકે એવી યોજના સાથે મોડેલ સ્વરૂપમાં બનાવવામાં આવે છે. આ યાંત્રિક કેન્દ્રોમાં શાળાંમાંથી સારો વિદ્યાર્થી હોવાનું ભલામણપત્ર લાવવાથી બાળકો દાખલ થઇ શકે છે. યાંત્રિક કેન્દ્ર ઉપરાંત દરેક જિલ્લામાં કલા અને સંગીત માટે ખાસ શાળાઓ હોય છે. એમાં સંગીતના અભ્યાસ માટે બાળકો જોડાય છે. રમતગમતો માટે પણ ખાસ કેન્દ્ર દરેક જિલ્લામાં હોય છે.

રશિયન બાળકો માટે સૌથી આકર્ષક વસ્તુ તો 'પેલેસ ઓફ પાયોનિયર' ના કોઇ પણ એક વિભાગમાં જોડાવું એ હોય છે. આ પેલેસ એક સ્વપ્નસૃષ્ટિ જેવી વસ્તુ હોય છે. બહારથી એ એક મોટા કિલ્લા જેવો દેખાય છે, પણ અંદર આધુનિક યુગની સંસ્કૃતિની ઉચ્ચતમ અવસ્થાનું પ્રદર્શન જોવા મળે છે. બાળકના મનની દરેક અભિલાષા સંતોષાય એવું વાતાવરણ આ મહેલમાં ખડું કરેલું હોય છે. કલા, સંગીત, ફોટોગ્રાફી, નાટ્ય, ફિલ્મ બનાવવાની કલા, એંજીનિયરિંગ, સ્થાપત્ય અને વૈજ્ઞાનિક શોધખોળ, એ બધા માટે આમાં સ્થાન છે. આમાં એક થિયેટર પણ હોય છે જેમાં બાળકો જ નાટકો ભજવે છે, ગીત-નૃત્યોના કાર્યક્રમો આપે છે. અહી સોવિયેટ રશિયાના સારામાં સારા લેખકો, કવિઓ, કલાધરો અને ગાયકો પોતાના જ્ઞાનનો લાભ બાળકોને આપવા માટે આવે છે.

આમાં બાળકો માટે જે ચિત્રપટો બતાવવામાં આવે છે તેમાં બાળકોની અસાધારણ ભીડ જામે છે. ટ્રેઝર આયલંડ, કૅપ્ટન ગ્રેટસ ચિલ્ડ્રન, ટોમ સોયર, એ વ્હાઇટ સેલ લૂમ્સ વગેરે જેવા બાલભોગ્ય ચિત્રપટો આમાં બતાવાય છે રશિયામા એવું નિયમન છે કે ચૌદ વર્ષથી નીચેના બાળકો મોટી ઉંમરનાં માણસો માટેના ચિત્રપટોમાં જઇ ન શકે. આ નિયમ કેટલો વિચારપૂર્વક ઘડેલો છે ! આપણે ત્યાં ૬/૭ વર્ષનાં કુમળાં બાળકો ચિત્રપટ પરની ગદી શૃંગારચેષ્ટાઓ હમેશ જોયા કરે છે અને પોતાના જીવનમાં અનેક જાતની જાતીય વિકૃતિઓ પેદા કરે છે. એનાથી આપણાં બાળકોને બચાવી લેવા માટે સોવિયેટ રશિયાની જેમ આપણે ત્યાં પણ કાયદો ઘડાય અને બાળકો માટેના ખાસ ચિત્રપટગૃહો યોજાય તો કેવું સારુ !

રેડીઓ પર બાળકો માટે દરરોજ બે કાર્યક્રમ હોય છે. તેમાંનો એક નાનાંઓ માટે અને બીજો મોટાંઓ માટે હોય છે. આમાં દુનિયાના બધા દેશોની વાર્તાઓ કહેવામાં આવે છે અને રશિયાના શૂરવીરોની જીવનકથાઓ પણ હોય છે. રશિયાની પ્રગતિને લગતા બધા ખબરો બાળકોને આપવામાં આવે છે અને તે દ્વારા પોતાની માતૃભૂમિ માટેના અનન્ય પ્રેમનાં બીજ બાળકોના મનમાં વવાય છે. આ કાર્યક્રમો બાળકોની પસંદગી પ્રમાણે ગોઠવવામાં આવે છે, અને કાર્યક્રમના યોજકો એ માટે બાળકો સાથે હંમેશા પત્રવ્યવહાર કરે છે. બાળકો પોતાના પત્રોમાં કાર્યક્રમો વિષે

નિખાલસતાથી પોતાની ટીકાઓ અને સૂચનાઓ લખે છે અને તેને અનુસરીને યોજકો કાર્યક્રમોમાં ફેરફાર પણ કરે છે.

આ સિવાય અનેક પ્રકારના સામાજિક કાર્યક્રમો પણ બાળકો માટે યોજવામાં આવે છે. મુસાફરીઓ, રમતો, કૅમ્પફાયર્સ, વગેરે પ્રવૃત્તિઓ ત્યાં હંમેશાં ચાલે છે.

શાળાના અભ્યાસક્રમને જ સર્વસ્વ માનીને ચાલતી આપણી શાળાઓ આવી જાતની બહિઃશાલેય પ્રવૃત્તિઓ તરફ પૂરતું ધ્યાન આપે તો કેવું સારું !

ગો. રા. કુ.

આ શું ? આ શું ?

રજનીકાંત અઢી વર્ષના છે. એ એ વર્ષના હતા ત્યાં સુધી એમને સહેજ પણ બોલતાં આવડતું ન હતું. બીજાં બાળકો તો દશબાર મહિનાનાં થાય એટલે બા, બા. કા. કા. કે એવું કંઈક બોલવાનું શરૂ કરે છે. પરંતુ રજનીકાંત તો એ વર્ષના થયા ત્યાં સુધી એક પણ અક્ષર બોલતા ન હતા. હા, એમને જે કંઈ ચીજ ભાવતું હોય તે નિશાની કરીને સમજાવતાં બરાબર પણ એ વર્ષ પૂરાં થયાં કે એમનું બોલવાનું શરૂ થયું. બીજાં બાળકો તો બા, બા, કા, કા, એ પાંચ માસ બોલે પછી બાપા કાકા, એવું બોલે. પરંતુ રજનીકાન્તે તો શરૂઆતથી જ બાપા, કાકા, મામા, એક, દશ, એમ બોલવાનું શરૂ કર્યું અને આજે છ મહિના પછી તો એ ગમે તે શબ્દ બોલી શકે છે અને નાનાં નાનાં વાક્યો પણ બોલે છે પણ બરાબર વાત તો હવે આવે છે. થોડા દિવસથી રજનીકાંત બાલમંદિર જાય છે. એમને ગામમાં થઈને બાલમંદિર જવું પડે છે. એમની સાથે એમનાં બેન સરોજબેન જાય છે. રજનીકાંત તો આખે રસ્તે સરોજબેનને પૂછ પૂછ કરે છે, " આ શું ? આ શું ? " લીમડો જુએ તો પૂછે, "આ શું ?" અને કોઠી જુએ તો પૂછે " આ શું ? " બાલમંદિરમાં દફતરપેટી જુએ તો " આ શું ? " અને હોડકું જુએ તો " આ શું ? " ઘેર પણ કૂવો જુએ તો " આ શું ? " અને વેલણ જુઓ તો " આ શું ? " એમનો ભાઈ ઉષાકાન્ત ચોપડી વાંચતો હોય તો એની ચોપડી લઈ લઈને તરત જ પૂછવા માંડે, " આ શું ? " એમ રજનીકાન્ત ભાઈનું આખો દિવસ " આ શું ? " " આ શું " ચાલ્યાજ કરે છે.

શં. શાહ

નવાં જોડાયેલાં બાલમંદિરો

(૧)	સ્વ૦ વિઠ્ઠલભાઈ ઝ. પટેલ બાલમંદિર,	ભાદરણ
(૨)	બંધુસમાજ બાલમંદિર,	ધર્મજ

ઋણસ્વીકાર

આખા દિવસના કામથી પરવારી સાંજે ઘર તરફ વળ્યો. ઘરમાં પગ મૂકતાં જ નાના રમેશનો ગણગણાટ કાન ઉપર આવ્યો. "ૐ સહના....."

એમ તો આજે એક અઠવાડિયાથી બાલ-મંદિરે જતો થયો છે ત્યારથી કંઇક કંઇક ગણગણે છે. તેવું જ આ પણ ગાતો હશે એમ માની મેં તે તરફ વધુ ધ્યાન ન આપ્યું.

સાંજે બહારથી આવી પહેલો કાર્યક્રમ સાંજનું જમણ આટોપવાનો જ હોય. દરરોજની જેમ જલદી જલદી હાથપગ ધોઇ હું પાટલા ઉપર ગોઠવાઇ ગયો. થાળી પિરસાતી હતી એટલામાં રમેશ પણ તૈયાર થઇ આવી ગયો હતો. થોડી વારમાં જ થાળી આવી ગઈ અને હંમેશની જેમ મેં જમવાનું ચાલુ કર્યું: ત્યાં તો રમેશ બરાડી ઊઠ્યો, "અરે મોટાભાઈ! પ્રાર્થના નથી કરવી?"

બીજે કોળિયે મોંમાં મૂકતાં હું અચકાયો, પણ તેનું સમાધાન કરવા કહ્યું, "કરવી તો છે... પણ મેં જમવાનું ચાલુ કરી દીધુ ને?"

"હશે! ચાલો ને હવે કરીએ." બીતાં બીતાં તેણે જણાવ્યું. તેના શબ્દોમાં શંકા અને ડર બંને હતાં. જાણે તે મારા અંતરનો ભાવ સમજી ગયો હતો કે 'કંઇ નહિ; હવે કાલે કરીશું" કહી હું પ્રાર્થના ટાળવા માગું છું.

અને મોટાભાઇ એમ પ્રાર્થના ટાળે તો પ્રાર્થના કેમ કરીને થાય? એમ ન બને તે માટેની આગ્રહભરી વિનંતી તેની નિર્દોષ આંખોમાંથી ઝરી રહી હતી.

પણ મેં મારી જાતને સમાલી લીધી, અને તેની સૂચના સ્વીકારી લીધી તેની થાળી પિરસાઈ ગઈ અને અમે પ્રાર્થના શરૂ કરી.

બાલમંદિરનો પ્રાર્થના વખતનો ચંચળ દેખાતો રમેશ અત્યારે ગંભીર બની ગયો હતો. પ્રાર્થના પૂરી થઈ અને રામચંદ્ર દેવકી જય બોલાઈ. રમેશના મોં ઉપર આનંદ ઉભરાઈ જતો દેખાતો હતો, તેની પ્રસન્નતા અદ્‌ભુત હતી.

તેના મોં સામું જોઇ હું વિહ્વળ બની ગયો. મારા લાડકા પુત્રને આવું સુદૃઢ વાતાવરણ આપનાર બાલમંદિરનો હું કેટલો ઋણી ગણાઉં?

શૈલત.

સંઘના નવા આજીવનસભ્યો

ચાલુ માસમાં નીચે લખ્યા નવા આજીવનસભ્યો નોંધાયા છે:—

(૧)	શ્રી વીરમતીબેન વિજયસિંહ લીલાધર	મુંબઇ
(૨)	શ્રી હરિવલ્લભદાસ ચુનીલાલ શાહ	પેટલાદ
(૩)	શ્રી શારદાબેન રમણલાલ શાહ	અમદાવાદ

નૂતન પ્રાથમિક શિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે એમણે
આત્મારામ પ્રિં. પ્રેસ, પારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. તા. ૩૦-૪-૪૫

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

卐

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

卐

બાલઘરનું ધ્યેય ગામનું એક સંસ્કારકેન્દ્ર બની રહેવાનું રહેશે. આથી બાળકોના વિવિધ પ્રશ્નોનો સફળ ઉકેલ લાવતાં સ્વાભાવિક રીતે બાલ-શિક્ષકને ગ્રામજીવનના વ્યાપક સ્વરૂપમાં પ્રવેશ કરવો જ પડશે. આવા પ્રયત્નોમાંથી આખા રાષ્ટ્રનિયોજનના માર્ગદર્શન માટે ઉપયોગી કાર્યદિશા મળી રહેવાનો પૂરો સંભવ છે.

બાલઘરમાં સુઘડતા, વ્યવસ્થિતતા, સ્વાવલંબન, સારી રીતભાત, ભાષા-શુદ્ધિ અને સામાજિક સહકારની તાલીમ પામેલાં બાળકો પોતાનાં કુટુંબી જનોની સાથેના વર્તાવમાં જે એક વિશિષ્ટ પ્રકારનું તત્ત્વ દાખલ કરે તેની છાપ –બાલઘરના સંસ્કારની મુદ્રા માબાપ ઉપર પણ પડે એમાં નવાઈ નથી. આડકતરી રીતે બાળકો દ્વારા માબાપો કેળવાતાં જાય એ આ પદ્ધતિથી અપાતી તાલીમનું જ શુભ પરિણામ છે.....આ પદ્ધતિના સ્વીકારના પરિણામે ગામડામાં લોકકેળવણીનો પ્રશ્ન પણ તેના સ્વાભાવિક ક્રમથી ઉકેલાતો જશે.

ક્યારે ભણ્યો ?

ગયા મે મહિનામાં અમે ભાદરવા હતાં. ઉષાકાંતને તે વખતે સાડાપાંચ વર્ષ થયાં હતાં. છેલ્લાં બે વર્ષથી તે બાલમંદિર જતા હતા પરંતુ હજી એમને લખતાંવાંચતાં આવડતું ન હતું. ઉષાકાંતનાં ફઇબા પણ ભાદરવા આવ્યાં હતાં; એમની સાથે નાની દીકરી દેવીલા પણ હતી. દેવીલાને કા, બા, એવું વાંચતાં અને ક, ખ, એવું લખતાં પણ આવડતું હતું. દેવીલાબેન તો વાંચે અને લખે પણ ખરાં ! ઉષાકાંતભાઇ તો આખો દિવસ રમ્યા કરે અને સાંજ પડે ક્રીડાંગણમાં ઊપડે. વાંચવા-લખવાની વાતે ય શાની કરે ? ઘરનાં બધાં કહે : " અરે ઉષાકાંત ! તું તો વાંચતો યે નથી ને લખતો યે નથી ? તો પછી બાલમંદિર જઇને કરે છે શું ? જો ને આ દેવીલા ? કેવું સરસ વાંચતાંલખતાં આવડે છે ! તું તો ભોટ રહ્યો, ભોટ ! ભાઇસાહેબ બે વરસથી બાલમંદિર જાય છે તોપણ કશું આવડતું નથી. "

પણ ઉષાકાંત કાંઇ એમનાથી ગાંજ્યા જાય એવા ન હતા. એ તો તરત જવાબ આપે : " અમારા બાલમંદિરમાં ભણવાનું નહિ. અમારે તો દફ્તરપેટી અને એવા બધાથી રમવાનું. અમને કોઇ ભણાવે જ નહિ ને ! ઘરનાં બધાંને થાય કે આ છોકરો કરશે શું ?

પછી તો જૂન મહિનામાં ઉષાકાંત પાછા બાલમંદિર જવા લાગ્યા. એકાદ મહિનો થયો ન થયો ત્યાં તો એ કાકા, મામા વાંચવા લાગ્યા અને લખવા પણ લાગ્યા; અને આજે છ મહિના પછી ગઇ કાલે રાત્રે જ એ સ્વ. ગિજુભાઇની લખેલી ' હજામડી ' નામની ચોપડી એક છેડેથી બીજે છેડે સુધી દોઢબે કલાકમાં વાંચી ગયા. અને દેવીલાબેન હજી તો બાળપોથીમાં જ પડયાં છે ! ' બા ચા પા ' થી આગળ હજી એમની ગાડી વધી નથી.

પણ ઉષાકાંત આટલું બધું ભણ્યા ક્યારે ? ક્યારે વળી ? બાલમંદિરમાં બે વરસ દરમિયાન જ તો ! માત્ર એમનું ભણતર બહાર દેખાતું ન હતું.

ખરી રીતે બાળકો એ પ્રમાણે જ શીખે છે. નાનું બાળક દસબાર મહિનાનું થાય છે ત્યાં સુધી એક અક્ષર પણ બોલતું નથી, અને પછી એકાએક બોલવા માંડે છે. એ કઇ રીતે બોલતાં શીખે છે ? બધો વખત એ મોટેરાંને બોલતાં સાંભળે છે; એ બધાં કેવી રીતે બોલે છે, બોલતી વખતે તેમના હોઠ કેવી રીતે હલે છે, એ બધાનુ બાળક અવલોકન કરે છે. એ અવ-લોકન પાંચદસ દિવસ નહિ પણ બાસા દસ-બાર મહિના ચાલે છે; અને છેવટે બાળક એકા-એક બોલવાનું શરૂ કરે છે. ભાઇ ઉષાકાંત પણ એવી જ રીતે ભણ્યા હતા. બાલમંદિરનાં બેઅઢી વર્ષ એમણે અવલોકન કર્યા કર્યું અને છેવટે એક દિવસે વાંચવા લાગ્યા, અને લખવા પણ લાગ્યા ! જે વાચનલેખન પ્રાથમિક શાળામાં દરરોજના પાંચછ કલાક કામ કરાવ્યા પછી વર્ષે બે વર્ષે સાધ્ય થાય છે, તે બધું ઉષાકાંતે છ મહિનામાં પોતાની મેળાએ કર્યું હતું.

પણ એટલી ધીરજ જોઇએ ! શં.

પૂ. કસ્તુરબા સ્મારક માટે
અંઢીથી સાત વર્ષનાં ગ્રામનિવાસી બાળકોની
સર્વાંગી કેળવણીની યોજના
યોજનાની ભાવના-સંક્ષેપમાં

સમગ્ર રાષ્ટ્રની કેળવણીને પાંચ કક્ષાઓમાં વહેંચી નાંખી યોજના થવી જોઇએ. (૧) જન્મ-પૂર્વની (Pre-natal) (૨) જન્મ પછીની (Post-natal) (૩) પૂર્વ બુનિયાદી (૪) બુનિયાદી અને (૫) ઉત્તર બુનિયાદી તથા પ્રૌઢ. પરંતુ આ પાંચે કક્ષાઓની યોજના એક સર્વગ્રાહી ભાવના અને સંકલનાની દૃષ્ટિએ ક્રમિક, સુસંગત અને ઉત્તરોત્તર પ્રેરક હોવી જોઇએ.

સર્વોદય, આપણી ગ્રામસંસ્કૃતિની પ્રકૃતિને અનુરૂપ સાદાઇ અને જીવનોપયોગી વ્યવસાય દ્વારા કેળવેલા સ્વાવલંબનની ભાવના અનુસાર વર્ધા યોજનાનું સ્વરૂપ નિર્માણ થયેલું છે. અત્રે રજૂ કરેલી ત્રીજી કક્ષાની, એટલે પૂર્વ બુનિયાદી કક્ષાની યોજના, વર્ધા યોજનાને ઉપકારક નીવડશે એ વિષે અમને ખાત્રી છે.

આ ત્રીજી કક્ષાની કેળવણીનો વિચાર કરતાં પહેલાં પહેલી બે કક્ષાઓનો વિચાર કરેલો હોવો જોઇએ. અમે એ વિષે કંઇ સૂચનો નથી કર્યાં, તે એટલા જ કારણથી કે કસ્તુરબા સ્મારક યોજનાની બીજી એક સમિતિ તે વિષે યોજના ઘડી રહી છે. પણ અત્રે એટલું જ યાદ રાખવાનું છે કે પ્રસ્તુત ત્રીજી કક્ષાની યોજનાની સફળતાનો આધાર પહેલી બેની સફળતા ઉપર છે.

બાળકનાં બીજરૂપે રહેલી શક્તિઓ અઢીથી સાત વર્ષની વયમાં અંકુરિત થઇ વિકસે તે માટે નૂતન બાલકેળવણીના સિદ્ધાન્તો અનુસાર યોગ્ય વાતાવરણ ઉત્પન્ન કરવું આવશ્યક છે. આ સિદ્ધાન્તો વસ્તુતઃ વૈજ્ઞાનિક અને વ્યાપક હોઇ કોઇ પણ સાચી કેળવણીની દૃષ્ટિ અને પદ્ધતિમાં રહેલા હોવા જોઇએ. શિક્ષકના સીધા સંચાલનથી નહિ, પણ સ્વતઃ વાતાવરણ જ બાળકને પોતાની શક્તિઓ સ્વયંસ્ફૂરિત રીતે (spontaneously) અજમાવવા અને યોગ્ય માર્ગે વિકસાવવા પ્રેરે, તે અર્થે તેમાં નીચેનાં તત્ત્વો હોવાં આવશ્યક છેઃ-

(૧) શિક્ષા, ભય, લાલચ અને સ્પર્ધા જેવાં હિંસક તત્ત્વોના સંપૂર્ણ અભાવવાળું સ્વાતંત્ર્ય;

(૨) બાળકના વ્યક્તિત્વ માટે આદર અને સમભાવ; અને

(૩) આ સર્વ તત્ત્વોના પરિપાકરૂપે ઉત્પન્ન થતી સ્વાવલંબન અને સહકારની વૃત્તિઓ.

આવા જીવન્ત વાતાવરણ માટે યોજાતી પ્રવૃત્તિઓ સહેતુક હોવી જોઇએ. સહેતુક પ્રવૃત્તિઓ એ આ પદ્ધતિનો મુખ્ય આધાર છે. વિવિધ દૃષ્ટિથી યોજેલી પ્રવૃત્તિઓ દ્વારા બાળક પોતાનાં બધાં અંગો કસી શકે, માનસિક વલણો બાંધે અને તે સ્વતઃ જ્ઞાન પામતું રહે, એવી તેમાં કલ્પના છે. બાળક પોતાનો સર્વાંગી વિકાસ સાધતું થાય તે માટે વૈજ્ઞાનિક દૃષ્ટિથી ઉપજાવેલાં અને અનુભવથી સફળ ઠરેલાં અમુક

સાધનોનો ઉપયોગ આવશ્યક થઇ પડે છે. કારણકે બાળક કેવળ રસપૂર્વક કામમાં રોકાઇ રહે તેટલું બસ નથી, પણ પોતાની ગૂઢ રહેલી શક્તિઓ ક્રમશઃ વ્યક્ત કરે, સ્વતઃ વિકાસ પામતું રહે તે માટે સહેતુક વાતાવરણ જમાવવા આવાં શાસ્ત્રીય સાધનો આવશ્યક છે. પણ તે સાથે ગ્રામપરિસ્થિતિમાંથી સહજ પ્રાપ્ત થતી વસ્તુઓમાંથી નૂતન બાલકેળવણીની દૃષ્ટિએ ઉપયુક્ત ગણીએ એવાં સાધનો ઉપજાવી કાઢવાના પ્રયાસો સંશોધનવિભાગ દ્વારા કરવા ઇષ્ટ છે. આ દિશામાં જે કંઇ અલ્પ પ્રયાસો થયેલા છે તે ઉપરથી સફળતા માટે ઠીક આશા રહે છે.

વિચારપૂર્વક યોજેલા સહેતુક વાતાવરણમાં બાળકની વૈયક્તિક સર્જનશક્તિ વિમુક્ત થવાની સાથે તેને પોષક સહકારની વૃત્તિ વિકાસ પામવાની શક્યતા એટલે જ અંશે રહેલી છે. શિક્ષક પાર્શ્વભૂમિકામાં રહે છે. વૈયક્તિક વિકાસ અને સામુદાયિક સહકાર પરસ્પર કાર્યકારણ થઇ રહે છે, અને તે બંને વૃત્તિના વિકાસની સાથે બાળકનું સર્વવિધ બૌદ્ધિક શિક્ષણ પરિપાકરૂપે ક્રમશઃ દર્શન દેતું થાય છે. વ્યક્તિક સર્જનશક્તિ વિકસિત થાય તો જ વ્યક્તિ તરીકે બાળકનું જીવન સંસ્કારસમૃદ્ધ અને સુખી બને; અને તે પોતાની નૈસર્ગિક શક્તિઓનો ફાલ સમાજને ચરણે અર્પી શકશે.

અમારે માટે નૂતન બાલકેળવણીની દૃષ્ટિ અને પદ્ધતિ એ ડૉ. મોન્ટેસોરીનો જ પ્રસાદ છે. આ દૃષ્ટિ અને પદ્ધતિને નવ-બાલદર્શનનું નામ આપવું ઉચિત લાગે છે. આ દર્શન તેમના ગાઢ વાત્સલ્ય, વૈજ્ઞાનિક સંશોધન અને સતત કર્તવ્યનિષ્ઠાને આભારી છે. હિન્દની દલિત, શોષિત અને રંક જનતાની મર્મવેદનાથી પ્રજ્વલ્લી ઊઠનાર વર્ધા યોજનાના આદિ દ્રષ્ટાએ સમગ્ર જીવનને આવરી લેતી એક મૌલિક કેળવણીની દૃષ્ટિ આપી છે. આ બંને દૃષ્ટિઓનો સૂર અને તાલ અન્તે અભિન્ન છે, એવી શ્રદ્ધાથી પ્રેરાઇ પ્રસ્તુત યોજના અમે રજૂ કરીએ છીએ.

વર્ધા યોજનાને તે ઉપકારક અને પ્રેરક નીવડશે તે વિષે અમને શંકા નથી. કારણકે વર્ધા યોજનાના મૂલભૂત આશયો, જેવા કે જીવનોપયોગી વ્યવસાય દ્વારા પ્રાપ્ત થતું સ્વાવલંબન, બાળકનો સર્વાંગી વિકાસ, રાષ્ટ્રિય પુનરુજ્જીવનની દિશા અને વર્તમાન ગ્રામપરિસ્થિતિમાંથી ઊપજતા મુશ્કેલ પ્રશ્નોનો સફળતાપૂર્વક ઉકેલ, એ સર્વનું સમર્થ રીતે સમાધાન કરવાની ક્ષમતા આ યોજનામાં રહેલી છે.

જે પદ્ધતિથી બાળકની એકે શક્તિ અણવિકસી ન રહી જાય એટલું જ નહિ, પણ તેની બધી શક્તિઓ વચ્ચે ગાઢ સહકાર કેળવાય, અને હસ્તવ્યવસાય, બુદ્ધિ અને વ્યાપક અર્થમાં નીતિ વચ્ચે સંવાદ જામે, એ પદ્ધતિ આદરપાત્ર થવી ઘટે છે. પ્રસ્તુત પદ્ધતિમાં ઇન્દ્રિયશિક્ષણ ઉપર સવિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, તે એટલા જ માટે કે ઇન્દ્રિયોની ક્રમિક અને વ્યવસ્થિત તાલીમથી બાળકની કર્મેન્દ્રિયો અને બુધ્ધિ વચ્ચે ગૂઢ સુમેળ જામે. ઇન્દ્રિયશિક્ષણ એટલા નામોચ્ચારથી કોઇ પણ એમ તો ન જ માને કે એનાથી એકાંગી ઇન્દ્રિયશિક્ષણ વિવક્ષિત છે, અથવા તો તે વિલાસ અર્થે છે. બાળકની આ વયે કોઇ ગૂઢ પ્રેરણા અનુસાર તેની બધી ઇન્દ્રિયો અને અંગો પોતાની જાતને કસવા, એકબીજાનો સહકાર મેળવવા અને આજુબાજુનું વાતાવરણ બુદ્ધિથી પામી જવા તલસતાં હોય છે, એ કેવળ વૈજ્ઞાનિક સત્ય, કે જેનો સાનાદર કરવામાં આવે તો

બાળક અને તેમાંથી ભવિષ્યમાં વિકસનારો પુરુષ પોતાના જીવનની અનેક શક્ય કૃતાર્થતાઓથી વંચિત રહી જવાનો પૂરો ભય છે, તેનું આલંબન કરી, ઇન્દ્રિયશિક્ષણ દ્વારા બાળકનો સર્વાંગી વિકાસ સાધવાનો યત્ન આ પદ્ધતિમાં કરેલો છે. એનાં સાધનોમાં રહેલી વૈજ્ઞાનિક દૃષ્ટિ અને સંકલનાને લીધે બાળક જેટલી સ્વાભાવિકતા અને ઉમંગથી પોતાની અંગત સ્વચ્છતા અને શરીરશ્રમનાં કામો કરે છે તેટલી સ્વાભાવિકતા અને ઉમંગથી તે એક દિવસ સહસા લખતાં શીખી જાય છે અને ત્યાર બાદ વાંચતાં પણ શીખે છે. યોગ્ય ઋતુ પ્રાપ્ત થતાં જેમ વનસ્પતિને ફૂલફળ આવે છે તે જ પ્રમાણે તેની વિવિધ ઇન્દ્રિયો અને હસ્તના સ્નાયુઓના તાલીમબદ્ધ વ્યાપારમાંથી, કોઇ પણ જાતના અસ્વાભાવિક પ્રયાસ વિના એ અક્ષરજ્ઞાનના પ્રદેશમાં પ્રવેશ કરે છે. નથી આમાં કોઇ પણ જાતનું કૃત્રિમ દબાણ કે નથી તેમાં બાળકને એકદમ લખતું-વાંચતું કરી નાખવાની અનારોગ્ય ઇચ્છા. ગણિતશિક્ષણની શરૂઆત પણ આવી તદ્દન સ્વાભાવિક રીતે થાય છે. લેખન, વાચન અને ગણિતની પ્રવૃત્તિઓમાં બાળકને એકાગ્રતાથી રોકાઇ રહેવાનું મન થાય એ જ બતાવે છે કે આ વિષયો તેના વિકાસની ભૂમિકાને અને ક્રમને રુચે છે, નહિ, તો રૂઢ શાળાઓમાં બને છે તેમ આ વિષયો માટે દબાણ કરવું પડે. વળી જેટલી એકાગ્રતા અને ઉમંગ તેના આવા બૌદ્ધિક વ્યાપારમાં દૃષ્ટિગોચર થાય તેટલી એકાગ્રતા અને રસથી તે પ્રમાણમાં જેમાં અંગમહેનત ઠીક ઠીક હોય એવા સ્વચ્છતા અને હસ્તકામના વ્યાપારમાં પણ રોકાયેલું રહે. આ રીતે કેવળ વિજ્ઞાનની દૃષ્ટિએ યોગ્ય મનાતી વયે સાધેલાં ઇન્દ્રિયશિક્ષણ અને અંગોની તાલીમના પરિણામે લેખન, વાચન અને ગણિત જેવા બૌદ્ધિક વ્યાપારો બીજાં ઉપયોગી હસ્તકામોની સાથોસાથ તદ્દન સાહજિક રીતે નિષ્પન્ન થાય. આવા બૌદ્ધિક વ્યાપારો એકાંગી ન બને અને તેમની અને હસ્તકામોની વચ્ચે વિસંવાદ તો ન જાગે, બલ્કે બુદ્ધિ અને અંગમહેનત પરસ્પર પોષક થઇ પડે એવો સુભગ અનુભવ આ પદ્ધતિથી થાય, એ વિષે અમને શંકા રહેતી નથી. હાલ જે બુદ્ધિ અને શરીરશ્રમનો સંબંધ તૂટી ગયો છે તેને સ્થાને એ બેનો સંયોગ થાય તો ગામડામાં જીવન જે કેવળ વૈતરા જેવું બની ગયું છે તે પુનઃ તેજસ્વી થાય. આવો સંયોગ આ પદ્ધતિની સંકલના પ્રમાણે જીવનના પ્રત્યક્ષ વ્યવસાયો દ્વારા બાળકને આ જ વયે મળતી સર્વાંગી તાલીમથી શક્ય બને એવી અમારી શ્રદ્ધા છે બાળકની આ વયનો લાભ લેવાનું ચૂકીએ તો તેના વિકાસની અનેક શક્યતાઓથી તે વંચિત રહે, એ નિઃશંક છે.

આમ બાળકની કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોનો સંવાદી વિકાસ થતાં એમાંથી એકે અપંગ ન રહે, પોતાની પ્રવૃત્તિના લક્ષ્ય પર તે સ્વયંસ્ફૂર્તિથી લાંબો સમય એકાગ્ર થઇ શકે, લેખન, વાચન, ગણિત, વિજ્ઞાન વગેરેના સંસ્કારોથી તેની ચિત્તભૂમિ ફળદ્રુપ બને, બુદ્ધિપૂર્વક અંગમહેનત કરવાની ટેવ પડવાથી બુદ્ધિ અને શરીર પરસ્પર પુષ્ટ કરે, નિત્યના જીવનમાં સ્વચ્છતા, વ્યવસ્થા અને શિસ્ત જાળવીને તે સર્વ વ્યવહાર કરે,—એ સર્વ વર્ધા યોજનાની ભાવનાઓને પ્રસ્તુત પદ્ધતિ સફળ કરે એવી શક્યતા તેમાં રહેલી છે.

આ પદ્ધતિમાં બધાં બાળકોની પ્રવૃત્તિઓ એકીસાથે એવી રીતે યોજવાની સંકલના છે

કે દરેક બાળક પોતપોતાની શક્તિ અને રુચિ પ્રમાણે આગળ ગતિ કરે. સર્વને એક નિશ્ચિત દિશામાં અને એક જ ક્રમે ચાલવાની ફરજ પડતી નથી. તેથી ૩૮ શાળાઓમાં હોય છે તેવા વર્ગશિક્ષણનો આમાં સર્વથા અભાવ છે. આ ઉપરાંત, વર્ગશિક્ષણમાં પરસ્પર શિક્ષણ જેવા કેળવણીના પરમ આવશ્યક તત્ત્વને જે અવકાશ નથી મળતો તે આ પદ્ધતિમાં પૂરો શક્ય બને છે. વર્ગશિક્ષણની પ્રથાના અભાવ અને પરસ્પર શિક્ષણના અવકાશને લીધે આ પદ્ધતિ વિશેષે કરીને પાંચસો સાતસો-ની વસ્તીવાળા ગામડાની બાળશાળાને નડતી મુશ્કેલીઓનો બહુ સફળાપૂર્વક ઉકેલ કરી શકે એમ છે. આવા ગામમાં ૩ થી ૭ વર્ષની વય સુધીનાં બાળકોનો કુલ સંખ્યા આશરે ૬૦–૮૦ ની સામાન્ય રીતે હોય, અને તેમાંથી અર્ધાં બાળકો શાળામાં આવે તો ૩૦–૪૦ બાળકો માટે વર્ગપદ્ધતિ પ્રમાણે જો શાળા ચાલતી હોય તો ૩–૪ શિક્ષકો જોઇએ. બે વર્ગો ભેગા કરવામાં આવે તો ભણતરનો કસ ઓછો રહે. બાળકોની સંખ્યા થોડી અને વર્ગશિક્ષણને લીધે લાંબો ખર્ચ કરવો પડે. આવાં કારણોથી મુંબઇ સરકારને નાનાં ગામડાંની અનેક શાળાઓને બંધ કરવી પડી હતી. તેથી વર્ગપદ્ધતિનો ત્યાગ કરી પ્રસ્તુત યોજના પ્રમાણે બાલઘર દાખલ કરી શકાય તો ખર્ચ ઓછું આવે. વળી આવા બાલઘરની સાથે બુનિયાદી (basic) શાળાનાં પહેલાં ૩ વર્ષનો કેટલોક કાર્યક્રમ જોડી દીધો હોય તો એકંદર ખર્ચ ઘણું ઓછું આવે. આમ કરકસરની દૃષ્ટિએ પણ આ પદ્ધતિ આવકારને પાત્ર છે.

બાલઘરનું ધ્યેય ગામનું એક સંસ્કારકેન્દ્ર બની રહેવાનું રહેશે. આથી, બાળકોના વિવિધ પ્રશ્નોનો સફળ ઉકેલ લાવતાં સ્વાભાવિક રીતે બાલશિક્ષકને ગ્રામજીવનના વ્યાપક સ્વરૂપમાં પ્રવેશ કરવો જ પડશે. આવા પ્રયત્નોમાંથી આખા રાષ્ટ્રનિયોજનના માર્ગદર્શન માટે ઉપ-યોગી કાર્યદિશા મળી રહેવાનો પૂરો સંભવ છે. નાનાં ગામોમાં શિક્ષકને જ ગામનું સામાન્ય આરોગ્ય, કરકસરની મર્યાદામાં રહીને પોષક અને સપ્રમાણ ખોરાક યોજવાના પ્રયોગો, વગેરે ઘણું સંભાળવાનું રહેશે. અને સૌથી વિશેષ તો લોકશિક્ષણ પ્રત્યે તેને ધ્યાન આપવાનું રહેશે. પણ પ્રથમ તો આ પદ્ધતિથી તાલીમ પામતાં બાળકો પોતે જ ઘરમાં પોતાનાં માબાપનાં શિક્ષકો બની રહેશે, એવું વિધાન કરવામાં આવે તો તે અત્યુક્તિ નહિ ગણાય. બાલઘરમાં સુઘડતા, વ્યવસ્થિતતા, સ્વાવલંબન, સારી રીત-ભાત, ભાષાશુદ્ધિ અને સામાજિક સહકારની તાલીમ પામેલાં બાળકો પોતાનાં કુટુંબીજનોની સાથેના વર્તાવમાં જે એક વિશિષ્ટ પ્રકારનું તત્ત્વ દાખલ કરે તેની છાપ તે સર્વ ઉપર કેમ ન પડે ? બાલઘરના સંસ્કારની મુદ્રા માબાપ ઉપર પણ પડે એમાં નવાઇ નથી. આથી આડ-કતરી રીતે બાળકો દ્વારા માબાપો કેળવાતાં જાય, તેમના સ્વભાવમાં, રીતભાતમાં, વ્યવસ્થિતતામાં અને જીવનદૃષ્ટિમાં પ્રગતિ માલમ પડે તો તે સર્વ આ પદ્ધતિથી અપાતી તાલીમનું જ શુભ પરિણામ છે એમ માનવું પડે. અત્યાર સુધીમાં જ્યાં જ્યાં આવી તાલીમનો પ્રસાર થયો છે ત્યાં ત્યાં આવું પરિણામ નીપજી આવ્યું છે. તેથી આ પદ્ધતિના સ્વીકારના પરિણામે ગામડાં-માં લોકકેળવણીનો પ્રશ્ન પણ તેના સ્વાભાવિક ક્રમથી ઉકેલાતો જશે.

આમ વિવિધ દૃષ્ટિબિન્દુઓથી જોતાં માન-વાને કારણ છે કે વર્ધા યોજનાની ભાવનાનાં અંતરમાં રહેલી આકાંક્ષાઓને કૃતાર્થ કરવાની પૂરી ક્ષમતા આ સૂચવાયેલી પદ્ધતિમાં રહેલી છે.

બાલકેળવણીના પ્રચારાર્થે સાત વર્ષની યોજના

ગ્રામ બાલકેળવણી કેન્દ્ર

કેન્દ્રનો ઉદ્દેશ

બાલકેળવણીમાં હિન્દના ગ્રામજીવનની દૃષ્ટિએ સંશોધન ચલાવી તેનો પ્રચાર કરવા માટે ગામડાંમાં બાલઘરો સ્થાપવાં, અને તે બાલઘરો ગ્રામજીવનનાં સંઘટિત સંસ્કારકેન્દ્રો અને તે માટે તે બાલઘરોને જોઇતા શિક્ષકવર્ગની તાલીમની વ્યવસ્થા કરવી. બાલઘરોને યોગ્ય સાહિત્ય તથા શાસ્ત્રીય સાધનો મળે તે માટે પ્રકાશનવિભાગ તથા સાધનાલયવિભાગ દ્વારા વ્યવસ્થા કરવી. બાલઘરોને વખતોવખત માર્ગદર્શન મળે એવી કાયમી વ્યવસ્થા ઊભી કરવી.

કેન્દ્રના આ ઉદ્દેશો પાર પાડવા માટે—

ગામની પસંદગી અને વાતાવરણ

જે ગામમાં ઘણા સમયથી ગ્રામપુનર્ઘટનાની અને ખાદી વગેરે રચનાત્મક પ્રવૃત્તિઓ ચાલી રહી હોય તે ગામને કેન્દ્ર માટે પસંદગી આપવી. ત્યાં લોકમતરૂપી પૂર્વભૂમિકા અમુક હદ સુધી તૈયાર થયેલી હશે, એટલે લોકો બાલઘરની પ્રવૃત્તિઓ રસ અને બુદ્ધિપૂર્વક નિહાળી પોતાનો સહકાર આપશે. આવો સહકાર એ બાલઘરની સફળતાનું એક આવશ્યક સાધન છે.

આ યોજના જો સમગ્ર દેશમાં દાખલ કરવી હોય તો આ પહેલો પ્રયોગ હિન્દી બોલતી જનતાની સાથે થાય તો સારું. પણ પ્રાન્તિક કરવો હોય તો ગુજરાત વધારે અનુકૂળ થશે.

જે ગામ પસંદ કરવામાં આવે તે હિન્દમાં મધ્યવર્તી હોવું જોઇએ કે જેથી, બધા પ્રાન્તોને અંતરની દૃષ્ટિએ અનુકૂળ રહે. આ ગામ રેલ્વેની મુખ્ય લાઇન ઉપરના સ્ટેશનથી બહુ દૂર ન હોવું જોઈએ.

કેન્દ્રનો આગળનાં સાત વર્ષનો કાર્યવિસ્તાર ધ્યાનમાં રાખી એવા ગામમાં ૬ થી ૮ એકર સારા અને પૂરતા પ્રમાણમાં પાણીની સગવડવાળી જમીન મેળવવી. પ્રથમ પગલા તરીકે ત્યાં એક બાલઘરની સ્થાપના કરવી, અને ત્યાર પછીનાં પહેલાં સાત વર્ષમાં હિન્દના જુદા જુદા પ્રાન્તોમાં ઓછામાં ઓછાં ૬૫૦ બાલઘરો સ્થપાય એ દૃષ્ટિથી એક સંઘટિત યોજના હાથમાં લેવી.

૭ વર્ષ દરમ્યાન—

આ કેન્દ્રમાં નીચેના વિભાગોનું સર્જન કરવું:—

૧ લું વર્ષ:—

(૧) બાલઘર (અવલોકનશાળા તરીકે ઉપયોગ કરવાની દૃષ્ટિએ)

(૨) સંશોધનવિભાગ.

૨ જું વર્ષ:—

(૩) અધ્યાપનવિભાગ (બાલઘરોના શિક્ષકો માટે)

(૪) સાધનાલય (બાલઘરોને ઉપયોગી સાધનો માટે)

(૫) પ્રકાશનવિભાગ (બાલઘરોના શિક્ષકો માટે સાહિત્યનું પ્રકાશન કરવા)

(૬) ગ્રામબાલશિક્ષણ–પ્રચારકમંડળ.

ઉ જ્જું વર્ષ:—

(૭) ગ્રામબાલશિક્ષણ-નિરીક્ષકમંડળ

(૮) અધ્યાપક અથવા નિયામકશાળા.

પહેલું વર્ષ

બાલઘર અને તેની સાથોસાથ સંશોધન વિભાગની શરૂઆત કરવી. આ બાલઘરની યોજના નાનામાં નાના ગામડામાં બાલઘર કેવું હોય તેનો બરાબર ખ્યાલ રજૂ કરે તેવી હોવી જોઇએ. ગામના લોકો જતાંઆવતાં પણ તેની પ્રવૃત્તિઓ નિહાળી શકે, તેવે સ્થાને તેનું મકાન હોવું જોઇએ. એ મકાન બને ત્યાં સુધી ત્યાં જ ઉપલબ્ધ થઇ શકે તેવાં સાધનોથી બાંધવું. તેને રિલંથ (ઊભણી), હવાઅજવાળું અને પહોળા ઓરડા હોવા જોઇએ. આ પ્રથમ બાલઘરનાં આવશ્યક સાધનો બહારથી ખરીદવાનાં રહે છે.

ગ્રામબાલઘરના શિક્ષકો:—

આ પહેલા ગ્રામબાલઘરનો શિક્ષકવર્ગ સ્વતંત્ર રાખવો જોઇએ કે જેથી કરીને આઘ નિયામકો સપ્તવાર્ષિક યોજનાનો કાર્યક્રમ સામે રાખી કેન્દ્રની પ્રવૃત્તિઓને માર્ગસૂચન તથા વેગ આપી શકે.

(૧) લાયકાત: શિક્ષકોની સંખ્યા

(ક) શિખાઉને કે ગ્રામજીવનમાં નવો રસ ધરાવનારને પસંદ ન કરવા, પણ જેઓને ગ્રામપુનર્ઘટનાનો રસ અને અનુભવ હોય, ગ્રામજીવન સાથે જે હળી જઇ શકે, અંગમહેનત અને બૌદ્ધિક કેળવણીનો યોગ જેઓ સમજી શકે, જેની રહેણી-કરણીમાં સાદાઇ હોય, અને તે સાથે

(ખ) નૂતન બાલકેળવણીની પદ્ધતિની તાલીમ જેમણે લીધી હોય અને જેઓ ગામડાની સાદી ઢબે, પણ વૈજ્ઞાનિક દૃષ્ટિએ અખતરા કરી નવી શકયતા શોધી શકતા હોય તેમને પસંદ કરવા.

(ગ) તેઓએ મૅટ્રિક કે વિનીત અથવા ઓછામાં ઓછી શાલાન્ત પરીક્ષા ઉત્તીર્ણ કરેલી હોવી જોઇએ.

બને ત્યાં સુધી સ્ત્રીપુરુષ બંનેની શિક્ષકો તરીકે પસંદગી થાય તો સારું. કારણકે બાલમંદિરમાં કૌટુંબિક ભાવનાનું વાતાવરણ ઊભું કરવાનું છે. તેમના બંનેના સ્વભાવમાં રહેલાં લાક્ષણિક તત્ત્વો બાલકેળવણી માટે આવશ્યક છે. ક અને ખ યોગ્યતા ધરાવનાર પતિપત્ની મળે તો ઉત્તમ.

બાલઘરમાં વધુમાં વધુ ૬૦ સુધી બાળકો લઇ શકાય. આટલી સંખ્યા માટે નીચે પ્રમાણે શિક્ષકો જોઇએ:—

બે શિક્ષકો: એક મુખ્ય શિક્ષક: તે મુખ્ય શિક્ષક અને યોજક રહેશે. તેનામાં ક અને ખ બંને લાયકાતો હોવી જોઇએ.

બીજો શિક્ષક: તેને શિક્ષક ઉપરાન્ત બાગ, વાડી-પ્રાણી ઉછેર, હસ્તકામ વગેરે કરવાનું રહેશે. તેનામાં પણ ખ લાયકાત હોય તો ઇચ્છવા યોગ્ય છે.

એક મદદનીસ: ઉપરના બંને શિક્ષકોને જ્યારે જોઇએ ત્યારે મદદ કરનાર. ગામમાંથી જ કોઇ મદદનીસ મેળવી શકાય. ઉપરના બે શિક્ષકોના હાથ નીચે તાલીમ લેતાં લેતાં તે શાળાનું કામ કરે.

(૨) પુરસ્કાર અને બીજું બર્ચ

પુરસ્કાર: ગામડામાં બીજાં રચનાત્મક કાર્યો કરનારને માટે લાયકાત અને જરૂરિયાતના

પ્રમાણમાં જે ધોરણ રાખ્યું હોય તે આમાં પણ રાખીએ તો સારું.

બીજું વર્ષ : શરૂઆતનું વર્ષ—જથુનું વર્ષ. અત્યારની યુદ્ધની બદલાતી પરિસ્થિતિને લીધે ચોક્કસ અંદાજ કાઢવો મુશ્કેલ છે, એટલે વર્ષની વિગતો આપી નથી.

કેન્દ્રના મૂળ નિયામકો પોતાનું ધ્યાન બાલઘરના પ્રયોગો પર રાખીને આવતા વર્ષમાં ચાલુ કરવાના અધ્યાપનવિભાગના અભ્યાસ-ક્રમની દૃષ્ટિએ શાસ્ત્રશુદ્ધ, ગ્રામજીવનની દૃષ્ટિએ ઉપયોગી, અને તેની રજૂઆતનું તંત્ર સરળ કેમ થાય, એ વસ્તુઓ પર કેન્દ્રિત કરશે. સાથોસાથ સંશોધનવિભાગને દોરવણી આપી ભવિષ્યમાં ચાલુ થવાના અધ્યાપનવિભાગના વિદ્યાર્થીઓ માટે પાઠ્યપુસ્તકો લખવા—લખાવવાનું કાર્ય કરશે, તથા બાલઘરના સાહિત્ય અને સાધનોની પહેલી પ્રત તૈયાર કરશે.

બીજું વર્ષ

પહેલા વર્ષને અંતે જે અધ્યાપનવિભાગ ચાલુ કરવાનો છે, તેની પૂર્વતૈયારી સંપૂર્ણ થઇ હોય, અને અધ્યાપનવિભાગને જોઇતું સાહિત્ય કેન્દ્રના પ્રકાશનવિભાગ દ્વારા પ્રકાશિત થતું હોય.

બીજા વર્ષની શરૂઆતમાં—

(૧) અધ્યાપનવિભાગ, (ત્રીજા વર્ષથી સ્થપાવાના બાલઘરોના શિક્ષકો માટે)

(૨) સાધનાલય, અને

(૩) પ્રકાશનવિભાગ

આ ત્રણે વિભાગો નવા ઊભા થશે.

(૧) અધ્યાપનવિભાગ

અધ્યાપનવિભાગમાં તાલીમ લેવા આવનારા શિક્ષકોની સંખ્યા, લાયકાત વગેરે:—

(ક) હિન્દના ભાષાવાર પ્રાન્તો પૈકી દરેકને તાલીમ માટે અમુક સંખ્યા મોકલવાનું નક્કી કરવું.

(ખ) શિક્ષકોની પસંદગી પ્રાન્તોમાં રચનાત્મક કાર્યો કરનાર મુખ્ય સંસ્થા કરે

(ગ) અધ્યાપનવિભાગમાં ઓછામાં ઓછા ૮૦ શિક્ષકો લેવા. યોજનામાં જોડાતા શિક્ષકોને અમુક નિશ્ચિત શિષ્યવૃત્તિ પ્રાન્તની રચનાત્મક કાર્ય કરનાર સંસ્થા અથવા કસ્તુરબા સ્મારક યોજના આપે. આ વિદ્યાર્થીઓમાંથી ઓછામાં ઓછા ૩૦ શિક્ષકો ચોથા વર્ષને અંતે અથવા પાંચમા વર્ષમાં શરૂ કરવાના અધ્યાપક અને નિયામકવિભાગના વિદ્યાર્થીઓ થઇ શકે અને તાલીમ લીધા પછી પાછા જઇ પોતપોતાના પ્રાન્તોમાં મૂળ કેન્દ્રની ભાવના અને પદ્ધતિ સાચવી નવાં સ્વતંત્ર કેન્દ્રો સ્થાપન કરી શકે એવા હોવા જોઇએ. આ શિક્ષકોની સામાન્ય પસંદગી ગ્રેજ્યુએટ અથવા સ્નાતકોમાંથી થાય તો સારું; પણ સાથોસાથ ઉપર જણાવ્યા મુજબ (ક) લાયકાત ધ્યાનમાં લેવી એ જરૂરનું છે. બાકીના ઓછામાં ઓછા ૫૦ વિદ્યાર્થી-ઓની પસંદગી માટે (ક) લાયકાતની સાથે તેઓ (ખ) માં જણાવ્યા મુજબ મૅટ્રિક અથવા વિનીત નહિ તો ઓછામાં ઓછા ગુજરાતી શાલાન્ત પરીક્ષા પાસ થયેલા હોવા જોઇએ. શિષ્યવૃત્તિ લેનાર બંને પ્રકારના શિક્ષક-વિદ્યાર્થીઓને સાત વર્ષની બાળકેળણીની આ યોજનાનો ખ્યાલ આપી તેઓ અમુક વર્ષ સુધી યોજનામાં સેવા આપવા બંધાય એવી સમજુતીએ લેવા જોઇએ.

(૨) (૩) સાધનાલય અને પ્રકાશનવિભાગ

ત્રીજા વર્ષનો શરૂઆતમાં જે ૪૦ નવાં બાલઘરો સ્થાપવાનો કાર્યક્રમ છે તે ધ્યાનમાં

રાખી, તે બાલઘરોને જોઇતાં સાધનો અને પ્રકાશનો બીજા વર્ષને અંતે તૈયાર થાય તે દૃષ્ટિથી સાધનાલય અને પ્રકાશનવિભાગનાં ઉત્પાદનકેન્દ્રોની યોજના થવી જોઇએ. આ બન્ને વિભાગોનું સંચાલન તેની વ્યાપારી બાજુ (business side) સંભાળવાની દૃષ્ટિએ જુદું પણ હોઇ શકે, પરંતુ શિક્ષણવિષયક બાબતમાં તે સંશોધનવિભાગની સહાય લઇને જ કાર્ય કરશે.

ત્રીજું વર્ષ

આ વર્ષમાં મુખ્ય કેન્દ્રમાં અધ્યાપનવિભાગ માટે પહેલા વર્ષની જેમ બીજી ૮૦ વિદ્યાર્થીઓની ટુકડી લેવામાં આવશે. આની સાથોસાથ જ ગ્રામબાલશિક્ષણ-નિરીક્ષકમંડળની પણ સ્થાપના થાય. આ મંડળનો હેતુ સ્થપાયેલાં બાલઘરોની મુશ્કેલીઓ તપાસવાનો, નવા શિક્ષકોને મદદ કરવાનો અને કેળવણીનું કાર્ય વ્યવસ્થિત મૂળ ભાવનાનુસાર ચાલે છે કે કેમ તે જોવાનો, અને મધ્યસ્થ સંસ્થાને અહેવાલ રૂપે રજૂ કરી સંપર્ક સાધવાનો હોય; તેમ જ જે ગામડામાં કંઇ સ્થાનિક પ્રશ્નવિશેષ હોય તે બાબત શિક્ષકોની મદદથી હકીકત (data) મેળવી સંશોધનવિભાગને મોકલવાનો હોય.

ચોથું વર્ષ

ચોથા વર્ષમાં મધ્યસ્થ અધ્યાપનવિભાગનું રૂપાન્તર -અધ્યાપક અને નિયામકશાળામાં કરવામાં આવે. અધ્યાપનવિભાગમાં એક વર્ષમાં તૈયાર થયેલા ૩૦ અધ્યાપક–વિદ્યાર્થીઓ આ વખતે કેન્દ્રો માટેની આ નવી તાલીમ લેવા માટે મધ્યસ્થ કેન્દ્રમાં આવ્યા હશે. પહેલા વર્ષનો અધ્યાપક અને નિયામકશાળાનો અભ્યાસક્રમ પૂરો કરી તેઓ પોતાના પ્રાન્તોમાં સ્વતંત્ર કેન્દ્રોનો તૈયારી કરવામાં પડશે. આ વર્ષે સાધનાલયને નવાં બાલઘરોને અંગે તાત્કાલિક નવો કાર્યક્રમ રહેશે નહિ. પરંતુ સાતમા વર્ષની શરૂઆતમાં શરૂ કરવાનાં ૬૦૦ નવાં બાલઘરો માટેનાં સાધનો તથા સાહિત્ય બનાવવાની મોટી યોજના ધ્યાનમાં રાખી પ્રાન્તમાં સ્થપાતાં કેન્દ્રોને મદદ પહોંચાડવાનો રહેશે. તે કરવા માટે તેમને પાંચમું વર્ષ તથા છઠ્ઠું વર્ષ એમ બે વર્ષો મળશે.

સંશોધનવિભાગને માથે જુદી જુદી ભાષાઓમાં ચાલનારા અધ્યાપનવિભાગોનું સાહિત્ય અને સાધનો તૈયાર કરવામાં પ્રાન્તીય કેન્દ્રોને માર્ગદર્શન કરવાનું રહેશે.

પ્રચારક અને નિરીક્ષકમંડળને અત્યાર સુધીનો પોતાનો વિસ્તાર સંભાળી પ્રાન્તીય પ્રચારક તથા નિરીક્ષકમંડળોની યોજના કરવાની રહેશે.

ચોથા વર્ષને અંતે અધ્યાપક અને નિયામકવર્ગની પહેલી ટુકડી પોતપોતાના પ્રાંતોમાં જશે અને નવાં પ્રાંતીય કેન્દ્રોના પહેલા પગથિયા તરીકે બાલઘરોની સ્થાપના કરશે.

પાંચમું વર્ષ

મધ્યસ્થ કેન્દ્રમાં આ વર્ષે નિયામકવર્ગની બીજી ટુકડી તૈયાર થવા આવે. સંશોધનવિભાગ હવે પહેલી ટુકડીના નિયામકોને પોતાનાં કેન્દ્રો સ્થાપવામાં જોઇતી મદદ આપે. પ્રચારક અને નિરીક્ષકમંડળોનું કાર્ય ચોથા વર્ષમાં જણાવ્યા મુજબનું રહેશે. સાધનાલય અને પ્રકાશનવિભાગ છઠ્ઠા વર્ષના કાર્યક્રમ માટેની તૈયારીઓ કરે.

છઠ્ઠું વર્ષ

મધ્યસ્થ કેન્દ્ર અધ્યાપક અથવા નિયામકવર્ગની ત્રીજી ટુકડીનો વર્ગ ચલાવે. બાકીની સંસ્થાઓનું કાર્ય કેળવણીનું સંશોધન અને

સંગઠન કરવાનું અને પ્રાંતીય કેન્દ્રોને જરૂર હોય ત્યાં સુધી મદદ પહોંચાડવાનું રહેશે.

પ્રાન્તીય કેન્દ્રો બીજા વર્ષના કાર્યક્રમ પ્રમાણે અધ્યાપનવિભાગ શરૂ કરશે અને ૧૫ કેન્દ્રોમાં ૧૨૦૦ શિક્ષકો તાલીમ લેતા હશે. મધ્યસ્થ કેન્દ્રનાં સાધનાલય અને પ્રકાશનવિભાગ કેન્દ્રોની જરૂરિયાતો પૂરી પાડશે જેથી પ્રાન્તીય કેન્દ્રોમાં પ્રાંતીય સાંસ્કારિક જરૂરિયાતો વિકસાવવા માટે સાધનાલય અને પ્રકાશનવિભાગ શરૂ કરી શકાશે.

સાતમું વર્ષ

સાતમા વર્ષમાં આવી રીતે મધ્યસ્થ કેન્દ્ર પ્રાન્તીય કેન્દ્રો દ્વારા દર વર્ષે ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ બાળકોની કેળવણી માટે ૧૨૦૦ શિક્ષકો તથા ૬૦૦ બાલઘરોનો પ્રબંધ કરી શકશે. તે સિવાય દર વર્ષે ૧૫ નવાં કેન્દ્રો માટેની યોજના ચાલુ રાખી શકાશે. પરંતુ આ યોજનાનો વિસ્તાર આપણી આર્થિક મર્યાદાઓ અને રાજકીય સંયોગો ઉપર રહેશે.

બાલઘરોની પ્રવૃત્તિ–અભ્યાસક્રમ

બાલઘરોના અભ્યાસક્રમનું વિશિષ્ટ સ્વરૂપ

બાલઘરોના અભ્યાસક્રમનો ઉદ્દેશ અને સ્વરૂપ ચાલુ પ્રાથમિક અથવા માધ્યમિક શાળાઓના અભ્યાસક્રમથી જુદાં હોય છે. અઢીથી સાત વર્ષનાં બાળકોના પ્રવૃત્તિમય જીવનની સર્વાંગી જરૂરિયાતો ધ્યાનમાં લઈને બાલઘરોના પ્રવૃત્તિમય અભ્યાસક્રમ (activity curriculum) ની યોજના હોય છે. આ ઉંમરમાં પુસ્તકીય પાઠો દ્વારા પ્રત્યક્ષ ભણાવવાની અશક્યતા હોવાથી બાલઘરોના વાતાવરણનું નિયોજન એવું હોવું જોઈએ કે જેથી કરીને દરેક બાળકને પોતાના વિકાસને અનુકૂળ પ્રવૃત્તિ મળે, અને એ પ્રવૃત્તિ દ્વારા જ બાળકનું શિક્ષણ આગળ વધે.

નિયોજિત વાતાવરણમાં દાખલ કરેલી પ્રવૃત્તિઓનો હેતુ બાળક વહેલામાં વહેલી તકે મોટાંઓના આલંબનમાંથી મુક્ત બને, સ્વાભિમાન અને આત્મવિશ્વાસથી પોતાનાં અંગત કામો પોતે કરવા લાગે અને સામાજિક વ્યવહારમાં સ્વસ્થતાપૂર્વક ઉમંગથી જોડાય, એ હોય છે. અઢીથી સાત વર્ષના સમય દરમિયાન બાળકની બધી ઇન્દ્રિયો પોતાની જાતને કસવા, જીવનવ્યવહાર માટે પરસ્પર સહકાર કેળવવા અને આજુબાજુની સૃષ્ટિ તથા માનવીસંસ્કૃતિનો વ્યવહાર આત્મસાત કરવા ખૂબ તલસતી દેખાય છે કોઈ કુદરતી વિશિષ્ટ પ્રેરણાઓની શક્તિથી બાળકની કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો આ સમય દરમિયાન વિશેષ સંસ્કારક્ષમ બને છે, અને તેથી જ જન્મથી તદ્દન અસહાય દેખાતું બાળક સ્વાવલંબનનાં એક પછી એક ક્રમસરનાં પગથિયાં ચઢીને તે પોતાની પ્રગતિ સાધી શકતું હોય છે. તેથી બાલકેળવણીના અભ્યાસક્રમના સ્વરૂપનો વિચાર કરતાં બાળકના શારીરિક અને બૌદ્ધિક વિકાસની જરૂરિયાતો, કુદરતી વિશિષ્ટ સંસ્કારક્ષમતાના સમયો (sensitivity periods) અને શિક્ષણનું અપ્રત્યક્ષ સ્વરૂપ ધ્યાનમાં લઈને જ બાલકેળવણીના પ્રવૃત્તિમય અભ્યાસક્રમનું સ્વરૂપ નિશ્ચિત કરી શકાય.

બાલઘરોની પ્રવૃત્તિઓમાં બાળક પોતાનાં

અભિરુચિ, શક્તિ અને વિકસવાની રીતને અનુસરીને જ પોતાની પ્રવૃત્તિઓનો ક્રમ પોતે જ બેસાડતું હોય છે. ચાલુ શાળાઓની વર્ગ-પદ્ધતિમાં બાળકને એવું સ્વાતંત્ર્ય હોતું નથી. એટલે વર્ગનાં બધાં બાળકોને નિયત સમયમાં શિક્ષક નિયત અભ્યાસક્રમ રજૂ કરી શકે છે. અને તેથી વર્ગપદ્ધતિથી ચાલતી કેળવણીની સંસ્થાઓના અભ્યાસમાં એક નિશ્ચિત વિશિષ્ટ ક્રમ ઉત્પન્ન થઇ શકે છે. બાલઘરોના અભ્યાસ-ક્રમમાં દરેક બાળકનો ક્રમ જુદો જુદો હોય છે તેથી સર્વ બાળકોને સરખો અભ્યાસક્રમ ઉપ-યોગી થઇ શકતો નથી. દરેક બાળકના વિકાસમાં અમુક એક પાઠ લેવાનો સમય તેની અભિ-મુખતા પર અવલંબિત હોય છે. આ અભિ-મુખતા અમુક પૂર્વતૈયારી માગી લેતી હોય છે. પાઠ મેળવ્યા પછી તેને પાકો કરવા માટે તેમાં કેટલાં પુનરાવર્તનો કરવાં, કેટલો સમય ગાળવો એ બાળક જ નક્કી કરી શકે છે. તેથી બાલ-ઘરોના અભ્યાસક્રમની રજૂઆત માત્ર તેની મર્યાદા અને વિગતોની રૂપરેખા દોરીને જ આપી શકાશે.

ત્રણ વર્ષનું સામાન્ય બાળક પોતાનાં શક્તિ રુચિ અને ક્રમથી બાલઘરના અભ્યાસક્રમની વિગતો અને મર્યાદામાંથી પસાર થવા ૩ વર્ષનો સમય લે છે. કેટલાંક એથી વિશેષ અને કેટલાંક એથી ઓછો સમય લેતાં પણ દેખાય છે.

બાલઘરોની પ્રવૃત્તિઓ

(૧) વૈયક્તિક અને સામાજિક તાલીમ

(ક) અંગત સ્વચ્છતા. હાથ, પગ, મોઢું, દાંત, આંખ, કાન, નાક, માથું, વાળ, નખ, અને આખા શરીરની સ્વચ્છતા પર બાળકનું ધ્યાન દોરવું. તે સ્વચ્છ રાખવાની દરેક ક્રિયા યોગ્ય સાધનો વડે પાડરૂપે એવી રીતે બાળકની સામે રજૂ કરવી કે જેથી કરીને દરેક જાતની અંગત સ્વચ્છતા રાખવાનો તેને ઉમંગ આવે ને શીખે. આથી બાળકમાં સારો ટેવો પડે ને તે સ્વાવલંબી બને.

(ખ) આજુબાજુના વાતાવરણની સ્વચ્છતા અને માવજત

શાળા, બાગ, ઘર, આંગણું, રસોડું, કૂવો, નળ, વગેરે આજુબાજુની જગામાં અને એ રીતે આખા ગામમાં અસ્વચ્છતા કેવી હોય છે, ક્યાં હોય છે તે બાળક જોતું થાય અને તેનું નિવારણ કરતું થાય એવું આ પાઠોનું ધોરણ હોય છે. સ્વચ્છતા માટે વપરાતી દરેક વસ્તુનું સ્થાન નક્કી કરી તે તેને નિયત સ્થાને પાછી મૂકવી.

(ગ) વ્યાવહારિક તાલીમ

બાળક વહેલામાં વહેલી તકે મોટાંઓના આલંબનમાંથી મુક્ત બની સ્વાભિમાન અને આત્મવિશ્વાસથી પોતાનાં અંગત કામો પોતે કરવા લાગે એ ઉદ્દેશથી આ જાતના પાઠો યોજવામાં આવે છે. એ પાઠો દ્વારા બાળક પોતાના સ્નાયુઓ અને અવયવો ઉપર કાબૂ મેળવી હિલચાલમાં તેમનો સહકાર (co-ordination) કેળવતું હોય છે.

પોતાનાં બટન બીડવાં, કપડાં પહેરવાં અને ઉતારવાં, નાડી બાંધવી અને છોડવી, ગાંઠો વાળવી અને છોડવી, બારીબારણાં ઉઘાડવાં અને બંધ કરવાં, કપડાંની ઘડી વાળવી, કપડાં ધોવાં, અનાજ સાફ કરવું, શાક સુધારવું, નાસ્તાની કે ભોજનની તૈયારી કરતાં આવડવી, અનાજ દળતાં આવડવું, લાકડાં ભેગાં કરતાં અને ભારીઓ બાંધતાં આવડવું. આ પ્રકારની અનેકવિધ પ્રવૃત્તિઓની યોજના હોય છે

(ઘ) સામાજિક રીતભાતોની તાલીમ

અભિવાદન કરતાં આવડવું, પોતાનું નામગામ કહેતાં આવડવું, કોઇને ભેટ ધરતાં આવડવું, કોઇને સમૂહમાંથી પસાર થવા રસ્તો કરી દેતાં આવડવું, કોઇનું આગતસ્વાગત કરતાં આવડવું, કોઇ વસ્તુ ભૂલી ગયું હોય તો તેની વસ્તુ તેને પાછી આપવી, કોઇનાથી ભૂલથી કંઇ બગડ્યું હોય તો બરોબર કરવું, મંદિરમાં કે મસીદમાં કેવી રીતે જવું, રસ્તા પર કેમ ચાલવું, જમવાની રીતભાત આવડવી, વગેરે પ્રવૃત્તિઓના નાના પાઠો ગોઠવેલા હોય છે.

બાલઘરોમાં ઉપર જણાવેલી પ્રવૃત્તિઓ માટે બાળકોને સ્વાભાવિક અવકાશ મળે એવું વાતાવરણ રજૂ કરવું હોય તો બાલશાળાની આપણી અત્યારની કલ્પનામાં આમૂલાગ્ર ફેરફાર કરવો પડશે. પ્રસ્તુત યોજનાની બાલ-શાળાઓનું આ વિશિષ્ટ અને ભિન્ન સ્વરૂપ ધ્યાનમાં લઇને જ **બાલઘર** એ અર્થસૂચક શબ્દ યોજવામાં આવ્યો છે. બાલઘર એટલે માત્ર શાળા નહિ, પણ બધાં બાળકોનું સંસ્કારી ઘર થાય એવી તેની ભાવના છે.

ઘરની જેમ આ બાલઘરોમાં બાળકોને અનુકુળ હોય એવી નાહવાધોવાની, સાફસૂરીની, વાતાવરણની માવજત કરવાની, રાંધવાની, બાગ બનાવવાની તથા પ્રાણીઉછેર માટેની સગવડો ઉપલબ્ધ કરવી પડશે. પ્રવૃત્તિ દ્વારા બધી ઇંદ્રિયો કેળવાય, હાથપગ બુદ્ધિપૂર્વક વાપરતાં હસ્તકલા ખીલે, બુદ્ધિનું ઘડતર (construction of intelligence) થાય અને સંસ્કારી, વૈયક્તિક તથા સામાજિક જીવન-વ્યવહારની તાલીમ મળે એવો પ્રબંધ ત્યાં કરવાનો રહેશે. ઘરની કૌટુંબિક ભાવના, જ્ઞાન-વિજ્ઞાન, કલા અને ઉદ્યમના સંસ્કારો, ઉચ્ચનીચ ભેદાતીત નિર્ભય સામાજિક જીવનનો સમન્વય કરવું, ઘર અને શાળાનું વાતાવરણ બાલઘરોમાં યોજવાનું રહેશે.

આપણા દેશને એવાં બાલઘરોની વિશેષ જરૂર છે. આપણાં ઘરોની યોજના કુટુંબનાં મોટાંઓની દૃષ્ટિએ હોય છે. બાળકોના વ્યવહાર અને સગવડનો વિચાર તેમાં ગૌણ સ્થાને હોય છે. મોટાંઓની જીવનપ્રવૃત્તિનો હેતુ (purpose) અને તે પ્રવૃત્તિની ઝડપ અથવા તાલ (rhythm) બાળકોની પ્રવૃત્તિ કરતાં જુદો હોય છે. તેથી જ આ ઉંમરનાં બાળકો આપણાં ઘરોમાં મોટાંઓની પ્રવૃત્તિમાં અડચણ-રૂપ બને છે. કુટુંબના પ્રતિકૂળ વાતાવરણ અને વિસંવાદોને લીધે તેમ જ મોટાંઓ વચ્ચે આથ-ડતાં આથડતાં બાળકો આ ઉંમરમાં આપણા જ ઘરમાં જીવનવિકાસ સાધવાને બદલે બૌદ્ધિક, નૈતિક અને ચારિત્ર્યનાં જીવનમૂલ્યો ગુમાવી બેસે છે. બાલઘરોની યોજના તે જીવનમૂલ્યોનું રક્ષણ કરવાના હેતુથી જ પ્રેરાયેલી છે.

બીજું ઝડપભેર ભાંગી જતી આપણી ગ્રામસંસ્કૃતિનાં કુટુંબોમાં બાલજીવનના વિકાસમાં મદદ કરતાં જૂનાં તત્ત્વો નાશ પામતાં દેખાય છે. અને તેના બદલામાં કેટલાંક શહેરોની મુશ્કેલીમાંથી ઊભાં થતાં વિકાસવિરોધક તત્ત્વો ખોટાં અનુકરણથી ગામડાંમાં દાખલ થતાં દેખાય છે. આ બધો વિચાર કરતાં ગામડાંનાં બાળકોને યોગ્ય રક્ષણ આપવા માટે તેઓના શિક્ષણ માટે નિશ્ચિત સંસ્કારી વાતાવરણની જેમાં યોજના હોય એવાં બાલઘરોની પ્રવૃત્તિ ગામડાં-ઓના પુનરુજ્જીવન માટે એક અત્યંત આવશ્યક અંગ બનશે.

બાલઘરોની બીજી પ્રવૃત્તિઃ ઇન્દ્રિયકેળવણી

શાસ્ત્રીય સાધનોની આવશ્યકતા

પોતાનામાં રહેલી નૈસર્ગિક શક્તિઓના વિકાસને યોગ્ય માર્ગ મળે તે માટે દરેક બાળક આજુબાજુનું જગત પોતાની જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો દ્વારા યથાર્થરૂપે સમજવાની જિજ્ઞાસા ધરાવતું હોય છે. તેના અનુભવો દ્વારા તે પોતાની બુદ્ધિને ઘડતું હોય છે. તેની બુદ્ધિના ઘડતર (construction of intelligence) માં જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોની પ્રવૃત્તિ જ તેને સહાયભૂત થાય એવી કુદરતી યોજના દેખાય છે. બાહ્યતઃ ઇન્દ્રિયો દ્વારા બાળક હાથ, પગ, આંખ, કાન વાપરતું દેખાય છે, પણ અંતરમાં તે બધાં સંવેદનોની ઝીણી ઝીણી જરૂરી નોંધ લેતું હોય છે. આ સમયમાં બાળકની ઇન્દ્રિયો જીવનના બીજા કોઇ પણ સમય કરતાં વધારે આવેગશીલ (active) અને સંસ્કારક્ષમ (sensitive) હોય છે. તેને યોગ્ય અને પૂરતું પોષણ આપવા માટે બાલઘરોના નિયોજનમાં ઇન્દ્રિયકેળવણીનાં સાધનો શાસ્ત્રીય પાયા પર રચવાની જરૂર રહેશે. શાસ્ત્રીય ઇન્દ્રિયકેળવણીનાં એવાં સાધનોમાં નીચે જણાવ્યા મુજબ વિચારો ધ્યાનમાં લીધેલા હોય છેઃ—

(૧) દરેક સાધન બાળકની સ્વાવલંબનની વૃત્તિને પોષક હોવું જોઇએ. સાધન સાથે રમતાં રમતાં બાળકની જે ભૂલો થાય તે બાળકના ધ્યાનમાં આપોઆપ આવે ને બાળક સાધનો પર ફરી ફરીને પ્રયોગ કરવા પ્રેરાય એવી તેની યોજના હોવી જોઇએ. ટૂંકમાં કહીએ તો દરેક સાધન સ્વયંસૂચક (auto-suggestive) અને સ્વયં ભૂલસુધારક (auto-corrective) હોવું જોઇએ.

(૨) દરેક સાધનમાં નિશ્ચિત પ્રવૃત્તિને અવકાશ હોવો જોઇએ કે જેથી કરીને બાળક દરેક વખતે પોતાનો અનુભવ વધારે ને વધારે ચોક્કસ કરવા પ્રેરાય.

(૩) દરેક સાધન હેરફેર કરવા માટે બાળકને સગવડવાળું હોવું જોઇએ.

(૪) દેખાવમાં તે સુઘડ અને સુંદર હોવું જોઇએ કે જેથી કરીને બાળક તે સાધન તરફ આપોઆપ આકર્ષાય અને તેની સૌંદર્યવૃત્તિને તેમાંથી પોષણ મળી રહે.

ડૉ. મૉંટેસોરીએ આ દિશામાં ઘણું મૌલિક સંશોધન કર્યું છે. આપણા દેશ માટે પણ એ સાધનો નૂતન બાલશિક્ષણસંઘના ૨૦ વર્ષના અનુભવમાં એટલાં જ ઉપયુક્ત લાગ્યાં છે. એવાં નવાં સાધનોના સંશોધનનું ક્ષેત્ર હજી પણ વિશાળ છે. તે ખેડવાનો પ્રયત્ન બાલઘરોના પ્રચાર દ્વારા જ થવાનો સંભવ છે.

શા માટે ઇન્દ્રિયકેળવણીનાં શાસ્ત્રીય સાધનો

કોઇ જાતના ખાસ પ્રયાસ વિના સામાન્ય વ્યવહારથી બાળકની ઇન્દ્રિયો કેળવી શકાય છે એમ કેટલાક માને છે. ગામડાંઓની આસપાસની વિશાળ કુદરતમાં બાળકો સહેજે ઇન્દ્રિયકેળવણી મેળવી શકે છે, તેથી તે માટે ખાસ શાસ્ત્રીય અને ખર્ચાળ સાધનોની જરૂર નથી એવો તેઓનો અભિપ્રાય હોય છે. પરંતુ ઇન્દ્રિયકેળવણીનાં શાસ્ત્રીય સાધનો વ્યવસ્થિત વાપરવાથી અને તેના અભાવથી બાળકોની કેળવણીમાં જે તફાવત અમે તુલનાત્મક રીતે જોઇ શક્યાં છીએ તે પરથી અમને શાસ્ત્રીય સાધનોનો વિરોધ અનુભવ અને શાસ્ત્રીય વિચારનો અભાવદર્શક લાગે છે. શાસ્ત્રીય ઇન્દ્રિયકેળવણી

બાળકના સર્વાંગી વિકાસના દરેક ક્ષેત્રમાં બાળકનો સમય બચાવી ગુણ (efficiency) ની દૃષ્ટિએ તેને ઊંચી કક્ષા પર પહોંચાડે છે. શાસ્ત્રીય સાધનો સાથેની પ્રવૃત્તિમાં હાથપગ અને ઇન્દ્રિયો દ્વારા બુદ્ધિનું ઘડતર ખૂબ જ વ્યવસ્થિત થાય છે અને તેનાં પરિણામો બાળકના વિકાસ પર નિશ્ચિત રીતે તરી આવે છે. અમારું એમ માનવું છે કે આ પરિણામો પુસ્તકી તાલીમ આપતી શાળાઓના વિદ્યાર્થીઓ કરતાં પણ ઔદ્યોગિક તાલીમ (vocational) આપતી શાળાઓના વિદ્યાર્થીઓ પર વિશેષ સ્પષ્ટ દેખાશે.

ગામડાંઓમાં શાસ્ત્રીય સાધનો કયારે બનાવી શકાશે.

બાલઘરોમાં અઢી કે ત્રણ વર્ષે બાળકો આવતાં થાય તો તેમને માટે ઇન્દ્રિય-વિકાસનાં સાધનોની અપેક્ષા રહે છે. શિક્ષણની દૃષ્ટિએ જોતાં એમ લાગે છે કે ગામડાની પરિસ્થિતિમાંથી સાધનો ઉપજાવી શકાય તો સારું. પરંતુ તે માટે જોઇતી પરિસ્થિતિ ગામડામાં ઉત્પન્ન કરવા, સંશોધન ચલાવવા અને અનુભવ મેળવવા માટે સમયની રાહ જોવી પડશે. ગામડાની આજની કારીગરીનો કસ જોતાં અને ગ્રામશાળા માટે આજે આપણે મેળવી શકીએ એવા શિક્ષકની કક્ષા જોતાં ગામડામાં જ સાધનો ઉત્પન્ન કરવામાં બાલકેળવણીનું આપણું સાધ્ય હસ્તગત કરવામાં અને તેમાં જોઇતી ઝડપ લાવવામાં આપણે નિષ્ફળ જઇશું. ગ્રામ બાલઘરોમાંથી જે બાળકો પસાર થશે અને પછી બુનિયાદી (બેઝિક) કેળવણી લઇને જે બાળકો ગામડાના નાગરિક બની ગામડાના જીવનમાં જે ફેરફારો કરશે તેઓ આપણા કરતાં ગામડામાં જ ગ્રામશિક્ષણનાં સાધનો ઉજાવવા માટે વધારે સમર્થ રહેશે.

ઇન્દ્રિયકેળવણીમાં નીચેની વિગતોનો સમાવેશ થાય છે:—

(ક) આંખની કેળવણીમાં જુદા જુદા રંગો, તેની ઝીણી ઝીણી છાયાઓ, જુદા જુદા ભૌમિતિક આકારો, ઘનાકૃતિ, તેના કદમાં રહેલો ઝીણો ઝીણો ફેરફાર બાળક સાધનોના વપરાશથી સમજતું થાય અને તેને લીધે લંબાઇ, પહોળાઇ, ઊંચાઇ અને જાડાઇનો ખ્યાલ મેળવે, તેમાં ચડતુંઊતરતું પ્રમાણ ગોઠવે, આકારજ્ઞાનની સ્મૃતિને તાલીમ આપે.

(ખ) કાનની કેળવણીમાં જુદાજુદા અવાજ બાળક ઓળખે, તેની સૂક્ષ્મતા અને તીવ્રતા પરથી તેમાં ક્રમ ગોઠવે, વર્ગીકરણ કરે અને તુલના કરે, અવાજ પરથી વસ્તુઓ ઓળખે, દિશાનો ખ્યાલ મેળવે વગેરેનો સમાવેશ છે.

(ગ) સ્પર્શની કેળવણીમાં માત્ર સ્પર્શવડે પદાર્થોને જાણવા, આંગળાંને થતા સ્પર્શથી સ્પર્શોનું વર્ગીકરણ કરવું, તુલના કરવી, કાપડ પથ્થર જેવા પદાર્થોનું બંધારણ (structure) ઓળખવું વગેરે તાલીમ બાળકો મેળવે છે. તેમ જ દરેક પદાર્થનું ઉષ્ણતામાન ઓળખવું, ઉષ્ણતામાનમાં ઝીણા ઝીણા ફેરફારો ઓળખવા વગેરે હોય છે.

(ઘ) ઘ્રાણેન્દ્રિયની કેળવણીમાં જુદી જુદી ગંધ પારખવી, તેના પરથી પદાર્થ ઓળખવા, તેમાં વૈજ્ઞાનિક રીતે વર્ગીકરણ કરવું વગેરે પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

(ચ) રસનેન્દ્રિયની કેળવણીમાં પદાર્થોના સ્વાદ સંબંધીની રમતો, સ્વાદ પરથી પદાર્થો ઓળખવા, પદાર્થોમાં જે રુચિવૈચિત્ર્ય હોય છે તે

પારખવું વગેરેનો સમાવેશ થાય છે.

(છ) સ્ટીરીઓગ્નોસ્ટિક ઇન્દ્રિયની કેળવણીમાં આંખો બંધ કરીને વસ્તુઓના કદ વિષેનો ખ્યાલ મેળવવો, તેમાં રહેલો ઝીણો ઝીણો ફરક ઓળખવો વગેરેનો સમાવેશ થાય છે.

બાલઘરનું નિયોજન અને ઇન્દ્રિયકેળવણીની અસર

ઇન્દ્રિયકેળવણીનાં વિશિષ્ટ સાધનોની કાળજીપૂર્વક હેરફેર કરવામાં, તેની સાથેની રમતોમાં બાળકના સ્નાયુઓ કેળવાય છે. બુદ્ધિને તેમાં કસરત મેળવવાનો અવકાશ હોવાથી બાળકો કલાકોના કલાકો તેના પર એકાગ્ર થઇ જાય છે. તેથી તેમના વ્યક્તિત્વમાં શાંતિ, સંયમ અને બૌદ્ધિક આનંદની વિશિષ્ટ અસર દેખાય છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને ધ્વનિમય જગત નિહાળતાં તેઓ કુદરતની રચના રસપૂર્વક જોતાં થાય છે. કુદરતનાં ઋતુ પરત્વે બદલાતાં રૂપોને વધારે ઝીણવટથી સમજતાં દેખાય છે. અને સાથોસાથ હસ્તકલા-સર્જન કરવા તેઓ પ્રેરાય છે. ચિત્ર માટે જોઇતી કલ્પનાશક્તિ અને પોતાના સ્નાયુ પર જોઇતો કાબૂ તેઓએ મેળવેલો હોવાથી તેમનાં ચિત્રો, નૃત્યો તથા હસ્તકૌશલ્યની વસ્તુઓ પર તેની નિશ્ચિત અસર દેખાય છે. સામાજિક જીવનની તાલીમમાં તેઓ વ્યવસ્થિત અને સંસ્કારી દેખાય છે. લેખન–વાચન–ગણિતની પૂર્વતૈયારી સહેજ સહેજ થતી હોવાથી તેઓ આજુબાજુનું વાતાવરણ સમજવામાં વધારે સ્વાવલંબી બને છે. તેમનામાં ઇન્દ્રિયોના સૂક્ષ્મ સંવેદન સાથેસાથે જ મનોનિગ્રહ કેળવાતો જાય છે. સ્વભાવે તેઓ નીડર, સ્વસ્થ અને તેજસ્વી દેખાય છે. મોટાંઓ કે સત્તાવાળાઓથી તેઓ નિર્ભયતા કેળવે છે. દરેક બાળક વૈયક્તિક તાલીમ વ્યવસ્થિત રીતે પામેલું હોવાથી તેઓનો સમાજ સંગઠિત અને પરસ્પર સહકારી દેખાય છે. દરેક બાળક સમાજમાં કેમ રહેવું તે સારી રીતે સમજતું થાય છે. એકબીજા સાથે ન્યાય અને પ્રેમથી વર્તતાં સમાજના એક આવશ્યક એકમ તરીકે રહેતાં અને બીજા સાથે જવાબદારીના ભાનપૂર્વકની સહકારવૃત્તિ કેળવે છે.

બાલઘરની ત્રીજી પ્રવૃત્તિ– ભાષા અને લેખનવાચન

કુદરતી રીતે એક પછી એક બાબતમાં સ્વાવલંબી થઇ વિકાસને પંથે ચઢતાં બાળકને દરેક ક્ષેત્રમાં અનુકૂળતા કરી આપવી એ બાલઘરોનું મુખ્ય લક્ષ્ય છે. એ અઢી વર્ષની ઉંમરે બાળક સામાન્ય વ્યવહારની ભાષા કુદરતી રીતે જ શીખે છે. એ દિશામાં તેના ઉચ્ચારો શુદ્ધ થાય, વિચારપૂર્વક યોજેલા વાતાવરણની વસ્તુઓ સાથે પરિચય કરી અનુભવ દ્વારા નવા નવા શબ્દોને મેળવતું થાય તે માટે ભાષાશિક્ષણની બાળકના આવેગોને અનુસરનારી એક વિશિષ્ટ યોજના બાલઘરની પ્રવૃત્તિ દ્વારા રજૂ કરવાની હોય છે. આ ભાષાશિક્ષણની યોજનાનો પાયો પ્રથમ ઇન્દ્રિયકેળવણીનાં સાધનો સાથેના અનુભવમાં નાખવામાં આવે છે. તેથી આજુબાજુની સૃષ્ટિના બાહ્ય ગુણધર્મોની પરિભાષા સાથે તે પરિચિત થાય છે. તેનું અવલોકન વધારે મર્મગ્રાહી બને છે. જે જે વસ્તુઓ તેના અનુભવમાં આવે છે તેનાં નામો તે પૂછતું થાય છે. એ જ દિશામાં આગળ જતાં હસ્તઉદ્યોગો, ભૂગોળ, ગણિત, ઇતિહાસ વગેરે ક્ષેત્રોમાંથી બાળકની આગળની પ્રગતિ માટે પાયારૂપ થાય

એવા શબ્દો વિશિષ્ટ પ્રવૃત્તિ દ્વારા અને અવલોકન દ્વારા રજૂ કરવાની એક નિશ્ચિત યોજના હોય છે. એથી બાળકનો અનુભવ સર્વગ્રાહી બને છે, અને તે વ્યક્ત કરવા માટે તેની પાસે નિશ્ચિત ભાવ અને અર્થવાહી શબ્દો હોવાથી ભાષા પરનો તેનો કાબૂ વધે છે. બાલઘરમાં બાળકને નિર્ભયતા અને સ્વાતંત્ર્ય હોવાથી બાળકની ભાષા સારી રીતે ખીલી શકે છે. ૭ વર્ષની ઉંમરે સામાન્ય બાળક જુદા જુદા વિષયોના ક્ષેત્રોમાંથી નીચે રજૂ કરેલા શબ્દો પોતાની ભાષામાં વાપરતું દેખાય છે. આ શબ્દો ગોખીને નહિ પણ પોતાની પ્રવૃત્તિ દ્વારા તે મેળવતું હોય છે.

ભૂગોળ–પૃથ્વી પાણી અને જમીનના ભૌગોલિક આકારો જેવા કે ખંડ, મહાસાગર, ભૂશિર, અખાત, સામુદ્રધુનિ, સંયોગીભુમિ, મેદાન, ઉચ્ચપ્રદેશ, રણ, ઢાળ, મુખત્રિકોણ (delta), સરોવર, તળાવ, સમુદ્ર, ઉપસાગર, ખાડી, વગેરે. પર્વતવિષયક શબ્દો જેવા કે પર્વતમાલા, શિખર, ખીણ, તળેટી, વગેરે. નદીવિષયક શબ્દો જેવા કે ઉગમ, પ્રવાહ, મુખ, ઉપનદી, સંગમ વગેરે. જમીનના સ્વાભાવિક સ્વરૂપવિષયક શબ્દો, મુખ્ય નદીઓનાં નામો, દેશોનાં નામો, પ્રાન્તોનાં નામો, શહેરોનાં નામો, વગેરે.

વનસ્પતિશાસ્ત્ર–વનસ્પતિના વર્ગીકરણવિષયક શબ્દો જેવા કે અપુષ્પ વનસ્પતિ, સપુષ્પ, એકદલ, દ્વિદલ, અપૂર્ણદલ, ઉદ્‌ભિજ–તેના અવયવો. આજુબાજુની વનસ્પતિનાં નામો. પાન, મૂળ, ફળના અવયવો, તેના પ્રકારોનાં નામો.

પ્રાણીશાસ્ત્ર–આસપાસનાં પશુપક્ષી, જીવજંતુનાં નામો – વર્ગીકરણવિષયક શબ્દો – કરોડવાળાં, વગર કરોડનાં પ્રાણી. સસ્તન, વિહગ, સરીસૃપ, મત્સ્ય આદિ વર્ગોનાં નામો, કુટુંબનાં નામો, પ્રાણીઓના અવયવોનાં નામો, વગેરે. તેમનું જીવન અને કાર્યનિદર્શક શબ્દો.

પદાર્થવિજ્ઞાન પદાર્થોના ભૌતિક ગુણધર્મવિષયક શબ્દો. પરિમાણો, રંગ, ઉષ્ણતા, આકાર, વજન, રુચિ, સ્વાદ, સ્પર્શવિષયક શબ્દો–વર્ગીકરણવિષયક શબ્દો–ઘન, દ્રવ, વાયુ રૂપો.

રસાયનશાસ્ત્ર–અણુ, પરમાણુ, દ્રાવણ, દ્રાવ્ય, દ્રાવક, દ્રવ, ક્ષારો. જીવનવ્યવહારમાં વપરાતા ક્ષારોનાં નામો. જુદા જુદા સ્ફટિકો, શુદ્ધ પદાર્થો, ધાતુઓનાં નામો, વગેરે.

શરીરશાસ્ત્ર–શરીરના અવયવો–શારીરિક ક્રિયાદર્શક શબ્દો. શરીરની સ્વચ્છતા, સ્વાસ્થ્ય, આહાર, આરામને લગતા શબ્દો.

ભૂમિતિ–વર્તુળ, ત્રિકોણ, ચોરસ–જુદી જુદી ચતુષ્કોણાકૃતિઓ, જુદા જુદા ત્રિકોણો. વર્તુળવિષયક શબ્દો–મધ્યબિંદુ, વ્યાસ, પરીધ, ત્રિજ્યા, જ્યા, વગેરે. ચતુષ્કોણ અને ત્રિકોણવિષયક શબ્દો. શિરોકોણ, પાયો, લંબ, કર્ણ, ભાજક. જુદી જુદી રેખાઓનાં નામો–વક્ર રેખા, સર્પાકાર રેખા, સમાંતર રેખા વગેરે. બહુકોણાકૃતિનાં નામો–ઘનભૂમિતિના મુખ્ય આકારો, વગેરે.

ઉપરની પરિભાષા બાલઘરોના વાતાવરણની પ્રવૃત્તિ દ્વારા રજૂ કરવાનું એક તંત્ર હોય છે, જેમાં બાળકોને પ્રયોગો કરવાના હોય છે. કેટલાક શબ્દો અવલોકન દ્વારા તેઓ મેળવે છે, કેટલાક શબ્દો તે તે શબ્દો રજૂ કરતી વાર્તાઓ દ્વારા તેઓ મેળવે છે, કેટલાક શબ્દોનાં સૂચક માટીનાં મૉડેલ્સ તેઓ બનાવે છે, કેટલાકનાં ચિત્રો દોરે છે, કેટલાકનાં ચિત્રો

જુએ છે. ટૂંકમાં બાલઘરની પ્રવૃત્તિના પરિપાકરૂપે આ શબ્દો બાળકોના થાય છે. ભાષાની સાથોસાથ આલેખભાષા (graphic language) પણ બાળકો સ્વયંસ્ફૂર્તિથી શીખતાં દેખાય છે. આલેખભાષામાં લેખન અને વાંચનનાં તંત્રોનો સમાવેશ થાય છે. કેટલાક એમ માને છે કે લેખનવાંચનની પ્રવૃત્તિ આ ઉંમરે દાખલ કરવાથી બાળકનું હસ્તવ્યવસાય તરફનું વલણ ઓછું થાય. બીજું ગામડાની નિરક્ષર પ્રજામાં લેખનવાંચનને સ્થાન ન હોવાથી તેની જ્યારે બરોબરી જરૂરિયાત ઉત્પન્ન થાય ત્યારે એટલે કે ૮-૯ વર્ષની ઉંમરે બાળકોને લેખનવાંચન જરૂરિયાત પૂરતી પ્રવૃત્તિ અપાય.

આપણા દેશનાં ગામડાંઓમાં ચારેકોર નિરક્ષરતા છે. તેથી બાલઘરોના વાતાવરણમાં લેખનવાચન સ્વાભાવિક રીતે ન આવે તેવો સંભવ છે. પણ જે ગામડાંઓમાં બાલઘરની પ્રવૃત્તિ ચાલે તેની સાથોસાથ પ્રૌઢશિક્ષણની પ્રવૃત્તિ દાખલ કરવી એ એકલા નિરક્ષરતાનિવારણની દૃષ્ટિએ નહિ પણ બાલઘરની પ્રવૃત્તિના એક આવશ્યક અંગ તરીકે પણ બહુ જરૂરનું છે. તે વિષે આ ગોજનાની ભાવનામાં અમે અમારા વિચારો રજૂ કરી ગયાં છીએ. અને એ રીતે પ્રૌઢશિક્ષણની પ્રવૃત્તિ જે ગામડાંમાં દાખલ થાય તો અમને લાગે છે કે ગામડાની પ્રૌઢ પ્રજા કરતાં પણ બાલપ્રજા એ પ્રવૃત્તિ તરફ પ્રથમ આકર્ષાશે અને કદાચ પ્રૌઢો કરતાં વધારે ઝડપથી અને સ્વાભાવિક રીતે આલેખનભાષાનું સ્વાવલંબન એટલે લખતાંવાંચતાં આવડવું તે મેળવી લેશે.

બાલઘરોની પ્રવૃત્તિમાં લેખનવાંચનની પ્રવૃત્તિ બહુ જ સ્વાભાવિક રીતે આવે છે અને વિકસે છે. બુદ્ધિના વિકાસને તેની મદદ મળવાથી બાળકોની પ્રવૃત્તિ વધારે બુદ્ધિપૂર્વક અને તેથી જ કુશળતાનિદર્શક નીવડે છે, એવો અમારો અનુભવ છે.

૭ વર્ષની ઉંમરનું બાળક ગુજરાતી બીજા ધોરણ જેટલું લેખનવાંચન સહેજે કરી શકે છે.

બાલઘરની ચોથી પ્રવૃત્તિ–ગણિત

જ્ઞાનેન્દ્રિયોની કેળવણીમાં આકારોની કેળવણી સાથે ૧ થી ૧૦ સુધીનાં પરિમાણો પ્રથમ રજૂ કરવામાં આવે છે. અંકો અક્ષરોની જેમ જ સાડાચાર વર્ષની ઉંમર થાય તે પહેલાં જ બાળકો લેતાં હોય છે. ૭ વર્ષની ઉંમરે બાળક અંકગણિતમાં કોઇ પણ સંખ્યાના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર કરી શકે છે. ગણિતનો આ ખ્યાલ માત્ર અંકગણિતના ક્ષેત્રમાં જ નહિ પણ બીજગણિત અને સાથોસાથ ભૂમિતિના ક્ષેત્રમાં પણ વધતો જાય છે. આ સિવાય અપૂર્ણાંક અને દશાંશની કલ્પના પણ બાળક મેળવતું દેખાય છે. ગણિતની આ પ્રગતિનું મુખ્ય કારણ તેના બૌદ્ધિક વાતાવરણમાં રજૂ કરેલાં યોગ્ય સાધનો હોય છે. આ સાધનો સાથે રમતાં રમતાં બાળક ક્રમશઃ ગાણિતિક ખ્યાલ (abstraction) પાકો કરતું દેખાય છે.

બાલઘરની પાંચમી પ્રવૃત્તિ–ચિત્ર, હસ્તકલા અને હસ્તઉદ્યોગ

બાલઘરોની પ્રવૃત્તિ મોટાંઓને સમજાવવા માટે જ તે પ્રવૃત્તિને જુદા જુદા વિષયોના મથાળા નીચે રજૂ કરીએ છીએ. પણ ખરું જોતાં બાળકની દૃષ્ટિએ તો જીવન ધડવું એ જ એકમેવ પ્રવૃત્તિ છે. તેમાં આ ભાષા, આ કલા અને આ ઉદ્યોગ કે ગણિત એવું વર્ગીકરણ કરવું મુશ્કેલ હોય છે. આપણી સમજણની

દૃષ્ટિએ જેને આપણે હસ્તકલા અને હસ્તઉદ્યમ કહીએ તેનો પ્રારંભ બાલઘરમાં ચિત્રપ્રવૃત્તિથી થાય છે.

ઇન્દ્રિયકેળવણીમાં બાળકના હાથના સ્નાયુઓને અમુક તાલીમ પાયારૂપ મળેલી હોય છે. સાથોસાથ આજુબાજુનું જગત અને અક્ષરો બાળકના વાતાવરણમાં રજૂ કરવામાં આવે છે અને તેથી આ ચિત્રપ્રવૃત્તિ એક દિશામાં બાળકને લેખન તરફ લઇ જાય છે, બીજી દિશામાં બાળક વાતાવરણમાંની વસ્તુઓ અને તેને સ્પર્શ કરતાં દૃશ્યો ચીતરવા લાગે છે. ચિત્રની પ્રગતિ સાથે તેનામાં વ્યવસ્થા, સ્વચ્છતા અને સમતોલપણું કેળવાય છે. આગળ જતાં તેના હસ્તકૌશલ્યનું ક્ષેત્ર માત્ર ચિત્ર ન રહેતાં અન્ય ક્ષેત્રોમાં પણ સ્પષ્ટ થાય છે. એ રીતે બાલઘરોમાં જીવનોપયોગી કલા અને ઉદ્યમોનો પાયો નંખાય છે કે જેથી આગળ જતાં બાળક આર્થિક સ્વાવલંબન પર ચડી શકે.

જીવનોપયોગી કલા અને ઉદ્યોગોમાં નીચેના વિષયોનો સમાવેશ કરી શકાય :—

(૧) માટીકામ,(૨) બાંધકામ, (૩) સીવણ-ભરત, (૪) કાંતણ પીંજણ, (૫) બાગકામ, (૬) પ્રાણીઉછેર, (૭) સુશોભનો અને (૮) સામાન્ય ઓજારોનો ઉપયોગ.

(૧) માટીકામ – માટી કેળવવી. પાન, ફૂલ, ફળ તથા પ્રાણીઓના આકારો બનાવવા, રમકડાં બનાવવાં, ભૌગોલિક ખ્યાલ મળી શકે તે હેતુથી જમીન અને પાણીના સ્વાભાવિક આકારો બનાવવા, બાંધકામમાં ઉપયોગી તેવી ઇંટો બનાવવી અને પકવવી.

(૨) બાંધકામ–ઇંટો અને લાકડા વડે ઝૂંપડી બાંધવી. ઘરનું છાજું–છાપરું બાંધવું, ઘરને માટે પાણીનો નિકાસ કરી આપવો તેમ જ બાગમાં બાલઘરને ઉપયોગી રસ્તા બાંધવા–બાગની વાડો બાંધવી, વેલાઓ માટે માંડવા બાંધવા, બાગ માટે ઝાંપા બનાવવા, વગેરે.

(૩) સીવણભરત–સીવણના મુખ્ય ટાંકાઓ–પોતાનાં ફાટેલાં કપડાં સીવવાં, બટનો સીવવાં, રૂમાલ ડસ્ટરો જેવી વસ્તુઓ બાંધવી. સાદું ભરતકામ–બાલઘરનાં આસનો, બાલઘરમાં વપરાતી કાપડની વસ્તુઓ, તથા બાળકોનાં લૂગડાં પર થઇ શકે તેવું ભરતકામ.

(૪) કાંતણ–અને તો બાલઘરની વાડીમાંથી જોઇતો કપાસ મેળવવો. તેને સાફ કરવો, લોઢવું, પીંજવું અને પૂણીઓ બનાવવી. તકલી પર સૂતર કાંતતાં આવડવું, વગેરે.

(૫) બાગકામનો ઉદ્દેશ માત્ર ખોદવું, નીંદવું, માટી ઉપાડવીભરવી, ઝાડને પાણી પાવું, શાકભાજી ઉતારવી, વગેરે એકલાં મહેનતનાં કામો માટે જ ન હોવો જોઇએ. પણ બાલઘરનો બાગ બાળકને વનસ્પતિજીવનનો પરિચય કરાવી તેની માવજત આપણે બુદ્ધિપૂર્વક કેમ કરી શકીએ, મનુષ્યજીવન સાથે અને પ્રાણીજીવન સાથે વનસ્પતિનો શો સંબંધ છે તે સમજવા માટે પ્રત્યક્ષ અવકાશ કરી આપે તે છે. એ બાગ વનસ્પતિનું વૈજ્ઞાનિક વર્ગીકરણ સમજવા માટે છે, તેમ જ તેમાંથી બાલઘરને તે વધારેમાં વધારે કેમ ઉપયોગી થાય એ દૃષ્ટિ રહેલી છે.

(૬) પ્રાણીઉછેર-વનસ્પતિની જેમ જ પ્રાણીજીવન –પરિચય અને કેટલાંક પ્રાણીઓના ઉછેરનાં બીજો બાળકેળવણીમાં નાખવાની જરૂર છે. પુસ્તકોમાં પ્રાણીઓની વાર્તા વાંચવી અથવા તેના વિષે રૂક્ષ વૈજ્ઞાનિક માહિતી ગોખવાથી

પ્રાણીજીવનનો સાચો સંપર્ક આપણે કેળવી શકવાના નથી. બાલઘરોમાં એ રીતે પ્રત્યક્ષ ઉછેર માટે કોઇ ઉપયુક્ત જનાવર-ગાય કે બકરી કે કૂકડી રાખવાની જરૂર રહે છે. બાગની સાથોસાથ જે જંતુજીવન બાગમાં પ્રવેશ કરશે તેનો અભ્યાસ બાળકોને સહેજે થશે પણ વિશાળ પ્રાણીજીવનનો ખ્યાલ રજૂ કરવા માટે દરેક વર્ગના પ્રતિનિધિરૂપે કેટલાંક પ્રાણીઓ બાલઘરના આંગણામાં રાખવાં જોઇએ. એકાદું એકવેરિયમ પણ બનાવી શકાય ને તેમાં માછલાં, દેડકાં, કાચંડાઓ રાખી શકાય. પ્રાણીઓની માવજત કરવા માટે પ્રત્યક્ષ ક્ષેત્ર કરી આપવાની બાલ-ઘરમાં ઘણી જ જરૂર રહેશે.

(૭) સુશોભનો—આ પ્રવૃત્તિનો કોઇ જુદો વિષય નથી પરંતુ ચિત્રના જ વિષયનો આ એક વિભાગ ગણાય. આપણું સામાન્ય જીવન શોભીતું કરવા માટે કેટલીક વિગતોની અહીં નોંધ રજૂ કરીએ છીએ. (૧) માટીનાં વાસણો અને ભીંતો પરની આકૃતિઓ, (૨) બાલ-ઘરમાં ફૂલોનો શણગાર, (૩) જાતજાતની રાંગોળી, (૪) જમીન તૈયાર કરવી, તે લીંપવી તથા તેના પર સાથિયા કરવા.

(૮) સામાન્ય ઓજારોનો ઉપયોગ—કુહાડી, કાતર, ચપ્પુ, હથોડી, છીણી, કરવત, સ્ક્રુ-ડ્રાયવર વગેરેનો સામાન્ય ઉપયોગ.

બાલઘરની છઠ્ઠી પ્રવૃત્તિ—સંગીત અને લલિતકલા

બાલઘરમાં સંગીત સામુદાયિક હોય છે. પ્રથમ પ્રવેશ કરતાં બાળકો જુદાં જુદાં ગીતો સાંભળે છે. ધીમે ધીમે તેઓ ગવાતાં ગીતોમાં સાથ આપે છે. પછી સ્વતંત્ર રીતે જલસાઓમાં ભાગ લે છે. ગીતોમાં સાદાં લોકગીતોમાંથી ભજનો, રાસનાં અને ગરબાનાં ગીતો, બાલ-ગીતોમાં અભિનયગીતો, વૃંદગીતો, કૂચનાં ગીતો વગેરે યોજવામાં આવે છે. તાલ ઝીલવા માટે મંજીરાં અગર દાંડિયા આપવામાં આવે છે. ગીતોની સાથોસાથ દાંડિયારાસ, ગરબા અને ગરબીઓ વગેરે જેવાં સાદાં લોકનૃત્યો રજૂ કરવામાં આવે છે.

નાટ્યમાં પ્રથમ નાની નાની બાલવાર્તાઓનું નાટ્ય કરતાં કરતાં સારાં નાટકો બાળકો ભજવે છે. નાટ્યની વેશભૂષામાં બને તેટલી સાદાઇ રાખવામાં આવે છે, કે-જેથી કરીને અભિનયને વધારે અવકાશ રહે. બીજું આ નાટકોનાં પાત્રોનાં ભાષણો ગોખાતાં નથી પરંતુ પાત્રની ભૂમિકા અને પ્રસંગ વિષે તેમને ખ્યાલ આપી તે પોતાની ભાષામાં અને ઢબમાં રજૂ કરવાની બાળકને છૂટ હોય છે. તેથી બાળકની પોતાની સર્જનશક્તિને પૂરેપૂરો અવકાશ રહે છે. બાલ-ઘરમાં સત્રાન્તના ઋતુઓના ઉત્સવો યોજવામાં આવે છે.

બાલઘરની સાતમી પ્રવૃત્તિ—બાલઅવાસો અને વસ્તુસંગ્રહ

ગામડાની આજુબાજુમાં વનસ્પતિ, પ્રાણી, ભૂસ્તરના અને ભૂગોળના વિષયોની અને કોઇ કોઇ કારણે ઇતિહાસના અવશેષોની સમૃદ્ધિ હોય છે. બાલઘરની બધી જ પ્રવૃત્તિ બાળકોને આ આજુબાજુની સૃષ્ટિની સમજણ વધારવામાં મદદરૂપ થાય એ દૃષ્ટિથી જ યોજવામાં આવેલી હોય છે. બાલમંદિરના શિક્ષકને આજુબાજુની સૃષ્ટિ વૈજ્ઞાનિક દૃષ્ટિથી જોવાની તાલીમ આપેલી હોવાથી એવા શિક્ષકના સંપર્કમાં બાળકોને અવલોકનની ખૂબ તક મળતી હોય છે. બાલ-પ્રવાસો દ્વારા તે કાર્ય સરળ અને રસમય બને

નૂતન બાલશિક્ષણ સંઘ

પ્રવૃત્તિ અને ભવિષ્યના કાર્યની રૂપરેખા

આજે વરસોથી નૂતન બાલશિક્ષણસંઘ બાળકેળવણીના ક્ષેત્રમાં કામ કરે છે. લગભગ વીસ વરસ પહેલાં સ્વ. શ્રી ગિજુભાઇએ ભાવનગરમાં આ સંઘની સ્થાપના કરી. તેમના અને તેમના સાથીઓના ઉત્સાહભર્યા અથાગ પરિશ્રમથી સંઘનું કામ આજ સુધી આગળ ધપ્યું છે સંઘે લોકોને બાલજીવન તરફ જોવાની નવી દૃષ્ટિ આપી છે. આજે આપણે ત્યાં ઘણાં બાલમંદિરો ચાલે છે અને નવાંનવાં સ્થપાતાં જાય છે, એ પણ સંઘની પ્રવૃત્તિને આભારી છે.

આજની પ્રવૃત્તિઓ

આજે ચાલતી સંઘની પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે છે :–

(ક) હિંદી, મરાઠી અને ગુજરાતી એ ત્રણ ભાષાઓમાં 'શિક્ષણ-પત્રિકા' માસિકનું પ્રકાશન.

(ખ) સંઘની સાથે જોડાયેલાં બાલમંદિરોનું નિરીક્ષણ અને દોરવણી.

(ગ) ગામડામાં તથા શહેરોના ગરીબ લત્તાઓમાં કેવી જાતનાં બાલમંદિરો હોવાં જોઇએ તેને અંગેના પ્રયોગો.

(ઘ) જનતામાં બાલકેળવણી વિષેના નવા અને સાચા વિચારોના પ્રચારાર્થે વ્યાખ્યાનો, સંમેલનો, પ્રદર્શનો ઇત્યાદિ.

હવે હાથ ધરવાની પ્રવૃત્તિઓ

અત્યાર સુધી આ દિશામાં આટલું કામ થયું છે. હવે આ બધાં કામો આગળ વધારવાનો તેમ જ કેટલાંએક નવાં કામો શરૂ કરવાનો વખત આવી લાગ્યો છે. તેથી સંઘે નીચે મુજબની વિશાળ યોજના હાથ ધરી છે:—

(૧) **નવું માસિક.** આજે ચાલતા 'શિક્ષણપત્રિકા' માસિકને શિક્ષકો અને અભ્યાસકો માટે અલાયદું રાખી આમ જનતા માટે એક નવું માસિક શરૂ કરવું, જેમાં બાળકેળવણીને લગતા પ્રશ્નો ચર્ચવા અને ચિત્રો, તખ્તાઓ વગેરે મારફતે તેને વધુ રસિક અને ઉપયોગી બનાવવું,

(૨) **પત્રિકાનું કાર્યાલય.** આ બંને માસિકો માટે સ્વતંત્ર કાર્યાલય અને સ્વતંત્ર તંત્રીઓ રાખી એ કામને યોગ્ય પાયા પર મૂકવું.

(૩) **બાલમંદિરોનું નિરીક્ષણ.** સંઘ સાથે જોડાયલી ગુજરાત અને મહારાષ્ટ્રની ૪૦ જેટલી બાલશાળાઓ છે, અને દિવસે દિવસે એ સંખ્યા વધતી જાય છે. તે માટે એક સ્વતંત્ર નિરીક્ષણ ખાતું ચલાવવું અને તેની મારફત જુદી જુદી યોજનાઓ જેવી કે રિફ્રેશર્સ કોર્સ વગેરે ચાલુ કરી આ કામને વધુ સંગીન બનાવવું.

(૪) **અધ્યાપનમંદિર.** સંઘના આશ્રયે અધ્યાપનમંદિર ચલાવવું કે જેથી સંઘના દૃષ્ટિબિંદુ પ્રમાણેના શિક્ષકો તૈયાર કરી શકાય.

(૫) **પ્રચારકાર્ય.** શિક્ષકો તથા આમજનતા માટે શિક્ષણસંમેલનો વગેરે ગોઠવવાં, તેમ જ વધુ બાલમંદિરો ખોલવામાં અને ચલાવવામાં મદદરૂપ થવું.

(૬) **ગામડાંઓ માટે બાલમંદિરો,** સાધનાલયો, પ્રકાશનમંદિર વગેરે ચલાવવાનું નવું કામ હાથ ધરવું.

ટૂંકમાં જૂનાં કામો વધારીને સંગીન પાયા પર મૂકવાં અને નવાં જરૂરી કામો હાથ ધરવાની જવાબદારી સંઘે ઉપાડવી.

કેવી સહાય આપી શકાય

જનતાની પૂરેપૂરી આર્થિક અને બીજી સહાય મેળશે જ એવી આશાથી આ આખી યોજના હાથ ધરવામાં આવી છે. આમ જનતા અમને નીચે મુજબ સહાય આપી શકે:–

(૧) ઉદાર હાથે આર્થિક મદદ આપીને

(૨) સંઘના હરકોઇ પ્રકારના (આજીવન, સહાયક, સક્રિય અથવા સામાન્ય) સભ્ય થઇને

(૩) મિત્રો તથા સંબંધીઓને સંઘના સભ્યો બનાવીને

(૪) કેળવણીનાં ટ્રસ્ટ ફંડોમાંથી સહાય અપાવીને

(૫) સંઘના કાર્ય માટે જોઇતાં મકાનો તથા બીજી આવશ્યક ચીજો આપી–અપાવીને.

સંઘનું વિશ્વસ્તમંડળ

નૂતન બાલશિક્ષણ સંઘનું વિશ્વસ્તમંડળ નીચે પ્રમાણે જવાબદાર વ્યક્તિઓનું બનેલું છે:–

(૧) શ્રી. બાલાસાહેબ ખેર
(૨) શ્રી સુવ્રતાદેવી રૂઇઆ
(૩) શ્રી સરલાદેવી સારાભાઇ
(૪) શ્રી તારાબેન પ્રેમચંદ
(૫) શ્રી ચંદુલાલ ઝવેરી
(૬) શ્રી શાંતિલાલ મંગળદાસ

આશા છે કે જનતા નૂતન બાલશિક્ષણ સંઘના આ કાર્યમાં ઉલટભેર મદદ કરશે અને અમારા કાર્યનો ઉત્સાહ વધારશે.

સરલાદેવી સારાભાઇ (પ્રમુખ)
નાનાભાઇ ભટ (ઉપપ્રમુખ)
ચંદુલાલ ઝવેરી (ખજાનચી)
તારાબેન મોડક (મંત્રી)
સરોજબેન ચોધ (મંત્રી)

છે. જુદા જુદા પાનના તથા ફૂલોના નમૂનાઓ, જાતજાતના પથ્થરોના નમૂનાઓ, જુદી જુદી માટીના નમૂનાઓ, પશુપંખીઓના અવશેષોના નમૂનાઓ, અને આસપાસની કલાકારીગરીના નમૂનાઓ, આવા પ્રવાસો દ્વારા બાળકો ભેગા કરે છે, તેમને તપાસે છે અને વ્યવસ્થિત વર્ગીકરણ કરીને બાલઘરોમાં સંગ્રહે છે.

બાલપ્રવાસોનો બીજો હેતુ પ્રવાસની અગવડમાં સમૂહજીવન જીવવાના પ્રત્યક્ષ પાઠો લેવાનો હોય છે. ગામડાની આજુબાજુનાં જંગલો અને ખેતરો, તેમાંથી થતું જાતજાતનું ઉત્પાદન, નાનાંમોટાં કારખાનાંઓ અને બની શકે તો કોઈ વખત એકાદ શહેરની મુલાકાત પ્રવાસપ્રવૃત્તિ દ્વારા યોજી શકાય. સામાન્ય રીતે અઠવાડિયામાં એક નાનો પ્રવાસ તો આવશ્યક હોવો જોઈએ. અને સત્રમાં બેએક મુસાફરો કરવી પડે એવો પ્રવાસ ગોઠવાય તો સારું.

બાલઘરની આઠમી પ્રવૃત્તિ–ક્રીડાંગણ અને દવાખાનું

દરેક બાલઘરમાં બાળકની શારીરિક જરૂરિયાતો ધ્યાનમાં લઈને એક ક્રીડાંગણ હોવું જોઈએ. દરેક બાળક આ ક્રીડાંગણનો ઉપયોગ કોઈ પણ સમયે છૂટથી કરી શકે છે. આગળ જતાં આ ક્રીડાંગણમાં સામુદાયિક રમતો ગોઠવી શકાય છે. બાલઘરમાં પ્રાથમિક મદદ તરીકે સામાન્ય ઘરગથ્થુ દવાઓ રાખવી જોઈએ.

સામાન્ય દૈનિક કાર્યક્રમ: સૂચનારૂપે

ઋતુમાન પ્રમાણે બાળકો સવારે ૮–૯ વાગે બાલઘરમાં આવે અને સાંજના ૫–૬ વાગતાં સુધી ત્યાં જ રહે. તેમને માટે નીચે પ્રમાણે કાર્યક્રમ રાખી શકાય :—

૮–૯ દાતણપાણી, શૌચ, શ્રમરામણ વગેરે–જો ઘેરથી કરીને ન આવી શકે તો. જે નાસ્તો તેમને બાલઘરમાં આપવામાં આવે તે આરોગ્યની અને સ્થાનિક દૃષ્ટિએ ગોઠવાવો જોઈએ. ત્યાર બાદ સાફસૂફી, બાગકામ, પ્રાણીઓની માવજત વગેરે મહેનતનાં કામો જેમાં–તેમના હાથપગ મેલા થવાનો સંભવ હોય.

૯–૧૦ નહાવુંધોવું. બાળકોનાં વસ્ત્રો આરોગ્યની દૃષ્ટિએ તૈયાર થવાં જોઈએ. જરૂર હોય ત્યાં શાળામાંથી વસ્ત્રો મળવાની ગોઠવણ થવી જોઈએ.

૧૦–૧૦॥ નાસ્તો–થોડી રાબ, દૂધ કે બીજું કંઈ સાથે બેસીને.

૧૦॥–૧૨॥ ઓરડામાં બેસીને કરવાનાં કામ–હસ્તઉદ્યોગો.

૧૨॥–૧॥ જમણ. બાળકો ઘેરથી રોટલો અથવા બને તો અનાજ લેતાં આવે અને બાલઘરમાં દાળ કે શાક અથવા રોટલા બનાવી લેવાય. બધાં સાથે મળી સુધડ અને વ્યવસ્થિત રીતે જમે. શિક્ષકો પણ સાથે જમે. પીરસવાનું કામ બાળકો કરે. જમણ શરૂ કરતા પહેલાં ટૂંકી સામુદાયિક પ્રાર્થના થાય. નાસ્તો જમણ વગેરે દ્વારા બાળકની માત્ર ભૂખ સંતોષવાનો હેતુ નથી. બાળકોના ખોરાકમાં શરીરને માટેનાં આવશ્યક તત્ત્વો પૂરતા પ્રમાણમાં છે કે નહિ તે જોવું જોઈએ. બાળકો જમણની સાથે સાથે તૈયારી કરતાં અને પીરસતાં પોતાનાં અંગો ઉપર કાબૂ મેળવે છે અને સંગઠિત જીવનની તાલીમ પામે છે.

૧॥–૩॥ વાર્તાલાપ અને આરામ–ઓરડીમાં કે બાગમાં, ઋતુ અને પરિસ્થિતિ પ્રમાણે.

૩॥–૪॥ ઓરડાની પ્રવૃત્તિ : ઇન્દ્રિયશિક્ષણ,

(૬) ગામડાંઓ માટે બાલમંદિરો, સાધનાલયો, પ્રકાશનમંદિર વગેરે ચલાવવાનું નવું કામ હાથ ધરવું.

ટૂંકમાં જૂનાં કામો વધારીને સંગીન પાયા પર મૂકવાં અને નવાં જરૂરી કામો હાથ ધરવાની જવાબદારી સંઘે ઉપાડવી.

કેવી સહાય આપી શકાય

જનતાની પૂરેપૂરી આર્થિક અને બીજી સહાય મેળશે જ એવી આશાથી આ આખી યોજના હાથ ધરવામાં આવી છે. આમ જનતા અમને નીચે મુજબ સહાય આપી શકે:–

(૧) ઉદાર હાથે આર્થિક મદદ આપીને

(૨) સંઘના હરકોઇ પ્રકારના (આજીવન, સહાયક, સક્રિય અથવા સામાન્ય) સભ્ય થઈને

(૩) મિત્રો તથા સંબંધીઓને સંઘના સભ્યો બનાવીને

(૪) કેળવણીનાં ટ્રસ્ટ ફંડોમાંથી સહાય અપાવીને

(૫) સંઘના કાર્ય માટે જોઇતાં મકાનો તથા બીજી આવશ્યક ચીજો આપી–અપાવીને.

સંઘનું વિશ્વસ્તમંડળ

નૂતન બાલશિક્ષણ સંઘનું વિશ્વસ્તમંડળ નીચે પ્રમાણે જવાબદાર વ્યક્તિઓનું બનેલું છે:–

(૧) શ્રી. બાલાસાહેબ ખેર
(૨) શ્રી સુવ્રતાદેવી રૂઇઆ
(૩) શ્રી સરલાદેવી સારાભાઇ
(૪) શ્રી તારાબેન પ્રેમચંદ
(૫) શ્રી ચંદુલાલ ઝવેરી
(૬) શ્રી શાંતિલાલ મંગળદાસ

આશા છે કે જનતા નૂતન બાલશિક્ષણ સંઘના આ કાર્યમાં ઉલટભેર મદદ કરશે અને અમારા કાર્યનો ઉત્સાહ વધારશે.

સરલાદેવી સારાભાઇ (પ્રમુખ)
નાનાભાઇ ભટ (ઉપપ્રમુખ)
ચંદુલાલ ઝવેરી (ખજાનચી)
તારાબેન મોડક (મંત્રી)
સરોજબેન ચોધ (મંત્રી)

છે. જુદા જુદા પાનના તથા ફૂલોના નમૂનાઓ, જાતજાતના પથ્થરોના નમૂનાઓ, જુદી જુદી માટીના નમૂનાઓ, પશુપંખીઓના અવશેષોના નમૂનાઓ, અને આસપાસની કલાકારીગરીના નમૂનાઓ, આવા પ્રવાસો દ્વારા બાળકો ભેગા કરે છે, તેમને તપાસે છે અને વ્યવસ્થિત વર્ગીકરણ કરીને બાલઘરોમાં સંગ્રહે છે.

બાલપ્રવાસોનો બીજો હેતુ પ્રવાસની અગવડમાં સમૂહજીવન જીવવાના પ્રત્યક્ષ પાઠો લેવાનો હોય છે. ગામડાની આજુબાજુનાં જંગલો અને ખેતરો, તેમાંથી થતું જાતજાતનું ઉત્પાદન, નાનામોટાં કારખાનાંઓ અને બની શકે તો કોઈ વખત એકાદ શહેરની મુલાકાત પ્રવાસપ્રવૃત્તિ દ્વારા યોજી શકાય. સામાન્ય રીતે અઠવાડિયામાં એક નાનો પ્રવાસ તો આવશ્યક હોવો જોઈએ. અને સત્રમાં એક મુસાફરી કરવી પડે એવો પ્રવાસ ગોઠવાય તો સારું.

બાલઘરની આઠમી પ્રવૃત્તિ–ક્રીડાંગણ અને દવાખાનું

દરેક બાલઘરમાં બાળકની શારીરિક જરૂરિયાતો ધ્યાનમાં લઈને એક ક્રીડાંગણ હોવું જોઈએ. દરેક બાળક આ ક્રીડાંગણનો ઉપયોગ કોઈ પણ સમયે છૂટથી કરી શકે છે. આગળ જતાં આ ક્રીડાંગણમાં સામુદાયિક રમતો ગોઠવી શકાય છે. બાલઘરમાં પ્રાથમિક મદદ તરીકે સામાન્ય ઘરગથ્થુ દવાઓ રાખવી જોઈએ.

સામાન્ય દૈનિક કાર્યક્રમ: સૂચનારૂપે

ઋતુમાન પ્રમાણે બાળકો સવારે ૮–૯ વાગે બાલઘરમાં આવે અને સાંજના ૫–૬ વાગતાં સુધી ત્યાં જ રહે. તેમને માટે નીચે પ્રમાણે કાર્યક્રમ રાખી શકાય :—

૮–૯ દાતણપાણી, શૌચ, શિરામણ વગેરે–જે ઘેરથી કરીને ન આવી શકે તો. જે નાસ્તો તેમને બાલઘરમાં આપવામાં આવે તે આરોગ્યની અને સ્થાનિક દૃષ્ટિએ ગોઠવાયો જોઈએ. ત્યાર બાદ સાફસૂફી, બાગકામ, પ્રાણીઓની માવજત વગેરે મહેનતનાં કામો જેમાં–તેમના હાથપગ મેલા થવાનો સંભવ હોય.

૯–૧૦ નહાવુંધોવું. બાળકોનાં વસ્ત્રો આરોગ્યની દૃષ્ટિએ તૈયાર થવાં જોઈએ. જરૂર હોય ત્યાં શાળામાંથી વસ્ત્રો મળવાની ગોઠવણ થવી જોઈએ.

૧૦–૧૦॥ નાસ્તો–થોડી રાબ, દૂધ કે બીજું કંઈ સાથે બેસીને.

૧૦॥–૧૨॥ ઓરડામાં બેસીને કરવાનાં કામ–હસ્તઉદ્યોગો.

૧૨॥–૧॥ જમણ. બાળકો ઘેરથી રોટલો અથવા બને તો અનાજ લેતાં આવે અને બાલઘરમાં દાળ કે શાક અથવા રોટલા બનાવી લેવાય. બધાં સાથે મળી સુધડ અને વ્યવસ્થિત રીતે જમે. શિક્ષકો પણ સાથે જમે. પીરસવાનું કામ બાળકો કરે. જમણ શરૂ કરતા પહેલાં ટૂંકી સામુદાયિક પ્રાર્થના થાય. નાસ્તો જમણ વગેરે દ્વારા બાળકની માત્ર ભૂખ સંતોષવાનો હેતુ નથી. બાળકોના ખોરાકમાં શરીરને માટેનાં આવશ્યક તત્ત્વો પૂરતા પ્રમાણમાં છે કે નહિ તે જોવું જોઈએ. બાળકો જમણની સાથે સાથે તૈયારી કરતાં અને પીરસતાં પોતાનાં અંગો ઉપર કાબૂ મેળવે છે અને સંગઠિત જીવનની તાલીમ પામે છે.

૧॥–૩॥ વાર્તાલાપ અને આરામ–ઓરડીમાં કે બાગમાં, ઋતુ અને પરિસ્થિતિ પ્રમાણે.

૩॥–૪॥ ઓરડાની પ્રવૃત્તિ : ઇન્દ્રિયશિક્ષણ,

ભાષા, ગણિત, ચિત્ર, સંગીત, નૃત્ય, વાત-ચીત, વગેરે.

૪॥–૫॥ રમતગમત: દોડવું, કૂદવું, લપસવું, હીંચકા ખાવા, લંગડી વગેરે.

૫॥ પછીથી બહાર ફરવા જવું.

આ દૈનિક કાર્યક્રમ માત્ર સૂચનારૂપે છે.

ઉપસંહાર

આ યોજનાનો જો સારી રીતે અમલ થઇ શકે તો તેનાં સંભવિત પરિણામોનો વિચાર કરવો પણ જરૂરી છે.

બાલઘરની પ્રવૃત્તિઓ દ્વારા સાત વર્ષની ઉંમર સુધીમાં બુનિયાદી યોજનાની શરૂઆતનું કેટલુંક કામ થઇ ગયેલું માલૂમ પડશે. સામાન્ય બુદ્ધિવિકાસમાં, તેમ જ ભાષા, લેખન, વાચન, ગણિત, ઇતિહાસ, ભૂગોળ, પ્રાણી અને વનસ્પતિ-શાસ્ત્ર, બાગકામ, હસ્તકામ વગેરેમાં બાળકે સારો પંથ કાપેલો હશે. તેનામાં હાથનો કાબૂ આવેલો હશે, અને તેને સ્વાવલંબી થવાની ટેવ પડી હશે. અંગમહેનત અને ઉદ્યોગ તરફ તેને આદર થયેલો હશે. આ રીતે બુનિયાદી કેળવણીની ભાવનાનાં બીજ અત્યંત વ્યવસ્થિત રીતે નંખાયાં હશે એટલું જ નહિ, પણ આંખે દેખી શકાય એવા કુમળા રોપા પણ ઊગી નીકળ્યા હશે. આથી બુનિયાદી કેળવણીના અભ્યાસક્રમમાંથી દોઢએ વર્ષો કાઢવા પડવાનો સંભવ હોઇ તે આખો અભ્યાસક્રમ ફરીથી ઘડવો જરૂરી થઇ પડે. આ તો માત્ર સમયની સ્થૂળ દૃષ્ટિથી. તે ઉપરાંત, બાલઘરની પ્રવૃત્તિઓ દ્વારા ઇન્દ્રિયવિકાસની સાથે જ્ઞાનના બધા જ વિષયોને તદ્દન નવી જ સંકલનાપૂર્વક યોજી દેવાય છે, કે જેથી એ જ સંકલનાની દૃષ્ટિએ બુનિયાદી તાલીમનો અભ્યાસક્રમ નવેસરથી ઘડવાની જરૂર લાગે, અને એ જ સંકલના ઉત્તરબુનિયાદી તાલીમમાં પણ રાખવી ઘટે.

નૂતન બાલકેળવણીની દૃષ્ટિએ જ્ઞાનને જુદા જુદા વિષયોમાં સ્થૂળ રીતે વહેંચાયેલું નહિ, પણ એક અખંડાકારે ગણવામાં આવેલું છે. આથી બાળક પોતાની આજુબાજુનું જગત વૈજ્ઞાનિક દૃષ્ટિથી યથાર્થરૂપે સમજે તે માટે તેની વિકસતી જતી શક્તિના પ્રમાણમાં બધા જ વિષયો અને પ્રશ્નો તેની સમક્ષ ઉપસ્થિત થાય, તે રીતની તેમાં યોજના રાખેલી છે. આથી બાળક જિજ્ઞાસુ અને શોધક બને, તેનાં હલનચલન, હસ્તવ્યવસાય, સામાજિક ક્રિયાઓ અને સર્વ પ્રકારની બૌદ્ધિક પ્રવૃત્તિઓ દ્વારા તેનો સર્વાંગી વિકાસ થાય એવા પ્રયત્નો કરવામાં આવે. હસ્તકામથી નીપજતું હસ્તકૌશલ તેની બુદ્ધિ અને કલ્પના જોડે સંયોગ પામતાં તેની સર્જનશક્તિ સ્ફુરે અને બાળકને કંઇક સર્જન કર્યાનો આનંદ થાય. આનંદથી પ્રેરાઇ તે પુનઃપુનઃ પોતાનું કૌશલ્ય વિવિધ રીતે અજમાવે, અને આ આનંદ તેના ચિત્તતંત્રની વ્યવસ્થિતિ કરનાર એક પ્રાણદાયી શક્તિ બને

આવી પ્રાણદાયી શક્તિ કેળવણીની પછીની કક્ષાઓમાં ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી રહેવી જોઇએ કે જેથી મનુષ્યના સમગ્ર જીવનનો કેળવણીમાં સુસંગતિ ચાલુ રહે

શિશુવિહાર બાલઅધ્યાપનમંદિર

આ અધ્યાપનમંદિર સરકારમાન્ય થયેલ છે.

સને ૧૯૪૫-૪૬ ની સાલ માટેનો વર્ગ શરૂ થશે.

આ વર્ગ તા. ૨ જુલાઇ ૧૯૪૫ ના રોજથી શરૂ થશે. ગુજરાતી તથા મરાઠી બંને ભાષાઓમાં શિક્ષણ આપવામાં આવે છે. વ્યાખ્યાનો રાષ્ટ્રભાષા હિંદીમાં અપાશે. પદવીધર તેમ જ સ્નાતક વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ અભ્યાસક્રમ (Honour's Course) ની યોજના પણ છે. દાખલ થવા ઇચ્છનારે તા. ૨૦-૬-૪૫ સુધીમાં નીચેને સરનામે અરજી કરવી. જોઇતી માહિતી મગાવો:-

મુખ્ય અધ્યાપિકા બાલઅધ્યાપનમંદિર,
શિશુવિહાર, ૧૧૫, હિંદુકોલની, દાદર.

૧૯૪૫ ની સાલની પરીક્ષાનું પરિણામ

એપ્રિલ તા. ૧૫-૪-૪૫ ના રોજ લેવાયલી પરીક્ષામાં નીચેનાં ભાઇબહેનો ઉત્તીર્ણ થયાં છે. ગુણાનુક્રમે તેમનાં નામો આપ્યાં છે. ઉત્તીર્ણ થનાર સહુ ભાઇબહેનોને અમારાં અભિનંદન છે. નૂતન બાલશિક્ષણના કાર્યમાં તેઓ પોતાની સર્વશક્તિ આપે એમ આપણે ઇચ્છીએ.

પહેલો વર્ગ

૧ શ્રી શારદા ગદ્રે
૨ ,, શાલિની જોગળેકર

બીજો વર્ગ

૩ ,, માલિની પાવસકર
૪ ,, હેમલતા માળવી
૫ ,, ગોવિંદભાઇ પટેલ
૬ ,, રમેશ મહેતા
૭ ,, કિશોરી દેશપાંડે
૮ ,, કુમુદિની પુરંદરે
૯ ,, નિર્મલા શહા

પાસ વર્ગ

૧૦ ,, ઇંદુમતી કામેરકર
૧૧ ,, જ્યોત્સ્ના કોલ્હાટકર
૧૨ ,, કમલ ચિતળે
૧૩ ,, કાંતિલાલ જની
૧૪ ,, ત્र्यંબકલાલ દવે
૧૫ ,, પ્રભાવતી પાર્સેકર
૧૬ ,, વિમલાબેન અમીન
૧૭ ,, મણિબેન અમીન
૧૮ ,, અન્નપૂર્ણા અભ્યંકર
૧૯ ,, ચંપા કોરડે
૨૦ ,, રુકિમણીબાઇ ગિજરે
૨૧ ,, જયસુખલાલ ત્રિવેદી
૨૨ ,, માધવલાલ દ્વિવેદી
૨૩ ,, દેવદત્ત પટેલ
૨૪ ,, પુષ્પા પટેલ

ગ્રેસ પાસ

૨૫ ,, મંજુળા કોલવાલકર
૨૬ ,, વનલીલા મહેતા
૨૭ ,, સુભદ્રા મહેતા

તારાબેન મોડક
મુખ્ય અધ્યાપિકા

નોંધ

બાલઘર યોજના

સ્વ. કસ્તુરબા સ્મારક ફંડ યોજનામાં સાત વર્ષની નીચેનાં બાળકોની કેળવણીનો સમાવેશ કરવામાં આવશે એમ જ્યારે પૂ. ગાંધીજીએ જાહેર કર્યું તે વેળા એટલે આજથી લગભગ ૮ મહિના પહેલાં નૂતન બાલશિક્ષણ સંઘનાં પ્રમુખ શ્રી. સરલાદેવી સારાભાઇએ પૂ. ગાંધીજીને એક પત્ર લખીને જણાવ્યું હતું કે નૂતન બાલશિક્ષણ સંઘ છેલ્લાં વીસ વર્ષોથી બાલકેળવણીના ક્ષેત્રમાં જ કાર્ય કરી રહેલ છે અને આ કસ્તુરબા સ્મારક યોજના અંગેના બાલકેળવણીના કાર્યમાં સંઘ પોતા તરફથી આપી શકાય તે સઘળી મદદ આપવા તૈયાર છે.

આ પત્રના જવાબમાં પૂ. ગાંધીજીએ સંઘ પાસેથી સાત વર્ષથી નીચેનાં ગામડાંનાં બાળકોની કેળવણી અંગેની વિગતવાર યોજનાની માગણી કરી હતી. આ સાથે રજૂ કરેલી બાલઘરની યોજના પૂ. ગાંધીજીને તેમના પત્રને અંગે તૈયાર કરીને મોકલવામાં આવી હતી તે છે. શિક્ષણપત્રિકાના ગ્રાહકોને માટે એ આખી યોજના આ અંકમાં છાપી છે.—

આ યોજના સંપૂર્ણપણે કાર્ય થાય તે અંગેની છે. પરંતુ જો આખી યોજનાનો અમલ તત્કાળ ન થઇ શકે તો ઓછામાં ઓછું કેટલું બની શકે તેની ટૂંકી રૂપરેખા જુદી ધડી કાઢેલી હતી, અને તે પણ પૂ. ગાંધીજીને મોકલી આપી હતી. એ સંક્ષિપ્ત રૂપરેખા હવે પછી વાંચકો આગળ રજૂ કરવામાં આવશે.

ગામડાંની બાળકેળવણીનો સવાલ રાષ્ટ્રીય પુનર્ઘટનાની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વનો છે. અમને આશા છે કે વાચકો આ આખી યોજના ધ્યાનપૂર્વક વાંચશે, અને પોતાના અનુભવ અગર વિચારણાને પરિણામે આમાં સૂચવવા જેવું કાંઇ જણાતાં અમને તે લખી મોકલશે.

આ યોજના અમલમાં મૂકવાનો નૂતન બાલશિક્ષણ સંઘે વિચાર કર્યો છે. અને તેથી એને અંગે ફંડ એકઠું કરવા સારુ આ અંકમાં એક જાહેર વિનંતિપત્રક છાપ્યું છે તે તરફ વાચકોનું અમે ધ્યાન ખેંચીએ છીએ. આવાં કામોમાં પૈસા કરતાં પણ કામ કરનારાઓની જરૂર વધારે રહે છે. આ યોજનાને અમલમાં મૂકવા માટે પહેલાં તો ગામડાંઓમાં બાલઘરો ચલાવા માટે લાયક શિક્ષકોની જરૂર રહેવાની. સાધનાલય અને પ્રકાશનમંદિર તેમ જ નિરીક્ષણ અને નિયામક વિભાગો ઉત્તમ રીતે ચાલે તે સારુ અનુભવી, સંશોધનનો શોખ ધરાવનારા, તેમ જ રાષ્ટ્રના કલ્યાણ અર્થે સેવાભાવ અને ત્યાગની વૃત્તિવાળા, ગામડાંમાં રહીને જ કામ કામ કરવા ઇચ્છતા કાર્યકરો મળવા જોઇએ. જે ભાઇબહેનોને આવાં કામોમાં જોડાવાની હોંશ અને તૈયારી હોય તેમને શ્રી. તારાબેન મોડક, ૧૧૫ હિંદુ કોલની, દાદર, એ સરનામે પત્રવહેવાર કરવાની વિનંતી છે.

—તંત્રી

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે એમણે
આત્મારામ પ્રિં. પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. તા. ૨૬–૫–૪૫

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણ સંઘ)

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

જે શિક્ષકનું ધ્યેય ગામડામાં જઈને કામ કરવાનું હોય તે મનથી, નીતિથી અને આચારથી ગામડિયાઓથી સ્પષ્ટ રીતે ઊંચો રહે; પરંતુ તેમને એમ ન લાગવા દે કે તેઓ ઘણા નીચા છે, અગર તેઓ શિક્ષકને મન ધિક્કારને પાત્ર છે, અગર તેઓની નજરમાં શિક્ષક અમલદારરૂપ અગર મોટા માણસરૂપ છે. જો શિક્ષક ગામડિયાઓની વચ્ચે પોતાને મોટો ગણાવીને બહુ મોટાઈથી રહેશે તો તે તેમના હૃદયમાં પેસી શકશે નહિ.

સ્વ. ગિજુભાઈ

વર્ષ ૨૦ : : કાર્યાલય : : અંક ૬

૨૦૦૧ રાવપુરા : વડોદરા જાન્યુ

મુંબઈમાં ઉજવાયેલ બાલરંજન કાર્યક્રમ

નૂતન બાલશિક્ષણ સંઘની મુંબઇ શાખા અનેક જાતનાં બાલોપયોગી કામો કરી રહેલ છે તે એના અહેવાલ પરથી જોઇ શકાશે. એ પૈકી તા. ૧૭-૩-૪૫ ના રોજ સાંજે પાંચ વાગે સુંદરાબાઇ હોલમાં તેણે ઉજવેલ કાર્યક્રમ અનેક રીતે નોંધપાત્ર છે.

મુંબઇમાં નૂતન બાલશિક્ષણ સંઘ સાથે જોડાયેલાં એકંદર ૧૭ બાલમંદિરો છે. એ બધાંમાં કુલ્લે ૫૦-૬૦ જેટલાં શિક્ષક ભાઇ-બહેનો કામ કરે છે. મુંબઇ શાખા આ સર્વ શિક્ષકભાઇ-બહેનો તેમ જ બાલમંદિરોના સંચાલકોના મિલનનો કાર્યક્રમ હરેક ત્રણ-ચાર મહિને એકાદ વાર યોજે છે. એ વખતે સ્નેહ-મિલન તેમ જ અભ્યાસ એ બંને પ્રકારો એકી વખતે સાધ્ય બને છે. આ મિલનોની શુભ અસર આ વર્ષે શિક્ષકવર્ગમાં બહુ સ્પષ્ટ રીતે તરી આવતી દેખાઇ છે.

આ જોડાયેલ બાલમંદિરોનાં બાળકો અને માબાપોને એકત્ર કરવા માટે યોજાયેલ આ વેળાનો કાર્યક્રમ સંગઠનની દૃષ્ટિએ અતિ મહત્વનો ગણવો જોઇએ. સંઘબળ કોઇ પણ કાર્યને પાર પાડવાનું એક આવશ્યક અંગ છે. સમાન વિચારનાં, સમાન ધ્યેયવાળાં અને એક જ આદર્શનાં માણસો જો વેરાયેલ દશામાં પડયાં હોય તો લોકોના પીઠબળ વિના એ દરેકને છૂટા છૂટા ટકી રહેવું ભારે મુશ્કેલી-ભર્યું બને છે. આ રીતે જોતાં મુંબઇનાં આ સત્તર બાલમંદિરો, તેના કાર્યકરો, શિક્ષકો, બાળકો અને માબાપો એકઠાં મળી સંગઠન સાધે તો બાલકેળવણીમાં ભારે કિંમતી ફાળો તેઓ આપી શકશે એ નિઃસંદેહ છે. આ જાતના કાર્યક્રમો યોજવાથી બાલમંદિરોનો ઉદ્દેશ શો છે અને તેઓ કઇ જાતનું કામ કરી રહેલ છે તે પ્રજાને યથાર્થ રૂપે સમજાવવાની ભારે મહત્વની કામગરી બજાવી શકાશે.

સામાન્યતઃ બાળકો માટે આજે ગોઠવાતા કાર્યક્રમોમાં બાળકોને લાયકના, બાળકોના દિલનું રંજન કરે તેવા, તેઓ સમજી શકે અગર તેમના કલાવિષયક ભાવોને આવિષ્કાર મળી શકે તેવા કાર્યક્રમો ભાગ્યે જ જોવામાં આવે છે. અંગ્રેજીમાં ખાસ બાળકો માટેના ચિત્રપટ—બોલપટો નીકળ્યા છે. કાંઇ નહિ તો વોલ્ટડિઝનેનાં કારટૂનો તો મળી જ શકે છે. ઉપરાંત કેળવણીવિષયક ફિલ્મો પણ અંગ્રેજીમાં તૈયાર થયેલી છે. આપણા દેશમાં—આપણી ભાષામાં આપણા જીવનને બંધબેસતા બાળકો માટેના ચિત્રપટો તૈયાર કરવાનું અહીંના ચિત્રનિર્માતાઓએ હજુ હાથ ધર્યું નથી. બીજી રીતે લોકો એટલે પ્રજાની પણ આવી ફિલ્મો માટેની માગણી જોરદાર નથી. સામાન્ય રીતે મોટેરાંઓ પોતે જે ચિત્રપટો જુએ છે તે જ તેઓ બાળકોને પણ બતાવે છે. જે ગીતો મોટેરાં ગાય છે તે જ બાળકો પણ ગાય છે. જે ફિલ્મો ફક્ત મોટેરાંઓની દુનિયાને લગતી-લગ્નજીવન સંબંધી અગર સામાજિક પ્રશ્નો સંબંધી—હોય અગર જેમાં કોઇ પ્રશ્ન જ હાથ ન ધરાયો હોય છતાં હલકી લોકરુચિને આકર્ષક બની શકે ને પૈસા કમાઇ શકાય તે કારણથી જ તૈયાર થઇ હોય, તેવી ફિલ્મો બાળકોને બતાવવાથી તેમના પર તેની શી અસર થશે એનો વિચાર સરખો કરવાની નવરાશ મોટેરાંને આજે ક્યાં છે? આજે

બાળકોને સિનેમા જોવા લઇ જવાની પાછળ કારણ એ હોય છે કે મોટેરાંઓને સિનેમા જોવા જવું છે; પાછળ નાનાંઓને ઘેર કોણ સાચવે ?

આ ઊણપ બાલમનોરંજન જેવા કાર્યક્રમોથી દૂર થાય એવો સંભવ છે.

આ વખતના કાર્યક્રમો બધા નાનાં બાળકોએ જ કરી બતાવ્યા હતા. પણ ઘણાં બાલમંદિરોએ તેમાં ભાગ લીધેલો હોવાથી દરેક બાળકને ભાગે બહુ તો દસેક મિનિટ કશું કરી બતાવવાનું આવ્યું હતું; બાકીનો બધો વખત એ બાળક બીજાં બધાં દૃશ્યો નિરાંતે જોઇ શકતું હતું. આથી બધાં બાળકોને વધારે પડતી હેરાનગતિ ભોગવ્યા વિના લાંબો રંજનક્રમ જોવાનું મળી શકયું. આ અંગે એક બાબત નોંધવાનું મન થાય છે. આખો કાર્યક્રમ મુંબઇની સંધ સાથે જોડાયેલી સઘળી સંસ્થાઓએ એક જ સ્થળે મળીને ઊજવ્યો હતો. આ કારણે મુંબઇ જેવા લાંબા અંતરવાળા શહેરમાં અને આજની બસ, ટ્રામ તથા રેલ્વેના વ્યવહારોની મુશ્કેલીના વખતમાં દૂરથી આવનારાં બાળકોને ક્ષણું વહેલું તૈયાર થઇને નીકળવું પડે એ અનિવાર્ય છે. બાળકો લગભગ ઘેરથી અઢી વાગે નીકળ્યાં હશે; તો જ પોતાની શાળાએ ત્રણ વાગતાં પહોંચીને પ્રયોગ ભજવવાના હૉલ પર તેઓ ૪॥ વાગે પહોંચી શકે. એ જ રીતે બાળકોને ઘેર પહોંચતાં ૯–૯॥ સહેજે થયા હશે. આને બદલે જુદાં જુદાં સ્થળોએ તે તે વિભાગો લગત હોય તેવી સંસ્થાઓ પોતપોતાના કાર્યક્રમો ઊજવે તો વધારે અનુકૂળ થઇ પડે. દાખલા તરીકે એક સ્થળ કોટમાં, એક ગિરગામમાં, એક દાદરમાં તો એક બાર અગર સાંતાક્રૂઝમાં ગોઠવ્યું હોય તો નજીકનાં બાલમંદિરોનાં બાળકો અને શિક્ષકોનો કેટલોએક નકામો વખતનો વ્યય બચી જાય, ને અનુકૂળતા વધે.

એક બીજી સૂચના પણ કરવા સરખી છે. આ વખતના બધા કાર્યક્રમો જેમ બાળકોના જ ગોઠવાયા હતા, તેમ કોઇ વખત બધા જ કાર્યક્રમો મોટેરાંઓ ભજવે એમ પણ યોજી શકાય. બાલમંદિરનાં શિક્ષક–ભાઇબહેનો અગર બહારનાંઓ બાલભોગ્ય કાર્યક્રમો ભજવે તોપણ રંજનકાર્ય બહુ ઉત્તમ રીતે પાર પડે. સિવાય એ રીતે સાંસ્કૃતિક કેળવણી (cultural education) પણ સહેજે મળી શકે. દાખલા તરીકે આવે પ્રસંગે કોઇ વાર કુમારી યુથિકા રૉયનાં એકાદબે મધુર ભજનો રાખ્યાં હોય કે શ્રી. રામગોપાલ અથવા એવા જ કોઇ જાણીતા નૃત્યકારનું નૃત્ય ગોઠવ્યું હોય; કોઇ વાર બાળકો માટે કાવ્યો લખનાર કવિ પોતાનાં કાવ્યો જાતે બાળકોને ગાઇ સંભળાવે એવું યોજ્યું હોય, અગર કોઇ બાળલેખકની વાર્તાઓ કે વાચન રાખ્યું હોય. મુંબઇ જેવા શહેરમાં તો દુનિયાભરમાં મહાન વ્યક્તિ લેખાય એવા પૂ મહાત્માજી અને પંડિત જવાહરલાલ અનેક વાર આવે છે. બાલરંજન કાર્યક્રમોમાં આવી મહાન વ્યક્તિઓનાં પ્રત્યક્ષ દર્શન બાળકો કરી શકે એમ યોજી શકાય તો એ નાનકડા પ્રસંગની અનેરી છાપ તેઓ જીવન પર્યંત ટકે એવી પામી શકે. બેશક બાલરંજન કાર્યક્રમોમાં નાના નાના બાળનટોના પ્રયોગો જોવા મળે અગર વ્યક્તિ પોતે પણ પોતાની આવડત બતાવી શકે અને વિકસાવી શકે એટલો લાભ મળે છે તે કાંઇ ઓછો પ્રશંસાપાત્ર તો નથી જ. પરંતુ વિચાર કરતાં એમ લાગે છે કે લોકરંગભૂમિ (People's theatre) જેવી સંસ્થાઓ દ્વારા લોકરંજન ઉપરાંત સાંસ્કૃતિક કેળવણીનો પણ લોકોમાં પ્રચાર થાય એ જેમ

મુંબઈમાં ઉજવાયેલ બાલરંજન કાર્યક્રમ

નૂતન બાલશિક્ષણ સંઘની મુંબઇ શાખા અનેક જાતનાં બાલોપયોગી કામો કરી રહેલ છે તે એના અહેવાલ પરથી જોઇ શકાશે. એ પૈકી તા. ૧૭-૩-૪૫ ના રોજ સાંજે પાંચ વાગે સુંદરાબાઇ હોલમાં તેણે ઉજવેલ કાર્યક્રમ અનેક રીતે નોંધપાત્ર છે.

મુંબઇમાં નૂતન બાલશિક્ષણ સંઘે સાથે જોડાયેલાં એકંદર ૧૭ બાલમંદિરો છે. એ બધાંમાં કુલ્લે ૫૦-૬૦ જેટલાં શિક્ષક ભાઇ-બહેનો કામ કરે છે. મુંબઇ શાખા આ સર્વ શિક્ષકભાઇ-બહેનો તેમ જ બાલમંદિરોના સંચાલકોના મિલનનો કાર્યક્રમ હરેક ત્રણ-ચાર મહિને એકાદ વાર યોજે છે. એ વખતે સ્નેહ-મિલન તેમ જ અભ્યાસ એ બંને પ્રકારો એકી વખતે સાધ્ય બને છે. આ મિલનોની શુભ અસર આ વર્ષે શિક્ષકવર્ગમાં બહુ સ્પષ્ટ રીતે તરી આવતી દેખાઇ છે.

આ જોડાયેલ બાલમંદિરોનાં બાળકો અને માબાપોને એકત્ર કરવા માટે યોજાયેલ આ વેળાનો કાર્યક્રમ સંગઠનની દૃષ્ટિએ અતિ મહત્ત્વનો ગણવો જોઇએ. સંઘબળ કોઇ પણ કાર્યને પાર પાડવાનું એક આવશ્યક અંગ છે. સમાન વિચારનાં, સમાન ધ્યેયવાળાં અને એક જ આદર્શનાં માણસો જો વેરાયેલ દશામાં પડયાં હોય તો લોકોના પીઠબળ વિના એ દરેકને છૂટા છૂટા ટકી રહેવું ભારે મુશ્કેલી-ભર્યું બને છે. આ રીતે જોતાં મુંબઇનાં આ સત્તર બાલમંદિરો, તેના કાર્યકરો, શિક્ષકો, બાળકો અને માબાપો એકઠાં મળી સંગઠન સાધે તો બાલકેળવણીમાં ભારે કિંમતી ફાળો તેઓ આપી શકશે એ નિઃસંદેહ છે. આ જાતના કાર્યક્રમો યોજવાથી બાલમંદિરોનો ઉદ્દેશ શો છે અને તેઓ કઇ જાતનું કામ કરી રહેલ છે તે પ્રજાને યથાર્થ રૂપે સમજાવવાની ભારે મહત્ત્વની કામગરી બજાવી શકાશે.

સામાન્યતઃ બાળકો માટે આજે ગોઠવાતા કાર્યક્રમોમાં બાળકોને લાયકના, બાળકોના દિલનું રંજન કરે તેવા, તેઓ સમજી શકે અગર તેમના કલાવિષયક ભાવોને આવિષ્કાર મળી શકે તેવા કાર્યક્રમો ભાગ્યે જ જોવામાં આવે છે. અંગ્રેજીમાં ખાસ બાળકો માટેના ચિત્રપટ-ઓલપટો નીકળ્યા છે. કાંઇ નહિ તો વોલ્ટડિઝનેનાં કારટૂનો તો મળી જ શકે છે. ઉપરાંત કેળવણીવિષયક ફિલ્મો પણ અંગ્રેજીમાં તૈયાર થયેલી છે. આપણા દેશમાં-આપણી ભાષામાં આપણા જીવનને બંધબેસતા બાળકો માટેના ચિત્રપટો તૈયાર કરવાનું અહીંના ચિત્રનિર્માતાઓએ હજુ હાથ ધર્યું નથી. બીજી રીતે લોકો એટલે પ્રજાની પણ આવી ફિલ્મો માટેની માગણી જોરદાર નથી. સામાન્ય રીતે મોટેરાંઓ પોતે જે ચિત્રપટો જુએ છે તે જ તેઓ બાળકોને પણ બતાવે છે. જે ગીતો મોટેરાં ગાય છે તે જ બાળકો પણ ગાય છે. જે ફિલ્મો ફક્ત મોટેરાંઓની દુનિયાને લગતી-લગ્નજીવન સંબંધી અગર સામાજિક પ્રશ્નો સંબંધી-હોય અગર જેમાં કોઇ પ્રશ્ન જ હાથ ન ધરાયો હોય છતાં હલકી લોકરુચિને આકર્ષક બની શકે ને પૈસા કમાઇ શકાય તે કારણથી જ તૈયાર થઇ હોય, તેવી ફિલ્મો બાળકોને બતાવવાથી તેમના પર તેની શી અસર થશે એનો વિચાર સરખો કરવાની નવરાશ મોટેરાંને આજે કયાં છે? આજે

બાળકોને સિનેમા જોવા લઇ જવાની પાછળ કારણ એ હોય છે કે મોટેરાંઓને સિનેમા જોવા જવું છે; પાછળ નાનાંઓને ઘેર કોણ સાચવે ?

આ ઊણપ બાલમનોરંજન જેવા કાર્યક્રમોથી દૂર થાય એવો સંભવ છે.

આ વખતના કાર્યક્રમો બધા નાનાં બાળકોએ જ કરી બતાવ્યા હતા. પણ ઘણાં બાલમંદિરોએ તેમાં ભાગ લીધેલો હોવાથી દરેક બાળકને ભાગે બહુ તો દસેક મિનિટ કશુંક કરી બતાવવાનું આવ્યું હતું; બાકીનો બધો વખત એ બાળક બીજાં બધાં દૃશ્યો નિરાંતે જોઇ શકતું હતું. આથી બધાં બાળકોને વધારે પડતી હેરાનગતિ ભોગવ્યા વિના લાંબો રંજનક્રમ જોવાનું મળી શકયું. આ અંગે એક બાબત નોંધવાનું મન થાય છે. આખો કાર્યક્રમ મુંબઇની સંધ સાથે જોડાયેલી સઘળી સંસ્થાઓએ એક જ સ્થળે મળીને ઊજવ્યો હતો. આ કારણે મુંબઇ જેવા લાંબા અંતરવાળા શહેરમાં અને આજની બસ, ટ્રામ તથા રેલ્વેના વ્યવહારોની મુશ્કેલીના વખતમાં દૂરથી આવનારાં બાળકોને ક્યાંય વહેલું તૈયાર થઇને નીકળવું પડે એ અનિવાર્ય છે. બાળકો લગભગ ઘેરથી અઢી વાગે નીકળ્યાં હશે; તો જ પોતાની શાળાએ ત્રણ વાગતાં પહોંચીને પ્રયોગ ભજવવાના હૉલ પર તેઓ ૪॥ વાગે પહોંચી શકે. એ જ રીતે બાળકોને ઘેર પહોંચતાં ૯–૯॥ સહેજે થયા હશે. આને બદલે જુદાં જુદાં સ્થળોએ તે તે વિભાગો લગત હોય તેવી સંસ્થાઓ પોતપોતાના કાર્યક્રમો ઊજવે તો વધારે અનુકૂળ થઇ પડે. દાખલા તરીકે એક સ્થળ કોટમાં, એક ગિરગામમાં, એક દાદરમાં તો એક બાર અગર સાંતાક્રૂઝમાં ગોઠવ્યું હોય તો નજીકનાં બાલમંદિરોનાં બાળકો અને શિક્ષકોનો કેટલોએક નકામો વખતનો વ્યય બચી જાય, ને અનુકૂળતા વધે.

એક બીજી સૂચના પણ કરવા સરખી છે. આ વખતના બધા કાર્યક્રમો જેમ બાળકોના જ ગોઠવાયા હતા, તેમ કોઇ વખત બધા જ કાર્યક્રમો મોટેરાંઓ ભજવે એમ પણ યોજી શકાય. બાલમંદિરનાં શિક્ષક–ભાઇબહેનો અગર બહારનાંઓ બાલભોગ્ય કાર્યક્રમો ભજવે તોપણ રંજનકાર્ય બહુ ઉત્તમ રીતે પાર પડે. સિવાય એ રીતે સાંસ્કૃતિક કેળવણી (cultural education) પણ સહેજે મળી શકે. દાખલા તરીકે આવે પ્રસંગે કોઇ વાર કુમારી યુથિકા રૉયનાં એકાદએ મધુર ભજનો રાખ્યાં હોય કે શ્રી. રામગોપાલ અથવા એવા જ કોઇ જાણીતા નૃત્યકારનું નૃત્ય ગોઠવ્યું હોય; કોઇ વાર બાળકો માટે કાવ્યો લખનાર કવિ પોતાનાં કાવ્યો જાતે બાળકોને ગાઇ સંભળાવે એવું યોજ્યું હોય, અગર કોઇ બાળલેખકની વાર્તાઓ કે વાચન રાખ્યું હોય. મુંબઇ જેવા શહેરમાં તો દુનિયાભરમાં મહાન વ્યક્તિ લેખાય એવા પૂ મહાત્માજી અને પંડિત જવાહરલાલ અનેક વાર આવે છે. બાલરંજન કાર્યક્રમોમાં આવી મહાન વ્યક્તિઓનાં પ્રત્યક્ષ દર્શન બાળકો કરી શકે એમ યોજી શકાય તો એ નાનકડા પ્રસંગની અનેરી છાપ તેઓ જીવન પર્યંત ટકે એવી પામી શકે. બેશક બાલરંજન કાર્યક્રમોમાં નાના નાના બાળનટોના પ્રયોગો જોવા મળે અગર વ્યક્તિ પોતે પણ પોતાની આવડત બતાવી શકે અને વિકસાવી શકે એટલો લાભ મળે છે તે કાંઇ ઓછો પ્રશંસાપાત્ર તો નથી જ. પરંતુ વિચાર કરતાં એમ લાગે છે કે લોકરંગભૂમિ (People's theatre) જેવી સંસ્થાઓ દ્વારા લોકરંજન ઉપરાંત સાંસ્કૃતિક કેળવણીનો પણ લોકોમાં પ્રચાર થાય એ જેમ

આવશ્યક ગણાયું છે; એ જ જાતનું અતિ અગત્યનું તથા અત્યંત ઉપયોગી કાર્ય બાળકોની દુનિયા માટે આ બાલરંજન કાર્યક્રમોના યોજકો બાલરંગભૂમિ સરખી સંસ્થા ઊભી કરીને કરી શકે. બાલમંદિરોના સંચાલકો તેમ જ શિક્ષકોનો સહકાર તો કાયમ મળ્યા જ કરવાનો. આખી યોજનાનો સતત વિચાર કરીને કાર્યક્રમો ઘડી આપે તેવા-મધ્યસ્થ મંડળની એમાં આવશ્યકતા છે. નૂતન બાલશિક્ષણ સંઘની મુંબઇશાખા જો આવી કાયમી બાલરંજન-સમિતિ પોતાના એક વિભાગ તરીકે ગોઠવીને આ કામ ઉપાડી લે તો મુંબઇનાં બાળકો માટે મનરંજન તેમ જ સાંસ્કૃતિક કેળવણીનું એક ઉપયોગી કેન્દ્ર તેઓ ઊભું કરી શકે, તથા સંઘની અન્ય વિભાગોની શાખાઓને માર્ગદર્શક પણ બની શકે.

ઉક્ત બાલરંજન કાર્યક્રમ વેળા મોટેરાંઓ માટે રૂા. ૨) તથા બાળકો માટે ૦-૮-૦ ની ટિકિટ રખાઇ હતી. સંઘ સાથે જોડાયેલ બાલમંદિરોને બાળકો સાથે આવનાર એક વાલીને માટે એક ટિકિટ કન્સેશનથી એટલે રૂ. ૧) માં આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકો અને શિક્ષકોને ટિકિટ ખરીદવાની નહોતી, એટલું જ નહિ પણ તેમને હૉલ સુધી આવવાજવાનો ખર્ચ પણ રંજનસમિતિ તરફથી આપવામાં આવ્યો હતો; ઉપરાંત બાળકો માટે ચવેણાની ગોઠવણ પણ કરવામાં આવી હતી.

આ રંજનકાર્યક્રમમાંથી જે રકમ ઊપજે તેનો ઉપયોગ મુંબઇમાં જે જુદેજુદે સ્થળે પાર્કો-રમવાના બગીચાઓ છે ત્યાં મફત બાલક્રીડાંગણો ચલાવવા માટે કરવાનું જાહેર કરેલું હતું. પૈસાનો આ જાતનો ઉપયોગ ખરેખર વખાણવા લાયક છે. મુંબઇના આ બગીચાઓમાં રોજ સવાર સાંજ સાત વર્ષની અંદરનાં બાળકો ઘણાં આવે છે. લાલબાગ વિભાગમાં નરેપાર્કમાં તાજેતરમાં જ નૂતન બાલશિક્ષણ સંઘ-મુંબઇ-શાખાએ એક બાલક્રીડાંગણ ચાલુ કર્યું છે. એ ખરેખર આવકારદાયક પગલું છે. મજૂર અને ગરીબવર્ગના લોકોનાં બાળકો બાલમંદિરનો લાભ લઇ શકતાં નથી. સરકાર તરફથી કેટલાંક લેબર વેલફેર સેન્ટરો-મજૂર કલ્યાણકેન્દ્રોમાં નર્સરી શાળાઓ ઉઘાડવામાં આવી છે; એ જ રીતે કેટલીએક મિલોએ પોતાને ત્યાં ધોડિયા કલાસ સાથે જ નર્સરી સ્કૂલો પણ ચાલુ કરી છે; સિવાય નાયગામ સોશિયલ સેન્ટર અને સેવા-મંદિર જેવી સંસ્થાઓ પણ કાંઇ કાંઇ કરી જ રહી છે. પરંતુ મુંબઇ જેવા વિશાળ જનસમૂહના પ્રમાણમાં આ પ્રયત્નો દરિયામેં ખસખસ જેવા છે ! મુંબઇમાં પાર્ક તો ઘણા છે. એ બધા બગીચાઓ તેમ જ જે જે ખુલ્લાં સ્થાનો-ચોગાનો હોય ત્યાં દરેક સ્થળે જો આવાં બાલ-ક્રીડાંગણો ઊભાં થાય તો અનેક બાળકો નિશાળમાં જવા લાયક ઉમરનાં થાય તે પહેલાં (૭ વર્ષ પહેલાં) થોડા ઘણા પ્રમાણમાં પૂર્વ-પ્રાથમિક (pre-school) કેળવણીનો લાભ પણ મેળવી શકે. બાલરંજન કાર્યક્રમમાંથી ઊપજેલા પૈસાનો આ જાતનો ઉપયોગ દેશની ઉન્નતિના એક મહત્ત્વના અંગના ઘડતરમાં થઇ રહ્યો છે, એમ કહ્યા વિના ચાલે તેવું નથી.

અહીં કોઇ એવો સવાલ જરૂર કરી શકે કે બાળકોની મહેનત દ્વારા આ રીતે દ્રવ્યોપાર્જન કરવું યથાર્થ છે ?

અગાઉ કેટલીએક શાળાઓ અને બાલમંદિરો તરફથી ભારે કિંમતની ટિકિટો રાખી આવા ઉત્સવો ઉજવાયા હતા. સંસ્થાને વાર્ષિક જે

બેચાર હજારની બાદ રહેતી તે સંચાલકો આ રીતે બાળકોનાં નાટકો, જલસાઓ, નૃત્યપ્રયોગો વગેરે ગોઠવીને પૂરી કરી લેતા. તે વખતે પ્રજાએ તે સામે સખત વિરોધ પણ દર્શાવેલો, અને એ પ્રયોગોમાં કેટલાંએક એવાં તત્ત્વો હતાં પણ ખરાં કે જે ટીકાને પાત્ર ગણાય.

કોઈ પ્રયોગ અર્થે જ્યારે દસ દસ પંદર પંદર રૂપિયા કે તેની આસપાસની કિંમતની ટિકિટો રખાય ત્યારે એ પ્રયોગો વધારે ઉચ્ચ કક્ષાના ગોઠવાવા જોઇએ એ તો અનિવાર્ય છે. ભલે સંસ્થાને મદદરૂપે હોય પણ ભારે કિંમતની ટિકિટો માટે યોજાયેલ કાર્યક્રમો ઘણા આકર્ષક ન હોય તો એ માટેની ટિકિટોનું વેચાણ જોઇતા પ્રમાણમાં થઇ શકતું નથી એ આવી જાતના પ્રયોગો કરનાર અનેક સંસ્થા–સંચાલકોનો અનુભવ ઊભો જ છે. પરિણામે સામાન્ય રીતે ટિકિટો રાખ્યા વિનાના વાર્ષિક સમારંભ અર્થે ગોઠવાયેલ જે અનેક કાર્યક્રમો લોકોને મનોરંજક અને ખુશી ઉપજાવનારા નીવડે છે તે આવા પ્રયોગોને વખતે ફિક્કા લાગે છે. થોડા દહાડા અગાઉ ડૉ. ભાલેરાવ વગેરેએ રંગભૂમિના પુનરુજ્જીવન અર્થે જે જંબરી રકમ ઊભી કરી તે તેમણે યોજેલ કાર્યક્રમની આકર્ષકતા અને નવીનતાને કારણે હતી, નહિ કે તેમણે ઉપાડેલું કાર્ય અતિ ઉપયોગી અને લોકહિતનું હતું માટે.

પરંતુ આવા જલસાઓ સારી કોટિના થાય તે સારુ બાળકોને વધારે પ્રમાણમાં તાલીમ આપવાની જરૂર ઊભી થાય છે. ઉપરાંત આખો ય કાર્યક્રમ સંકલબદ્ધ પાર પડે તે માટે તેનાં અનેક રીહર્સલો–ગ્રાન્ડ રીહર્સલો કરવાં કરાવવાં પડે છે. એમાં વાપરવાના ડ્રેસો તથા બતાવવાની સીનસિનેરી વગેરે ધંધાદારી ઢબનાં ગોઠવવાં પડે છે; બીજળીના દીવા, રોશની અને પડદાઓના ભપકા પણ પૂરેપૂરા જોઇએ. અને એ બધામાંથી સાંગોપાંગ અને યશસ્વી રીતે પાર ઊતરવા માટે એ કાર્યક્રમો જેમણે કરવાના હોય છે તે બાળકો-વિદ્યાર્થીઓ તથા શિક્ષકોની દોડાદોડી, વખતની પાયમાલી અને હેરાનગતિ કાંઇ ઓછાં હોતાં નથી ! નિશાળો માટે ઘટતાં નાણાં ભરપાઇ કરવાની આ જલસાઓની પ્રથા પર જે ટીકા-પ્રહારો થયા તેનું મૂળ કારણ આમાં છે.

બીજો મુદ્દો એ વિચારવાનો રહે છે કે બાળકોના આવા રંજનકાર્યક્રમો ગોઠવાય તેમાં કામ કરનારાં બાળકોને પોતાને એ કરવામાં સર્જનાત્મક અને કલાત્મક આનંદ મળે છે કે નહિ. પૈસા કમાવાના હેતુથી યોજાયેલા કાર્યક્રમોમાં મુખ્ય પ્રયત્ન લોકોનું રંજન કરવાનો અથવા નાનાં બાળકો પાસે સુંદર–અવનવીન કાર્યક્રમો કરાવી લોકોને આશ્ચર્યચકિત કરી દેવાનો રહે છે. મને એક કાર્યક્રમ સાંભરે છે. એ શાળાએ એ માટે ટિકિટો પણ રાખી નહોતી. પણ તેમાં એક બાળકે જર્મન ભાષામાં એક ભાષણ કરી બતાવ્યું હતું અને બીજા બાળકે શેક્સપીઅરના નાટક જુલિઅસ સીઝર માંહેનું માર્ક એન્ટનીનું પ્રખ્યાત ઉદ્બોધન-"Friends, Romans, Country men,–છટાદાર રીતે ભજવ્યું હતું. પ્રેક્ષક વર્ગ એ બાળકોનાં તથા તેમને એવાં સુંદર ભાષણો તૈયાર કરાવનાર શિક્ષકવર્ગનાં એ મોઢે વખાણ કરતો હતો. પણ પેલાં બાળકોને આ બધું ન સમજાય તેવું ગોખીને પોપટ પેઠે પઢી જવામાં આનંદ થયો હશે ? એમની કઇ સર્જનાત્મક વૃત્તિને એમાં અવકાશ મળ્યો હશે ? ટિકિટ વગરના ગોઠવેલા એવા જ એક બીજી શાળાના જલસામાં ૧૧-૧૨ વર્ષની ઉંમરનાં બાળકો દુનિયાના સર્વ મજૂ-

રોના સંગ્રહન અંગે અંગ્રેજીમાં સંવાદ ભજવતાં હતાં. જુદા જુદા દેશના મજૂરોના ભિન્ન ભિન્ન પહેરવેશો બાળકોને પહેરાવ્યા હતા તેથી દૃશ્ય બરેબર આકર્ષક લાગતું હતું; આવા પહેરવેશ પહેરવામાં બાળકોને પણ મજા પડી હશે એ નિર્વિવાદ છે. પણ એ સંવાદનાં લાંબાંલાંબાં ભાષણો એ ઉંમરે અંગ્રેજીમાં ગોખી કાઢી બરાબર તૈયાર કરવામાં બાળકો હેરાન પણ એટલા જ પ્રમાણમાં થયાં હશે એ પણ નિઃસંદેહ છે.

આવા કાર્યક્રમો અંગે જે કાંઇ વાંધાઓ લેવામાં આવે છે તે પૈસા કમાવા–ટિકિટો રાખવા અર્થેના નથી પરંતુ બાળકોના કાર્યક્રમોમાં બાળકોને કેળવણીવિષયક લાભ ન મળતો હોય તોપણ શાળાઓ આવા કાર્યક્રમો યોજે તે અંગેના છે. બાલરંજનકાર્યક્રમોનો હેતુ બાળકોની સ્વાભાવિક વિનોદવૃત્તિ ખીલે, તેમની કલાપ્રિયતા, નવસર્જનનો શોખ તથા અભિનયની સ્વાભાવિકતા પોષાય, નાચવાકૂદવાની બાળકોની કુદરતી વૃત્તિને આનંદ અને અવકાશ મળે અને આ બધાનો બાળકો પોતે ઉપભોગ લઇ શકે, એ છે. તેને બદલે બાળકોને ભજવવાના પાકા યંત્રની પેઠે તેમની પાસે ગોખાવાય તથા અનેક વાર રીહર્સલો કરાવી પાકા કરાવી લેવાય અને પરિણામે એ બધામાં બાળકોની હોંશ તથા સર્જનવૃત્તિ કચરાઇ જાય તેવું થાય ત્યારે તે ટીકાપાત્ર કરે છે. પોતાનાં બાળકોની સર્જનાત્મક તેમ જ કલાત્મક વૃત્તિઓનું આવી રીતે ખૂન થતું દેખાય ત્યારે માબાપોએ જ સખ્ત વિરોધ ઉઠાવવો જોઇએ; વિચારશીલ અને કેળવણીના જ્ઞાતા પ્રેક્ષકવર્ગે પણ એની સામે પોતાનો સખ્ત અણગમો જાહેર કરવો જોઇએ. રૂંકમાં જે આવકારપાત્ર ન ગણાય એવું છે તે બાલસ્ટા માટે રખાતી ટિકિટોની યોજના નથી, પરંતુ એવા પ્રયોજન અર્થે બાળકોની જે હેરાનગતિ થાય છે, જે આપદાઓમાંથી તેમને પસાર થવું પડે છે, તે છે.

આજે દરેક શાળાને પોતાનો કાર્યક્રમ બીજી શાળાના કાર્યક્રમ કરતાં વધારે સારો થાય એવી મહત્ત્વાકાંક્ષા રહે છે. કેટલીએક શાળાઓને પોતાના કાર્યક્રમની કક્ષા અમુક ચોક્કસ શાળાઓના કાર્યક્રમની તોલે આવી શકે એવું બને તેટલાથીય સંતોષ રહે છે, તો કેટલીએક શાળાઓ સામાન્ય રીતે પોતાનો કાર્યક્રમ છેક ઊતરતી કોટિનો ન ગણાય એટલાથી પણ સંતોષ માને છે. પણ બધાની પાછળ સંચાલકો અને શિક્ષકોનો મુખ્ય મુદ્દો એ હોય છે કે યેનકેન પ્રકારેણ પોતાની શાળા લોકોની દૃષ્ટિએ સારી ગણાય, રંજનકાર્યક્રમ જોવા હાજર રહેલાં માબાપો તેમ જ અન્ય શિષ્ટવર્ગ બબકો અને કાઠમાઠ જોઇ પોતાની શાળા અંગે સારી છાપ લેતાં જાય, શાળા સારું શિક્ષણ આપતી હશે એવો ખ્યાલ બાંધતાં જાય–એટલે કે લોકોમાં શાળાની સારી જાહેરાત થાય. ખરું જોતાં રંજનકાર્યક્રમોનો મુખ્ય હેતુ જોનારના રંજન કરતાં તેમાં ભાગ લેનાર બાળકો તે દ્વારા પોતાનો કલાત્મક આવિષ્કાર સાધે, એ કરતી વેળા તેઓ મનનો આનંદ અને પ્રસન્નતા મેળવે, તેમની કલાત્મક બુદ્ધિ વિકસે, કલા વિષે તેમના દિલમાં શ્રદ્ધા અને આદર ઉત્પન્ન થાય, વધારે વધારે સારું કરી બતાવવાની–પોતાનો આખો ય આત્મા એ સર્જનમાં રેડી દેવાની તમન્ના જાગે, રૂકમાં બાળકો તેમાં ઓતપ્રોત થઇ જાય ને પોતાનો સંપૂર્ણ વિકાસ સાધે એ છે. એથી ઊલટું જાહેરાત અર્થે યોજાયેલા કાર્યક્રમોમાં બાળકોની આ બધી વૃત્તિઓ કચરાય છે. સંચાલકો અને શિક્ષકો તો એ કાર્યક્રમો લોકોને કેવી રીતે ગમે,

એ કાર્યક્રમ ચમત્કાર અને નવીનતા પૂર્ણ કેવી રીતે બને એ ઇચ્છતા હોય છે, ને ઘણી વાર તો બાળકોની શારીરિક સગવડોનો પણ વિચાર બાજુ પર મૂકી દેવામાં આવે છે. એક શાળામાં ઉત્સવનો સમય રાતના ૯ થી ૧૧ રાખવાનું ઠરાવેલું. તે પછી ઉપકારપ્રદર્શન અને એ લાંબી વિધિઓ આટોપતાં ૧૧॥ સહેજે વાગી ગયા! સમારંભ ઊજવવા માટે એક થિયેટર ભાડે રાખેલું હતું. એ સ્થળ અને રોશની વગેરેની ગોઠવણમાં તાલીમ લેવા તેમ જ પોશાક અને સાધનો વગેરે તૈયારી અર્થે બાળકોને લગભગ ૬–૬॥ વાગે થિયેટરમાં આણેલાં. અને આખો કાર્યક્રમ પડદા વગેરે પૂર્ણ અસબાબ સાથે ભજવી બતાવવાનો હોવાથી આઠ વાગ્યાથી બાળકો ફુલ-ડ્રેસમાં સજીને પડદાની વિંગોમાં બેઠાં હતાં–કહો કે કેદમાં ગોંધાયાં હતાં! વિંગમાંથી બાળકોએ કદાચ એ પ્રયોગો ભજવાતા જોયા હશે, પણ બધું બાજુઓથી તથા પ્રેક્ષક પોતાને જોઈ ન જાય એવી સાવચેતી સાથે બની શકે તેટલા જ પ્રમાણમાં. આખો કાર્યક્રમ જોનારના-પ્રેક્ષકવર્ગના રંજન સારુ જ ગોઠવાયો હોય એમ દેખાતું હતું. એને બદલે જો બાળકોનો ઉક્ત કાર્યક્રમ બાળકો માટે જ–જોવામાં બાળકો આગલી હારમાં, સ્થાન બાળકોને માફક આવે તેવું, સમય બાળકોને અનુકૂળ પડે તેવો અને કાર્યક્રમોની લંબાઈ વગેરે પણ બાળકોને રુચે અને બંધ બેસતી થાય એટલી રખાઈ હોત તો એ કાર્યક્રમ અનોખો બનત! પણ મૂળ મુદ્દો ભુલાઈ જવાય એટલે એને આનુષંગિક અન્ય બધી બાબતો ગૌણ બની જાય એ તદ્દન સ્વાભાવિક છે, અને આ ભૂલ જ મુખ્યત્વે અક્ષમ્ય બને છે. અમે આગ્રહપૂર્વક માનીએ છીએ કે લોકોની ચાહના મેળવવાનું સાધન બાળકોને ન બનાવવાં જોઈએ, અને જનતાએ પણ એમાં પૂરતો સહકાર આપવો જોઈએ.

બાલરંજન અર્થે ગોઠવાયેલ જે ઉત્સવ અંગે આટલું લખવું ઉપસ્થિત થયું એ ઉત્સવ એટલા માટે પણ નોંધપાત્ર છે કે ટિકિટો રાખવાનું ગોઠવ્યા છતાં કાર્યક્રમ અર્થે બાળકોની સતામણી કે હેરાનગતિ થવા પામી નથી. ઉનાળાના આ દિવસોમાં આજના નવા ટાઇમના આઠ વાગે તો બાળકો પરવારી ચૂકયા હતાં. રીહર્સલ અથવા ડ્રેસ માટે પણ બાળકોને કશી મુશ્કેલી પડી નહોતી. દરેક બાલમંદિરને ભાગે ૧૦ મિનિટનો જ કાર્યક્રમ હોવાથી, ભજવી બતાવનારાં બાળકોને સાધારણ રીતે બે અઢી કે ત્રણ કલાક સુધી પડદામાં ગોંધાઇ રહેવું પડે છે એવું પણ કશું અહીં બન્યું નહોતું. અર્થાત્ બધાં બાળકો ખુશખુશાલ હતાં, અને એ આનંદ તેમના કાર્યક્રમોમાં સહેજે દેખાઇ આવતો હતો.

બાલરંજનનો કાર્યક્રમ યોજનારા સંચાલકોને અહીં એકબે સૂચના કરવાનું મન થાય છે. પરાં સહિત મુંબઇ શહેર વિસ્તારમાં ઘણું મોટું છે, તેમ જ આજે ઉનાળો અને વાહનોમાં અવરજવરની ભીડ પણ પુષ્કળ રહે છે. એટલે આવા કાર્યક્રમો ગોઠવવામાં એક જ સ્થળ ન રાખતાં સુંદરાબાઇ હોલ ઉપરાંત એકાદ પ્રયોગ ગિરગામ જેવા લતામાં, એકાદ દાદર જેવા સ્થળે તો એકાદ બાર-વાંદરામાં રાખ્યો હોય તો વધારે સગવડભર્યું બાળકો માટે અને વાલીઓ માટે પણ થાય. આ કાર્યક્રમમાં ભજવનારાં બાળકો બેશક કેટલાક બાર અને સાંતાક્રૂઝ જેટલે દૂરથી આવ્યાં હતાં, પરંતુ પ્રેક્ષકવર્ગમાં તો પરાં સિવાયનો ખુદ મુંબઇનો જ વધારે સમુદાય હતો.

બીજી સૂચના એ છે કે હાલ તુરત માટે ટિકિટો રાખવાનું છેક બંધ કરવામાં આવે. એનું કારણ એ છે કે પ્રસ્તુત કાર્યક્રમ વેળા એનાં દૂષણો ન પેસે એ પરત્વે જેટલી સંભાળ રખાઇ હતી તેટલી સંભાળ બધે સ્થળે લેવાશે એની ખાતરી ન કહેવાય. મુંબઇની સંધની શાખાએ યોજેલ કાર્યક્રમમાં ટિકિટો લેવાનું ધોરણ સ્વીકારાય અને તેમાં ય વળી સંઘનાં પ્રમુખ અને મંત્રી પણ હાજર હોય ત્યારે એ બહાને સઘળે સ્થળે ટિકિટો દાખલ કરવાનો રિવાજ થઇ પડે, અને એ રીતે કમાવાનું સાધન બની જાય. એને બદલે મુંબઇ શાખા પોતાના કાર્યક્રમો સાવ મફત ગોઠવે અગર પ્રવેશ ઉપર નિયંત્રણ રાખવા અર્થે બે આના જેવી મામૂલી રકમની ટિકિટ રાખે; અને મદદ અર્થે પ્રેક્ષકો પાસેથી જાહેર માગણી તે પ્રયોગ વખતે જ થાય- લોકો ખુશીથી જે નાની મોટી રકમ આપે તેનો સ્વીકાર થાય એવી પ્રથા દાખલ કરવા જેવી છે. આમ થવાથી અન્ય સ્થળે ઉજવાતા કાર્યક્રમોમાં નાણાં એકઠાં કરવા અંગેની સમ-તુલા આપોઆપ સચવાઇ રહેશે ને લોકો વિચાર કરીને એમાં પડશે. નૂતન બાલશિક્ષણ સંઘ જેવી સંસ્થાએ જે પ્રથા શરૂ કરવી તે લાંબો વિચાર કરીને કરવી એ વધારે હિતાવહ છે.

આ વખતના મુંબઇના બાલરંજનકાર્યક્ર-મમાં ટિકિટો રાખવા છતાં એનું એકે અનિષ્ટ નહોતું એ બિનાની સહર્ષ નોંધ લીધા વિના રહી શકાતું નથી. બીજી આનંદની બિના એ હતી કે આટલી બધી સંસ્થાઓએ સાથે મળીને કાર્યક્રમ યોજ્યો હતો, અને બધાના કાર્યકરો સઘળા કાર્યક્રમમાં હાજર હતા, છતાં ટીકા અગર સ્પર્ધાના અનિષ્ટ તત્ત્વનો છેક અભાવ હતો.

નૂતન બાલશિક્ષણ સંઘની મુંબઇની શાખાએ યોજેલો આ ઉપક્રમ ભવિષ્યમાં પણ હમેશાં ચાલુ રખાય અને એનેવધારે ને વધારે ફતેહ મળતી જાય તેમ જ શિક્ષણક્ષેત્રમાં એ આદર્શ રૂપ બને એમ ઇચ્છીએ છીએ.

—તા૦

મોન્ટેસોરી પદ્ધતિનાં સાધનો

(૨)

ગયા ચૈત્ર માસના અંકમાં ઉપરના જ મથાળાવાળો લેખ લખ્યા પછી મને લાગ્યું કે જે વાત મેં માત્ર વિચારસરણીની પૂર્વભૂમિકા ની જેમ (Philosophic back-ground) રજૂ કરી છે તેને હજુ વધારે સ્પષ્ટ–ખાસ કરીને મોન્ટેસોરી પદ્ધતિનાં સાધનોના ગુણ-ધર્મો તપાસતાં તપાસતાં–કરી જવી જોઇએ. એટલે આ લેખ ગયા અંકના અનુસંધાનમાં નહિ પણ એક પુરવણીના રૂપમાં રજૂ કરવા ધારું છું.

કેટલાક વિચારકો મોન્ટેસોરીનાં સાધનો અને સિદ્ધાંતો વિષે એક એવી ગેરસમજ સેવે છે કે આટલાં બધાં વિશિષ્ટ (specialized) સાધનો અને ઉપકરો બાળકને તેના વિસ્તારથી (elaboration) મૂંઝવી દે છે. વળી કંઇક એવી શંકાઓ પણ કરવામાં આવે છે કે આવાં વિશિષ્ટ પ્રકારનાં સાધનોથી બાળક–મનુષ્યના રોજિંદા સમધારણ જીવનવ્યવહારથી દૂર જાય છે, કંઇક અકુદરતી બને છે. પણ આ માન્યતા મોન્ટેસોરી પદ્ધતિનાં માત્ર

સાધનોને (Didactic apparatus) તેની પૂર્વભૂમિકાના સંબંધ (reference) માં ન જોવાથી ઊભી થાય છે.

જે લોકોએ ડૉ. મોન્ટેસોરીએ ઊભી કરેલી સામાજિક અને વ્યવહારૂ જીવની તાલીમની એની વિગતવાર યોજના જોઈ છે: જેમાં પ્રાણીઓ પાળવાં; તેમની માવજત કરવી; ઘર, ટેબલ, ફરનીચર, આંગણું, બાગ, પોતાનું શરીર: બધાંની સંભાળ અને સાફસૂફી રાખવી; ખાવાની, ચાલવાની, પીરસવાની, સમારવાની વગેરે બધી ક્રિયાઓની જેમાં ઝીણવટભરી વિગતોવાળો એક આખો ક્રમ ઊભો કર્યો છે તેનો જેમને ખ્યાલ હશે, તેઓ સમજશે કે તે બધાંમાં બાળકની ક્રિયાત્મકતા, ક્રમિકતાની ભૂખ, સ્નાયુઓની સમતૂલાની કેળવણી, સુભગતા (grace) જીવદયા, કુદરત પ્રત્યેનો ભ્રાતૃભાવ, સ્વાશ્રય વગેરે ઘણી ઘણી બાબતોનો સમાવેશ થાય છે.

આ કક્ષા વટાવ્યા પછી કેટલાંક નિયત કરેલાં ઉપસ્કરો સાથે બાળકનો સંપર્ક થાય છે; અને તેની સાથે સાથે પેલું બધું વ્યવહારુ જીવનનું કામ, કુદરતનાં મૂળતત્ત્વો સાથેનો આત્મીય પરિચય, વગેરે ચાલુ જ હોય છે. માત્ર અમુક બૌદ્ધિક વિષયોના નિરૂપણવાળાં અમુક ચોક્કસ સાધનો, અમુક ચોક્કસ કક્ષાએ, (ઉંમરે) આપવામાં આવે છે.

આ સાધનો વિષે વાત કરતાં પહેલાં વ્યવહારુ જીવનની તાલીમ વિષે એક વાત સમજી લેવા જેવી છે. આ બધી જ 'વ્યવહારુ જીવનની પ્રવૃત્તિઓ' દ્વારા ડૉ. મોન્ટેસોરી બાળકને ક્રિયાત્મકતાનું સાધન (Motives of muscular and mechanical activities) આપે છે. વળી સાથે સાથે ઉપર જણાવી ગયા તે ગુણોના આવશ્યક વિકાસમાં તે સઘળું બરાબર બંધબેસતું થાય તે વિષે ચોકસાઇ, કાળજી અને ખંત સેવવામાં આવે છે. પણ તેથી કોઇએ એમ ન માની બેસવું જોઇએ કે આ બધી વ્યવહારુ જીવનની તાલીમમાંથી જ બૌદ્ધિક કેળવણી ઊભી થાય છે. એ બધી પ્રવૃત્તિઓ બૌદ્ધિક પ્રવૃત્તિઓની એક જાતની શારીરિક અને માનસિક પૂર્વતૈયારી ઊભી કરે છે એટલું જ સમજવાનું છે. એમાંની કોઇ પણ પ્રવૃત્તિને જ અવલંબીને સીધી રીતે તેમાંથી ગણિત કે ભાષા કે વિજ્ઞાનના પ્રાથમિક સિદ્ધાંતો શીખવી શકાતા નથી. એટલે કે ટેબલ સાફ કરતાં તેના 'ચાર પાયા' કે '૫૦ ફૂલો' કે '૨૦ સસલાંના બચ્ચાં' માંથી ગણિતને રસ્તે જવાનું જ નથી. એટલે આપણે આ તબક્કે બે વિચારોને સ્પષ્ટ અને અલગ સમજી લેવા જોઇએ કે ડૉ. મોન્ટેસોરી ક્રિયા ઘણી આપે છે, માનસિક કેળવણીની બધી જ પૂર્વરચનામાં ક્રિયાને સંપૂર્ણ મહત્ત્વ છે, એટલું જ નહિ પણ જીવનનાં સર્વ કાર્યો સારી અને સાચી રીતે થાય તે પણ ખૂબ જ અગત્યનું ગણે છે. તે જ (વ્યવહારુ) ક્રિયાઓને બૌદ્ધિક વિકાસનાં સાધનો તરીકે વાપરવાનું એ યોગ્ય ધારતાં નથી. એટલે કે એ બધાં વ્યવહારુ કામો બૌદ્ધિક કામો માટેની આંતર મન (Subconscious impressions) ઉપર છાપ પાડે છે ખરાં, પણ તે જ 'ક્રિયા દ્વારા' કેળવણીનું સીધું કામ થતું નથી. એમની પદ્ધતિમાં તો ચોક્કસ કેળવણી માટે યોજેલાં, ચોક્કસ સાધનો ઉપર કરેલી, ચોક્કસ ક્રિયાને પરિણામે જ કેળવણી ઊભી થાય છે.

આટલી સ્પષ્ટ સમજણ સાથે આપણે હવે મોન્ટેસોરી પદ્ધતિનાં સાધનોના કેટલાક મુખ્ય

ગુણો જોઇએ. ગયા લેખમાં આવાં 'ધન' અને સ્થૂળ સાધનો શા માટે એનો આપણે વિગતવાર વિચાર કરેલો છે.

ડૉ. મોન્ટેસોરીનાં સાધનોનો એક બીજો વિશિષ્ટ ગુણ એ છે કે એ બધાં જ સાધનો જુદાં જુદાં કામો માટે બનાવેલાં હોવા છતાં તેમાં એક અજબ જેવી સળંગસૂત્રતા છે. એના દરેક સાધનનો એક પ્રત્યક્ષ હેતુ અને બીજા કેટલાક પ્રચ્છન્ન હેતુઓ હોય છે. અને ડૉ. મોન્ટેસોરીએ ઠરાવેલા ક્રમ અને ઉંમરને બરાબર વળગીને જો તે બાળકો પાસે રજૂ કરવામાં આવે તો એક કાર્ય બીજાં ઘણાં કાર્યોનો પાયો નાખે છે. દાખલા તરીકે દડ્ડાપેટીમાં સીધી રીતે પરિમાણની અને તેથી આંખની ઇન્દ્રિયની કેળવણીનો પ્રત્યક્ષ હેતુ છે. પણ તેમાં પ્રચ્છન્ન હેતુઓ બીજા ઘણા છે. દડ્ડાઓની સંખ્યા ૧૦ ની છે, અને આગળ ઉપર ગણિતનો પાયો દશકપદ્ધતિ ઉપર જ રચાયેલો છે. વળી બધા દડ્ડાનું પરિમાણમાં વધવું ઘટવું ૧ થી ૧૦ ના ગાણિતિક પ્રમાણમાં જ થાય છે (Mathematical proportion) એટલે આ સાધનમાં બે વસ્તુઓ (૧) દશકપદ્ધતિ, અને (૨) પરિમાણોનો સંબંધ (Relations of proportions)-ની છાપ બાળકના સુષુપ્ત મન (Subconscious mind)-ઉપર પડે છે. મિનારો, પહોળી સીડી, લાંબી સીડી, બધાં જ સાધનોમાં આ સિદ્ધાંતો વણાયેલા જ છે. લાંબી સીડીને ૧ થી ૧૦ ના પટ્ટા પાડીને પાછી ગણિતના પ્રથમ સાધન તરીકે વાપરેલી જ છે.

એટલે જુદાં જુદાં સાધનો દ્વારા ૧ થી ૧૦ સુધીના સુષુપ્ત મન ઉપરના અનુભવોને આ સાધન પાછું પ્રત્યક્ષ રીતે જાગ્રત મનની સપાટી ઉપર ખેંચી લાવે છે. અને એ રીતે બાળકના મનને પ્રચ્છન્ન જ્ઞાનમાંથી પ્રગટ જ્ઞાનમાં ખેંચી જાય છે. એમાં બાળકને એક પ્રકારનો ઊંડો આનંદ થાય છે.

હવે એક બીજી રીતે વિચાર કરીએ. આપણા શરીરના સ્નાયુઓને પણ એ જાતની સ્મૃતિ હોય છે. અંગ્રેજીમાં એને Muscular Memory (મસ્કયૂલર મેમરી) કહેવાય છે. એના વિકાસ અને કેળવણી દૃષ્ટિએ પણ દરેક સાધનની અમુક ચોક્કસ રીતે (ચોક્કસ 'ટેકનિક' થી) રજૂઆત કરવાની હોય છે. એ રજૂઆતની ટેકનિક પાછળ પણ એ ક્રિયા અને તેની 'સ્નાયુગત સ્મૃતિ' નો ભવિષ્યમાં કયાં અને કેવી રીતે ઉપયોગ થવાનો છે તેનો સ્પષ્ટ હેતુ અને યોજના ઊભેલી હોય છે.

લાંબી સીડીની રજૂઆતમાં એની લંબાઇ ઉપર હાથ ફેરવવાની ટેકનિક છે. વળી એ આંગળી ફેરવવાની ટેકનિક સ્પર્શનાં પાટિયાંમાં છે. એમ જ લાકડાની ભૌમિતિક આકૃતિઓની કોરણે બે આંગળીઓ ફેરવવાની ટેકનિક છે. અને આ બધી આંગળીના સ્નાયુઓની સુઘડ ગતિ છેલ્લે એકદમ રેતિયા અક્ષરો શીખવવાનું સરળ અને આનંદદાયક બનાવી આપે છે. જે લોકોએ છેક નાનાં બાળકોને મોન્ટેસોરી પદ્ધતિનાં બધાં ક્રમિક સાધનોમાંથી પસાર થતાં જોતાં હશે એ લોકો જરૂર કહી શકશે કે જ્યારે મોટી ઉંમરે ઇન્દ્રિય કેળવણીના વિકાસના સંપૂર્ણ ક્રમમાંથી પસાર નહિ થયેલાં બાળકો અક્ષરો લે છે ત્યારે તેઓ તે શીખી તો જાય છે, (અને તે પણ મુખ્યત્વે આંખ અને કાનની મદદથી) પણ તેમાં રહેલાં સ્પર્શ અને આંગળીઓની ગતિનાં બન્ને તત્ત્વો એ લોકો ગ્રહણ કરી શકતાં નથી. જ્યારે પહેલેથી સંપૂર્ણ ક્રમબદ્ધ સાધનો વાપરનારાં બાળકોને સ્પર્શનો અને

આંગળીએ..... .... નય છે, અને પરિણામે એમ પણ દેખાય છે કે પહેલા વર્ગનાં બાળકોના અક્ષરો ખરાબ રહે છે જ્યારે બીજા વર્ગનાં બાળકોના અક્ષરો સારા થાય છે.

આવા પ્રત્યક્ષ અને પ્રચ્છન્ન હેતુઓના બીજા ઘણા દાખલા શોધી શકાય.

આ ઉપરથી આપણે જોઇ શકીએ છીએ કે 'કોઇ પણ પ્રવૃત્તિ આપતું સાધન' કે 'કોઇ પણ પ્રવૃત્તિ' પોતે સંપૂર્ણ નથી; એટલું જ નહિ પણ કોઇ પણ જાતની પૂર્વભૂમિકા વિનાની અસંબદ્ધ પ્રવૃત્તિનો કશો અર્થ કે હેતુ છે નહિ. આવું લખવું પડે છે કારણ આપણા દેશના કેટલાક નવીન પ્રયોગોના અભ્યાસક્રમમાં આંખની કેળવણીમાં ઘન, નળાકાર, ગોળો, શંકુ, પિરામિડ, સોગઠું, ધાવણી, વેલણ, સાંબેલી, કંકાવટી, વગેરેના આકારોનું શિક્ષણ ગોઠવવામાં આવ્યું છે.

ઉપરની બધી વાતના અંત રૂપે આપણે ફરી કહી શકીએ કે ડૉ મોન્ટેસોરીએ એક સમગ્ર શ્રેણીબદ્ધ તત્ત્વજ્ઞાનવાળી વૈજ્ઞાનિક પદ્ધતિ અને તેને વ્યવહારમાં સાદું, ચોક્કસ સ્વરૂપ આપતાં સાધનો શોધી કાઢયાં છે.

આ બધામાં ગણિતનાં ડૉ. મોન્ટેસોરીનાં સાધનો વિષે આપણે કશું નથી કહ્યું. ગણિત એ ઘણો જટિલ વિષય ગણાય છે. તેને ડૉ. મોન્ટેસોરીએ તદ્દન સરલ અને સુંદર બનાવ્યો છે. પણ તેને વિષે આ તબક્કે લેખના લંબાણનો ભય થાય છે એટલે લખ્યું નથી. એ વિષે વળી કોઇ બીજી વાર લખીશ.

નરેન્દ્ર બધેકા.

સ્વ. ગિજુભાઈની પુણ્યતિથિએ

દેવો ભૂત્વા દેવં યજેત્ ! દેવ થઇને દેવનું પૂજન કરવું જોઇએ. સ્વ- ગિજુભાઇનું તર્પણ એમના જેવા થઇને કરવું જોઇએ. આ તો ભારે વાત થઇ. એમના જેવા થઇને એટલે એમની માફક લેખો લખીને, ભાષણો કરીને, બાલમંદિર ચલાવીને, બાલકેળવણી વિષે વાતો કરીને, એવી રીતે ? ના ના. એમ તો નહિ. અલબત્ત, જે લોકો ભાષણો કરી શકે તેમણે ભાષણો કરીને, લેખો લખી શકે તેમણે લેખો લખીને, બાલમંદિર ચલાવી શકે તેમણે બાલમંદિર ચલાવીને એમનું તર્પણ કરવું જોઇએ. પરંતુ આપણા જેવા સામાન્ય માણસોએ શું કરવું ? આપણે તો નથી ભાષણો આપી શકતા કે નથી લેખો વખી શકતા; નથી બાલમંદિર ચલાવી શકતા. તો આપણે શું કરવું ? આપણે એમણે કહેલી વાતોમાંથી એકાદ પણ આચરીને તર્પણ કરીએ. આપણે એમણે કહ્યું છે તેમ બાળકોને મારીએ નહિ. પણ એ તો ભારે વાત થઇ. તો એ જવા દઇએ. આપણે આપણા ઘરમાં બાળકો પોતાની મેળાએ પાણી પી શકે તેવી રીતે એકાદ કુંજો ને માટલી મૂકીને અથવા બાળકો માટે નાનકડો ડોયો અને ટબુડી વસાવીને, બાળકોને ઘરકામમાં મદદ કરવા માટે અવકાશ આપીને, એમને સાફસૂફી કરવા માટે નાનાં સૂપડો-સાવરણી વસાવીને, બાળકો માટે એકાદ

અલાયદી ઓરડી આપીને, એમને પોતાને વિકાસક એવી પ્રવૃત્તિઓ આપીને, આવી અનેક વસ્તુઓમાંથી બાળકો માટે એકાદએ આપણી શક્તિ મુજબ જેટલી થઈ શકે તેટલી વસ્તુઓ કરીને આપણે તર્પણ કરીએ. પણ આ વસ્તુઓ માત્ર એકાદ દિવસ પૂરતી કરીને નહિ, પરંતુ આખા વર્ષ દરમિયાન સતત કરીને જ આપણે યોગ્ય તર્પણ કરી શકીએ. એનો અર્થ એ જ થયો કે આખા વર્ષ દરમિયાન આપણે બાળકો વિષે કંઈ ને કંઈ વિચાર કરીએ.

અને બાળકો માટે કંઈક નહિ કરીએ તો કરીશું કોને માટે ? આપણો માબાપનો આટલો મોટો પથારો બાળકો માટે જ હોય છે ને ? આપણે આપણા પોતાને માટે જ જો મહેનત કરતા હોત તો આટલી બધી હાયવોય કરવાનું કારણ પણ શું હતું ? આપણી પાછળ આપણાં બાળકો સારી રીતે રહે એને માટે તો આપણે કેટલો બધો પ્રયત્ન કરી રહ્યાં હોઈએ છીએ ?

છતાં બાળકો દલિત છે. આજે જો સમાજની અંદર વધારેમાં વધારે કોઇ દલિત હોય તો તે બાળકો છે આજે દલિત વર્ગો માટે –હરિજનો માટે, સ્ત્રીઓ માટે, જે જે કચડાયેલાં છે તે બધાંને માટે, વિચાર થઇ રહ્યો છે તે વખતે ડૉ. મોન્ટીસોરીના શબ્દોમાં કહીએ તો 'forgotten citizen' ભુલાઇ ગયેલા શહેરીઓ માટે આપણે વિચાર કરીએ. એમને માટે આખા વર્ષ દરમિયાન કંઈક ને કંઈક કરવાનો નિશ્ચય કરીએ. બીજા બધા કાર્યક્રમો જરૂર કરીએ; સભાઓ ગોઠવીએ, ભાષણો કરીએ, બાલ તથા શિક્ષક-સંમેલનો કરીએ, બાળકોનાં પર્યટનો ગોઠવીએ, શિક્ષણ પત્રિકાના ગ્રાહકો બનાવીએ, સંઘના સભાસદો વધારીએ, બાલકેળવણીમાં માબાપ વધારે રસ લેતાં થાય તે માટે એમને ઘેરઘેર મળીએ: આવા અનેક કાર્યક્રમો યોજીએ અને ઊજવીએ. પરંતુ સાથે સાથે પત્રિકાનો દરેક વાચક પોતાનાં બાળકો માટે કંઈ ને કંઈ–પછી ભલે એ સાવ નાનકડું હોય–એવું કંઈક સક્રિય કરવાનો નિશ્ચય કરે અને તે પ્રમાણે આખું વર્ષ આચરણ કરવાનો પ્રયત્ન કરે તો પૂ ગિજુભાઇની પૂણ્યતિથિ યોગ્ય રીતે ઊજવી એમ કહી શકાય, એમનું તર્પણ સારી રીતે કર્યું એમ ગણી શકાય.

–શં. શાહ

વાચકો પ્રત્યે

ગયો અંક 'બાલઘર યોજના' સમગ્ર આપવાની હોઇને મોટો આપવામાં આવ્યો હતો, આથી આ વખતનો ગુજરાતી અંક થોડો એક નાનો આપ્યો છે તે માટે વાચકો દરગુજર કરે. હવે પછીના બધા અંકો નિયમિત કદના પ્રગટ થશે એ વિષે વાચકો ખાતરી રાખે.

વાચકોને સ્વ, ગિજુભાઇ પ્રત્યે સંપૂર્ણ આદર છે. તેમની પુણ્યતિથિના સ્મરણમાં વાચકને આગ્રહભરી વિનંતી છે કે તેઓ બાલ કેળવણીના તેમના કાર્યને વેગ આપે. આ કાર્ય તેઓ શિક્ષણ પત્રિકાનો બહોળો પ્રચાર કરીને, સંઘના નવા સભ્યો બનાવી–બનાવરાવીને કરી શકશે. આમ કરીને તેઓ પોતાનાં જ બાલકોના કલ્યાણમાં સહાય કરે છે એ રખે ભૂલે. વાચકો આ વિનંતિ સ્વીકારશે ?

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે એમણે
આત્મારામ પ્રિં. પ્રેસ, બારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. તા. ૩૦–૬–૪૫

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

卐

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

卐

શ્રદ્ધા રાખો

આપણે આપણું કાર્ય શ્રદ્ધા અને જોશથી ધપાવીએ. આપણું કર્તવ્ય શું છે તેની આપણને બબર હોવી જોઈએ. ભાવિ પ્રજાને ઘડનાર આપણે છીએ એ વાત આપણા સ્મરણમાં નિત્ય રહેવી જોઈએ. આપણો જ ધંધો જગતના ઉદ્ધાર માટે છે એવું આપણું દૃઢ મંતવ્ય હોવું જોઈએ. આપણા ઉપર જ દેશની ભાવિ આશા અને ઉદય લટકે છે તે આપણે વિચારવું જોઈએ. આપણે બધું કામ કરી શકીશું એવા આપણા દૃઢ વિશ્વાસથી અને પ્રભુ આપણને મદદ કરશે એવી શ્રદ્ધાથી આપણે આપણું કામ જોશથી કરીએ.

–સ્વ. ગિજુભાઈ.

૧૬ પ્રાથમિક શિક્ષણ

૧૬ ગુજરાતની ગ્રામીણ પ્રાથમિક શાળાઓની પરિસ્થિતિ

વર્ષની શરૂઆતમાં	ધોરણ ૧	ધોરણ ૨	ધોરણ ૩	ધોરણ ૪	ધોરણ ૫	ધોરણ ૬	ધોરણ ૭
ચાલતી નવી શાળાઓ	૧૦	૦	૦	૦	૧૫	૧૫	૧૫
ચાલતી બંધ થયેલી શાળાઓ	૧૦	૦	૦	૦	૧૫	૧૫	૧૫
ચાલુ વર્ષમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓ	૨૦ થી ૫૦	૪૦	૧૫૪૦	૨૬૪૦	૨૬૪૦	૨૬૪૦	૨૪,૦૦૦
ચાલુ વર્ષમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓ	૨૦ થી ૫૦	૨૦	૭૬૦૦	૭૦૦૦	૦	૦	૨૪,૫૪૦
ચાલુ વર્ષમાં કાયમી થયેલા વિદ્યાર્થીઓ	૦	૦	૦	૦	૦	૦	૧૨૦૦
ચાલુ વર્ષમાં કાયમી ન થયેલા વિદ્યાર્થીઓ	૦	૦	૦	૦	૦	૦	૧૨૦૦
ચાલુ વર્ષમાં કાયમી થયેલા વિદ્યાર્થીઓ (નિયમિત)	૦	૦	૦	૩૦	૩૦	૩૦	૩૦
ચાલુ વર્ષમાં કાયમી ન થયેલા વિદ્યાર્થીઓ	૦	૮૦	૮૦	૦	૦	૦	૧૨૦૦
ચાલુ વર્ષમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓ	૨૦ થી ૫૦	૪૦	૧૬૪૦	૨૬૪૦	૨૬૪૦	૨૬૪૦	૨૬,૬૪૦
ચાલુ વર્ષમાં કાયમી થયેલા વિદ્યાર્થીઓ	૨૦ થી ૫૦	૨૦	૭૬૦૦	૭૦૦૦	૦	૦	૨૪,૦૦૦
ચાલુ વર્ષમાં કાયમી ન થયેલા વિદ્યાર્થીઓ	૨૦ થી ૫૦	૨૦	૭૬૦૦	૭૦૦૦	૦	૦	૨૪,૦૦૦
ચાલુ વર્ષમાં કાયમી થયેલા વિદ્યાર્થીઓ (નિયમિત)	૦	૦	૦	૦	૦	૦	૧૨૦

સાત વર્ષમાં કરવેલી પ્રગતિ

ચાલુ વર્ષમાં નવા તૈયાર શિક્ષકો	ચાલુ વર્ષમાં તૈયાર અધ્યાપકો	ચાલુ વર્ષમાં બાલમંદિરોની કુલ શિક્ષક સંખ્યા	કુલ અધ્યાપકોની સંખ્યા	કુલ નવી સંસ્થા સ્થપાઈ	સંસ્થાઓના કાર્યકરોની સંખ્યા	કાર્યકરોના પ્રકાર	ભરતી કે. અભ્યાસ
૦	૦	૨	૨	બાલમંદિર સંશોધનમંદિર નિયામકો	૨ ૨ ૨	આજીવન- ,, ,,	-સભ્ય
૦	૦	૨	૨	અધ્યાપનમંદિર પ્રકાશન ,, સાધનાલય	૧ ૧ ૧	,, ,, ,,	
૧૦	૦	૮૨	૨	૪૦ બાલમંદિરો	૮૦	શિક્ષકો	
૦	૦	૧૩૨	૨	૨૫ નવાં બાલ-મંદિરો	૫૦	શિક્ષકો	
૦	૩૦	૧૩૨	૦	પ્રાંતીય કેન્દ્રો માટેની તૈયારીઓ	૦		
૦	૩૦	૧૦૨	૩૨	૧૫ પ્રાંતીય અધ્યાપનમંદિરો	૩૦	અધ્યાપકો	
૧૨૦૦	૩૦	૧૨૮૨	૬૨	૧૫ પ્રાંતીય કેન્દ્રો ૬૦૦ બાલમંદિરો	૦	૦	

બાળકોની સંખ્યા ઓછામાં ઓછી ગણતરી રાખીને કોઠામાં દર્શાવી છે, પણ સામાન્ય રીતે દરેક બાલમંદિરમાં ૬૦ બાળકો સુધીનો અવકાશ છે.

ગ્રામ બાલવાડીની યોજના

કસ્તુરબા સ્મારક માટે ઘડેલી 'બાલઘર'ની યોજનાને યોગ્ય શિક્ષકો કે પૂરતાં સાધનોના અભાવે અથવા બીજા કોઇ કારણથી કેટલાક સમય સુધી સર્વત્ર વ્યવહારુ સ્વરૂપ ન આપી શકાય અને તત્કાલ ગામડાંમાં બાલકેળવણીનું કામ શરૂ કરી દેવું હોય તો બાલવાડીની યોજનાની એક રૂપરેખા અત્રે રજૂ કરીએ છીએ.

બાલવાડીના હેતુ

જીવનોપયોગી હસ્તકામ દ્વારા બાળકનો સર્વાંગી વિકાસ સાધવાની વર્ધાની બુનિયાદી તાલીમની ભાવનાને પોષક બને એવી પ્રવૃત્તિઓ ગામનાં ૨॥–૩ થી ૭ વર્ષની વયનાં બાળકો માટે યોજવી. ગ્રામની પરિસ્થિતિમાંથી ઊભી થતી સર્વ પ્રકારની પ્રત્યક્ષ પ્રવૃત્તિઓ દ્વારા બાળકને અંગત અને સામાજિક જીવનની તાલીમ આપતાં તેનો સર્વાંગી વિકાસ સાધવાનો યત્ન આ બાલવાડીમાં કરવો. તેમાં ભય, લાલચ સ્પર્ધા વગેરે હિંસક તત્ત્વોનો સર્વથા અભાવ હોવો જોઇએ. બાલવાડીનાં સાધનો ગ્રામજીવનમાંથી સહજ ઉપલબ્ધ થવાં જોઇએ. બાલકેળવણીની દૃષ્ટિએ આવાં કયાં સાધનો ઉપયોગનાં નીવડશે, તેને માટે બાલવાડીના શિક્ષકે હમેશાં સ્થાનિક પરિસ્થિતિને લક્ષમાં રાખીને ઝીણવટથી પ્રયોગો કરવાનાં રહેશે. શહેરનાં બાલઘરોનું અહીં સ્થૂળ અનુકરણ કરવાનું નથી, પણ કેળવણીની નવીન દૃષ્ટિ રાખી ગામડાંને અનુકૂળ ઢબે બાળકો સાથે કામ કરવાનું રહેશે, કે જેથી જે તાલીમ તેમને મળે તે અલબત્ત બાળકને પ્રગતિકારક તો હોય જ તથાપિ ગામડાની સાથે સુમેળવાળી હોય.

યોજના

બાલવાડી માટે ધર્મશાળા, શિવાલયની ઓસરી કે એવું જ તાત્કાલિક મળી આવતું મકાન ચાલે. પાસે તળાવ કે કૂવાની સગવડ હોવી આવશ્યક છે. મકાન જો ન મળે તો ગામની ભાગોળે ચોતરા ઉપર પણ બાલવાડી જમાવી શકાય, જો કે ચોતરા ઉપરની બાલવાડીની પ્રવૃત્તિઓ ઘણી મર્યાદિત થઇ જાય.

૨॥–૩ થી ૭ વર્ષની ઉમરનાં બાળકોને શરૂઆતમાં તો તેડવા જવાની જરૂર ઊભી થશે, પણ જેમ જેમ બાલવાડીની પ્રવૃત્તિઓમાં રસ જામશે તેમ તેમ આપોઆપ બાળકો બાલવાડીમાં આવતાં થશે.

શિક્ષકો

આશરે ૮૦૦ ની વસ્તીવાળા ગામડામાંથી આ ઉંમરનાં કુલ આશરે ૬૦–૭૦ બાળકોમાંથી અર્ધાં એટલે ૩૦–૩૫ બાળકો બાલવાડીમાં આવે; જો કે શરૂઆતમાં એટલી પણ સંખ્યા નહિ થાય. ૩૦-૩૫ ની સંખ્યાનાં બાળકોને સંભાળવા માટે એક શિક્ષક અને એક મદદનીશ જોઇએ.

બાલવાડીમાંના શિક્ષકને એક પ્રાન્તિક તાલીમી કેન્દ્ર ખોલીને આશરે ૯ માસની તાલીમ આપવી જોઇએ. તાલીમ માટે જેને પસંદ કરવામાં આવે તે ગ્રામજીવનનો અનુભવી અને શોખીન, બાળકો સાથે કામ કરવાની કળવાળો અને ઉત્સાહી જોઇએ. પણ તે ઉપરાંત ગામડામાંથી સહજ પ્રાપ્ત થતાં સાધનોમાંથી નૂતન બાલકેળવણીની દૃષ્ટિએ શું ઉપયોગી જણાશે તે શોધનારો અને પ્રયોગાત્મક વૃત્તિવાળો જોઇએ.

તાલીમી કેન્દ્રમાં શિક્ષકના અભ્યાસના વિષયો નીચે પ્રમાણેના રહેશેઃ—

બાલમાનસનો પરિચય, બાલઉછેર, સિદ્ધાન્તની દૃષ્ટિએ ઇન્દ્રિયશિક્ષણની ઉપયુક્તતા, મૉન્ટેસોરી સાધનોની સંકલના અને હાર્દ, બાલવાર્તા, કવિતા, રાસ, બાલનાટક, હસ્તવ્યવસાયો, ગ્રામજીવનના પ્રશ્નો અને આરોગ્યજ્ઞાન.

બાલવાડીમાં મદદનીશ તરીકે કેન્દ્રમાં જઈને તાલીમ લીધેલા શિક્ષકની આવશ્યકતા નથી. પણ બાળકો સામે હળી જઈ શકે એવા કોઈ ઉત્સાહી, સ્થાનિક યુવાનને પસંદ કરી શકાય. શિક્ષકની દેખરેખ નીચે બાલવાડીમાં કામ કરતાં તે તાલીમ પામે.

બાલવાડીમાં નોકરને સ્થાન હોઈ શકે નહિ. સર્વ કામો બાળકો અને શિક્ષકોના સહકારથી થવાં જોઈએ.

બાલવાડીની પ્રવૃત્તિઓ

અઢીથી સાત વર્ષની વય દરમિયાન બાળકનાં અંગો અને તેની ઇન્દ્રિયો પોતાની જાતને કસવા અને એમ કરીને પોતાના ચિત્તંત્રની વ્યવસ્થિતિ આણવા તલસતાં હોય છે. બાળક હરહમેશ કંઈક કરવા અને એ દ્વારા પોતાની આજુબાજુની પરિસ્થિતિ સમજી લેવા ગડમથલ કરતું હોય છે. કોઈ ને કોઈ રીતે તે પ્રવૃત્તિમય રહે છે. આ વૈજ્ઞાનિક સત્યનું આલંબન કરી બાલવાડીના શિક્ષકે તેને માટે તેની ઉંમર, વૃત્તિ અને રુચિને યોગ્ય, તેના વાસ્તવિક જીવન સાથે સુમેળ ધરાવતી અને તેને ક્રમશઃ સ્વાવલંબી બનાવે એવી ઉપયોગી પ્રવૃત્તિઓ ગામડામાંથી પ્રાપ્ત થતાં સાધનો વડે યોજવી જોઈએ.

બાલવાડી માટે ધર્મશાળા કે એવું કંઈક સગવડવાળું મકાન મળે તો બાળકો સવારના ૮-૯ વાગે આવે અને ત્યાં જ સાંજના આશરે ૬ સુધી રહે. આટલો લાંબો સમય તેઓ શિક્ષકના સહવાસમાં અને ઉપયોગી પ્રવૃત્તિઓમાં ઉમંગથી રોકાઈ રહે, તો જ તેઓ નિરુદ્દેશ રખડવામાંથી તેમ જ ઘણી વખત કુસંસ્કારોથી દૂર રહી શકે.

બાળકો સવારે ઘેરથી નાસ્તો કરીને આવે; સાથે રોટલો કે એવું કંઈક લેતાં આવે કે જે બપોરના ભોજન માટે ચાલે. આટલો લાંબો સમય તે બાલવાડીમાં રહે એટલે સવારમાં આશરે દસ વાગે તેમને માટે નાસ્તાની અને બપોરના ભોજન માટે તેમણે સાથે આણેલા બાવાની સાથે દાળ, શાક, દૂધ કે છાસની વ્યવસ્થા બાલવાડીમાં કરવાની જરૂર પડે. વળી બપોરે આશરે ચાર વાગે પણ નાસ્તો ગોઠવવો પડે. આ માટે બાળકોનાં માબાપ અઠવાડિયે અઠવાડિયે થોડું અનાજ, પોતાના ખેતરનું શાક કે એવું કંઈ શક્તિ પ્રમાણે આપે. દૂધ અને છાસને માટે બાલવાડીને પોતાના પદરથી ખર્ચ કરવું પડશે એમ લાગે છે.

મુખ્ય કાર્યક્રમ

૧. અંગત સ્વચ્છતા.

ગામડાની કોઈ પણ પ્રવૃત્તિમાં, તેમ બાલપ્રવૃત્તિમાં પણ અંગત સ્વચ્છતા અને સફાઈનો કાર્યક્રમ આગળ પડતો ભાગ ભજવશે. દાતણ કરવું, નિયમિત અને વ્યવસ્થિત શૌચ કરવું, નહાવું, બધાં અંગો બરાબર સ્વચ્છ કરવાં, કપડાં ધોવાં તથા સૂકવવાં, માથાં ચોળવાં વગેરેમાં સવારનો ઘણો સમય જશે. આ બધી ક્રિયાઓ બાળક જાતે કરતું થાય એવી રીતે શિક્ષકે બધી પ્રવૃત્તિઓનો ઉઠાવ કરવાનો રહેશે.

સ્વચ્છતાની સાથે-સાથે બાલવાડીના શિક્ષકે ગડગૂમડ, લૂખસ, ખસ, જૂ વગેરેના ઉપચાર કરવાના રહેશે. આ માટે થોડી દવાઓ પણ વસાવવી પડશે.

૨. બાલવાડીની સફાઇ.

અંગત સ્વચ્છતા પછી બાલવાડીની સફાઇ આવશે. આમાં શાળાનું મેકાન, આંગણું, બગીચો, ક્રીડાંગણ અને ત્યાંની વસ્તુઓની સાફસૂફી આવે.

કોઇ કોઇ વખત બાળકોના ઘરની મુલાકાત લઇ તેની અંદર અને બહાર સફાઇ કરવી.

આમાં પણ બાળકો પાસે આ બધાં કામો કરાવવાનો હેતુ ન હોય, પરંતુ બાળકો આ બધાં કામો કરતાં શીખે તથા તેમનામાં એ કામો તરફ પ્રેમ ઉત્પન્ન થાય તે હેતુ હોય.

૩. નાસ્તો, ભોજન તૈયાર કરી પીરસવું, (બાળકો ઘેરથી કંઇક સાથે લાવ્યાં હોય છતાં બાલવાડીમાં શાક, દાળ જેવું રાંધવાનું રહેશે.) દાણા સાફ કરવા, દળવા, શાક સમારવું, વાટવું, ખમણવું, રાંધવું વગેરે બાલવાડીમાં શિક્ષક અને બાળકો સાથે મળીને કરે. જમવાની તૈયારી કરવી, પીરસવું, વાસણ માંજવાં અને બધું ફરીથી વ્યવસ્થિત ગોઠવી દેવું.

૪. વ્યવસ્થા—પોતાની તેમ જ સામાન્ય ઉપયોગની વસ્તુઓ વ્યવસ્થા અને સુઘડતાથી ગોઠવવી.

૫. હીલચાલનું શિક્ષણ—સ્વસ્થતા પૂર્વકનું હલનચલન.

૬. વ્યવસ્થિત અને ક્રમબદ્ધ વાતચીત દ્વારા મૌખિક ભાષા શિક્ષણ.

૭. વાર્તાઓ, બાળનાટકો, ગીતો, ગરબા, રાસ, સંગીત, વાર્તાઓ વગેરે દ્વારા પુરાણ, ઇતિહાસ, વિજ્ઞાન, સામાન્ય જ્ઞાન વગેરેમાં પ્રવેશ કરાવી શકાશે. આ બધાં મારફત ભાષાશિક્ષણ પણ થાય છે.

૮. બાલરમતો.

૯. બાલપ્રવાસો—પાસેના અને દૂરના.

હસ્તવ્યવસાય—બગીચાકામ: ફૂલ, ફળ અને શાકઉછેર. ખોદવું, નીંદવું, ક્યારા કરવા, પાણી પાવું, વગેરે.

કાંતરકામ—રદ્દી કાગળ ઉપર.

માટીકામ.

ચિત્રકામ—માટીના રંગો અને દાતણના કૂચાવતી ભીંત, પાટિયાં કે માટીનાં વાસણ ઉપર.

સુતારીકામ—હથોડી, નાની કરવતી, વગેરે સાદાં ઓજારોનો પરિચય.

૧૧. અવલોકન—આજુબાજુની વનસ્પતિ, પ્રાણી, પક્ષી, જીવજંતુ વગેરેનો પરિચય અને ગુણધર્મ વગેરે.

૧૨. પ્રાર્થના—શાંતિની રમત. પ્રાર્થના માટે નદીતટે, ખેતરમાં કે વાડીમાં જવું.

૧૩. બાળકના ઉચ્ચારોમાં ગ્રામ્યતા અને પ્રયોગોમાં અશ્લિલતા ન આવે અને તેની ભાષા સંસ્કારી બને તે વિષે શિક્ષકે હરહંમેશ કાળજી રાખવી જોઇશે

તેનું ભાષાભંડોળ વધે તે માટે તેની આગળ જે ક્રિયાઓ થાય તે સર્વને માટે યોગ્ય શબ્દો અને પ્રયોગો રજૂ કરવા જોઇએ.

બધા જ પ્રકારની પ્રગતિમાં ગણતરી આવવાની એટલે બાળકને અનાયાસે ગણિતના પ્રદેશમાં પ્રવેશ કરાવવો.

આ બધી પ્રવૃત્તિઓ માટે વધતાંઓછાં સાધનો જરૂરો થઇ પડશે. પણ શિક્ષકે તે જેમ જરૂર પડે તેમ પરિસ્થિતિમાંથી ઉપજાવી લેવાનાં રહેશે. તૈયાર સાધનોનો સંચય નહિ રાખવો. સાધનો ઉપજાવી કહાડવામાં બાળકને ઘણો રસ પડશે અને પોતે જ ઘણી વખત નવાં નવાં સાધનો શિક્ષકને સૂચવશે.

બાલવાડી માટે જો મકાન ન મળી શકે તેથી કે બીજાં કારણોથી બાળકોને સવારથી સાંજ સુધી બાલવાડીમાં રોકાયલાં રાખવાં ન હોય અને ચોતરા ઉપર કે એવા કોઇ સ્થાને બાલવાડી ચલાવવી પડે તો સ્વચ્છતા, નાસ્તો, ભોજન અને બાગઉછેરની ઉપયોગી પ્રવૃત્તિઓ ચલાવવી અશકય થઇ પડે. ત્યાં તો માત્ર રમતગમત, વાર્તા, ગીત, રાસ, પર્યટન એટલું જ બની શકે.

આ વયે બાલવાડીમાં રહી બાળક પોતાની અંગત તેમ જ સામાજિક પ્રવૃત્તિઓમાં વ્યવસ્થા, સુઘડતા, સ્વચ્છતા વગેરેની કદર કરવાની ટેવ પાડવા દોરાશે, તેના હલનચલનમાં સ્વસ્થતા અને નીડરતા આવશે, બીજાઓ સાથેના તેના વર્તનમાં વિનય, ન્યાયબુદ્ધિ અને મૃદુ કરવાની વૃત્તિ દેખા દેશે, બુદ્ધિપૂર્વક અને કુશળતાથી હસ્તવ્યવસાય કરવાની ઘાટી કેળવાશે, તેની અવલોકનશક્તિ અને જિજ્ઞાસા જાગ્રત થતાં જતાં હશે અને તેના ઉચ્ચાર અને ભાષા શુદ્ધ બનશે, તો બાલવાડીની પ્રવૃત્તિઓ સાર્થક ગણાશે.

જોતાં આવડે તો

ચોમાસું બેસી ગયે ઠીકઠીક સમય થઇ ગયો હતો. બાલમંદિરની આસપાસની ખુલ્લી જગામાં અને આંગણામાં ઘાસ ઊગી નીકળ્યું હતું. નકામું ઘાસ નીંદી લેવાનો ગમતો વ્યવસાય બાળકોને મળી ગયો હતો!

આજે બાલમંદિરમાં પગ મૂકું ત્યાં તો પાલુભાઇ આવીને કહે, "ભાઇ! અમે ઘાસ નીંદીએ?"

ઉત્સાહી પાલુભાઇને હા કે નાનો જવાબ આપું એટલામાં તો લક્ષ્મીબેન, વાલજીભાઇ, રામુભાઇ, તેજીબેન ને આલાભાઇ હાથમાં ખુરપીઓ લઇ નીકળી આવ્યાં, અને દોડ્યાં ચોગાનમાં. પાલુભાઇ ખુરપી લેવા દોડ્યા પણ તેમને માટે ત્યાં ખુરપી રહી ન હતી તેથી તેઓ પાછા આવ્યા. હું અને પાલુભાઇ પણ બહાર નીકળ્યા.

ચોગાન ભીનું અને સ્વચ્છ હતું. આજુબાજુએ લીલોતરી ઠીક પ્રમાણમાં ઊગી નીકળી હતી. તાપ પણ આકરો ન હતો. વાતાવરણ કામ કરવા આવકારે–પ્રેરે તેવું હતું. વળી આ ગમતી પ્રવૃત્તિ ઘણે દિવસે હાથમાં આવી હોવાથી બાળકોનો ઉત્સાહ માતો ન હતો.

આજે કેટલી જગ્યામાં નીંદવું તે સૌએ સાથે મળી નકકી કરી લીધું. અને સૌ એટલી જગામાં પથરાઇ ગયાં.

કોઇકે હાથથી નીંદવા માંડ્યું તો કોઇકે ખુરપીથી કામ ચાલુ કર્યું. લગભગ બધાં જ બાળકો ખૂબ રોકાયેલાં હતાં. પાંચેક મિનિટમાં તો નાના નાના હાથ ઘાસથી ભરાઇ ગયા એટલામાં ખીમજીભાઇ આવીને કહે, "ભાઇ! બાલદી લઇ આવીએ?"

એટલે બાળકો બાલદી લઇ આવ્યાં; અને સૌનું એકઠું થયેલું ઘાસ તેમાં પધરાવવા લાગ્યાં.

"એ દાનભાઇ ! તમારું ઘાસ મને આપજો, હોં ?" લીલાબેન આગળથી ગ્રાહક બની ગયાં. નાનાં લખીબેન કહેઃ "હું તો બાણુભાઇને આપીશ."

કોઇક કહેઃ "મારી બાલદી તો અડધી ભરાઇ પણ ગઇ !"

જેલાભાઇ મારી પાસે આવી કહેઃ "ભાઇ ! મારી બાલદીમાં ઘાસ નાખ્યો ને ?"

તેમની બાલદીમાં ઘાસ નાખી બાળકોના કામ તરફ નજર નાખતો હું ઊભો હતો કેટલાંક બાળકો ઘાસ ઉખેડતાં ઉખેડતાં નક્કી કરેલી સીમાની બહાર પહોંચી ગયાં હતાં. તેમને પાછાં બોલાવી નક્કી કરેલી સીમાનો ખ્યાલ આપવો કે નહિ તે દ્વિધામાં હું હતો, ત્યાં તો મારી બાજુમાં કામ કરતી ટોળીમાંથી અવાજ આવ્યોઃ "એઇ લખડી ! જો આ હેરૂ !" એક બાળકે બીજા કામ કરતા સાથીને સંબોધીને કહ્યું.

ત્યાં તો રામજીભાઇ વચમાં પડી કહે, "નહોય હેરૂ ! એ તો હરહરિયું છે."

આ વાતચીત સાંભળી ત્યાં એકાદ બાળકો એકઠાં થઇ ગયાં. જોયું તો એક અણસિયું વાતચીતનો વિષય થઇ પડયું હતું. નવો શબ્દ આપવાનો સુઅવસર મને જણાયો, ને ગળા સુધી શબ્દો આવ્યાઃ "અરે, એ તો અ-ળ-સિ-યું કહેવાય.

પણ તે શબ્દો હોઠ બહાર સરી પડે તે પહેલાં તો બીજી એક ટોળીમાંથી નાના વનસ્પતિશાસ્ત્રીનો અવાજ મારે કાને સંભળાયો, "અરે એઇ ! એ તો જાંબુડાનું ઝાડ છે; એને તોડ મા !"

ત્યાં તો એક નાનો બાળી કહેઃ "અરે ! એ પાણો બસેડ મા; જાંબુડાના ઝાડને કાગડો જોશે તો ખાઇ જશે."

ગળે આવેલા શબ્દો હું પાછા ગળી ગયો અને વિચારે ચઢયો. આજે મને એક નાના બાળી અને એક વનસ્પતિશાસ્ત્રીની ઓળખાણ થઇ રહી હતી.

એટલામાં જરાક દૂર એક ત્રીજી મંડળીમાંથી ખડખડાટ હસવાનો અવાજ સંભળાયો. એક જણ કહેઃ "હંધેઉ ! અહીં આવો. આ ફૂલ ઊગ્યું છે." હું પણ તે તરફ ગયો. જોઉં તો કોઇક છોટે બીરબલ સાહેબે એક વેલ ઉપરથી ફૂલ તોડી લાવી તેને ડીંટાથી જમીનમાં દાટયું હતું !

જોતાં આવડે તો બાળકોનાં આમ જુદે જુદે સ્વરૂપે અનેક દર્શન થઇ રહ્યાં હોય છે.

શે.

ગિજુભાઈનું નવું પ્રગટ થયેલું બાલસાહિત્ય

[સ્વ. ગિજુભાઇ સન્માનથેલી પ્રકાશનમાળા]

સ્વ. ગિજુભાઇ બધેકાને તેમના વિદ્યાર્થીઓએ, પ્રશંસકોએ અને મિત્રોએ અમદાવાદમાં કરેલા સન્માનસમારંભ પ્રસંગે એક થેલી અર્પણ કરવામાં આવી હતી. તેમાંથી 'ગુજરાત બાલવિકાસ સંસ્થા' ની યોજના તૈયાર થઇ અને તેના પ્રથમ કાર્યરૂપે એ સંસ્થાના ઉપક્રમથી આ આ પુસ્તકો પ્રગટ થાય છે. ઉપરોક્ત યોજના અને તેની વિગતો તથા વ્યવસ્થા માટે માળાનાં

પુસ્તકોનાં નિવેદનમાં લખેલું છે તે વાચી લેવાની વાચકોને ભલામણ કરવામા આવે છે.

પ્રગટ થયેલાં આ પુસ્તકોમાં સ્વર્ગસ્થનાં હાલ અલભ્ય એવાં શિક્ષણનાં પુસ્તકો અને નવાં બાલસાહિત્યનાં પુસ્તકો (અગાઉ નહિ છપાયેલાં) નો સમાવેશ થાય છે.

આમાં (૧) ઋતુના રંગ, (૨) પ્રાણીપાઠો (૩) વનસ્પતિપાઠો (૪) બારેક-ટોપરાં (૫) નવી વાતો (૬) આફ્રિકાની સફર અને (૭) ગિજુભાઇના પાઠો, આટલાં પુસ્તકો બાલ-સાહિત્યનાં નવાં પ્રગટ થયેલાં છે અને નૂતન-શિક્ષણના રસિક પ્રયોગનું વાર્તાશૈલીમાં નિરૂપણ કરતું ' દિવા-સ્વપ્ન' પુનર્મુદ્રણ છે.

ઉપરનાં બધાં પુસ્તકોને આવકારતાં અમને હર્ષ થાય છે. સ્વ. ગિજુભાઇ કે જેમણે ગુજરાતમાં બાલ્‌સાહિત્યની ગંગા વહેવડાવી છે, તેમના બાલસાહિત્ય વિષે આજે શું નવું લખવું ? છતાં કેટલાક મુદ્દાઓ ધ્યાન ખેંચે છે તે અહીં રજૂ કરી દઇએ.

પહેલું તો આ પુસ્તકો સ્વર્ગસ્થના જીવ-નનો છેલ્લો ફાલ છે, (હજુ થોડાં છપાવાનાં બાકી છે.) છતાં તેમાં અસલના જેવી જ તાજગી, સ્ફુર્તિ અને પ્રસન્નતા જોવા મળે છે. લેખક જાણે ' માંદગી અને ઉંમર ' થી પર છે,

' ઋતુના રંગ, ' ' વનસ્પતિપાઠો ' અને 'પ્રાણી-પાઠો' દક્ષિણામૂર્તિની બાલસાહિત્ય વાટિકાના ઘોરણનાં, તેનાં અમુક પુસ્તકોના લગભગ અનુસંધાન જેવાં છે.

પણ ' ગિજુભાઇના પાઠો ' ' નવી વાતો ' અને ' બારેક-ટોપરાં ' માં આપણને નવા પ્રવાહોનાં દર્શન થાય છે. લેખક વધારે જીવ્યા હોત તો નક્કી આપણને નવું મૌલિક અને પ્રફુલ્લ સાહિત્ય મળી રહેત.

' ગિજુભાઇના પાઠો 'માં બાલભોગ્ય વિષ-યોના નિબંધલેખનનાં સુંદર દૃષ્ટાંતો ' છે. ' ધૂળ 'થી માંડી 'ગોપીચંદન' સુધી અને 'સડેલા જોડા'થી માંડી 'રજનીગંધા' સુધીની બધી ચીજોને એમાં સ્થાન મળ્યું છે.

' નવી વાતો 'માં સ્વ. ગિજુભાઇએ જૂની બાલવાર્તાઓની ઘાટીએ નવીન બાલવાર્તાઓ લખી છે. મનુષ્ય જાતનાં, પ્રાકૃતિક બળોનાં (Elemental Forces) અને પશુપક્ષીનાં જે પ્રકારનાં જૂનાં સંમેલનો (eternal groupings) છે તેવાં જ નવીનરૂપે નવી ભાતમાં જોવા મળે છે.

' બારેક-ટોપરાં ' ગદ્ય–પદ્યના સીમાડાએ રચાયેલાં જોડકણાં છે. તેમાં પણ વિષયની વિવિ-ધતા ધ્યાન ખેંચે તેવી છે. કોઇ બાસ 'છંદ' ન હોવાનો 'છંદ' જ એને શોભે છે.

' આફ્રિકાની સફર 'માં વર્ષો પહેલાંનાં જૂનાં સ્મરણો તાજાં થાય છે. લેખકના બડતલ, રખડુ, કુદરતપ્રેમી જીવનનો એક સુંદર perspective આપણને એમાં મળે છે

આ બધાં પુસ્તકોને ફરી આવકારતાં એક બાબત નોંધવાની કે આ પુસ્તકોને છે તેના કરતાં વધારે સુશોભિત કર્યાં હોત તો વધારે સારું થાત. —**તંત્રી વિભાગ**

મુખ્ય વિક્રેતા: **ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય,**
ગાંધીરોડ, **અમદાવાદ.**

આંબલામાં શ્રી નાનાભાઈ ભટ્ટની અમૃતવાણી

તા. ૧–૫–૪૫ ને રોજ ગુજરાતના જુદા-જુદા સ્થળેથી લગભગ ૭૦ શિક્ષકોનું જૂથ શ્રી નાનાભાઇ ભટ્ટનો એ દિવસનો સંપર્ક સાધવા આંબલા મુકામે પહોંચ્યું હતું. કચ્છ, સુરત, ભરૂચ, વડોદરા, અમદાવાદ, ઉત્તર ગુજરાત, પોરબંદર, મોરબી, વઢવાણ વગેરે સ્થળોએ પ્રાથમિક શિક્ષણનું કામ કરનાર મુખ્ય મુખ્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ અહીં આવ્યા હતા. શ્રી. જુગતરામ દવે, પ્રોપ્રાયટરી હાઇસ્કૂલના પ્રિન્સિપાલ શ્રી. ઠાકોરભાઇ ઠાકોર, ભાવનગર મહિલા વિદ્યાલયવાળાં શ્રી જયાબેન દાણી અને શ્રી ચુનીભાઈ શાહની સરદારી નીચે આવેલું તેમનું શિક્ષકમંડળ, ધરશાળા, દક્ષિણા-મૂર્તિ બાલમંદિર ને શારદામંદિરનું શિક્ષકમંડળ તેમ જ વઢવાણવાળા શ્રી. ભોગીભાઇ પરીખ વગેરેની હાજરી સૌનું ધ્યાન ખેંચતી હતી. દક્ષિણામૂર્તિનો સંપર્ક સેવી વીસ વીસ વર્ષોથી પોતપોતાના સ્થાન પર કામ કરનાર ભાઇ-બહેનો આજે આંબલાના આંબાવાડિયામાં એકત્રિત થયાં હતાં. આ અવિધિસરની બેઠકના ઉપક્રમો તદ્દન સાદાઇથી યોજાયા હતા.

શ્રી. નાનાભાઇએ એક નાની માચી પર બેસી પોતાનું સ્વાગત-પ્રવચન શરૂ કર્યું હતું. તેમણે જણાવ્યું કે "તમને સૌને આવડી મોટી સંખ્યામાં અનેક હાડમારીઓ વેઠી અહીં આવેલાં જોઇ મને ઘણો જ આનંદ થાય છે. તમારા અહીંના નિવાસ દરમિયાન દક્ષિણા-મૂર્તિની જૂની રીતરસમો મુજબ હું તમારું બાદશાહી સ્વાગત ન કરી શકું તો નિભાવી લેશો."

ત્યાર પછી જે પ્રશ્નોત્તરી થઇ તેનો સાર આ સાથે આપવામાં આવ્યો છે. પ્રશ્નોત્તરી દરરોજ લગભગ પાંચ કલાક ચાલતી. શ્રી. નાનાભાઇએ પોતાના અનુભવોના નિષ્કર્ષરૂપે જે ઉત્તરો આપ્યા તે સૌ કોઇને માર્ગદર્શક બને તેવા છે. ત્રણે દિવસનું વાતાવરણ પ્રત્યેક શ્રોતાને પુનર્જીવન અર્પે તેવું હતું. શ્રી નાનાભાઇના મુખમાંથી ઝરતી વાણી કોઇ સંજીવનીનો વર્ષાદ વરસાવી રહી હોય તેમ અનુભવાતું હતું.

આંબલાનું સમગ્ર વાતાવરણ જૂના સમયના ઋષિકાળનું પ્રત્યક્ષ ભાન કરાવતું હતું. છુટ્ટા પડતી વખતે પ્રત્યેક આગન્તુકનું દિલ ઉભરાઇ ગયું. આભારથી લચી ગયેલાં તેમનાં દિલ ઉભરાઇ સાહજિક રીતે જ નાનાભાઇને ચરણે ઢળી પડયાં અને કોઇએ નહિ કલ્પ્યું હોય તેટલો આ કાર્યક્રમ સફળ થયો. તેનો સર્વ યશ નાનાભાઇએ સમાલોચના વખતે પૂ. બાપુજીને આપ્યો તે પણ યથાર્થ જ હતું.

તે પુણ્યાત્માના કિરણોના પ્રકાશથી જ તેમની વાણીમાંથી ઉપરોક્ત સત્યો ઝરી પડયાં છે તેની તેમની પ્રતીતિ તેમણે જે ભાષામાં આપી તે અહીં ઉતારી શકાય તેવું નથી. શ્રોતાવર્ગે શ્રી જુગતરામભાઇને છોડયા નહિ. તેઓ ઉપરોક્ત પ્રશ્નાવલિના સાક્ષી બન્યા હતા અને તે ઉપરથી તેમણે જે બે પ્રવચનો આપ્યાં તે પરથી વર્ધા શિક્ષણની ભડક દૂર થઇ અને તેમાં વિશેષ શ્રદ્ધા જામી. શ્રી જુગતરામભાઇનું પણ એ જ કથન હતું કે વર્ધાનું તારતમ્ય જો શિક્ષકની રગેરગમાં અને નસેનસમાં વહેતું હશે અને તેના સમગ્ર જીવનમાં તે ક્રિયાત્મક રીતે ઊતરેલું હશે તો જ તે શિક્ષણનું સાફલ્ય છે.

છેલ્લે દિવસે સાંજે એક હળવો કાર્યક્રમ મધરાત સુધી ચેાજ્યેા. આદેડ વર્ષે પહેાંચેલા શ્રી. રેવાશંકરભાઇ, શ્રી. ભેાગીભાઇ, શ્રી. ગૌરીભાઇ, શ્રી. હરભાઇ ભટ્ટ, શ્રી હેમુભાઇ, શ્રી ભાનુભાઇ ત્રિવેદી વગેરેએ કેાઇ પણ તૈયારી વગર જે સંવાદેા કર્યા તેથી પ્રેક્ષકેાને આહ્લાદ મળ્યેા. શારદા-મંદિરના સંગીતશિક્ષક શ્રી. મણિભાઇ રાવળનાં ભજનેાએ આખુ વાતાવરણ ઉન્નતમાર્ગી બનાવ્યું હતું, અને સેાનગઢવાળા શ્રી. મેાહનભાઇ દરજીનાં ભજનેાએ ગામડામાં પડેલ ભજનિકેાની સાચી પિછાન શહેરીભાઇઓને કરાવી.

પ્રશ્નોત્તરી

(૧) વર્ધા યેાજનાનું સામાન્ય સ્વરૂપ અમને જણાવેા.

ઉત્તર :—વર્ધા યેાજના એ માત્ર કેળવણીની એક સ્કીમ (યેાજના) નથી એ તેા જીવનની ફિલસૂફી છે. વર્ધા–યેાજના એ બાપુની ચૌદ પ્રકારની જે રચનાત્મક પ્રવૃત્તિઓ છે તેનેા કળશ છે. એ આખી કળાની ઇમારત એવી સુસંબદ્ધ ગેાઠવાઇ છે કે તેમાંથી કેાઇ પણ એક ભાગ ઉઠાવીને તમે જુદા ચેાકઠામાં ગેાઠવેા તેા તે ભાગ પેાતે પણ બેડેાળ બને અને પેલું ચેાકઠું પણ બેડેાળ બને. એટલે જ સત્ય અને અહિંસાના પાયા પર જે નવા સમાજનું ચણતર ચણવાનું છે તેની એક પ્રવૃત્તિ તરીકે જ તેનું એક સ્થાન છે. અને એ રીતે તે યેાજના માત્ર એક વર્ષમાં શીખવાની યેાજના નથી પણ જીવનમાં જીવવાની યેાજના છે.

(૨) વર્ધા યેાજના અને મેાન્ટીસેારી પદ્ધતિની સુસંગતિ વિશે આપના વિચારેા જણાવેા.

ઉત્તર :—મેાન્ટીસેારી પદ્ધતિનાં જે તત્ત્વેા છે તે મને અત્યંત આદરપાત્ર લાગે છે. એ પદ્ધતિની શાસ્ત્રીયતા અને બાળક પાસે વિષય ધરવાની શાસ્ત્રીય હથેાટી વર્ધા યેાજના પ્રમાણે હાથઉદ્યેાગેાને ધરવામાં પણ બહુ જ ઉપયેાગી છે. આપણાં બાળકેાને શું શીખવવું અને શું ન શીખવવું, તે શીખવા માટે આપણે બાપુ પાસે જઇએ; પરંતુ જે શીખવવું છે તે કેવી રીતે શીખવવું તે માટે આપણે મૅડમ પાસે જઇએ. મૅડમની દૃષ્ટિ બાળજગતને આવરી લે છે; બાપુની દૃષ્ટિ આખા માનવજગતને આવરી લે છે.

(૩) થેાડા સમય પર અમદાવાદમાં જે મેાન્ટીસેારી વર્ગ ચાલતેા હતેા તે વિશે આપનું શું મન્તવ્ય છે ?

ઉત્તર :—તમે જાણેા છેા કે હુ મૅડમનાં તત્ત્વેાનેા આદર કરું છું એટલું જ નહિ પણ તેમને વધાવું છું. એમની રગેરગમાં બાળપ્રેમ ભર્યો છે. ઉપરાંત તેમની પાસે બાળકને કેળવવાની શાસ્ત્રીય કળા પણ છે. પણ જે ઉચ્ચ કક્ષાએ ઊભાં રહીને મૅડમ બાળકને જુએ છે અને તેને કેળવવાની વાતેા કરે છે, તે કક્ષાએ અથવા તેા તેથી નીચે ઊભા રહીને મૅડમની વાણીને સમજવાની આપણામાં કેટલાની લાયકાત છે ? એ વર્ગમાં દાખલ થયેલાં સૈા ભાઇબેનની આવી લાયકાત હતી ? મને ખબર છે ત્યાં સુધી દાખલ થયેલ ઘણાં તેા માત્ર ડિપ્લેામા ખાતર જ દાખલ થયેલાં હતાં. મૅડમે ખુદ પેાતાનું બાલમંદિર ઇટાલીમાં શરૂ કર્યું તે કેવળ અનાથ બાળકેાની દયાથી પ્રેરાઇને જ. માટે જ કહું છું કે આવાં

ઓછાં અધિકારવાળાં તથા કેવળ ડિપ્લોમા ખાતર દાખલ થયેલાં ભાઇબેનો મૅડમને સમજ્યાં જ નથી. આવાં ભાઇબેનો દેવું કરીને વર્ગની ફી આપી શકયાં છે એમ જ્યારે મેં જાણ્યું ત્યારે મને એમાં નરી ધેલછા સિવાય બીજું કશું જણાતું નથી. વર્ગમાં કોને દાખલ કરવાં કોને ન કરવાં, એ માટે વધારે વિવેક વપરાયો હોત તો વધારે સારું હતું. મને તો એમ પણ લાગે છે કે મૅડમ જેવાં બાળકેળવણીનાં નિષ્ણાતને બારણે રૂપિયા ધરવા પડે તો ધરીએ પણ તે એ માટે કે તેમનું શાસ્ત્રીય જ્ઞાન અને માનસશાસ્ત્રની દૃષ્ટિ તે આપણાં ગરીબ બાળકો પર લગાડે, અને એ બાળકોની કેળવણીની કૂંચી આપણા ખોળામાં નાખે. આપણા દેશનાં બાળકોનો પ્રશ્ન આપણા દેશની નવરચનાના પ્રશ્નથી છૂટો પાડીને કેવી રીતે ઉકેલવાનાં છીએ ? માટે જ તેનો ઉકેલ ડૉ. મોન્ટીસોરી આપણા દેશમાં વસી આપણામાંનાં એક થઇને આપી શકે.

(૪) મોન્ટીસોરી પદ્ધતિ આપણા દેશની કેળવણીમાં દાખલ કરવા વિષે આપ શું કહો છો ?

ઉત્તર :—હું તો એ પદ્ધતિને આપણા જીવનનો જે સનાતન ગજ બાપુએ આપણને આપ્યો છે તેથી માપું. જો મૅડમની પદ્ધતિમાં મને સત્ય અને અહિંસા દેખાય તો હું એને સોએ સો ટકા સ્વીકારું. એમ હશે ત્યારે તો અહિંસા, સત્ય, અસ્તેય આદિ બધા ય ગુણો મોન્ટીસોરી શિક્ષકના આદ્યગુણો ગણાશે. બાળ-કેળવણીની પદ્ધતિ ગમે તે હોય; એ આપણા દેશની હો કે પરદેશી હો પણ હું તેને અહિંસા અને સત્યની એરણ પર મૂકું અને જો ફટકિયાં મોતીની માફક તે તૂટી જાય તો તેને શી રીતે સ્વીકારું ? માટે જ કહું છું કે આપણો આદર્શ વર્ધા પ્રમાણે રાખીએ અને તેની સાથે મૅડમનાં સાધનો વગેરેનો થાય તેટલો મેળ રાખવા પ્રયત્ન કરીએ. પણ એ સાધનો ઉપરનું મૅડમનું સ્વામીત્વ મને કોઇ રીતે બંધ બેસતું ન લાગે. મૅડમ પોતાની પદ્ધતિની શુદ્ધિ જાળવી રાખવા માટે જે centralisation (એકહથ્થુ દોર) રાખવા માગે છે તે મને પોતાને તો એમના કેળવણીના સિદ્ધાંતોની વિરુદ્ધ જ લાગે છે,

(૫) વર્ધા યોજનામાં જે ઉદ્યોગો પ્રધાન સ્થાને છે તેવું જ સ્થાન ગૃહકાર્યોને આપી કન્યા કેળવણી માટે વર્ધા યોજના થઇ શકે કે નહિ ?

જરૂર, થઇ શકે. આ સંબંધે વર્ધાના યોજકો સાથે કેટલાક વિચારકોએ વિચાર-વિનિમય કર્યો છે. વળી કસ્તુરબા સ્મારક અંગે થનાર કાર્યમાં પણ આ વિચારણા પ્રધાન-સ્થાને છે. રસોઇ, સીવણ, વગેરે ગૃહકાર્યોને વર્ધા યોજનામાં બતાવેલ ઉદ્યોગો જેવું સ્થાન અને મહત્ત્વ આપી કેળવણી આપી શકાય.

નોંધ : વજુભાઇ દવે.

[અપૂર્ણ]

પાટણ બાલશિક્ષણ સંમેલન

ઉત્તર ગુજરાતનાં બાલશિક્ષણમાં રસ ધરાવતાં ભાઇબહેનો અને બાલમંદિરના શિક્ષકોનું એક સંમેલન તા. ૩૦ મી જુન અને ૧ લી જુલાઇના દિવસોમાં પાટણના કિલ્લોલ બાલમંદિરમાં બોલાવવામાં આવ્યું હતું. સમેલનનું પ્રમુખસ્થાન નૂતન બાલશિક્ષણ સંઘનાં મંત્રી શ્રી તારાબેન મોડકે લીધું હતું. આ પ્રસંગે ઉત્તર ગુજરાતનાં બાલમંદિરોના શિક્ષકો તથા તે ઉપરાંત મુંબઇથી શ્રી. મોંઘીબેન બધેકા, શ્રી. સરલાતાઇ દેવધર, મધ્ય ગુજરાત શાખાના પ્રમુખ શ્રી. હરિવલ્લભદાસ શાહ, ભાષામંત્રી શ્રી. કમળાશંકર પંડિત, પ્રજામંડળના મંત્રી શ્રી. ચીમનલાલ દેસાઇ, મહેમાણા પ્રાન્તના કાર્યકર્તા શ્રી. છોટુભાઇ પંડિત, વઢવાણના યુવાન કાર્યકર શ્રી. હીરાલાલ ત્રિવેદી તથા બીજાં ઘણાં ભાઇબહેનો હાજર હતાં.

બાલશિક્ષણના પ્રશ્નોની ખૂબ જ બારીકાઇથી ચર્ચા કર્યા બાદ સર્વાનુમતે નૂતન બાલશિક્ષણ સંઘની ઉત્તર ગુજરાત વિભાગની શાખાની સ્થાપના કરવામાં આવી હતી, તથા તેના કાર્યવાહક મંડળની નીચે પ્રમાણે સર્વાનુમતે ચૂંટણી કરવામાં આવી હતી.

પ્રમુખ: ડૉ સેવંતીલાલ પાટણ

મંત્રીઓ: શ્રી. પુનમચંદ શાહ આચાર્ય, કિલ્લોલ બાલમંદિર, પાટણ

શ્રી. ઇશ્વરભાઇ આચાર્ય, બાલમંદિર, વીસનગર

સભ્યો: શ્રી નટુભાઇ રાવળ આચાર્ય, બાલમંદિર પાટણ

શ્રી. ઉમિયાશંકર જોષી, આચાર્ય, બાલમંદિર, પાલનપુર

શ્રી. મનુભાઇ દવે, આચાર્ય, બાલમંદિર, દહેગામ

શ્રી. કાન્તિલાલ રાવળ, આચાર્ય, બાલમંદિર, ઉંઝા

શ્રી. મણિબેન પરીખ સ. ગુ, કન્યાશાળા, વિજાપુર

શ્રી હીરાબેન ચૌધરી, સ. ગુ. કન્યાશાળા, વીસનગર

સમેલનપ્રસંગે વૈજ્ઞાનિક દૃષ્ટિએ માબાપો તથા શિક્ષકોને માર્ગદર્શક બને એવું એક સુંદર પ્રદર્શન પણ ભરવામાં આવ્યું હતુ.

એ જ દિવસોમાં કિલ્લોલ બાલમંદિરનો વાર્ષિકોત્સવ શ્રી. તારાબેન મોડકના પ્રમુખસ્થાને ઊજવવામાં આવ્યો હતો. સંમેલન તેમ જ વાર્ષિકોત્સવના પ્રમુખસ્થાનેથી શ્રી તારાબેને બાળકો, માબાપો અને બાલશિક્ષણના વિષયને સ્પર્શતાં મનનીય અને બોધદાયક પ્રવચનો કર્યાં હતાં. આ ઉપરાંત ગુજરાતી ભાષામંત્રી શ્રી. કમળાશંકર પંડિતે પણ નૂતન બાલશિક્ષણ સંઘનો ઉદ્દેશ, વિકાસ અને અભિલાષાઓ સુંદર રીતે રજૂ કર્યાં હતાં. આ સિવાય અન્ય શિક્ષકો અને વકતાઓનાં પ્રાસંગિક પ્રવચનો થયાં હતાં.

શ્રી મોંઘીબેન બધેકાનાં લોકગીતો લોકોએ રસપૂર્વક સાંભળ્યાં હતાં. અને શ્રી. સરલાતાઇ દેવધરના મધુર સંગીતે તો લોકોને મુગ્ધ જ કરી નાખ્યા હતા. તેમના "તેરે ચરખેકી આવાજ મૈને ઝોંપડીમાં સુની" ના સૂરો હજુએ લોકોના મોઢે સંભળાય છે.

આ સંમેલન પ્રસંગે શ્રી. ઇશ્વરભાઇ આચાર્ય તથા સ્વ. ગિજુભાઇ પાસેથી પ્રેરણા પામેલા બીજા બાલશિક્ષકો વર્ષો થયાં મહેસાણા પ્રાન્તમાં 'નૂતન બાલશિક્ષણ સંસ્થા' નામની સંસ્થા ચલાવે છે તેની નોંધ લેવામાં આવી, અને શ્રી ઇશ્વરભાઇ આચાર્ય તરફથી નૂતન બાલશિક્ષણ સંઘના કાર્યમાં એ સંસ્થા તથા તેના કાર્યકર્તાઓનો સક્રિય સાથ મળશે એવી ખાત્રી આપવામાં આવી હતી.

આ પ્રસંગે કિલ્લોલ બાલમંદિરનાં બાળકો તથા શુભચિંતકો તરફથી એક સુંદર મનોરંજનનો કાર્યક્રમ શ્રીકૃષ્ણ સિનેમામાં ભજવામાં આવ્યો હતો. સમેલનનો તમામ ખર્ચ કિલ્લોલ બાલમંદિરના સંચાલકો તરફથી આપવામાં આવ્યો હતો.

સ્વ. ગિજુભાઈ પુણ્યતિથિની ઉજવણી

મુંબઈ શાખાએ ઊજવેલી સંવત્સરી

તા. ૨૩ મી જૂનના રોજ સ્વ. ગિજુભાઇ પુણ્યતિથિ નિમિત્તની મુખ્ય સભા સાંજે સાડા પાંચ વાગે ગ્લેવેટ્કંસી લૉજમાં શ્રી. વૈકુંઠભાઇ મહેતાના પ્રમુખપણા નીચે મળી હતી. પ્રમુખશ્રી તથા અન્ય વક્તાઓએ સ્વ. ગિજુભાઇના જીવન અને કાર્ય વિષે વિવેચનો કર્યાં હતાં; તથા બાલમંદિરોના શિક્ષકોએ સ્વ. ગિજુભાઇની કૃતિઓ ભજવી બતાવી સહુનું મનરંજન કર્યું હતું.

મુંબઇ શાખા તરફથી ચાલતાં બાલક્રીડાંગણો વિષે માહિતી આપવામાં આવી હતી.

પુણ્યતિથિ અંગે એક આખું સપ્તાહ (તા. ૨૩ મીથી ૩૦ મી જુન) એકંદર ચૌદ બાલમંદિરોમાં પોતપોતાને ત્યાં સભાઓ, નાટકો વગેરે દ્વારા ઊજવ્યું હતું.

સપ્તાહના છેલ્લા દિવસે એટલે તા. ૩૦મી જુને સવારે રોકસી થિયેટરમાં સવારના ૯–૩૦ વાગે સંધમાન્ય બાલમંદિરોનાં બાળકોને શૈક્ષણિક ચિત્રપટ બતાવવામાં આવ્યું હતું. લગભગ ૪૦૦ જેટલાં બાળકોએ તેમાં હાજરી આપી હતી.

સંવત્સરીની ઉજવણીમાં મદદ કરનાર ભાઇબહેનોનો મુંબઇશાખા તરફથી અહીં આભાર માનવામાં આવે છે.

ભાવનગરમાં ગિજુભાઈ પુણ્યતિથિ

ભાવનગરખાતે સ્વર્ગસ્થની પુણ્યતિથિ અંગે નીચે મુજબનો કાર્યક્રમ તા. ૨૩ તથા ૨૪ બે દિવસ માટે યોજાયો હતો.

શનિવાર તા. ૨૩ મીના રોજ સવારમાં આઠ વાગે શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરમાં એક સમૂહપ્રાર્થના તથા શ્રી. હરજીવનદાસ કા. મહેતાનું પ્રવચન રાખવામાં આવ્યું હતું. તે પછી સાડા નવ વાગે એ જ બાલમંદિરમાં બાળકોનો આનંદ–મેળો રખાયો હતો. રાતના સાડા નવ વાગે હરિજનવાસમાં સભા યોજાઇ હતી. ત્યાં હરિજનોને બાળકોની સંભાળ કેમ લેવાય તે વિષે વાતો કહેવામાં આવ્યા પછી હરિજન બાળકોને માટે નાસ્તાનો પ્રબંધ ગોઠવાયો હતો.

રવિવાર તા. ૨૪ મીના રોજ સાંજના ૭–૩૦ વાગે કરચલિયા પરામાં મજૂર બાલમંદિરની પૂર્વતૈયારી રૂપે એક નાનકડા મકાનના પાયાનું બાત મુહૂર્ત શ્રી હરજીવનદાસ મહેતાને હસ્તે કરવાનું યોજાયું હતું. અને એ રીતે 'બાળકોના બેલી'ની પુણ્યતિથિને દહાડે ભાવનગરમાં જ બીજા મજૂર બાલમંદિરનો શુભ વિચાર થયો હતો. તે જ દિવસે રાત્રે ૯–૩૦ વાગે વડવા મજૂર બાલમંદિરમાં માબાપોની એક સભા ગોઠવાઇ હતી, જેમાં માબાપોને માટે ટૂંકાં વ્યાખ્યાનો અને ભજનોનો કાર્યક્રમ રખાયો હતો.

અમદાવાદનાં બાલમંદિરોની ભવ્ય ઉજવણી

અમદાવાદમાં બધાં બાલમંદિરો તરફથી એક સમૂહગત કાર્યક્રમની વિચારણા થઇ હતી અને એ મુજબ સ્વર્ગસ્થની પુણ્યતિથિનો સમારંભ તા. ૨૩ તથા ૨૪ જૂન એમ બે દિવસ કરવાનું નક્કી થયું હતું.

તા. ૨૩મી શનિવારે સવારના ચોવીસ બાલમંદિરોનાં લગભગ પોણા બે હજાર બાળકોનું જબરું સંમેલન વિકટોરિયા ગાર્ડનમાં ગોઠવ્યું હતું. તેમાં જાણીતા બાલકવિ શ્રી. બાલુભાઇ ભટ્ટ તથા શ્રી. શાંતિકુમાર પંડ્યા વગેરેએ બાળગીતો ગાઇ સંભળાવ્યાં હતાં.

તે જ દિવસે સાંજના સાતથી રવિવારે સવાર

સુધી પ્રીતમનગર બાલમંદિરમાં બાલમંદિરનાં શિક્ષક-ભાઇબહેનોનું મિલન હતું. તેમાં નિર્દોષ ભાવે વિચારોની આપલે તેમ જ બાલમંદિરના અનેક શિક્ષણ પ્રશ્નોની ચર્ચા શરૂમાં થયા બાદ શ્રી. હમીરભાઇએ પોતાના નૃત્યપ્રયોગોથી સહુને ખૂબ આનંદ આપ્યો હતો.

તા. ૨૪ મીએ રવિવારે સાંજે ૬-૩૦ વાગે ડૉ. હરિપ્રસાદના પ્રમુખપદે હંસરાજ પ્રાગજી હૉલમાં એક સભા ગોઠવાઇ હતી, તેમાં વાલીઓ અને શિક્ષણપ્રેમીઓની સારી એવી હાજરી હતી. લોકગીતોના કાર્યક્રમ બાદ શ્રી હરભાઇ ત્રિવેદીનું નૂતન કેળવણી અંગે મનનીય વ્યાખ્યાન થયું. શ્રી. રેવાશંકર મહેતાએ સ્વર્ગસ્થનો પરિચય આપ્યો હતો, ઉપરાંત શ્રી. જટુભાઇ તથા શ્રી. વજુભાઇ દવે વગેરે વક્તાઓએ સ્વર્ગસ્થના કાર્યનું વ્યાન રજૂ કર્યું હતું. તે પછી પ્રમુખશ્રીનું માર્ગદર્શી બને એવું સુંદર વ્યાખ્યાન થયું. તેમણે પોતાની રસભરી શૈલીથી નૂતન કેળવણીની ખૂબીઓ અને ખામીઓ દર્શાવી શ્રોતાઓને રસમુગ્ધ કર્યા હતા. આભારદર્શન અને વંદેમાતરમ્ બાદ સભા વિસર્જન થઇ હતી.

વડોદરામાં સ્વર્ગસ્થની પુણ્યતિથિ

આ પુણ્યતિથિ મહોત્સવ અંગે તા. ૨૩ મી શનિવારે ૯-૩૦ કલાકે વિઠ્ઠલ ક્રીડામંદિરમાં શ્રીમતી અ. સૌ. સુલોચનાદેવી કૃષ્ણદાસ શેઠના પ્રમુખપદે વડોદરા શહેરનાં બાલમંદિરોનાં લગભગ ૮૦૦ બાળકોનું શિશુસંમેલન મળ્યું હતું. દરેક બાલમંદિર તરફથી ગીત, નૃત્ય, ડ્રીલ, વગેરે વિવિધ કાર્યક્રમ રજૂ થયા હતા. શ્રી. શંકરભાઇ શાહે શ્રી ગિજુભાઇનું જીવનદર્શન કરાવ્યું હતું, તથા પ્રો. માણેકરાવજીએ આશીર્વચનથી શિશુસંમેલન નવાજ્યું હતું.

શ્રીમતી સુલોચનાદેવી શેઠે ભાવવાહી શબ્દોમાં બાળકોને સંબોધતાં જણાવ્યું હતું કે, "સ્વ૦ ગિજુભાઇની આ પુણ્યતિથિ પ્રસંગે તમને સૌને આટલી મોટી સંખ્યામાં મળતાં મને ખૂબ જ આનંદ થાય છે. આજનો આનંદ ગિજુભાઇને આભારી છે. બાલસન્માન આપણને એમણે જ શીખવ્યું છે. એમણે જ અમને માબાપોને બાળકોમાં રસ લેતાં કર્યાં છે. માર માર્યા વગર કે ધમકાવ્યા-ડરાવ્યા વગર તમે હોંશે હોંશે શીખતાં આગળ વધ્યે જ જાવ એવી આપણા દેશને અનુકૂળ-શિક્ષણપદ્ધતિ, શાળાઓ અને શિક્ષકો તૈયાર કરી ગિજુભાઇ તમારા માટે મૂકતા ગયા છે. તમારા મિત્રો જેવા મોન્ટીસોરી શિક્ષકો પાસે રમતારમતાં ઉત્સાહ અને —આનંદથી શીખવાનું એ શોધી ગયા છે. તેથી જ એ પ્રેરણામૂર્તિ સ્વ૦ ગિજુભાઇને યાદ કરવા આપણે આજે એકઠાં થયાં છીએ આજે આપણે એ સદ્‌ગતને આપણા અંતરની શ્રદ્ધાંજલિ સમર્પીએ. શહેરના સર્વ લત્તાઓનાં જુદાં જુદાં બાલમંદિરોમાંથી તમે બધાં આવ્યાં છો. જે બાળકોએ અત્રે પોતાના શિક્ષણપ્રયોગો બતાવ્યા છે, તેમને અને તેમના શિક્ષકોને મારાં અભિનંદન છે. આપણા વડોદરાના ગૌરવસમા મુરબ્બી માણેકરાવ દાદાના આ સુભગ સ્થળે આજનું આ બાલસંમેલન મળે એ સુંદર સુયોગ છે.

"તમે સર્વ સચ્ચારિત્ર્યશીલ નાગરિકો બની દેશને દિપાવો એ મારી માતૃહૃદયની સર્વોચ્ચ અભિલાષા છે.'

તે જ દિવસે સાંજે ૭-૦ કલાકે શિશુભારતીમાં શહેરીઓની એક જાહેર સભા જનાબ રસુલખાન પઠાણના પ્રમુખપદે શ્રી. કાનુનગોસાહેબ વગેરે સારા નાગરિકોની હાજરી વચ્ચે મળી હતી. તેમાં બાળકોની પ્રાર્થના

પછી શ્રી. ગિજુભાઇના અન્તેવાસી શ્રી. શંકરભાઇ શાહે સ્વર્ગસ્થનું જીવનધ્યાન સુંદર રીતે આપ્યું હતું. તે પછી નડિયાદના બાલકવિ શ્રી મૂળજીભાઇ ભગતે સુંદર બાલગીતો ગાઇ મનરંજન કર્યું હતું. બાદ પ્રમુખશ્રીએ મનનીય વ્યાખ્યાન આપ્યું હતું અને સમાજમાં શિક્ષકનો દરજ્જો ઊંચો આણવા સમર્થન કર્યું હતું. આભારદર્શન બાદ સભા 'વંદેમાતરમ્' નું ગીત ગાઇ વિસર્જન થઇ હતી.

ખંભાતમાં પુણ્યતિથિ

ખંભાતમાં સ્વર્ગસ્થની પુણ્યતિથિ અંગે તા. ૧૬ થી તા. ૨૩ જુન સુધીના સપ્તાહ દરમિયાન બાલમંદિરના શિક્ષકોએ જુદા જુદા લત્તાઓમાં બાળવાર્તાઓ અને લોકગીતો ઉપરાંત સ્વર્ગસ્થના જીવનપ્રસંગો સંભળાવ્યા હતા. લોકોનો ઉત્સાહ સારો જણાતો હતો. તા. ૨૨-૬-૪૫ ના રોજ શહેરનાં બધાં બાળકોનું એક શિશુ-સંમેલન યોજ્યું હતું જેમાં બધી શાળાઓ અને શિક્ષકોને હાજર રહેવા રાજ તરફથી સુંદર અનુકૂળતા અપાઇ હતી. બાળકોના આ કાર્યક્રમ અંગે નામદાર દિવાનસાહેબનો સારો સહકાર મળ્યો હતો. શિશુસંમેલનમાં આશરે ૨૫૦૦ બાળકો એકઠાં થયાં હતાં. સભાનું પ્રમુખસ્થાન ત્યાંની મ્યુનિસિપાલિટીના પ્રમુખ શ્રી. [illegible]નાદાસ મોતીલાલ પટેલે લીધું હતું; વડોદર [illegible]. ટી. કૉલેજના અધ્યાપક શ્રી. રમણલાલ દલાલે સ્વર્ગસ્થ ગિજુભાઇના જીવનકાર્યનો સારો ખ્યાલ આપ્યો હતો. હાજર રહેલાં બધાં બાળકોને કેરીઓ વહેંચવામાં આવી હતી

બીજે દિવસે તા. ૨૩ મીએ સરકારી મુખ્ય સ્કૂલના મકાનમાં શહેરના તમામ શિક્ષકોનું સંમેલન યોજાયું હતું જેમાં કેળવણી ખાતાના અધિકારી શ્રી. નાગોરી સાહેબ પ્રમુખસ્થાને હતા. સભામાં પ્રો. દલાલ તથા પ્રમુખશ્રીનાં મનનીય વ્યાખ્યાનો થયાં હતાં.

વીસનગરમાં પુણ્યતિથિ

સ્વ. ગિજુભાઇ બધેકાની છઠ્ઠી સંવત્સરી નિમિત્તે નૂતન બાલશિક્ષણ સંસ્થા તરફથી એક બાલોત્સવનો કાર્યક્રમ તા. ૨૩ મીએ થયો હતો.

શ્રી. સોમપ્રસાદ વ્યાસની કાવ્યકૃતિએ સૌને આનંદ આપ્યો હતો. શ્રી. સાકળચંદ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. શ્રી. જેઠાલાલ પીતામ્બરદાસ અને ઇશ્વરાચાર્યના આભાર-વચન બાદ કાર્યક્રમ પૂરો થયો હતો.

પાલણપુરમાં ઉજવણી

પાલનપુરમાં બાલમંદિરમાં તા. ૨૩ મીએ સ્વ. ગિજુભાઇ સંવત્સરી ઊજવવામાં આવી હતી. બાલમંદિર આસોપાલવ તથા ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. સ્વ. ગિજુભાઇના ફોટાને ફૂલોથી શણગારવામાં આવ્યો હતો. પ્રાર્થના, બાલગીતો વગેરેથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. સંગીતનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. સહભોજન અંતે સૌ ચંપા તથા મોગરાનાં ફૂલો સાથે વિખરાયા હતા.

નવા આજીવન સભ્ય.

(ઘ વર્ગમાં જોડાયાં)

શ્રી મણિબેન કાપડિયા દાહદ

નવાં જોડાયેલાં બાલમંદિરો

(૧) કમળાલક્ષ્મી બાલવાડી ખંભાત

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે એમણે
આત્મારામ પ્રિં. પ્રેસ, બારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. તા. ૨૮-૭-૪૫

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

卐

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

卐

આજ કાલની ચમત્કારિકશિક્ષણ પદ્ધતિને લીધે જીવનના બે ભાગ થઈ જાય છે. શરૂઆતના ૧૫ થી ૨૦ વર્ષ માત્ર ભણવું અને પછીથી માત્ર જીવવું. પહેલો સમય પૂરેપૂરી બેજવાબદારીનો, બીજો પૂરેપૂરી જવાબદારીનો. આ રીત સ્પષ્ટ રીતે જ કુદરત વિરુદ્ધ છે. સંપૂર્ણ બેજવાબદારીમાંથી જવાબદારી તરફ એકદમ કૂદકો મારવો, એ હનુમાનકૂદકો જ થયો ને !

–વિનોબા ભાવે

વર્ષ ૨૦ : : કાર્યાલય : : અંક ૮

૨૦૦૧ રાવપુરા : વડોદરા શ્રાવણ

બાલશિક્ષણ અને હાથકામ

માણસની જિંદગીમાં હાથનું મહત્ત્વ ખૂબ જ છે. બીજાં પ્રાણીઓ કરતાં માણસમાં બુદ્ધિ વધારે છે. પણ એ બુદ્ધિ માણસે હાથ મારફત વાપરી છે. આજે માણસે બુદ્ધિ વડે કરેલાં અનેક કામ જોઈને આપણે આશ્ચર્યચકિત થઈએ છીએ, પણ આપણે ભૂલી જઈએ છીએ કે એ બધાં કામ હાથ વડે થયેલાં છે.

માણસે ખેતીની સુધારણા કરી એ પોતાના હાથ વડે. માણસે પોતાના શરીર ઉપર પહેરવાના કાપડ અને કપડાંની અંદર સુધારો કર્યો તે હાથ વડે. માણસે પોતાને રહેવા માટે સુંદર મકાનો બાંધ્યાં તે પણ હાથ વડે જ. માણસે અનેક જાતનાં યંત્રો શોધ્યાં તોપણ એ યંત્રો હાથ વડે જ ચલાવવાં પડે છે. માણસે કલા-કૌશલ્યનો અદ્‌ભુત વિકાસ કર્યો તે પણ હાથ વડે જ. સંગીતકલા જે ખરી રીતે તો ગળામાંથી નીકળનારા અવાજની કલા છે, તે પણ માણસે હાથની મદદ વડે જુદાં જુદાં વાદ્યોમાં સુંદર રીતે ઉતારી છે. આપણી વીણા જેવા સંપૂર્ણ વાદ્યની શોધ એ પણ હાથકૌશલ્યની જ પરાકાષ્ટા છે.

આ બધાનો સારાંશ એ છે કે માણસનો બુદ્ધિવિકાસ એના હાથકૌશલ્યમાં જ દેખાઈ આવે છે. એટલું જ નહિ પણ માણસનો હાથ એ જ એના બુદ્ધિવિકાસનું સાચું સાધન છે. નાનું બાળક પોતાની જ્ઞાનેન્દ્રિયો વડે જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરે છે ખરું. પરંતુ તે હાથની હિલચાલ વડે દરેક અનુભવ ચકાસી જુએ છે. હાથ વડે જ એ દરેક વસ્તુ મોઢામાં મૂકી જુવે છે, હાથ વડે જ એ એક વસ્તુ ઉપર બીજી વસ્તુ પછાડીને અથવા તો એકાદ વસ્તુ ખખડાવીને એનો અવાજ સાંભળે છે. કોઈ પણ વસ્તુનો આકાર એ ચારે બાજુએ હાથ ફેરવીને જાણવાનો પ્રયત્ન કરે છે. કોઈ પણ વસ્તુનો રંગ જોવો હોય તોપણ બાળક પહેલાં એ વસ્તુને હાથમાં ઊંચકે છે અને પછી એનો રંગ બરાબર રીતે જુએ છે. આનો અર્થ એ થયો કે બાળકના દરેક કામની અંદર બાળકનો હાથ એ જ એનો એક આજ્ઞાધીન અને તત્પર નોકર હોય છે અને એને બધી રીતે મદદ કરે છે.

આ સિવાય બાળકો હાથ વડે અનેક કામો કરવા માટે તૈયાર જ હોય છે. સ્નાયુઓની હિલચાલમાં વધારેમાં વધારે સૂક્ષ્મ અને કૌશલ્ય ભરેલી હિલચાલ હાથની જ હોય છે. આથી કરીને બાળકો પોતાના હાથ એકસરખા વાપર્યા જ કરે છે.

આ પ્રમાણે બાળકોનાં હાથ એ એમના બુદ્ધિવિકાસનું સાધન કહી શકાય. અર્થાત્ હાથની જુદી જુદી ક્રિયાઓ મારફત બાળકો પોતાની બુદ્ધિનો વિકાસ સાધતાં હોય છે.

બાળકોને પોતાનાથી બની શકે તેટલું જલદીથી સ્વાવલંબી થવું હોય છે એમ દેખાય છે; અને મોટેરાંની ફરજ છે કે તેમણે બાળકો પોતાને લગતું બધું જ કામ પોતાની મેળાએ કરી શકે તે માટે બધી જ સગવડો કરી આપવી જોઈએ. શરૂઆતમાં એ બધાં કામ બાળકોને સારી રીતે કરતાં નહિ આવડે એ વાત સાચી છે. બાળકો પોતાની મેળાએ ખાવા માંડશે તો એમનાથી ખાવાનું જરૂર વેરાવાનું. હાથ ધોવા માંડશે તો એમને હાથ બરાબર ધોતાં નહિ

આવડે એ પણ સારું. વસ્તુઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જતાં પડવાની પણ બરી. પોતાનાં કપડાં પોતાની મેળાએ પહેરવા, કાઢવા માંડે તો એ એમને બરાબર નહિ આવડે એ પણ સારું. પરંતુ આ બધી વસ્તુઓ કેવી રીતે કરવી એ જો આપણે એમને યોગ્ય ઉંમરે બરાબર રીતે બતાવીએ અને પછીથી એમને પોતાની મેળાએ વારંવાર કરવા દઇને સિદ્ધ કરવા દઇએ તો બાળકો ઘણાં જ જલ્દીથી એટલે કે અઢીત્રણ વર્ષની ઉંમરે સ્વાવલંબી થઇ જાય છે. અને આ સાધના એમના ચારિત્ર્યના ઘડતરમાં બૂબ જ મહત્ત્વની છે.

આ માટે જગપ્રસિદ્ધ શિક્ષણશાસ્ત્રી ડૉ. મોન્ટીસોરીએ નાનાં બાળકોની કેળવણીની અંદર આ બધાં કામ રાખેલાં છે. તેઓએ અઢી વર્ષની ઉંમરે બાળકની કેળવણીની શરૂઆત કરતાં જ બાળકના જીવનને સ્પર્શતાં બધાં જ કામ (Practical Exercises) બાળકોએ કેવી રીતે કરવાં તે બાળકોને બતાવવાનું, અને એ બધાં કામ બાળકોને પોતાની મેળાએ સરસ રીતે કરતાં શીખવવાનું રાખેલું છે. એમનો શરૂઆતનો અભ્યાસક્રમ આ જાતનો છે. પૂંજો કાઢવો, લૂછવું, પીરસવું, વાસણ માંજવાં, ધોવું, બાગની અંદર કામ કરવું—એટલે કે બાગની અંદર ખોદવું, બરપડીથી ઘાસ કાઢવું, પાણી પાવું, વગેરે, રસોડાની અંદરનાં કામો, એટલે કે દળવું, બાંડવું, ચાળવું, વીણવું, શાક સમારવું, વગેરે—આવાં અનેક જાતનાં કામ બાળકો સમક્ષ રજૂ કરવાં અને એ બધાં સફાઇથી સરસ રીતે કેવી રીતે કરી શકાય તે મોટેરાંએ બતાવીને બાળકોને પોતાની મેળાએ કરવાં દેવાં—એટલે કે બાળકોને પોતાની મેળાએ વારંવાર કરવા દઇને એમને શીખી લેવા દેવાં.—આ બધું એમના બાલશિક્ષણનો એક ભાગ છે. આ બધાં કામોની અંદર બરી રીતે તો હાથનો જુદી જુદી રીતે ઉપયોગ કરવો એ જ શિક્ષણનો વિષય છે.

આપણા પ્રાથમિક શિક્ષણની ઉંમર પાંચ વર્ષ પછીની છે. તોપણ મને લાગે છે કે તે ઉંમરે પણ આ જીવનનાં કામોનું (Practical Exercises) શિક્ષણ શાળાની અંદર અવશ્ય દાખલ કરવું જોઇએ. કારણ કે ઘણાં બરાં બાળકોની અંદર આ જાતનું હાથકૌશલ્ય હોતું નથી. આને પરિણામે આપણે મોટેરાં જ્યારે મોટપણે કોઇ પણ કામ કરીએ છીએ ત્યારે આપણામાંના ઘણાબરાના કામમાં કંઇ ઢંગધડો હોતો નથી. ઉપરાંત સ્વાવલંબનની અંદર જે અભિમાન હોય છે તેની આપણને માહિતી હોતી નથી અને પરાવલંબનમાં જે લાજ અથવા શરમ લાગવી જોઇએ તે આપણી અંદર મરી ગયેલી હોય છે. ઊલટમાં આપણે તો એકાદ દિવસ નોકર ન આવ્યો હોય તો આપણી કેટલી દુર્દશા થાય છે તે કહેતાં બરી રીતે આપણને શરમ આવવી જોઇએ તેને બદલે આપણે એનો ગર્વપૂર્વક ઉલ્લેખ કરીએ છીએ આપણને આપણું પોતાનું કંઇ જ કામ કરતાં આવડતું નથી. એની અંદર આપણે મોટાઇ, પ્રતિષ્ઠા શિષ્ટપણું અને બાનદાની સમજીએ છીએ એ આપણાં બાળકોના કુમળા મગજમાં પણ એવા બોટા બ્યાલો ઘુસાડીએ છીએ. આ પરિસ્થિતમાં આપણે આપણાં ઘરોમાં અને આપણી શાળાઓમાં જેમ બને તેમ જલદીથી સુધારો કરવો જોઇએ.

આપણે ઉપર જોઇ ગયા કે જ્ઞાનેંદ્રિયોના વિકાસની અંદર જ બાળકો અનેક રીતે હાથની મદદ લે છે. આને માટે મેડમ મોન્ટીસોરીનાં

ઇન્દ્રિય વિકાસનાં સાધનો જેવા જેવાં છે. પોતાના જ પ્રયત્નથી, પોતાના જ હાથે, સાધનો વાપરીને જુદી જુદી ઇંદ્રિયોનું સૂક્ષ્મ જ્ઞાન બાળકો કેવી રીતે લઇ શકે છે એ ખરેખર એક અજબ શોધ છે.

પ્રાથમિક શાળાની અંદર આ સાધનોનો બહુ ઉપયોગ થઇ શકે એમ નથી કેમકે એની અંદર એ સાધનોના ઉપયોગ માટેની ઉમર વટાવી ગયેલાં મોટાં બાળકો આવે છે.

પરંતુ પ્રાથમિક શાળાની અંદર જે શિક્ષણ શરૂ થાય, તેની અંદર હાથની ક્રિયા અને હલન ચલનનો સમાવેશ કરવો જોઈએ. આપણી શાળાની અંદર બાળકોને નિષ્ક્રિય પણે બેસી રહેવાનું શિક્ષણ મળે છે. આંખ અને કાનનો ઉપયોગ-વધારેમાં વધારે અને હાથ અને પગનો સમૂળગો ઉપયોગ નહિ એ પ્રથા બાળકોના બુદ્ધિ વિકાસની અને શરીર વિકાસની ખૂબ જ ઘાતક છે. લેખન, વાંચન, અને ગણિત, જેવા વિષયોના શિક્ષણની અંદર પણ હાથ પગનો ઉપયોગ થાય એવી જાતનું ક્રિયાત્મક શિક્ષણ હોવાની આવશ્યકતા છે.

શિક્ષણમાં હાથનો ઉપયોગ કરવો જોઇએ એમ માનીને છોકરાંની શાળામાં થોડોક હાથઉદ્યોગ દાખલ કરવામાં આવે છે. પરંતુ એ મુખ્ય વિષય નહિ હોવાથી માત્ર નામ પૂરતો શિખવાય છે. પરંતુ મુખ્ય મહત્વના બુદ્ધિવિકાસના અને જ્ઞાનપ્રાપ્તિના જે વિષયો ગણવામાં આવે છે, તેની અંદર હાથનો ઉપયોગ કરી શિક્ષણ ક્રિયાત્મક કરવાની હજી સુધી કોઇપણ શિક્ષણ શાસ્ત્રીને દેખાઇ નથી એ ખૂબ આશ્ચર્યનો વાત છે.

હાલમાં હાથઉદ્યોગ અથવા હાથકામના શિક્ષણની માત્ર મશ્કરી જ કરવામાં આવતી હોય છે. સામાન્ય શાળાઓની અંદર તો હાથકામને બાજુએ મૂકીને બાળકોને સીધેસીધાં પાઠય પુસ્તકો ભણાવી દેવાં અને લખવા માટે જેટલો હાથ વાપરવો પડે તેટલો વાપરવા દેવો એટલી જ ફરજ માનવામાં આવતી હોય છે.

શિક્ષકોની દૃષ્ટિ ડેપ્યુટીઓ તરફ હોય છે. જે ડેપ્યુટીઓ માત્ર પુસ્તકોની જ પરીક્ષા લઇને એના ઊપરથી જ શાળાની સારી અથવા ખરાબ નોંધ કરવાના હોય તો પછી શિક્ષકો એ જ તરફ ધ્યાન આપવાના. ડેપ્યુટીઓ અભ્યાસક્રમ તરફ જુવે છે. કારણ કે અત્યાર સુધી એમની સમજણ એવી જાતની છે કે પ્રાથમિક શાળામાં લેખન, વાચન, અને ગણિત-બરાબર થયાં એટલે બસ પૂરું થયું. ઊપરાંત નાના સરખા ઘરની અંદર છોકરાંને બેસાડી પ્રાથમિક શિક્ષણ ચલાવવાનું હોય છે કેમકે ઘણી ખરી પ્રાથમિક શાળાઓને પોતાનું મકાન નથી હોતું એટલે ગમે તેવા મકાનમાં નિશાળ ચલાવવી પડે છે. ઉપરાંત પ્રાથમિક શાળાઓને પોતાનું મકાન હોય પણ કેવી રીતે ? કેમકે પ્રાથમિક શિક્ષણ લેનારાં બાળકો વધારેમાં વધારે અને એમનાં માટેનો ખર્ચ ઓછામાં ઓછો. એટલે બાળકોને કોઇપણ જાતની કલા પહેલવહેલી શીખવવી પડે ને! આજે પરિણામે હાથમાં ચોપડી લઇ અભ્યાસ કરવો એ જ પ્રાથમિક શિક્ષણ બની બેઠું છે

શહેરી શિક્ષણ સંબંધે લડાઇની પરિસ્થીતિમાં ઇંગ્લેંડના શિક્ષણ શાસ્ત્રીઓને જે અનુભવ થયો તે મનનીય છે. આ રહ્યા એમના શબ્દો:—

"નાનાં બાળકોને પહેલાં ઘણુંખરું જ્ઞાન પુસ્તકો અથવા તો પુસ્તકોની અંદરનાં ચિત્રો મારફત જ મળતું હતું. ગાય, કુકર, ઘેટાં વગેરેનાં પુષ્કળ ચિત્રો એમણે જોયાં હતાં.

પણ ચિત્રોની અંદર એ બધાં પ્રાણીઓ હાલતાં ચાલતાં ન હતાં પણ અહીં તો એમને એ બધાંની અંદર એક નવી જ શક્તિ દેખાવા લાગી. એ બધાં ચિત્રોનાં ગાય, કુકકરની માફક શાન્ત બેસી રહેતાં ન હતાં, પરંતુ હાલતાં ચાલતાં હતાં એટલે બાળકો બોલતાં હતાં: 'અરે ! જો જો, પેલી ગાય હાલે છે, એ તો જીવતી છે. એને ચાવતાં આવડે છે.' એક બાળક ઘેટાને જોઈને કહેવા લાગ્યું: 'આ કાંઇ ચિત્રમાંનું નથી. એ તો સાચું છે; ખરેખર સાચું છે.'

અહીંઆં બાળકોની રમતગમત માટે નવા વિષયો ખોળવા પડયા. ગામડાની અંદર એ એમને મળી પણ રહ્યા. શહેરી રમતગમતને બદલે બાળકો તો તરત જ ગામડાની રમતો રમવા લાગ્યાં. શહેરમાં બાળકોની રમતો એટલે નકામા ટીનના ડબ્બા તરફ પથરા ફેંકવા, કોઇક જગ્યાએ ફૂટપાથ ઉપર સ્કેટિંગ કરવું વિગેરે હોય છે. પણ અહીં ગામડાંમાં તો ખેતરની અંદર ચાલતા કામની અંદર ભાગ લેવો, કુકકરોને પાણી પાવું, શાકભાજીના ક્યારાઓમાં કામ કરવું, ઘરની સફાઇ કરવી વિગેરે બાબતો બાળકોને વધારે આનંદ આપનારી લાગવા માંડી. જનાવરોની સંભાળ લેવી એ તો એમને વધારેમાં વધારે ગમતું કામ માલૂમ પડયું. વાછરડાં અને કુકકર, એ તો એમનાં પ્રિય રમકડાં થઇ પડયાં. કોઇ કોંઇ બાળકો તો ગાયને દોહતાં પણ શીખી ગયાં.

આપણા દેશમાં આ દૃષ્ટિથી જો વધારે વિચાર કરવામાં આવ્યો હોય તો તે વર્ધા યોજનાની અંદર કરવામાં આવેલો છે. પણ એ યોજના કોઇ પણ જગ્યાએ વધારે ચાલી નથી. શહેરોની અંદર એ યોજના અમલમાં લાવવી જોઇએ, પણ એ તરફ તો કોઇનું ધ્યાન ખેંચાયું હોય એમ લાગતું નથી.

ફક્ત આ યોજનાએ જ ઉદ્યોગોને પોતાનું મહત્ત્વનું સ્થાન આપ્યું છે.

એ યોજનાનુ પહેલું તત્ત્વ ખૂબ જ વિચાર-પૂર્વક લક્ષમાં લેવા જેવું છે. ઉદ્યોગ મારફત શિક્ષણ એ વર્ધા યોજનાનું મૂળભૂત તત્ત્વ છે. એટલે શિક્ષણનું માધ્યમ જ ઉદ્યોગ હોવો જોઇએ એમ એનું કહેવુ છે. હાલની શાળાઓમાં પુસ્તકિયા જ્ઞાન ઉપર જ બધો ભાર મૂકવામાં આવે છે. એને પૂરેપૂરો ધક્કો મારીને ઉપર કહેલા તત્ત્વનો સ્વીકાર કરવો એ ખૂબ જ આવશ્યક છે. શિક્ષણનું માધ્યમ ઉદ્યોગ એનો અર્થ એ છે કે ઉદ્યોગોમાં જે અનેક જાતની ક્રિયાઓનું કૌશલ્ય મેળવવું પડે છે, તેને પરિણામે બુદ્ધિવિકાસ થાય છે. એ કૌશલ્ય મેળવવા માટે એકાગ્રતા અને પ્રયત્ન જોઇએ છે. ઉપરાંત અનેક જાતની માહિતી મેળવવી પડે છે. આ માહિતી પુસ્તકની અંદર એના વિષે પાઠ આપેલો છે અને એ પાઠ પરીક્ષામાં પુછાશે એટલા માટે મેળવવી જોઇએ એમ નથી હોતું. પરંતુ એ મેળવવા માટે હેતુ ઉત્પન્ન થયો છે માટે મેળવવી જોઇએ એમ બને છે. બાળકોને કંઇ ને કંઈ કામ કરવાનું હોય છે. એટલે એને માટેની જિજ્ઞાસા સાહજિક હોય છે. કેમકે પોતાને નૈસર્ગિક રીતે જે કંઇ ગમતું હોય તેને પરિણામે અને પોતાના જીવનની અંદર જેને માટે હેતુ ઉત્પન્ન થયો હોય તેને માટે હંમેશાં આપણી જિજ્ઞાસા વધતી જતી હોય છે. જે વસ્તુની આપણને જરૂર હોતી નથી તે વસ્તુ વિષે, માત્ર જ્ઞાન મેળવવા અને તે યાદ કરી રાખવા માટે કોઇ જાતનું પ્રયોજન હોતું નથી. પરંતુ રેંટિયો કાંતતાં કાંતતાં વધારે ને વધારે ઝીણું સૂતર કાંતવાની શક્તિ ઉત્પન્ન થાય છે

અને એને અંગેનું કૌશલ્ય સિદ્ધ થતું જાય છે. એવે વખતે કપાસના ખેતર વિષેની માહિતી, એને અંગેની ભૂગોળ, ઇતિહાસ અને ગણિત વિગેરેની અંદર સહજ રીતે વધારે આનંદ આવતો હોય છે. અર્થાત્ કુશળ શિક્ષક બાળકોની આ સ્વાભાવિક જિજ્ઞાસાને પોષે છે. જ્યારે બીજો શિક્ષક માત્ર બાદરાયણ સંબંધ જોડીને પોતાને જે કાંઇ શીખવવાનું આવી પડ્યું હોય તે શીખવી છૂટે છે, અથવા તો વધારે પડતા અનુબંધને લીધે કંટાળો આવે એમ વર્તે છે. પરંતુ એ મુદ્દાની ચર્ચા કરવાનું આ સ્થળ નથી.

હાથઉદ્યોગોનું મહત્ત્વ સમજીને પ્રાથમિક શિક્ષણની અંદર આ યોજનાએ તેને મુખ્ય સ્થાન આપ્યું છે. આ વસ્તુ પ્રાથમિક શિક્ષણની અંદર સાર્વત્રિક થવી જોઇએ.

ઉદ્યોગોનું સ્થાન માત્ર એકાદ રમત તરીકે નહિ પરંતુ મૂળઉદ્યોગ તરીકે જ રાખવું જોઇએ. આ મુદ્દો ધ્યાનમાં રાખવા જેવો છે.

વખત ગાળવા માટે કાંઇ કર્યા કરવું અને બરાબર રીતે ઉદ્યોગ કરવો એ એની વચ્ચે ખૂબ ફેર છે. બાળકોને હંમેશાં સાચાં કામ ગમતાં હોય છે. બાળકોને રસોડામાં સાચેસાચ કામ કરવાનું મળતું નથી માટે જ એમને ખોટું 'ખાઉં ખાઉં' કરવાનું રમવું પડે છે અને એ રીતે એક જાતના ખોટા તરંગી જગતમાં જીવવું પડે છે. આને પરિણામે બાળકોને પોતાને હાથે સિદ્ધ કરેલી વસ્તુનો સંતોષ મળતો નથી; ઉપરાંત એવાં ખોટાં કામ કરવાથી કામ કરવાનું કૌશલ્ય તો સહેજ પણ આવતું નથી. પરંતુ એને બદલે જો બાળકોને સાચાં કામ આપવામાં આવે તો બાળકોને કામ કરવાનો સંતોષ મળે છે, સાચેસાચું કૌશલ્ય આવે છે, અને મોટપણે જીવનમાં ઉપયોગી થાય એવો એકાદ ઉદ્યોગ હસ્તગત થાય છે. આ ઉપરાંત આટલાં બધાં બાળકોના હાથકામને પરિણામે વધારે ઓછા પ્રમાણમાં પણ જીવનને ઉપયોગી કંઇક વસ્તુ ઉત્પન્ન થાય છે. એ પણ એનું એક સુપરિણામ છે. સો બાળકોના બસો હાથ મળીને ખોદે, રોપે અને પાણી પાય તો એમાંથી કંઇ ને કંઇ શાકભાજી, ફળ અથવા ધાન્ય ઉત્પન્ન થાય જ. બસો હાથ જો નિયમિતપણે સૂતર કાંતે તો મહિના દિવસની અંદર તો થોડું ઘણું સૂતર નિયમિત રીતે નીકળે જ; અને આ જ કામ જો એ બાળકો વર્ષો સુધી નિયમિત રીતે કરતાં રહે તો એની અંદર બાળકોનું કૌશલ્ય વધતું જ જાય, અને ઉત્પન્ન થયેલી વસ્તુ સાચા ઉપયોગમાં આવે એ પણ એક લાભ જ છે. બાળકોને પણ પણ પોતાના હાથે કાંતેલી ખાદી અથવા તો પોતાના હાથે ઉત્પન્ન કરેલાં શાકભાજી અથવા તો ધાન્ય વાપરવાની અંદર કેટલી બધી હોંશ, અભિમાન, અને મજા આવતી હોય છે ?

સારાંશ પ્રાથમિક શિક્ષણની ઉમર—

(૧) પાંચથી નવ વર્ષની અત્યંત સંસ્કારક્ષમ હોય છે.

(૨) આ ઉંમરની અંદર બાળકો વધારેમાં વધારે પ્રયત્નશીલ હોય છે.

(૩) આ ઉંમર દરમિયાન બાળકોને પોતાના હાથપગ વાપરીને અનેક પ્રકારનું કૌશલ્ય સિદ્ધ કરવાની ઇચ્છા હોય છે.

(૪) આ ઉંમર દરમિયાન બાળકોના કુમળા હાથ જેટલા વળે છે એટલા મોટપણે વળતા નથી હોતા.

આ વસ્તુઓ ધ્યાનમાં લેવા જેવી છે.

ઉપરાંત બીજા કેટલાક મુદ્દા પણ એટલા જ

મહત્ત્વના છે અને એ પણ ધ્યાનમાં રાખવા જોઇએ.

(૧) હાથકામની મારફત બુદ્ધિવિકાસ થાય છે.

(૨) કોઇ પણ નવી વસ્તુ ઉત્પન્ન કરવી એ મહત્ત્વના તત્ત્વને બાળકોના શિક્ષણમાં અવશ્ય સ્થાન મળવું જોઇએ.

(૩) બાળકોને ખોટાં ખોટાં કામ કરવા દેવાને બદલે એમને યોગ્ય જીવનનાં ખરાં કામની અંદર ભાગ લેવા દેવો એ વધારે યોગ્ય છે.

(૪) આ દૃષ્ટિએ દાખલ કરેલા ઉદ્યોગને પરિણામે જે કંઇ ઉત્પન્ન થાય તેની દુનિયામાં કંઇ ને કંઇ કિંમત મળશે અને તે સાચેસાચ ઉપયોગી રહેશે.

અર્થાત્ બાળકોને આપવાનાં આ કામોની અંદર એ વસ્તુઓ ધ્યાનમાં રાખવા જેવી છે:–

(ક) બાળકોનું સ્વાભાવિક વલણ અને ઇશ્વરદત્ત શક્તિઓ. કેટલાંક બાળકોનું કેટલાંક કામ તરફ જાણ્યે અજાણ્યે સ્વાભાવિકપણે વધારે લક્ષ હોય છે એટલે એ કામમાં એ બાળકો લાગી પડે છે, અને એની અંદર એમને નવું નવું શીખવાનું ગમતું હોય છે. આને બદલે જો શાળાની અંદર એક જ ઉદ્યોગ હોય તો કેટલાંક બાળકોની શક્તિઓ કચરાઇ જવાનો સંભવ છે.

(ખ) બૂબ જ નાનપણમાં બાળકોને અનેક જાતની હિલચાલો શીખીને એની અંદર પ્રવીણતા મેળવવાની હોંશ હોય છે. એ વખતે બાળકોને હાથનું કૌશલ્ય સિદ્ધ કરવામાં મજા આવતી હોય છે. તે વખતે એમને બની શકે તેટલી વિવિધતા મળે એ આવશ્યક છે.

આ અને આવાં જ બીજાં બાળકોના વિકાસનાં કેટલાંક તત્ત્વો ધ્યાનમાં લઇને શાળા હાથકામ દાખલ કરે તો બાળકોને યોગ્ય દિશામાં સાચું શિક્ષણ મળશે અને બાળકોનું જીવન વધારે આનંદમય થશે.

આજની શાળામાંથી બહાર નીકળ્યા પછી કંઈ જ આવડતું નથી હોતું એવી સ્થિતી રહેશે નહિ.

કાંઇ પણ ન કરવાથી અને માત્ર બેસી રહેવાથી હાથપગની જે અપંગતા આવી જતી હોય છે તે રહેશે નહિ.

સ્વાલંબનને પરિણામે ઉત્પન્ન થનારું સ્વાભિમાન અંગેઅંગમાંથી ટપકતું હોય તેવાં બાળકો જોવા મળશે.

આપણા દેશના હવે પછીના ઔદ્યોગિક વિકાસને બૂબ જ જલદીથી આગળ વધારી શકે તેવા નવજુવાનો વિદ્યાપીઠમાંથી બહાર પડશે.

શાળા અને ઘર એ બન્ને જગ્યાએ બાળકોને સાચાં કામની અંદર ભાગ લેવા દેવાથી, સાચો ઉદ્યોગ કરવા દેવાથી બાળકોને કામ કર્યાનો ખરો આનંદ અને સમાધાન મળશે.

અનુ–શંકર શાહ

તા૦

નવી જોડાયેલી સંસ્થાઓ

૧. માટુંગા ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળ, બાલમંદિર, માટુંગા

નવા આજીવન સભ્યો

લેડી મની જેહ મસાણી મુબઇ
(ચ વર્ગમાં જોડાયાં)

આંબલામાં શ્રી નાનાભાઈ ભટ્ટની અમૃતવાણી

(અંક ૭ પાન ૧૧૦ થી ચાલુ)

(૬) શહેરમાં વર્ધા યોજનાનો અમલ કેવી રીતે થઇ શકે ?

ઉત્તર :—સૌથી પહેલું તો એટલું જ કહું કે પ્રત્યેક શિક્ષકે બાપુ કહે છે તેવા આદર્શ આશ્રમવાસી કે માનવી તરીકે જીવતાં શીખવું જોઇએ. તેના જીવનમાં એ પદ્ધતિના મૂળમાં પડેલાં તત્ત્વો નહિ હોય તો માત્ર શાળાની ચાર દીવાલોમાં એ પદ્ધતિને ઊભી નહિ કરી શકાય. શહેરોમાં આપણે આપણી શાળાઓમાં જાત-મહેનત અને ઉત્પાદક ઉદ્યોગોને શરૂ કરી શકીએ છીએ. પણ જો આપણે પોતે એવું શ્રમજીવન નહિ જીવતા હોઇએ તો એને દાખલ કરવાની આપણી તમામ યુક્તિપ્રયુક્તિઓ એળે જવાની છે એમ સમજજો. વર્ધા શિક્ષણ તો આખા રાષ્ટ્રના દેહને બદલવાની નાખવા ઇચ્છે છે. એના સિદ્ધાંતો ઘરમાં હેઠ રસોડા સુધી પહોંચશે ત્યારે જ એની સાર્થકતા થશે. એની સફળતા શિક્ષકના પોતાના જીવન પર અને તેની શ્રદ્ધા પર છે. પણ હું એક પ્રશ્ન પૂછું ? આપણે આ કાર્ય આજે નહિ તો કયારે ઉપાડીશું ? આપણું પૂણ્યપર્વ તો આજે છે. ઉપરાંત આપણે કેળવણી પાછળ આટલા બધા શા માટે પડ્યા છીએ એ જ હું તો સમજતો નથી. આજ સુધી શહેરોમાં જીવનની ફેશન શ્રીમંતો ઊભી કરે છે. તેને બદલે આજે આપણે વર્ધા દૃષ્ટિએ નવી ફેશન ઊભી કાં ન કરીએ ? નાની વિગતો આજે હું તમને નથી આપતો. પણ આપણે જ્યાં પડ્યા હોઇએ ત્યાં આ જાતનું વર્ધાજીવન ગાળીએ તો વર્ધા યોજના અરધી તો આપોઆપ જ ઊભી થઇ જશે.

(૭) ગામડાંનો આપનો અનુભવ કેવો છે ?

ઉત્તરઃ—ગામડાનું જીવન આજે સાવ ઊતરી ગયું છે. તે ગરીબ પ્રજા રાજકીય, આર્થિક અને સામાજિક દબાણો વચ્ચે એવી તો ભીંસાઇ ગઇ છે કે એનો આત્મા આપણને જડવો મુશ્કેલ છે. કોઇ ખેતરમાંથી આપણે દરવર્ષે પાક ખાઇએ પણ એના બદલામાં તેમાં ખાતર પૂરીએ જ નહિ તો તે ખેતર જતે દિવસે કેવું થાય ? આવું આપણાં ગામડાંઓનું થયું છે. એટલે આજે તો ગામડાંનાં ભાઇબેનો ગામડાંમાં કોઇ નવો માણસ આવે કે તુરત જ તેને બીક કે અવિશ્વાસની નજરે જુએ છે, કારણ કે તેણે વર્ષો થયાં કોઇ સારા આદમીને આવ્યો જોયો નથી. જે આવ્યો છે તે ધનિક થઇને આવ્યો છે અને ધનથી જ ટકયો છે. આવનાર સૌએ ગામડાને ભયમાં ને ભયમાં જ રાખ્યું છે. તેમાં જે કોઇ નવો આવે તે નવો ભય લાવશે એમ લોકો માને, તો એમનો શો દોષ ? મારી પણ એવી જ દશા થઇ છે એમ કહી શકું. મને આવતાં ન આવડયું. હું દક્ષિણામૂર્તિના નિયામકપદેથી, ગુજરાત-કાઠિયાવાડના સમર્થ કેળવણીકાર તરીકેની પ્રતિષ્ઠા લઇને, રાજ્યની મોટી મદદ લઇને ઍરોપ્લેન ઊતરે તેમ અહીં ઊતરી પડયો. પણ હું કાંઇ આંબલાની ધરતીમાં ઊગ્યો છું ? મેં જો ધીમે ધીમે ગામના સહકારથી શાળા કાઢવા પ્રયત્ન કર્યો હોત તો એ શાળા ગામની શાળા થાત. આજે હવે મારી આ ભૂલને હું સુધારી રહ્યો છું, અને ગામના લોકોનો અવિશ્વાસ મોટે ભાગે દૂર થયો છે પણ ખરો.

(૮) તમે આપણી ભાવનગરની દક્ષિણા-મૂર્તિ સંસ્થાને જીવતી રાખીને આ પ્રયત્ન કરી શકયા હોત. તમારામાં એવી શક્તિ છે જ. છતાં તમે એમ કેમ ન કર્યું ?

ઉત્તરઃ—મારા અભિપ્રાય પ્રમાણે તો દક્ષિણામૂર્તિના આત્માને જીવતો રાખવા માટે જ હું અહીં આવ્યો છું, અને મારે મન તો આજે પણ એ સંસ્થા જીવે છે. તમે બોલો છો એ તો દક્ષિણામૂર્તિનાં ભાવનગરનાં મકાનો વિષે બોલો છો. મારે મન એ મકાનો તો માત્ર ઈંટ, પત્થર અને ચૂનાનો ઢગલો છે. હું દક્ષિણામૂર્તિનો ત્યાગ કરીને આંબલા આવ્યો છું એ વાત જૂઠી છે. દક્ષિણામૂર્તિનો વિભાગ એટલે ગ્રામદક્ષિણા-મૂર્તિ મેં ભાવનગરની સંસ્થાના એક ભાગ તરીકે શરૂ કરી હતી. એક વર્ષ એ પ્રમાણે રહ્યું. એ વખતથી હરભાઇએ આખી સંસ્થાના નિયામક તરીકે રહેવાની જવાબ-દારી લીધી. પરંતુ ત્યાર પછી એકાએક તેમણે રાજીનામું આપ્યું. તે પછી તળ ભાવનગરમાં કામ કરતા વિભાગોને જાળવવા માટે મારા કોઇ મિત્રે હિંમત ન કરી. હું તો વર્ષો થયાં ભાવનગરની સંસ્થાને તે સ્થાનેથી ફેરવવાની વાતો કરતો હતો, પરંતુ સંસ્થાને મકાનોનાં દાનો આપનારાઓની દૃષ્ટિ તે વિચારની વિરુદ્ધ જ હતી. પરિસ્થિતિ એવી આવી કે જવાબદારી લેનારના અભાવે ભાવનગરના વિભાગો બંધ કરવા પડશે એમ સૌને જણાયું. અને સાથોસાથ એવો ભય પણ પેદા થયો કે તે વિભાગો બંધ થાય ને આંબલા વિભાગ ચાલુ રહે તો આખી યે સંસ્થાનો વારસો આંબલા વિભાગને જાય. આ પરિ-સ્થિતિથી લગભગ બધા ય મિત્રો ગભરાયા, અને કેમ જાણે હું સંસ્થાની મિલકત પચાવી પડવા માટે આ વ્યૂહ રચી રહ્યો છું તેવો સોનો મત થયો. મને પોતાને તો એવી દાનત હતી જ નહિ. એટલે મિત્રોના ભયને દૂર કરવા માટે મેં ગ્રામદક્ષિણામૂર્તિને ભાવનગરની દક્ષિણામૂર્તિથી અલગ પાડવાની દરખાસ્ત મૂકી અને મિત્રોએ તેને તુરત જ સહર્ષ વધાવી લીધી. હવે તમે સમજી શકશો કે મારા માટે એ ઘોડે ચડવું અશક્ય જ હતું. ગ્રામદક્ષિણામૂર્તિમાં મારે જાતે કામ કરવાની હોંશ હતી, - નહિતર આંબલાનો વિભાગ ઉઘાડીને કોઇ સાધારણ આદમીથી એ ચલાવી શકાત. પણ એવો વિભાગ તો માત્ર રમકડું થાય; એમાં પ્રાણ ન આવે.

(૯) આપ પાંચ વર્ષથી અહીં બેઠા છો છતાં આ ગામમાં આટલા બધા લોકો અભણ કેમ છે ?

ઉત્તરઃ—કારણ કે અહીંના લોકોને અમા-રી પાસે બાળકોને ભણાવવાનું મન નથી. પહેલાં અમે અહીંની શાળા ચલાવતા અને રાજ્યની શાળા પણ રાજ્યે અમને સોંપી હતી. પરંતુ સ્થાપિત હિતોવાળા ગામના અગ્રેસરો અને રાજ્યના અધિકારીઓ પામી ગયા કે ગાંધી-વાળાનું આગમન પોતાને આડખીલીરૂપ છે, એટલે તેઓએ લોકોને જુદી જુદી રીતે ગભરાવ્યા તેમ જ ચડાવ્યા ને અમે શાળાને બંધ કરી. આપણી ગ્રામજનતાની આવી દશા અહીં જ છે એમ ન સમજશો. બધે ય આવું જ છે. આ લોકો નવાં બળોને તુરત જ પારખી લે છે, અને તેનો વિરોધ કરવાની નવી નવી તરકીબો શોધી કહાડે છે. જેની આપણને કલ્પના પણ ન આવે તેવી રીતો તે શોધી શકે છે. વર્ષો

થયાં જેણે મારા બાધા કર્યો છે તે પ્રજા પાસેથી આપણે બીજા શાની આશા રાખીએ ? આ લોકોની સેવામાં આખું જીવન ખર્ચી નાખવું તે મને તો આપણી ફરજ લાગે છે.

(૧૦) વર્ધા કેળવણીમાં પ્રધાનસ્થાને કયો ઉદ્યોગ હોવો જોઇએ ?

ઉત્તરઃ— મારી અંગત માન્યતા એવી છે કે ખેતીને મુખ્ય ઉદ્યોગ તરીકે સ્થાન અપાવું જોઇએ. પરંતુ બાપુજીએ કાંતણને મુખ્ય સ્થાન આપ્યું છે તેની પાછળ અનેક વિચારોની વ્યાપક દૃષ્ટિ અને અનુભવિક ઉકેલની નજર છે. એમને વિવિધ ઉદ્યોગોમાંથી કાંતણ જ પ્રધાન ઉદ્યોગ તરીકે જડી આવેલ છે, એ જ તેમનો મોટામાં મોટો ફાળો છે.

વર્ધા કેળવણીના સિદ્ધાંતોએ તો આખા વિશ્વની નજર ખેંચી છે. વિશ્વના મોટા વિચારકોએ આ યોજનાને મુબારકબાદી આપી છે. આવે તબકકે દુનિયા આપણા ઉપર મીટ માંડી બેઠી છે. હવે વર્ધાનું શિક્ષણશાસ્ત્ર પણ સંપૂર્ણ બન્યું છે. એટલે જનતાએ તેને જલદી વ્યાપક સ્વરૂપ આપવું જોઇએ.

(૧૧) સહશિક્ષણ વિશેના તમારા અનુભવો આપો.

ઉત્તરઃ-મને લાગ્યું છે કે સંસ્થા સતત જાગૃતિ સેવી શકે તો સહશિક્ષણ આવકારદાયક છે. છતાં તે જાગૃતિ સેવ્યા પછી પણ કેટલીક વખત હાથ દાઝે છે. તો સમજવું કે કોઇપણ સદ્‌વિચારની પાછળ કંઇ કંઇ ઊણપો ને દૂષણો તો રહી જ જાય છે. સહશિક્ષણનો અમલ સૈદ્ધાંતિક દૃષ્ટિએ જરૂરી છે એમ ન જોવું પણ શક્તિ હોય તો જ-જાગૃતિ સેવીને તેવાં સાહસ ખેડવાં.

(૧૨) તમને એમ નથી લાગતું કે આપણાં બાલમંદિરોમાં કળાની અતિરેકતા થાય છે ?

ઉત્તરઃ—હું કળામાં નથી સમજતો પરંતુ મારી પાસે તેનો કસ લેવાની બુદ્ધિ છે. મને લાગે છે કે નૃત્ય, નાટકો અને કલામય વાતાવરણ બાલમંદિરમાં જરૂર હોવું જોઇએ. પરંતુ ગિજુભાઇ જે સાદાઈ અને પૂર્વતૈયારી વિના બાળનાટકો કરતા ને કરાવતા તે સાદાઇ ભૂલીને તમે બધા પોષાક, ઝાકઝમક, વગેરે પાછળ એવા તો પડયા છો કે હાવભાવની મુખ્ય વાતને તમે ભૂલી જાઓ છો. આથી શહેરમાં જે રીતે બાળનાટકો ભજવાય છે તેને હું આવકારી શકતો નથી. તે અતિરેકતાનો નાશ કરી હાવ-ભાવવાળાં નૃત્ય અને બાળનાટકો સાદાઇથી યોજો તે જરૂરનું છે.

(૧૩) શહેરી શિક્ષકોનો આત્મા ટયૂશનથી બવાઇ જાય છે તેનો શો જવાબ છે ?

ઉત્તરઃ—હું જોઉં છું કે ઉચ્ચ ખમીરવાળા સ્વાભિમાની શિક્ષકોને પણ શહેરોમાં ટયૂશનની ગુલામી સેવવી પડે છે. એ દશાના સાક્ષી જ્યારે મારે થવું પડે છે ત્યારે મારું હૃદય રડે છે, અને તે શિક્ષકોની આંખોમાંથી આંસુ સરે છે. મને લાગે છે કે તે શિક્ષકો તેમના આત્માની શક્તિ જોઇ શકયા નથી. શહેરમાં તેઓ જે મહેનત કરે છે, તે જ મહેનત ગામડાંમાં કરે તો તેમને રોટલો ન મળે તેવું નથી. પરંતુ આજ તો ગામડાંની બોટી ભડક તમને સૌને લાગી ગઇ છે. સ્વાભિમાન સાચવીને તમારો રોટલો તમે ગમે ત્યાંથી મેળવી શકો તેમ છો. પણ નીચી મૂંડી રાખીને ટયૂશનો પાછળ કેમ પડો છો તે સમજાતું નથી. કાં તો તમારી શાળાઓની ફી વધારી એ પ્રશ્નોનો ઉકેલ કરો-કરાવો અગર આ ધંધાને લાત મારી કોઇ પણ

સ્વમાની ધંધો લ્યો. આ રીતે શહેરોની તમામ નિશાળો તમે સૌ એકમત થઈને બંધ કરો તોપણ શું ખોટું છે? હું માનું છું કે ટ્યૂશનોની બદી કોઇ પણ હિસાબે જવી જ જોઇએ, અને એ આવડત પણ કેળવી શકાય તેવી છે. જેનામાં તે આવડત કેળવવાની શક્તિ દેખાશે તેને માટે ગામડાનાં કામ વધુ સહેલાં હશે. છતાં જેમને શહેરમાં કામ કરવું હોય તે પોતાનું સ્વાભિમાન સાચવી તેમ જ ઠંડી તાકાત બતાવીને પોતાનું ગાડું તારવી લઇ શકશે. લોટ ખાવો ને ભસવું પણ ખરું એવી એ ક્રિયા હશે. પરંતુ જો શહેરમાં રહેવું હોય તો સ્વમાની રીતે રહેવાની આવડત કેળવી લેવી જોઇએ.

(૧૪) સર્વ ધર્મોનાં તત્ત્વો દ્વારા બાળકોને ધાર્મિક વાતાવરણ કેવી રીતે આપી શકાય?

ઉત્તરઃ—સર્વ ધર્મની સરખામણી કે ઉપદેશનીતિ કરવાને બદલે બાળકને સંતપુરુષોનાં જીવનચરિત્રો આપવાં એ વધારે યોગ્ય માનું છું. સર્વ ધર્મોના સારા સારા સંતોનાં જીવનવૃત્તાંત કહેવાં કે વાંચી સંભળાવવાં એ મને તો આજે ઉત્તમ રીત લાગે છે. બાકી તો શિક્ષકનું અંગત જીવન-ધાર્મિક જીવન જ તેમને વધુ સ્પર્શ કરે છે.

(૧૫) દરેક નવમીએ રજા પાડવા સંબંધે આપ શું કહો છો?

ઉત્તરઃ—વિદ્યાર્થીઓ જો રજા માગતા હોય તો ખુશીથી આપવી. તેમની આ માગણી પાછળ રાષ્ટ્રભાવના દેખાય છે. શિક્ષકોનો ને સંચાલકોનો ધર્મ છે કે તેમણે તે ભાવનાઓનો ઉપયોગ કરવો. રજા નહિ પાડવાની વૃત્તિ દાખવી તેમનો સામનો કરશો તો ભારે વિરોધગ્રંથિની મડાગાંઠ પડશે. મારી ડાહી ને વ્યવહારુ સલાહ એ છે કે કોઇ પણ રીતે રચનાત્મક કાર્યક્રમ જો યોજી શકાય તોપણ તે દિવસે રજા પાડી બાળકોના વિચારોને સન્માનો તે ઓછું નથી. અમદાવાદ કે જ્યાં મોટા ધરખમ પ્રિન્સિપાલો પડ્યા છે ત્યાં આવો પ્રશ્ન ઉપસ્થિત થાય તે સંચાલકો માટે શરમજનક છે, યુવકોની આ તમન્નાને સન્માની તેનો સદુપયોગ કરવાની આવડત આપણામાં ન હોય તો શાળાઓનું મોટું દેવાળું છે.

(૧૬) સ્ત્રીઓને આર્થિક સ્વાતંત્ર્યની જરૂર છે? જો હોય કેવી અને કેટલી?

ઉત્તરઃ—આવો પ્રશ્ન આર્યાવર્તમાં ઉપસ્થિત થવો ન જોઇએ. તે થાય છે તેનું કારણ આપણે પુરુષ છીએ. સ્ત્રીને આપણે ઘણી રીતે અવગણી છે. ઉપાય તો એક જ છે કે પુરુષોએ પોતાની કમાણી સ્ત્રીને ચરણે ધરી દેવી, અને તેમાંથી ઘર ચલાવવાની પૂર્ણ સત્તા સ્ત્રીને આપી દેવી. એમ કરતાં પુરુષે પોતાના સિદ્ધાંત કે મતનું આક્રમણ જરાએ થવા ન દેવું. ઉપરાંત એટલું કહું કે માનવી તરીકે ઉત્પાદક ઉદ્યોગો હાથ કરી લેવાની સૌની ફરજ છે, તેમ સ્ત્રી પણ તેવો એકાદ ઉદ્યોગ હાથ કરી લે તે જરૂરનું છે. પરંતુ તે આવડતનો વિકૃત અમલ આપણા દેશને ને તેની રગને હાનિકારક છે.

(૧૭) બાલમંદિરનું ઓજસ ગિજુભાઇની હયાતિમાં દેખાતું તેવું આજે નથી. તે બધાં ભાંગતી દશામાં છે. તેનો ઉપાય બતાવશો?

ઉત્તરઃ—ઉપાય તમારા હાથમાં છે. આજની તમારી કમિટીઓ કે વાલીઓ સમક્ષ તમે ટટાર ઊભા રહી શકતા નથી અને ધીમે ધીમે સિદ્ધાંતો છોડી વધુ પડતા વ્યવહારુ થતા જાઓ છો. પ્રજાને દોરવણી આપવાનું કામ તમારું છે.

તે પ્રમાણે પ્રજા ન દોરવાય તો બીજા સ્વમાની ધંધા શોધી લેવા. સ્વમાન સાચવીને બાલમંદિરો ટકાવી શકતા ન હો તો બહેતર છે કે તેને તાળાં મારવાં અને નવા ધંધા શોધવા અગર ગામડાંમાં બેસી જવું. જ્યાં જરૂર છે ત્યાં તમારે જવું નથી અને જ્યાં ભીંસાઓ છો ત્યાંથી નીકળવુ નથી, એ કેવી બેહૂદી વાત !

તૈયાર કરનાર–ચંદુભાઈ દવે. (સંપૂર્ણ.)

બાળકોનું ચાલવું

છેક નાનું એક વર્ષનું બાળક ઊભું થઇ ચાલવાનો પ્રયત્ન કરવા માંડે છે. મોટેરાંઓને માટે તે હર્ષનો વિષય બને છે. થોડા દહાડામાં બાળક એકલું ચાલી શકે છે ને વળી થોડા દહાડા જતાં તે સારી રીતે છૂટથી ચાલી તેમ જ દોડી પણ શકે છે. બાળક બે અઢી વર્ષનું થાય ત્યાં તો તેને માટે ઊઠવું, બેસવું, દોડવું, વગેરે જુદી જુદી ક્રિયાઓ કાળજીપૂર્વક કરવાપણું રહેતું નથી, પરંતુ એ ક્રિયાઓ કરવાનું મન થતાં જ પટ દઈને તે કરવા લાગી શકે છે. એ કાળે મોટેરાંઓનું ધ્યાન આપોઆપ બાળકની એ ક્રિયાઓ તરફ ઓછું દોરાતું થાય છે.

પણ ખરી વાત એ છે કે હજુ એ ઉંમરે પણ બાળકને પોતાની ચાલવાની ક્રિયા પૂર્ણતાને પહોંચાડવાનું કામ બાકી હોય છે. આથી બાળકને એ માટેનાં અનુકૂળ સાધનો મળે તો તેનો તે જરૂર લાભ લે જ છે. તમે જોશો તો એ ઉંમરનાં બાળકો ગમે ત્યાં સાંકડી પાળ, કઠેડો, રેલ્વેના પાટા કે એવું જોતાં જ તે પર ચડીને ચાલવાનું ચૂકતાં નથી. એ ક્રિયા કરવા માટે તેમને પોતાના શરીરનું સમતોલપણું સાચવવું પડે છે. સર્કસમાં મોટી છોકરી કે બાઇને દોરી પણ અદ્ધર ચાલવું જેટલું મુશ્કેલીભર્યું હોય છે, તેટલું જ કઠણ બે અઢી વર્ષના બાળકોને માટે હાથમાં પાણી ભરેલો ગ્લાસ લઇને તે દોળાવા દીધા સિવાય ચાલવાનું હોય છે. છતાં બાળકને એ ક્રિયા કરવી ગમે છે કેમકે એમાં શરીરની સમતુલા જાળવવાનું–અર્થાત્ સ્નાયુઓની હીલચાલ પર કાબૂ મેળવવાનું કામ રહેલું છે, અને બાળક તે હોંશથી કરે છે. બાળકને આવો કાબૂ મેળવવાની જાણે પ્રેરણા જ થતી હોય છે.

આ ક્રિયાઓ અર્થાત્ ૨॥–૩ કે તેથી જરા મોટી ઉંમરના બાળકો માટે રમત તરીકે કરવાનુ યોજી શકાય. બાળકને આવી જાતની રમતો રમવાની અનુકૂળતા મળતાં પરિણામે શરીરનું સમતોલપણું જાળવીને કેમ ચાલવું, કોઇ ચીજ હાથમાં લઇને જવું પડે તોપણ સંભાળપૂર્વક કેવી રીતે જવું, રસ્તામાં માણસો અગર બીજી ચીજો આડી આવે તો તેમને બાજુ પર રાખી પોતાના હાથમાં જે ચીજ હોય તે પડવા દીધા સિવાય કેવી રીતે ચાલવું, રસ્તામાં કોઇ સાથે અથડાયા વિના અગર તો લાત માર્યા વિના અનેક અડચણવાળે સ્થળેથી કેમ પસાર થવું, વગેરેની બાળકોને ટેવ કેળવાય છે અને બાળકો પરિણામે એ ક્રિયાઓ સરળતાથી કરી શકે છે. બાળકોને આવી મુશ્કેલીમાંથી પસાર થવાની ઊલટી હોંશ થઇ આવે છે.

ઘરમાં મોટેરાં બાળકોને નાનાં મોટાં અનેક કામો (અમુક ચીજ લાવવી અગર અમુક

વસ્તુ મૂકી આવવી, વગેરે) કરવાનાં સોંપીએ છીએ. બાળક તે હોંશપૂર્વક કરવા દોડે છે. પણ કોઇ વાર બાળકને તે કરવાનું ફાવતું નથી; કોઇ વાર તે અથડાઇને પડી જાય છે અગર મૂકવાની વસ્તુ તૂટેફૂટે છે. તે વેળા આપણે બાળકને ઠપકો આપીએ છીએઃ 'કેવો છે ? જરા ય ચાલતાં આવડે છે ? કયાં ધ્યાન રાખે છે ? જરા આગળ જોઇને ચાલે તો ?' એવાં અનેક ઠપકાનાં વેણ પણ બાળકને સંભળાવીએ છીએ, ને ગુસ્સો પણ કરીએ છીએ. ઘણી વાર આપણે બાળકના મનમાં એવી સમજણ ઊભી કરી દઇએ છીએ કે તે એમ માનવા લાગે છે કે પોતાથી એ કામ થઇ જ નહિ શકે. જેમકે 'તારાથી એ નહિ થાય. મૂકી દે, તું પાડી નાખીશ ! જો ફોડી નાખતો નહિ !' વગેરે. આપણાં આવાં સૂચનો બાળકના મન પર ઊંડી છાપ પાડી તેને કામમાંથી પરાવૃત્ત કરે છે. આથી નાનપણમાં જે ક્રિયાઓ રમત તરીકે બાળક સાધ્ય કરે તેનાથી તેને વંચિત રાખીએ છીએ. એનું પરિણામ એવું પણ આવે છે કે બાળક આગળ જતાં આખો જન્મારો એ ક્રિયા સાધ્ય કર્યા વિના જ રહી જાય છે ! થોડા દહાડા પહેલાં મને એક પ્રોફેસર પોતાની વાત કહેતા હતા કે કાચના પ્યાલા-રકાબી વીંછળવાનો તેમને વારો આવે તો આ ઉંમરે પણ તેમના હાથે ક્રુજરી છૂટે છે; અને મોટે ભાગે એકાદ ગ્લાસ પડીને ફૂટે જ છે. નાનપણમાં બા કહેતીઃ 'રહેવા દે; તું ફોડી નાખીશ.' આજે પત્ની પણ એ જ શબ્દો સંભળાવે છે ને પ્રત્યક્ષ પરિણામનો અનુભવ પણ લે છે !

આવું ન બને અને બાળક સામાન્ય રીતની સ્નાયુઓની હીલચાલ પર કાબૂ સહેળા મેળવી લે તેટલા સારુ નિશાળમાં તેમ જ ઘરમાં પણ નીચે લખ્યા ક્રમ અનુસાર જુદી જુદી રમતો રમવાની અનુકૂળતા બાળકને કરી આપવી જોઇએ–આપી શકાય.

સાધન

ચાર ઇંચ પહોળું અને ત્રણ ઇંચ ઊંચું ૧૦-૧૨ ફૂટ લાંબુ એક લાકડું. અગર આંગણું મોટું હોય તો એક ઇંટની લાંબી ચણેલી પાળ વધારે અનુકૂળતાવાળી થઇ પડશે.

રમત પહેલી :—એથી ત્રણ વર્ષની ઉંમરના બાળકને આ લાકડા અગર પાળ ઉપર હાથ પાછળ બીડીને અથવા બાજુ પર રાખીને ચાલતાં શીખવાનું બતાવવું.

રમત બીજી :—એ રીતે ચાલતાં આવડી જાય એટલે એના પર પગને પગ અડકાડીને પાસે પાસે રાખી ચાલવું.

રમત ત્રીજી :—હાથમાં ખાલી પ્યાલો અથવા વાટકો રાખીને ચાલવું. વાટકાને બદલે બાળકોની રમતની નાની ટીનની બાલદી અગર ફૂલો રાખવાની વાંસની ખાલી ટોપલી પણ વાપરી શકાય.

રમત ચોથી :—ખાલી વાટકામાં કચૂકા, કોડીઓ, બાલદીમાં થોડા પથરા અગર ટોપલીમાં થોડાં ફૂલો રાખીને ચાલવું.

રમત પાંચમી :–ત્યાર પછી વાટકામાં અગર બાલદીમાં થોડી કોઇ પ્રવાહી ચીજ–દાખલા તરીકે થોડું પાણી ભરીને ચાલવાનું. એ જરા સાધ્ય થાય એટલે પાણી કાંઠા સુધી ભરીને ચાલવાનું.

રમત છઠ્ઠી :—ટોકરી-પૂજની ઘંટડીને દોરી બાંધી હાથમાં લટકતી પકડી રાખી અવાજ થવા દીધા વિના ચાલવાનું.

રમત સાતમી :—ઉપરની બધી ક્રિયાઓ

લાકડાના પાટિયા અગર ઈંટની ચણેલી પાળ ઉપર કરવાને બદલે સપાટ જમીન ઉપર ત્રણ ઇંચ પહોળા રંગીત પટ્ટો દોરી તે પર ચાલીને કરવાનું બતાવી શકાય.

નોંધ:—લાકડાનું પાટિયું કે ચણેલી પાળ કરતાં જમીન પર દોરેલા પટ્ટા પર ચાલવાનું ઘણું સહેલું બને છે. શરૂઆતમાં ચાલવાની ક્રિયા સિદ્ધ કરતી વેળા બાળકનો પગ પટ્ટાની જરા બહાર પડે તોપણ ખબર પડતી નથી પણ લાકડાના પાટિયા પરથી કે ચણેલી પાળ પરથી પગ જરા ખસે કે તુરત બાળકને તે સમજાય છે. એટલે લાકડું અગર પાળ તુરત ભૂલ સુધારવામાં સહાયક બને છે. માટે આ રમતની શરૂઆત પાટિયા અગર ચણેલી પાળથી કરવી વધારે સારું છે.

રમત આઠમી:—મોટા ઓરડામાં અગર ફળિયામાં વચ્ચે વચ્ચે રાંગોળી પૂરીને તથા ફૂલ-ઝાડનાં કૂંડાં વગેરે આડે આવે ને સાચવીને ચાલવું પડે એવી થોડીએક અડચણો યોજીને તેમની વચ્ચેથી કોઇની સાથે અથડાયા વિના આડાઅવળા રસ્તા લઇને ઉપરની જ રીતે સંભાળપૂર્વક ચાલવાનું.

ઉપરની પાંચથી આઠ સુધીની રમતો ત્રણથી ચાર વર્ષનાં બાળકો પણ હોંશે હોંશે રમે છે. એનો મોટો આધાર બાળકની પ્રકૃતિ કેવી છે તે ઉપર રહે છે. કેટલાંક બાળકો ચાર વર્ષની ઉંમર થતાં સુધીમાં આ બધી ક્રિયાઓ શીખી જાય છે તો કેટલાંક બાળકો પાંચ વર્ષની ઉંમર થતાં સુધીમાં પણ આમાંનું ઘણું કરી શકતાં નથી. આવે વખતે ઉતાવળ કરીને અગર તો દબાણથી બાળક પાસે એ ક્રિયાઓનાં પુનરાવર્તન કરાંવવા લાગવું નહિ. એથી બાળકો કંટાળી જાય છે, ને ઊલટી એ પ્રવૃત્તિ તરફની અભિ-મુખતા છોડી દે છે, અગર કરતાં જ અટકી જાય છે. આ ક્રિયાઓ રમત ગણીને જ બાળકો કરે એ બાબત શિક્ષકે ધ્યાનમાંથી ખસવા ન દેવી આવશ્યક છે.

તા૦

જોઈએ છે

મોન્ટેસોરી ટ્રેન્ડ શિક્ષક અગર પતિપત્ની બન્ને. નીચેના સરનામે અરજી કરવી:
શ્રી. જીવનલાલ છોટાલાલ ચોકસી,
જૂની હટરી, **રાજનાંદગાંવ** (સી. પી.)

નોંધ

શ્રી મુળજીભાંઈ ભક્ત—બાળકો માટે સુંદર કાવ્ય લખનારા આપણા ભાઇ શ્રી ભક્ત હવે શ્રી નૂતન બાલશિક્ષણ સંઘની બીજી રીતે સેવા કરવા તત્પર છે. એક વારના તેઓ સંઘના કાર્યકર્તા છે જ. એકએ વાર તેઓ શ્રી. તારાબેન મોડકના મધ્યગુજરાતનાં બાલમંદિરોના નિરી-ક્ષણમાં સાથે હતા. હવે તેઓ તેમના કામને અંગે વડોદરા રાજ્યમાં ફરવાના છે. તે વખતે સંઘની સાથે જોડાયેલાં બાલમંદિરોને મુલાકાત આપશે. બાલમંદિરના શિક્ષકોને આગ્રહભરી સૂચના છે કે શ્રી ભક્ત જ્યારે જ્યારે એ રીતે આવે ત્યારે ત્યારે તેમનો વધારેમાં વધારે શિક્ષકોએ લાભ ઉઠાવવો. તેમની પાસેથી સુંદર બાળગીતો શીખી લેવાં, તેમ જ બાલમંદિરના કામકાજમાં પણ સલાહસૂચના મેળવવી. સાધનોના ઉપયોગ પરત્વે બધાં જ બાલમંદિરોએ જાગૃત રહી ચીવટ રાખવાની જરૂર હોય છે. ઇન્દ્રિયશિક્ષણ, ગણિત, લેખન, વાચન,

હસ્તઉદ્યોગ, બાગકામ, બધી બાબતોમાં જ્યાં જ્યાં દિશાસૂચન જોઇતું હોય ત્યાં ત્યાં તેમની મદદ મળી શકે એમ છે.

શ્રી. મુળજીભાઇ મૂળે સ્વ. ગિજુભાઇના વિદ્યાર્થી. પછી અડયાર જઇને મૅડમ મૉન્ટીસોરી પાસે એમના મુખેથી વિદ્યા લઇ આવ્યા છે. નડિયાદના સ્વ. પ્રુલચંદ બાપુજી બાલમંદિરની સ્થાપનાથી જ પોતે ત્યાં કામ કર્યું હોવાથી કામપરત્વે અનુભવી છે.

તેમણે સંઘનું કામ કરવાની ઇચ્છા બતાવતાં સંઘે તેમને માનદ પ્રચારક નીમ્યા છે. તેઓ મૂળથી સ્વ. ગિજુભાઇના ને તેથી સંઘના જ છે. સંઘના કાર્ય માટે અંતરની ધગશથી કામ કરનારા સાથે આવા કાર્યકર્તાઓ મેળવવાનું કામ પણ કરતા રહે તો સંઘનું કાર્ય ઘણી ઝડપથી થાય.

કોડિયું. મુ. નાનાભાઇ ભટના તંત્રીપદ નીચે અહાર પડેલા 'કોડિયા' ને આનંદથી વધાવીએ છીએ. આજે ઘણાંઓનાં હૃદયમાં ગામડાં વિષે જિજ્ઞાસા, ગામડાનું કાર્ય કરવાની હોંશ ને ધગશ જાગ્યાં છે. પણ સાચું ગામડું કેવું છે, ને કેવું થવું જોઇએ; દેશના ભાવિમાં તેણે કેવો ભાગ ભજવવાનો છે; ગ્રામકેળવણીની સાચી દિશા કેવી હોય; વગેરે અનેક પ્રશ્નો ઉપર અનેક લોકો અનેક પ્રકારના વિચારો ધરાવે છે. તેમાં પણ મુ. નાનાભાઇ જેવા વિચારક અને ગામડાના કામના અનુભવીઓની પાસેથી માર્ગદર્શન અને વિચારસ્પષ્ટતા કરવાનું–અર્થાત્ તે બાબતમાં ધીમો, મંદ પણ શાંતિકારી પ્રકાશ આપવાનું કામ કોડિયું કરતું રહેશે તો ગામડાના અંધારામાં ભૂલાં પડેલાં અથવા આગળનો માર્ગ સૂઝતો નથી એવાં ઘણાંઓને તે દોરવણી આપવાનું કિંમતી કામ કરતું રહેશે.

મુ. નાનાભાઇનું પોતાનું ઘડતર ને ચણતર તો ખૂબ જ ઉપયોગી નીવડશે એમાં શંકા જ નથી. બીજા પણ અનેક અનુભવી ને વિદ્વાન લેખકોના લેખોથી આ અંક કેળવણીના જગતમાં એક મૂલ્યવાન ઉમેરો છે.

આજની બરાબર યોગ્ય ઘડીએ તે અવતર્યું છે. તેને અમે અંતઃકરણપૂર્વક આવકાર આપીએ છીએ ને તેને માટે પ્રભાવશાળી ભવિષ્ય ચિંતીએ છીએ. તા.

ગ્રામકાર્યકર્તા જોઇએ

શ્રી નૂતન બાલશિક્ષણ સંઘે ગામડામાં બાલશિક્ષણનું કાર્ય કરવાનું ઠરાવ્યું છે. શ્રી. તારાબેન મોડક પોતે ગામડામાં જઇને રહેવાનાં છે. બાલઘર એટલે સવારથી સાંજ સુધી ચાલતું બાલમંદિર; સાધનસંશોધન કાર્યાલય; પ્રકાશનમંદિર અને ગ્રામઅધ્યાપન મંદિર, ગ્રામબાલવાડી ને બાલઘરોની સ્થાપના, વ્યવસ્થા ને નિરીક્ષણ, વગેરે અનેક બાતાંઓમાં કામ ચાલવાનું છે. તે માટે નૂતન બાલશિક્ષણના અનુભવી, ગામડામાં રહી ગામડાના કામમાં તરબોળ થઇ શકે એવા, અને ગામડાની હાડમારી, ગરીબાઇ, અજ્ઞાન વગેરે સાથે ટક્કર ઝીલી શકે એવા કાર્યકર્તાઓની જરૂર છે. જેમને એવા કામની હોંશ હોય તેવા કાર્યકર્તાઓએ નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો:—

સરનામું: **શ્રી. તારાબેન મોડક,**
નૂતન બાલશિક્ષણ સંઘ કાર્યાલય,
૧૧૮, હિંદુ કોલની, દાદર, મુંબઇ.

બાળચમત્કૃતિ

અરવિંદકુમારના હાથમાં પથરો જોઇ બે ઘડી સ્તબ્ધ થઇ તે શું કરે છે તે જોવાના કુતૂહલથી એક ખૂણામાં ઊભો રહ્યો.

તેણે પેલા પથરને એક બારી પાસે પડેલા લાકડાના બીંબા પર મૂક્યો. અને તેની પર ચડી બારીમાં જોવા પ્રયત્ન કર્યો પણ પૂરતી ઊંચાઇ ન થવાથી તે નીચે ઊતર્યા. અને એક બીજો પથર ઉપર મૂક્યો અને ઉપર ચડ્યા. પણ હજી જોઇએ તેટલી ઊંચાઇએ તેઓ ન ચડી શકયા. આથી વળી એક પથર લઇ આવ્યા અને પેલા પથરો ઉપર મૂકી ધીમેથી તથા વધુ સંભાળપૂર્વક બારી પર ચડ્યો. આ વેળા તેને જોઇતી ઊંચાઇ થઇ હતી. અને બારી ઉપર ચડી શકયા તેથી તેના આનંદનો પાર ન હતો. તે ખૂબ જ પ્રફુલ્લિત હતા.

આ સમયે સંગીત ચાલતું હતું. અને હું બહારના બાળકોની હીલચાલ જોવા ફરી રહ્યો હતો. મારી સાથે એક એમ. એ. થયેલા બાળકેળવણીનું કામ કરવા ઇચ્છતા ભાઇ હતા. તેમને મેં આખું દૃશ્ય બતાવ્યું. તેઓ શરૂઆતમાં તો તે બાળકની હીલચાલમાંના હેતુને ન સમજ્યા પણ પછી મેં વિગતવાર સમજાવ્યું ત્યારે ખૂબ જ લહેરમાં આવી ગયા.

એ વાત એમ હતી. બાળકને બારી પર ચડવાની ઇચ્છા પાછળ ડો. મોન્ટીસોરીનાં સ્વયંસ્ફૂર્તિ અને સ્વાતંત્ર્યના સિદ્ધાંતની ખૂબી જે વાતાવરણમાંથી પ્રગટે તેમાં બાળક જે જે હિલચાલ કરે છે તેથી તેનો કેળવણી વિષયક વિકાસ રહેલો જ છે. આપણે તેમની વચ્ચે પડયા વિના તેમની તે તે હિલચાલમાં રહેલા હેતુને સમજવા યત્ન કરીને યોગ્ય શાસ્ત્રીય દૃષ્ટિથી તે હિલચાલના હેતુને સમજવા જોઇએ. આ બાળકે સંગીતના ઓરડામાં ચાલતી પ્રવૃત્તિમાં ભાગ લેવો જોઇએ કે કેમ અગર બહાર રહીને રમવું એ બન્ને વાત સમગ્ર વિકાસની દૃષ્ટિએ ગૌણ હકીકત સમી છે.

બાળકની પ્રવૃત્તિ પાછળ બૌદ્ધિક હેતુ કઇ રીતે કામ કરે છે, અને એ કામ અગર પ્રવૃત્તિમાં હેતુ સાધવા બાળક કેવા કેવા પ્રયત્નો કરે છે તે આપણે જોવું જોઇશે. મને ખબર પડી હતી કે બાળકને બારી પર ચડીને કંઇક જોવું છે. આથી તેની તે ઇચ્છાને તૃપ્ત કરવા—રાજી રાખવા એકાદ નાની ખુરશી લાવીને દીધી હોત તો કદાચ બાળક ઝડપથી બારી પર ચડી જાત અને તે પોતાની ઇચ્છા પાર પડત. પરંતુ સ્વતઃ આવિર્ભાવથી તેણે જે ક્રમિક પ્રયાસ કર્યો તે લાંબે ક્રમે વધુ શક્તિને ખર્ચે. પરંતુ મૌલિક રીતે જે પ્રયત્ને તેણે ઉપર ચડીને જોયું તેમાં તેની બુદ્ધિને જે કસરત મળી અને આવા ઇતર સંખ્યાબંધ પ્રસંગોથી તેની બુદ્ધિ જે ગતિશીલ વિચાર-પ્રવાહની શક્તિ કેળવશે તે તો આપણી વણ જરૂરી મદદથી કદી પ્રાપ્ત નહિ જ કરે. આમાં બાળકની શક્તિનો સ્વયં અને સ્વતઃ વિકાસ ક્રમ છે એ વાતથી આપણે તેની હીલચાલને અનુરૂપ થવા જાગૃત રહેવું પડશે.

મોન્ટેસોરી પદ્ધતિએ દૃષ્ટિની જ શિક્ષણ-પદ્ધતિ છે. તેમાં સાધનો વગેરે તો ગૌણ છે. સાધનો આવશ્યક છે પણ તે મર્યાદિત નથી. તેનું ક્ષેત્ર વિશાળ છે અને સાર્વત્રિક છે. આપણે તેને માટે કંઇ કરવા ઇચ્છા હોય તો તે તેને અનુકૂળ ક્રમ થવું તે જ છે.

M.A. થયેલા ભાઈને જ્યારે આ વાત કરી ત્યારે તેઓ પદ્ધતિનું ઊંડું રહસ્ય સમજવાના રસમાં ગરકાવ થઇ થઇ રહેલ હતા એમ એમના ચહેરા પરથી જણાતું હતું.

તેમણે જતાં જતાં કહ્યું. "આ કંઇ એક દિ'માં અમક પુસ્તકો વાંચ્યે સમજાય તેવી સહજ પદ્ધતિ તો નથી જ એટલું તો કહેવું જ પડે છે હોં." —ભાગુભાઇ

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે એમણે
આત્મારામ પ્રિં. પ્રેસ, બારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. તા. ૩૧-૮-૪૫

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

☆

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

☆

સારા અક્ષર શીખવાને સારુ ચિત્રકળા આવશ્યક છે. હું તો એવા અભિપ્રાય ઉપર પહોંચ્યો છું કે બાળકોને ચિત્રકળા પ્રથમ શીખવવી જોઇએ. જેમ પક્ષીઓ, વસ્તુઓ વગેરેને જોઈ બાળક તેને યાદ રાખી સહેજે ઓળખે છે તેમ જ અક્ષર ઓળખતાં શીખે, ને જ્યારે ચિત્રકળા શીખી ચિત્રો વગેરે કાઢતાં શીખે ત્યારે અક્ષર કાઢતાં શીખે તો તેના અક્ષર છાપેલ જેવા થાય.

—ગાંધીજીની આત્મકથા

વર્ષ ૨૦ | : : કાર્યાલય : : | અંક ૯
૨૦૦૧ | રાવપુરા : વડોદરા | ભાદરવો

બાલજીવનનાં રહસ્યો

(ડૉ. મૉન્ટેસોરીનાં અડ્યારનાં પહેલાં છ ભાષણો ઉપરથી)

(૧)

અત્યાર સુધી એમ મનાતું આવ્યું છે કે બાળક શક્તિવિહીન છે, અને પુખ્ત વયનાં માણસો તેમનો વિકાસ સાધે છે. આ માન્યતા બરાબર નથી. બાળકનું શરીર જેમ એની મેળે દિવસે દિવસે વધતું જાય છે, બાળકના ભાષા-જ્ઞાનમાં જેમ દિવસે દિવસે વૃદ્ધિ થતી જાય છે, તેમ બાળકના સમગ્ર જીવનમાં દિવસે દિવસે વિકાસ થતો જાય છે.

આ વિકાસ અમુક અમુક વખતે અમુક અમુક જાતનો જ થાય છે. જે વખતે જે જાતનો વિકાસ બાળકના જીવનમાં થવાનો શક્ય હોય તે વખતે તે વિકાસને અનુકૂળતા ન મળે તો તે વિકાસ થતો રહી જાય છે. બાળકમાં અમુક વસ્તુના વિકાસનો કાળ ગયા-પછી બીજી વસ્તુના વિકાસનો કાળ આવે છે; બીજી વસ્તુના વિકાસ-કાળ પછી ત્રીજી વસ્તુનો વિકાસકાળ આવે છે; અને આમ ઉત્તરોત્તર વિકાસની પરંપરા ચાલ્યાં કરે છે. બાળકના આ વિકાસના પરિણામે બાળકમાંથી મનુષ્ય પરિણમે છે.

વિકાસની આ શક્તિ બાળકમાં રહેલી છે તે આપણે શારીરિક તેમ જ માનસિક બાબતમાં જોઈ શકીએ છીએ. બાળકના દાંત પડી જતાં તેની જગ્યાએ નવા દાંત આવે છે. આ ઉપરથી જોઇ શકાય છે કે બાળકમાં શારીરિક વિકાસની શક્તિ રહેલી છે. તદ્દન નાનું બાળક બેઅઢી વર્ષમાં જ નવી આખી ભાષા શીખી લે છે. આ બતાવે છે કે બાળકમાં માનસિક વિકાસ કરવાની પણ શક્તિ રહેલી છે.

બાલ્યકાળથી માંડીને માણસ જેમ જેમ આગળ પથલાં માંડતું જાય છે, તેમ તેમ આ વિકાસની શક્તિનું જોસ દિવસે દિવસે ઓછું થતું જાય છે. ઉપર જણાવ્યું કે બાળકના દાંત પડી જતાં તેની જગ્યાએ નવા દાંત આવે છે; પરંતુ આપણે જાણીએ છીએ કે મોટા માણસના દાંત પડી જતાં નવા દાંત આવી શકતા નથી. વળી બાળક અઢી વર્ષમાં આખી ભાષા શીખી શકે છે; પણ મોટો માણસ નવી ભાષા તેટલા વખતમાં બરાબર શીખી શકતો નથી.

બાળક વિકાસ કરતી વખતે વિકાસને અનુકૂળ તત્ત્વો વાતાવરણમાંથી મેળવે છે. બાળકનું વ્યક્તિત્વ વાતાવરણને જ આધીન છે એમ નથી. બાળક ઊલટું વાતાવરણને પોતાને અનુકૂળ રીતે વાપરે છે. આ પ્રમાણે જોઈ શકીએ છીએ કે બાળક એ વિધેય નથી પણ વિધાતા છે. ટૂંકામાં બાળક એ મનુષ્યનો જનક (નિર્માતા) છે.

(૨)

પ્રાણીઓનાં બચ્ચાં જન્મે છે તે વખતે તેમની જે પરિસ્થિતિ હોય છે તેના કરતાં જુદી જ પરિસ્થિતિ મનુષ્યબાળના જન્મ વખતે હોય છે. પ્રાણીઓનાં બચ્ચાં જન્મે છે તે વખતે તેમાંનાં ઘણાંખરાં ઊભાં થઇ શકે છે, ચાલી શકે છે, તરી શકે છે, વગેરે. આ પ્રમાણે જે જે જાતની ક્રિયાઓ કરવાની શક્તિ મોટાં પ્રાણીઓમાં હોય છે, તે તે જાતની ક્રિયાઓ તેમનાં બચ્ચાં જન્મતાં-વેંત કરી શકે છે. મનુષ્યબાળ જન્મતાં

વેંત પુખ્ત મનુષ્ય જે ક્રિયાઓ કરી શકે છે, તેમાંની ઘણીખરી કરવાને અશક્ત હોય છે. તે ચાલી શકતું નથી, તે બોલી શકતું નથી, તે કંઈ પકડી શકતું નથી, વગેરે.

મનુષ્ય–બાળ જન્મતી વખતે પ્રાણીના બચ્ચા કરતાં પછાત જોવામાં આવે છે; તેમ છતાં પ્રાણીના બચ્ચા કરતાં ઘણી જ વધારે શક્તિઓ તેનામાં અંતર્ગત રહેલી હોય છે. એ અંતર્ગત શક્તિઓ બહાર લાવવા માટે મનુષ્ય-બાળ દિવસે દિવસે પ્રયત્ન કરતું જોવામાં આવે છે. તે આજુબાજુની પરિસ્થિતિનો અભ્યાસ કરવા માંડે છે. પોતાના અંગના વિવિધ અવયવોમાં રહેલી તાકાત કેળવાય તે માટે તે અવયવોનો ઉપયોગ કરવા માંડે છે. બાળકનો સ્વભાવ વિકાસશીલ હોવાથી મનુષ્યજાતિએ ઉપજાવેલી સંસ્કૃતિ પચાવવાનું તે પસંદ કરે છે. પરિણામે બાળક ભાષા, ચિત્ર, સંગીત, સ્નેહ-સંબંધ વગેરેમાં ઉત્તરોત્તર પ્રગતિ સાધે છે.

મનુષ્યબાળમાં ઇચ્છાશક્તિ, બુદ્ધિ વગેરે હોવાથી તે પ્રાણીઓ કરતાં ઘણું જ આગળ વધેલું છે. મનુષ્યપ્રાણી પોતાના હાથનો ઉપયોગ અનેક દિશાઓમાં કરી શકે છે. તે પોતાની ઇચ્છાશક્તિ દ્વારા વિવિધ કાર્યો પાર પાડી શકે છે. બીજાં પ્રાણીઓ મનુષ્યને મળતી કેટલીક ક્રિયાઓ કરતાં દેખાય છે ખરાં, પરંતુ તે બધી ક્રિયાઓ મનુષ્યબાળની ક્રિયાઓ માફક બુદ્ધિ-પ્રેરિત ન હોતાં પ્રેરણાગત હોય છે. મનુષ્યપ્રાણી અને બીજાં પ્રાણીઓ વચ્ચે મહત્ત્વનો ભેદ એ છે કે મનુષ્ય એ પોતે પોતાનો સ્વામી છે, અને બીજાં પ્રાણીઓ એ કુદરતી આવેગોને જ આધીન છે.

(૩)

બાળક વિકાસ સાધી શકે તે માટે તેને પોતાના સ્નાયુઓની જુદી જુદી તેમ જ એક-બીજા સાથે સહકારી ખિલવણી કરવી આવશ્યક હોય છે. સ્નાયુઓની માફક જ્ઞાનતંતુઓ, શરીરનાં જુદાં જુદાં અંગો, વગેરેનો વ્યક્તિગત તથા સમૂહગત વિકાસ સાધવાની પણ તેને જરૂર રહે છે. આમ થવા માટે બાળક એ બધાંનો ઉપયોગ કરવા માંડે છે; અને એ ઉપયોગને પરિણામે તે તેમ કરી શકે છે. બાળકને ઉપર બતાવ્યું તે પ્રમાણે વિકાસ સાધવાની આવશ્યકતા હોવાથી તે પોતાની પરિસ્થિતિમાં જે જે ક્રિયાઓ થતી જુએ છે તે તે ક્રિયાઓ તે કરવા માંડે છે. આ ક્રિયાઓ તે બીજાં પ્રાણીઓની માફક તદ્દન વગર સમજ્યે કરતું નથી. તે જે જે ક્રિયાઓનું અનુકરણ કરે છે, તે તે ક્રિયાઓ પાછળનું રહસ્ય તે સમજતું હોય છે; જેમકે બાળક બીજા લોકો જે ભાષા બોલતા હોય છે તે ભાષા તે વગર સમજ્યે બોલવાને બદલે તે ભાષા સમજવા ઇંતેજાર હોય છે, અને તે સમજે પણ છે.

બાળક પરિસ્થિતિમાંની પોતાને ઉપયોગી ક્રિયાઓ કેવી રીતે કરવી તે બરાબર સમજી શકે તે માટે મોટાંઓ તે ક્રિયાઓ અસંદિગ્ધ રીતે, સ્વાભાવિક રીતે તેમ જ સંપૂર્ણ રીતે કરવી જોઇએ. વળી બાળક આજુબાજુ થતી ક્રિયાઓ-માંની જે કોઇ ક્રિયાઓ કરવા ચાહે તે ક્રિયાઓ બાળકની વતી મોટેરાંઓએ કરી ન લેતાં તેને કરવાની તક આપવી જોઇએ; કારણ કે બાળકનો હેતુ બીજા મારફત ક્રિયા થાય તે જોવાનો ન હોતાં પોતે ક્રિયા દ્વારા ક્રિયા કરવાની શક્તિ મેળવે તે હોય છે.

જો કે બાળકને માટે ક્રિયા કરી દેવી તે બાળકને જાતે ક્રિયા કરતું કરવું તેના કરતાં વધારે સરળ છે; તેમ છતાં બાળકનું હિત ઇચ્છનારે બાળકને માટે કામ નહિ કરી લેતાં બાળક પોતે કામ કરી શકે તેવી અનુકૂળતા તેને કરી આપવી જોઇએ. બાળક પોતે પણ પોતાના વિકાસને અંગે જે ક્રિયાઓ કરતું હોય છે તેમાં બીજાનો વિક્ષેપ તે નાપસંદ કરે છે, અને પોતે સ્વતંત્ર રીતે કામ કર્યાનો સંતોષ અનુભવવા ઇચ્છે છે.

આનો અર્થ એમ નથી કે બાળકને બિલકુલ મદદ જ કરવી નહિ અથવા તેની ઉપેક્ષા કર્યા કરવી. આમ કરવાને બદલે બાળકની પોતાની શક્તિઓ કુંઠિત ન થાય અને તે વિકાસને માર્ગે વધારે સરળતાથી કેવી રીતે પગલાં માંડી શકે તેનો વિચાર મોટેરાંઓએ સતત કરવો જોઇએ. આનો અર્થ એમ છે કે બાળકને કયા કામમાં કયારે કેટલી મદદ કરવી અને કયા કામમાં કેટલી કયારે મદદ ન કરવી, તેનો સૂક્ષ્મ વિવેક મોટેરાંઓએ અર્થાત્ બાળકની માતાએ, પિતાએ, શિક્ષકે વગેરેએ કેળવવો જોઇએ.

ઉપરના વિવેચન ઉપરથી સ્પષ્ટ થશે કે બાળકના વિકાસ માટે બાળક પોતે સ્વતંત્ર બનતું જાય તે, તથા તે સ્વતંત્ર રીતે પોતાનો વિકાસ સાધી શકે તે જાતનું વાતાવરણ બહુ કરવુ એ બાલવિકાસના અગત્યના પ્રશ્નો છે. આ સંબંધી કેટલીક ઉપયોગી માહિતી 'બાલ-જીવનનું રહસ્ય' (Secret of Childhood) નામના પુસ્તકમાંથી મળી શકે તેમ છે.

(૪)

અત્યાર સુધી માનસશાસ્ત્રીઓએ મોટી ઉંમરના માણસોનું અવલોકન કરી માનસ-શાસ્ત્રના સિદ્ધાંતો ખોળી કાઢેલા છે; પણ હવે માનસશાસ્ત્રીઓએ બાલજીવનનું અવલોકન કરવા માંડયું છે. એ અવલોકનને પરિણામે મોટી ઉંમરના માનસની બાસિયતો કરતાં જુદી જ બાસિયતો બાલમાનસની જોવામાં આવી છે.

બાલમાનસનો અભ્યાસ કરનારને એમ સમજાયું છે કે બાળપણથી જ વાતાવરણ તેને અસર કરે છે. બાળપણમાં જેટલી શક્તિ વાતાવરણમાંથી યોગ્ય પસંદગી કરવાની હોય છે, તેટલી શક્તિ બાળપણ જતું રહેતાં પ્રાણીમાં રહેતી નથી. મનુષ્યજીવનના બાળપણ સંબંધી જ આવું બને છે એમ નહિ, પણ સમગ્ર પ્રાણીજીવનને આ વસ્તુ લાગુ પડે છે.

બાળકના ઉપર વાતાવરણ અસર કરે છે એટલા માટે બાળકના વાતાવરણ સંબંધી વિચાર થવો જોઇએ. આ સંબંધી અનેક પ્રયોગો–અનુભવોને પરિણામે એમ સમજી શકાયું છે કે બાળકને વાતાવરણમાં વ્યવસ્થિતતા ગમે છે. અવ્યવસ્થિત વાતાવરણમાં બાળક ઘણું મૂંઝાય છે, અને વાતાવરણમાંથી પસંદગી કરી વિકાસ કરવાની બાળકની જે પ્રવૃત્તિ છે તે ઘણી અટકી પડે છે.

એક વર્ષનું બાળક વાતાવરણની વ્યવસ્થિતતા કે અવ્યવસ્થિતતા તરફ પસંદગી–નાપસંદગી બતાવે છે. બાળક જેમ મોટું થતું જાય છે તેમ તેમ વ્યવસ્થિતતા તરફનો એનો આદર એટલો સચોટ રહેતો નથી. માણસમાં જે વ્યવસ્થા તરફનો આદર છે અને એને પરિણામે માણસ જીવનકાર્ય વધારે સરળતાથી સાધી શકે છે, તેનો ઘણોખરો યશ એના બાળપણમાં વ્યવસ્થા તરફનો આદરભાવ કુદરતે મૂકેલો છે તેને ભાગે જાય છે. બાળકને વ્યવસ્થા પ્રિય છે તે આપણે

અમુક વસ્તુઓનું ચોક્કસ સ્થાન બદલાતાં તેના તરફ તે જે નાપસંદગી દર્શાવે છે તથા કેટલીક વાર મૂંઝાય છે તે ઉપરથી જોઈ શકીએ છીએ.

(૫)

બાળક એ વિધાતા છે. એ પોતાનું જીવન-પ્રગતિનું કાર્ય હરહંમેશ કર્યાં કરે છે. એ કાર્ય એ જન્મતાં પહેલાં પણ કરતું હોય છે. પોતાના શરીરનું બંધારણ બાંધવા-માટે માતાના શરીરનાં તત્ત્વોમાંથી પોતાને જરૂરી તત્ત્વો તે ગ્રહણ કરે છે. આ ક્રિયા બાળકના જન્મ પછી જુદે સ્વરૂપે દેખાય છે. અત્યાર સુધી એ પોતાના શરીરની રચના કરતું હતું તેને બદલે તે હવે આ ઉપરાંત જીવનની સર્વ શક્તિઓ ઘડવા પ્રયત્નશીલ બને છે. બાળકના આ રચના કરવાના સ્વભાવને પરિણામે આપણે જે વિવિધ શક્તિયુક્ત મનુષ્ય જોઈએ છીએ તે પરિણમે છે. આને લીધે જ બાળક મનુષ્યનો જનક કહેવાય છે.

બાળક રચનાનું કાર્ય સતત કરતું દેખાય છે. એને એ કાર્યમાં રચના કર્યાનો ઉચ્ચ આનંદ આવે છે. આ રચનાની ક્રિયા વડીલો સમજે તો બાળકના કાર્યમા તેઓ અવરોધ નહિં કરતાં તેને અનુકૂળ બને.

બાળક પોતાના જીવનના નિર્માણ માટે પ્રવૃત્તિ કરતું ઘણી વાર જોવામાં આવે છે. તે પોતાના શરીર, મન અને બુદ્ધિ વચ્ચે સહકારી સંબંધ કેળવવા માટે વિવિધ કાર્યો કરે છે. કેટલીક વાર તે પાણીના કૂંજે લઈ જવાનો પ્રયાસ કરતું હોય છે; કેટલીક વાર તે વસ્તુ કેમ પકડવી તે શીખવા માટે પદાર્થો સાથે ગડમથલ કરતું હોય છે; કેટલીક વાર અમુક વસ્તુ એક જગ્યાએથી બીજી જગ્યાએ તે લઈ જતું દેખાય છે; તેમ જ કોઈ કોઈ વાર તે વસ્તુઓની ગોઠવણી કરતું હોય છે. આ બધાની પાછળ જીવનપ્રગતિ સાધવી એ જ હેતુ રહેલો હોય છે.

બાળક પોતાના જીવનની રચના શરીર, મન અને બુદ્ધિનો ઉપયોગ કરવો પડે તેનાં કાર્યો મારફત જ સાધી શકે. આ કાર્ય તેણે પોતે જ કરવુ રહ્યું તરતાં શીખવા માટે માણસે જાતે જ પ્રયત્ન કરવો પડે છે તેમ બાળકે પોતાનુ જીવન ઘડવા માટે તેણે પોતે જ પ્રયત્ન કરવો પડે છે. જીવનપ્રગતિ સાધવાના આ કાર્યની અંદર બાળકને દુઃખ થતું મોટેરાંઓને કેટલીક વાર દેખાય છે. વળી બાળકના કાર્યની ગતિ ઘણી ધીમી હોવાને લીધે પણ મોટેરાંઓની ધીરજ ખૂટી જાય છે. આથી મોટેરાઓએ બાળકની જીવનપ્રગતિનું સ્વરૂપ સમજી વારંવાર વચ્ચે પડવાનું ત્યજી દેવું જોઈએ. વળી બાળકની વિકાસ કરવાની ગતિનો જે વેગ હોય તે વેગને અનુકૂળ થવા માટે મોટેરાંઓએ પ્રયત્નશીલ રહેવું જોઈએ. બાળકના જીવન સાથે સુમેળ સાધતાં મોટેરાંઓએ શીખવું જોઈએ. બાળક મોટેરાંના વિક્ષેપ સિવાય જીવનપ્રગતિ સાધી શકે તો તે વિજયપ્રાપ્તિનો ઉચ્ચ આનંદ અનુભવે છે.

(૬)

મનુષ્યજીવનમાં તેમ જ ઇતર પ્રાણીઓના જીવનમાં બાલ્યકાળ એ જીવનના બંધારણનો કાળ છે. તે વખતે તે પરિસ્થિતિમાંથી ગ્રહણ કરી જીવનનું બંધારણ ઘડે છે. આ બંધારણ ઘડવાની ક્રિયા પુષ્પ ઉંમરના પહેલાં થઈ જાય

છે. અમેરિકામાં એક પ્રાણીશાસ્ત્રી છે. એણે મધમાખીઓની જાત સુધારવા માટે ઘણા અખતરા કર્યા છે. એ અખતરાઓમાંનો એક અખતરો મધમાખીઓના ડંખનો નાશ કરી તેને જોખમ સિવાયની બનાવવી અને તે વધારે પ્રમાણમાં તેમ જ વધારે મીઠું મધ બનાવી શકે તેવી બનાવવી એ હતો. આ અખતરો તેણે મોટી મધમાખીઓ ઉપર કરી જોતાં તે નિષ્ફળ નીવડ્યો, પરંતુ માખીઓનાં બચ્ચાં પરનો તેનો પ્રયોગ સફળ નીવડ્યો. આ ઉદાહરણમાંથી એટલું ફલિત થાય છે કે બાલ્યકાળ એ બંધારણનો કાળ હોવાથી તેના બંધારણના કાર્યમાં અનુકૂળ થઈ પડે એવી જાતના વાતાવરણમાંથી તેને ગ્રહણ કરવા દેવું જોઈએ. વળી વાતાવરણ બાળકના વિકાસને યોગ્ય રચવાની પણ કાળજી લેવાવી જોઈએ.

બાળકના જીવનઘડતરના કામમાં કયું ઉપયોગી છે અને કયું બિનઉપયોગી છે, તે બાળક જાતે જ નક્કી કરી શકે. બીજાંઓ એના ઉપર પોતાની દૃષ્ટિએ અમુક વસ્તુઓ લાદવા જાય તે બાળક પસંદ કરતું નથી, તથા તેથી તેને લાભ થવાને બદલે નુકસાન થાય છે.

બાળક બીજા વર્ષમાં મોટે ભાગે વાતાવરણમાંનું સમગ્ર પકડવાને બદલે વાતાવરણમાંની અમુક ઝીણી બાબત ગ્રહણ કરવી પસંદ કરે છે. બાળક ઘણાં ચિત્રોમાંથી અમુક જ ચિત્રની નાની વસ્તુઓ તરફ પોતાનું ધ્યાન દોરે છે. ઘણી વાર એવી વસ્તુઓ મોટેરાંના ધ્યાન બહાર જ હોય છે. બાળક સમગ્ર વાર્તા સમજવા છતાં એનું ધ્યાન વધારે કેંદ્રિત તો વાર્તાના અમુક પ્રસંગ ઉપર જ થાય છે. બાળક પરિસ્થિતિમાં રહેલાં ફળ, ફૂલ, પશુ, પંખી વગેરે સમગ્રમાં રસ લેવાને બદલે કેટલીક વાર નાના જીવડા જેવી બાબતમાં જ પોતાનું ધ્યાન કેંદ્રિત કરે છે. જિસેસ ક્રાઇસ્ટના જીવન સંબંધી ચિત્રોમાંથી એકાદ ચિત્રની અમુક વિગત ઉપર બાળકનું ધ્યાન ગયેલું હોવાનું નોંધાયું છે. આ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે મોટાંઓને જે વસ્તુઓ અસર કરે છે, તે વસ્તુઓ કરતાં જુદી જ વસ્તુઓ ઘણી વાર બાળકોને અસર કરે છે. આથી બાળકના આ જાતના સંવેદનકાળનું સ્વરૂપ સમજી મોટેરાંઓએ તેને પોતાના રસની વસ્તુઓ તરફ આકર્ષવાને બદલે એના સંવેદનને અનુકૂળ થાય તે જાતની પરિસ્થિતિ ઊભી કરવી જોઈએ.

આથી કરીને જ પાંચ વર્ષની ઉંમર થતાં સુધી બાળક બીજાનું દોરવ્યું દોરાઈ બીજા પાસે આસ શીખી શકતું નથી. આને લીધે કેટલાક એમ માને છે કે પાંચ વર્ષ સુધી બાળક ઠોઠ હોય છે; પરંતુ વસ્તુતઃ બાળક ઠોઠ હોતું નથી. તે તો જીવંત રહી દિનપ્રતિદિન જીવનસિદ્ધિ પ્રાપ્ત કરતું હોય છે. આ કાળ મહત્ત્વપૂર્ણ હોવાથી મનુષ્યે તેના તરફ આદર બતાવવો જોઈએ; અને આમ જો થાય તો મનુષ્યજાતનું સ્વરૂપ ઘણું ઊંચી જાતનું બને, અને પરિણામે પૃથ્વીનું સ્વર્ગ બને.

વિ. છ. મ. અને શં. સો. પ.

નવી જોડાણસંસ્થાઓ

(૧) પુષ્પ બાલમંદિર, મણિનગર, અમદાવાદ
(૨) શિશુમંદિર, રાયપુર, ,,
(૩) દહેગામ બાલમંદિર, દહેગામ (ઉ. ગુ.)
(૪) માણસા બાલમંદિર, માણસા (ઉ. ગુ.)

બે પત્રો

(૧)

વડોદરા, તા. ૧૩–૯–૪૫

શ્રી.....,

અમારા બચુની ઉંમર ૮ વર્ષની છે. તેનો સ્વભાવ હમણાં હમણાં તદ્દન રિસાળ થઇ ગયો છે. તેને રિસાવાનું કારણ ન આપવાની અમે ઘણી કાળજી રાખીએ છીએ. તેની દરેક માગણી સંતોષવા અમારી શક્તિની મર્યાદામાં રહીને બધું જ કરવા છતાં, એ કારણ વગર પણ રિસાઈ જાય છે. સવારના એ દૂધ પીએ છે, છતાં એની ઇચ્છા ચા પીવાની થાય તો અમે એને દૂધ પીવાનો આગ્રહ ન કરતાં તેને ચા આપીએ છીએ; તોપણ તે રિસાય છે. તે રિસાય છે ત્યારે કલાકો સુધી એક જ જગ્યાએ શાંતિથી મોં ચઢાવીને બેસી રહે છે. બીજાં છોકરાં રિસાય છે ત્યારે રડે છે, પગ પછાડે છે, જમીન પર સૂઈ જાય છે, વગેરે ક્રિયાઓ કરે છે; પણ આ બચુ રિસાયા પછી રડતો નથી, પગ પછાડતો નથી, આળોટતો નથી, માત્ર બોલ્યાચાલ્યા વિના મૂઢની માફક ઉદાસ થઈને બસ કલાકો સુધી બેસી જ રહે છે. પછી જે જગ્યાએ એ બેઠો હોય ત્યાંથી એને ઉઠાડવો મુશ્કેલ બને છે. એને ગમે તેટલો સમજાવો, લાલચ આપો, લાડ કરો કે ધમકાવો; પણ એ કેસેબિએંકાની માફક એની જગ્યાએ અચળ રહેવાનો. અમે કંટાળીને પછી એના પર જ્યારે તે રિસાય ત્યારે ધ્યાન આપવાનું છોડી દીધું છે. અને છતાં એની રિસાવાની ટેવ ચાલુ જ છે. આવા બાળકનો રિસાળ સ્વભાવ કેવી રીતે સુધારવો એ અમારી મૂંઝવણ છે. કોઈ ઉપાય સૂચવશો ?

લિ. બાલમુકુંદ પરીખના
પ્રણામ.

(૨)

તા. ૧૫–૯–૪૫

પ્રિય ભાઈશ્રી બાલમુકુંદ,

તમારો પત્ર મળ્યો. તમારો બચુ કંઈ જ કારણ વગર કલાકના કલાક બેસી રહે છે, એને તમે રિસાય છે એમ કહો છો. એની રીસને માટે તમે કોઇ એને કંઇ જ કારણ આપતાં નથી તથા તમને એની રીસને માટે કંઈ કારણ જેવું લાગે તો તે દૂર કરવા તમે પ્રયત્ન કરો છો, તે જાણ્યું. વળી હવે એની રીસ તરફ ધ્યાન આપવું તમે છોડી દીધું છે, એમ પણ તમે લખો છો. આ બધું યોગ્ય છે. વિશેષમાં, મને એમ પણ પૂછવાનું મન થાય છે કે બચુ ક્રિયાવિહીનને બદલે ક્રિયાશીલ થાય તેનો વિચાર તમારે કરવો જોઇએ.

તમારો બચુ આઠ વર્ષનો છે. તે નિશાળમાં જતો હોવો જોઇએ. એને વાંચતાં આવડતું હશે. એના બરની ચોપડીઓ લાવીને તમે ઘરમાં રાખી જુઓને ? સ્વ. ગિજુભાઇની બાલ-વાર્તાઓના પાંચ ભાગ એની ઉંમરના છોકરાને વાંચવા બહુ ગમે છે. શ્રીદક્ષિણામૂર્તિ બાલ-સાહિત્યની ૮૦ ચોપડીઓ છે, તેમાંથી પણ કેટલીક એને લાયકની તમે પસંદ કરીને એને આપી શકો.

ચોપડીઓ વાંચવા ઉપરાંત ચિત્રોની

ચોપડીઓ એને લાવી આપો. બ્લેકની પ્રાણીઓને લગતી ચિત્રોની ચોપડીઓ સારી આવે છે. ટાઇમ્સની હોમ લાયબ્રેરી કલબનું દુનિયાના સુંદરમાં સુંદર ફોટોગ્રાફોનું પુસ્તક તમારી પાસ છે તે તમે એને બતાવો તો ?

વળી, રંગબેરંગી બૅકપેપરના ટુકડા તથા રંગબેરંગી પેન્સિલો તમે એને લાવી આપો. મોન્ટેસોરીનાં સાધનોમાં લોખંડની દસ આકૃતિઓ તથા એનાં ચોકઠાં આવે છે. એમની મદદ વડે જાતજાતની આકૃતિઓ પાડી એમાં સમાંતર લીટા પાસપાસે દોરવાનું કામ તમે બચુને બતાવો તો મને લાગે છે કે તે એ કામમાં રસ લેશે.

બચુને તમે તમારી સાથે કૅરમ રમાડો, તમારી પાસે સાપ-બાજી હોય તો તે અથવા એવી બીજી રમતો કેમ રમાય તે બચુને તમે શીખવો.

સાંજના તમારી સાથે બચુને બાગમાં ફરવા લઈ જાઓ. બાગમાં એને સસલાં, હરણ, કાચબા, વાંદરા, વગેરે બતાવો. એને કોઈ વાર ઍડ સંભળાવો; ફુવારો ઊડતો બતાવો.

મને લાગે છે કે બચુમાં ક્રિયાહીનતાને બદલે ક્રિયાશીલતા આવશે એટલે તમારી મુશ્કેલી નહિ રહે; બચુની સ્થિતિ પણ સુધરી જાય તે પણ સુખી થશે.

ઉપર બતાવી તે બાબતો ઉપરાંત બીજી ઘણી રીતે બચુને તમે મદદગાર થઈ શકો. બચુને સુધારવાના ઉત્સાહમાં તમે એના ઉપર પ્રવૃત્તિઓનો વરસાદ નહિ વરસાવતા; ધીમે ધીમે એ દિશામાં જશો. બચુને એમ નહિ લાગવું જોઇએ કે તમે એની ખામી સુધારવા નીકળ્યા છો. આ બધામાં બચુનાં બા પણ સામેલ થાય તો સારું. મને લાગે છે કે આ દિશા તરફ પગલાં માંડવાથી તમારી મુશ્કેલી દૂર થશે. તમારા વ્યવસાયી જીવનમાંથી પણ બચુ માટે તમારે વખત મેળવવો જ જોઈએ; મને આશા છે કે તમે તેમ કરશો સૌ કુશળ હશો. અમે સૌ કુશળ છીએ. બચુના ખબર લખતા રહેશો.

લિ. સ્નેહાધીન
.....ના વંદન

કચ્છી સંમેલન

સ્વ. ગિજુભાઇના મંત્રો, સાધના જૂના સાથી અને ચાલુ કાર્યકર્તા શ્રી. દેવરામ વરસે અંજાર-કચ્છમાં નૂતન બાલશિક્ષણ સંમેલન યોજ્યું છે. તેમાં હાજરી આપવા સંઘના મંત્રી શ્રી તારાબહેન મોડક જવાનાં છે. સાથે ભાષામંત્રી શ્રી. કમળાશંકર પંડિત પણ જશે.

આ સંમેલન તા. ૧૬ મી ઑકટોબરના રોજ અંજાર મુકામે મળશે. તા. ૧૭, ૧૮ ઑકટોબરના દિવસોમાં નૂતન બાળશિક્ષણના પ્રચારાર્થે શ્રી તારાબેન કચ્છનો પ્રવાસ પણ ખેડશે.

ભાવનગર સંમેલન

ઉકત પ્રવાસના અનુસંધાનમાં ભાવનગરમાં તા. ૨૧-૨૨ ઑકટોબરના રોજ કાઠિયાવાડ વિભાગનું નૂતન બાળશિક્ષણ સંમેલન મળવાનો કાર્યક્રમ પણ ત્યાંના વિભાગીય કાર્યકર્તાઓ શ્રી પ્રેમશંકર ન. ભટ્ટ તથા શ્રી હેમુભાઇ રાજગોર એમ્બોએ મળીને યોજ્યો છે. શ્રી. તારાબહેન મોડક ત્યાં પણ હાજરી આપશે. સહુ બાળશિક્ષણ પ્રેમીઓને આ સંમેલનોમાં ભાગ લેવા સપ્રેમ આમંત્રણ છે.

" આજે તો મારે કામ છે; કાલે વાત."

"સારાકાકા ! ઓલે દી અધૂરી રહેલી પેલી વાર્તા કહો ને ? "—ઇ-દુભાઇ ઑફિસેથી ઘેર આવ્યા તેમને ઊભા રાખી રમેશે માગણી કરી.

" લે વળી ! તને ખબર નથી, આપણે ત્યાં મહેમાન આવ્યા છે તે ? મારે મહેમાન સાથે વાતો કરવી છે. વાર્તા આજે નહિ, કાલે કહીશ. "

× × ×

" ઇ-દુભાઇ ! ચાલો ને આજે તો ? તમે કાલ કાલ કરો, પણ ચાલો નહિ ! ભાઇશા'બ એવું તે કાંઈ હોય ? વેકેશન પડયું ત્યારના પાર્કમાં ફરવાની વાત કરીએ છીએ. તમે કાલે કાલે કરીને સાંભળો જ કયાં છો ? " સરલાએ ઇ-દુભાઇને ઠપકાભરી આંખે કહી દીધું.

" હા, બહેન ! કાલે જરૂર ચાલીશું. જુઓ ને, આજે પેલા માસિકના તંત્રીનો કાગળ આવ્યો છે. મારે તેના ખાસ અંક માટે આજે જ લેખ લખી મોકલવો છે. હમણાં જ ઑફિસમાં જાઉં છું. "

× × ×

" મોટાભાઇ ! જુઓ ને, આજ રાત કેવી નિર્મળી છે ? પેલાં નક્ષત્રો તમે ઓળખાવવાના હતા તે તો રોજ રહી જાય છે. આજ બતાવો ને ? વસુ, અનિલ, રમુ, કાન્તા-એ બધાંને બોલાવી લાવું ? આજ તો તમારે આકાશ દેખાડવું જ પડશે. ઈ બધાં રોજ ભેગાં થઈને આવે ને તમારે કાંઈ કામ નીકળી પડે ! આજ તો નહિ જ જવા દઈએ. "

" લીલુ ! આજ તો હું નક્ષત્રો અને તારા બતાવવાનો જ હતો; પણ જો ને હમણાં જ પેલી કલબના સેક્રેટરી આગ્રહ કરી ગયા. ત્યાં ભાષણ કરવા જવા સિવાય છૂટકો નથી. આજ ત્રણ રવિવાર થયાં મારા ભાષણનો ક્રમ પડે છે– કંઇ ને કંઇ રોકાણ આવી પડે એટલે આજ તો તેમને ના નહિ જ પડાય. આપણે આકાશ-દર્શનની વાત આવતી કાલ પર રાખીએ. જરૂર. મારે તો હવે કલબમાં જવા ઊપડવું જોઇએ. અચ્છા ! સાહેબજી. "

" ઇ-દુભાઈની આવતી કાલ કોણ જાણે કયારે ઉગશે ? " લીલુ બબડી.

લય

બાલમંદિરના શિક્ષકોને સુવર્ણ તક

એક સપ્તાહનો સંસ્કારવર્ગ

(Refreshers' Course)

શ્રી નૂતન બાલશિક્ષણ સંઘના ઉપક્રમથી, આપણા સુપ્રસિદ્ધ બાળકેળવણીકાર શ્રીમતી તારાબહેન મોડક શ્રી ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદમાં તા. ૨૩ મી ઓકટોબરથી તા. ૩૧ મી ઓકટોબર '૪૫ સુધી આ 'ઓપ'વર્ગ ચલાવશે. આ અંગેની વિશેષ વિગતો હવે પછી અખબારોમાં આવશે. તો લાભ લેવા ઇચ્છતાં ભાઈબહેનોએ પોતાનું આવેદનપત્ર નીચેના સરનામે તા. ૧૫–૧૦–૪૫ સુધીમાં લખી મોકલવું.

કમળાશંકર પંડિત
ભાષામંત્રી : નૂ. બા. શિ. સંઘ
ઠે. શિશુભારતી, તારકેશ્વર, વડોદરા

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર

[આ લેખ આજથી અગિયારેક વર્ષ ઉપર લખાયેલો છે. આ લેખમાં શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરની હકીકત આવે છે તે પત્રિકામાં સચવાઈ રહે તે હેતુથી તથા એમાં બાલમંદિરનાં કાર્યની રૂપરેખા આપી છે તે ઉપકારક થઈ પડે તેમ લાગવાથી આ લેખ અત્રે છાપ્યો છે.]

શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થિભવનની શરૂઆત ગૃહથી થઇ. ગૃહ એકલાનો કાર્યપ્રદેશ પૂરતો નહિ લાગવાથી વિનયમંદિર શરૂ થયું. વિનયમંદિરના આચાર્ય તરીકે શ્રી. ગિજુભાઇ કામ કરતા હતા.

વિનયમંદિરના આચાર્ય તરીકે શ્રી ગિજુભાઇ કામ કરતા હતા તે વખતે સંસ્થા મંથનકાળમાં હતી. વિનયમંદિરમાં અનેક અખતરા થતા હતા. આ અખતરાઓને પરિણામે પણ સંસ્થાને સંતોષ થયો નહિ. ઊલટું, દિવસે દિવસે એમ લાગતું ગયું કે વિદ્યાર્થીઓને ખરા મનુષ્ય બનાવવા હોય તો એમને શરૂઆતથી જ હાથ લેવા જોઇએ. શરૂઆતનાં વર્ષોમાં માણસ જે વલણો લે છે તે વલણો જિંદગી પર્યંત કાયમ રહે છે એમ પણ શિક્ષણને લગતાં નવાં નવાં પુસ્તકો વાંચતાં લાગતું ગયું. પરિણામે, સંસ્થાએ નાનાં બાળકોની કેળવણીનો પ્રશ્ન હાથ લેવા વિચાર કર્યો.

શ્રી. ગિજુભાઈ આ સંસ્થામાં આવ્યા તે પહેલાં તેઓ વકીલ હતા. વકીલાતમાં એમનો જીવ કોળ્યો નહિ. દરમિયાન, એમને ત્યાં પુત્રનો જન્મ થતાં એનાં ઉછેર તથા કેળવણીનો સવાલ એમના આગળ ખડો થયો. એ સવાલના ઉકેલ માટે એમણે પુસ્તકો વાંચવા માંડ્યાં. આ પુસ્તકોમાં ડૉ. મોંટેસોરીનાં પુસ્તકો પણ એમના વાંચવામાં આવ્યાં. આ પુસ્તકોએ એમના જીવનમાં પરિવર્તન આણ્યું. એમનો શિક્ષકનો આત્મા સળવળી ઊઠ્યો. વકીલાત છોડી તેઓ શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થિભવનમાં આવ્યા.

શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થિભવનના વિનયમંદિરમાં કામ કરતાં એમને ઉપર જણાવ્યું તેમ એમ લાગ્યું કે વિદ્યાર્થીઓને ખરા મનુષ્ય બનાવવા માટે શરૂઆતથી જ હાથ ધરવા જોઇએ. નાના વિદ્યાર્થીઓની કેળવણી સંબંધી ડૉ. મોન્ટેસોરીનાં પુસ્તકો એમણે વાંચેલાં જ હતાં. આથી આ કામ એમણે હાથ ધરવાની હામ ભીડી; અને પરિણામે શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થિભવન તરફથી એક બાલમંદિર શરૂ થાય તે માટે એમણે તજવીજ કરવા માંડી.

આ બાલમંદિર શરૂ કરવાનો શ્રી. ગિજુભાઇનો પ્રસ્તાવ શ્રી. નાનાભાઇ, શ્રી. મોટાભાઇ, શ્રી. હરભાઇ વગેરેએ ઉત્સાહથી વધાવી લીધો; અને પરિણામે સને ૧૯૨૦ માં શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર શરૂ થયું.

આ બાલમંદિરનું કામકાજ શ્રી. ગિજુભાઇએ સંભાળી લીધું. વિનયમંદિરના આચાર્ય તરીકેની એમની જગ્યા શ્રી. હરભાઇએ પૂરી.

શરૂઆતમાં બાલમંદિર ભાવનગરમાં કાળા ગરનાળા નામે ઓળખાતી જગ્યા પાસે એક નાનકડા મકાનમાં શરૂ થયું હતું. એ મકાન નાનકડું હોવા છતાં તે વખતની વિદ્યાર્થીઓની સંખ્યા જોતાં એકંદરે અનુકૂળતાવાળું હતું.

આ બાલમંદિર શરૂ કર્યું તે વખતે એ કઈ પદ્ધતિથી ચલાવવું એ બહુ સ્પષ્ટ નહોતું. મૉંટેસોરી પદ્ધતિ તે વખતે આપણા દેશમાં નવીસવી હતી એ પદ્ધતિનું બાલમંદિર ચાલતું શ્રી. ગિજુભાઈએ પણ એકે જોયું નહોતું. એ પદ્ધતિ પ્રમાણે કામ કરતાં ફાવશે કે કેમ તેનો તે વખતે સવાલ હતો. આથી તે વખતે એમ જાહેર થયું હતું કે બાલશિક્ષણને લગતી સારી સારી પદ્ધતિઓનો ઉપયોગ કરી આ બાલમંદિર ચલાવવામાં આવશે.

બાલમંદિર ચલાવવાનો અનુભવ થતો ગયો. મૉંટેસોરી પદ્ધતિ ઉપર આસ્થા બેસતી ગઈ. બીજી પદ્ધતિઓનું મિશ્રણ મૉંટેસોરી પદ્ધતિ સાથે ચલાવવું અયોગ્ય લાગ્યું. પરિણામે, આ બાલમંદિર મૉંટેસોરી પદ્ધતિ પ્રમાણે ચલાવવાનું નક્કી કર્યું. આ પદ્ધતિ પ્રમાણે જ અત્યારે આ બાલમંદિર ચાલે છે.

આ બાલમંદિરમાં શરૂઆતમાં શ્રી ગિજુભાઈ એકલા જ કાર્યકર્તા હતા. એમને થોડી મુદતમાં એક ભાઈ અને એક બહેન એમ બે ઉત્સાહી કાર્યકર્તાઓ મળી ગયા; શ્રી ગિજુભાઈએ બાલમંદિરના સંચાલનમાં વિશેષ નિપુણતા મેળવવાની સાથે આ બંને કાર્યકર્તાઓને પણ તૈયાર કરવા માંડ્યા. પરિણામે બાલમંદિર પ્રગતિ કરવા માંડ્યું.

કાળા ગરનાળા આગળનું મકાન ત્રણ માસની મુદત માટે જ મળ્યું હતું. એ મુદત પૂરી થતાં બાલમંદિર અત્યારે શ્રીદક્ષિણામૂર્તિ ગૃહનું જે દવાખાનું છે તે મકાનમાં આવ્યું. એ મકાન સાથે ગૃહને અડીને આવેલો સરસ્વતી-મંદિરવાળો ઓરડો પણ બાલમંદિરને સોંપવામાં આવ્યો.

આ નવી જગ્યાએ બાગ, નળ કે કૂંપા-ઉંડની અનુકૂળતા નહોતી. તેમ છતાં ત્યાં પણ બાલમંદિર આગળ ને આગળ વધતું હતું; બાળકોની ચિત્ર, લેખન, વાચન, વગેરે વિષયોમાં પ્રગતિ દેખાવા માંડી હતી.

આ બાલમંદિર માટે અનુકૂળ મકાનની અગવડ તો હતી જ. એ અગવડ શ્રી હીરાલાલ અમૃતલાલ શાહની કંપનીએ અત્યારનું બાલ-મંદિરનું મકાન બંધાવી દૂર કરી.

અત્યારનું મકાન ૨૦,૦૦૦ રૂપિયા ખર્ચી બંધાવેલું છે. એ એક ઊંચી ટેકરી ઉપર આવેલું છે. મકાનની આજુબાજુ પુષ્કળ ખુલ્લી જગ્યા છે. મકાન પણ વિશાળ છે. મકાનની વચ્ચે ચોક છે. મકાનની બહારની બાજુએ ત્રણ તરફ ઓશરી છે. ઓરડા વગેરેની સવડ પણ મકાનમાં સારી છે. હવા, અજવાળું, તડકો વગેરેની ઉત્તમ વ્યવસ્થા છે.

આ મકાનની આજુબાજુનું દૃશ્ય પણ સુંદર છે. સંસ્થાનાં બધાં મકાનોમાં આ મકાન સુંદરમાં સુંદર જગ્યાએ આવેલું છે. આ મકાન પૂર્વાભિમુખ છે. મકાનની આગલી ઓશરીમાં ઊભા ઊભા પૂર્વ તરફ નજર નાખીએ તો અધ્યાપનમંદિર–ગૃહ તથા કલામંદિર પ્રથમ નજરે પડે છે. એની પેલી પાર ગધેડિયું ખેતર તથા બીજાં ખેતરો દેખાય છે. એ ખેતરોની પર દૂર દૂર નજર નાખતાં અકવાડા અને ઘોઘા ગામો દેખાય છે. ઘોઘાનો દરિયો પણ ચકચક

કરતો જણાય છે. દરિયામાં જતીઆવતી સ્ટીમરો તથા વહાણ પણ બાલમંદિરની ઓશરીમાં ઊભાં ઊભાં જોઈ શકાય છે. સવાર હોય તો ઊગતો સૂરજ પણ અહીંથી દેખી શકાય છે. એ પૂર્વ તરફની ઓશરીમાંથી દક્ષિણ તરફ વળીએ તો પાસે વિનોદપ્રિયા માતાની ટેકરી, એની પેલી પાર શામળદાસ કૉલેજ તથા એથી દૂર જોતાં ક્ષિતિજને રોકતા બોખરાના ડુંગરો દેખાય છે. એ ઓશરીના પશ્ચિમ તરફને છેડે જઈ જોતાં નાનીમોટી ટેકરીઓ તથા દૂર બોર તળાવ દેખાય છે. દૂર દૂર ક્ષિતિજમાં શેત્રુંજે પર્વત પણ ઝાંખો ઝાંખો દેખાય છે. જરા પશ્ચિમ તરફ વળીએ તો વૃક્ષોની ઘટામાં ઊંચું માથું કરી રહેલા રાજમહેલો દેખાય છે. એની પેલી બાજુ શિહોરના ડુંગરા દેખાય છે. દક્ષિણ તરફની ઓશરીમાંથી ઉત્તર તરફની ઓશરીમાં આવીએ તો સ્ટેટ હૉસ્પિટલ, સંસ્થાનાં બીજાં મકાનો, તખ્તેશ્વરની રમણીય ટેકરી, એથી દૂર મોટા બગીચામાં આવી રહેલું હોય એવું ભાવનગર શહેર, તથા એથી પણ દૂર ભાવનગરનું બંદર દેખાય છે. ઉત્તર તરફથી નજર સહેજ પૂર્વ તરફ બસેડતાં રૂવાપરી માતા તથા ભાવનગરની બાડી દેખાય છે. આમ આ બાલમંદિર એવી સરસ રીતે આવેલું છે કે ત્યાં આવનાર માણસને આનંદ થાય, અને ત્યાંથી આજુબાજુ દેખાતું મનોહર દૃશ્ય તે જોયા જ કરે.

આ બાલમંદિર મૉંટેસોરી પદ્ધતિ પ્રમાણે ચાલે છે એમ આગળ જણાવ્યું છે. એ મૉંટેસોરી પદ્ધતિ સંબંધી અત્રે સહેજ વિચાર કરી લઈએ.

મૉંટેસોરી પદ્ધતિ એ તદ્દન નાની ઉંમરથી બાળકોને કેળવવાની પદ્ધતિ છે. એ પદ્ધતિના બે વિભાગ પણ પાડવામાં આવે છે: ૨॥ થી ૭ વર્ષનાં બાળકો માટેનો વિભાગ, અને તેથી મોટાં બાળકો માટેનો વિભાગ.

આ પદ્ધતિ ઈટાલીની એક બાઈ ડૉ. મૉંટેસોરીએ યોજેલી હોવાથી એને મૉંટેસોરી પદ્ધતિ કહેવામાં આવે છે.

આ પદ્ધતિ પ્રમાણે એમ માનવામાં આવે છે કે દરેક બાળક જન્મથી જ અમુક વ્યક્તિત્વ લઈને અવતરે છે. એ વ્યક્તિત્વનો વિકાસ થાય એ માટે એને યોગ્ય વાતાવરણમાં સ્વતંત્ર રીતે તથા સ્વયંસ્ફૂર્તિથી વર્તવા દેવું જોઈએ. આ રીતે બાળકના વ્યક્તિત્વનો વિકાસ કરવામાં મદદગાર થવાનો આ પદ્ધતિથી ચાલતા બાલમંદિરનો આશય હોય છે.

દરેક બાળક વિકાસ સાધવા મથી રહ્યું હોય છે એમ આ પદ્ધતિ માને છે. આ વિકાસની સાધનામાં મદદગાર થવામાં વિલંબ કરવાની જરૂર આ પદ્ધતિએ જોઈ નથી. આ પદ્ધતિ તો બાળક જાતે હરીફરી શકે, પોતાની પ્રાથમિક હાજતો પોતે સમજી શકે તથા બીજાંને સમજાવી શકે એવું થાય એટલે અર્થાત્ ૨॥ વર્ષની ઉંમરથી એ કામ હાથ ધરે છે.

(અપૂર્ણ)

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે એમણે
આત્મારામ પ્રિ. પ્રેસ, બાકરવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. તા. ૨૮-૯-૪૫

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણ સંઘ)

☆

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

☆

" જન્મથી માંડીને બાળક પુખ્ત વયનું થાય ત્યાં સુધી તેને સર્વ પ્રકારે મદદરૂપ થાવ. ઘડતરનાં ઘટતાં સાધનો અને વાતાવરણ પૂરાં પાડો. બાળકની બુદ્ધિથી જ સારી સંસ્કૃતિ ઘડાશે. આ સમજથી નવી ક્રાન્તિનો સંભવ છે. આ ક્રાન્તિથી સમાજનાં સર્વ અંગો ફરી જશે. આ ક્રાન્તિ બરેબર અહિંસક હશે. આ છેલ્લી માનવક્રાન્તિ હશે. આ સુકોમળ બાલઘટના સુયોગ્ય સેવા, સંભાળ, મદદ માગે છે. તે આપો અને તેના માર્ગમાંથી તમામ અંતરાયો દૂર કરો. આ પ્રકારની આજન્મ કેળવણી જ બરી ક્રાન્તિ લાવશે; અને ઉચ્ચતર માનવતા અને નવતર સંસ્કૃતિ ત્યારે જ શરુ થશે. "

—મેડમ મોન્ટીસોરી

વર્ષ ૨૦ | : : કાર્યાલય : : | અંક ૧૦
૨૦૦૧ | રાવપુરા : વડોદરા | આસો

અક્ષરશિક્ષણની પ્રચલિત પદ્ધતિઓના

	અક્ષર પદ્ધતિ		
	શાસ્ત્રીય ક્રમ પ્રમાણે અક્ષરો લઇ ચિત્રોની મદદથી	ખંડની દૃષ્ટિએ અક્ષરોનો ક્રમ લઇ ચિત્રોની મદદથી	વાચન–સુલભતાની દૃષ્ટિએ અક્ષરો તથા બારાખડીનો ક્રમ લઇને
ગુણ	બાળકોને મૂળાક્ષરો તથા બારાખડીનો શાસ્ત્રીય ક્રમ આવડે છે.	અક્ષરોના લેખનમાં સરળતા થાય છે.	બાળકોને પરિચિત તથા સ્વાભાવિક શબ્દો, શબ્દ-સમૂહો, તથા વાક્યોનું વાચન વહેલું મળે છે; અને એથી વાચનનો રસ જળ-વાઈ રહે છે.
દોષ	૧ પરિચિત શબ્દો, શબ્દ-સમૂહો, કે વાક્યોનું વાચન શરૂઆતમાં આવી શકતું નથી. ૨ આગળના વાચનમાં અક્ષર વાંચવાને બદલ ચિત્રનું નામ બાળક બોલે છે.	૧ શબ્દો, શબ્દસમૂહો, કે વાક્યો જોઈએ તેટલા પ્રમાણમાં તેમ જ સ્વા-ભાવિક લાગે તેવાં આવતાં નથી. ૨ આગળના વાચનમાં અક્ષર વાંચવાને બદલે ચિત્રનું નામ બાળક બોલે છે.	

ગુણદોષની તુલનાત્મક સમીક્ષા

	શબ્દપદ્ધતિ	વાક્યપદ્ધતિ
	ચિત્રની મદદથી પાઠ રૂપે	વાર્તા રૂપે
	વાચનની શરૂઆત શબ્દોથી થતી હોઈ વાચન શરૂઆતમાં કંટાળો રસિક બને છે.	વાચનની શરૂઆત રસિક બને છે.	વાચનની શરૂઆત રસિક બને છે.
	૧ શબ્દોની પસંદગી અમુક મૂળાક્ષરો તેમ જ અમુક બારાખડી શીખવવાની દૃષ્ટિએ કરવી પડતી હોવાથી મર્યાદિત તથા કૃત્રિમ રહે છે. ૨ શબ્દોનું પૃથક્કરણ કરીને મૂળાક્ષરો શીખવવા તો પડે જ છે; આથી બાળકોને શબ્દો તથા મૂળાક્ષરો બંને યાદ રાખવાની તકલીફ પડે છે.	૧ બાળક લેખનમાંના અક્ષરો કે શબ્દો ઓળખીને વાંચવાને બદલે ચિત્ર જોઈને જ બોલે છે, તેથી મૂળાક્ષરો કે બારાખડીનું જ્ઞાન પાકું થતું નથી. ૨ બાળકોને મૂળાક્ષરો તથા બારાખડી આવડે તે માટે વાક્યોનું શબ્દોમાં પૃથક્કરણ તથા શબ્દોનું મૂળાક્ષરો તથા બારાખડીમાં પૃથક્કરણ કરવાની જરૂર રહે છે; અને એ પૃથક્કરણ કંટાળાભરેલું થઈ પડે છે.	૧ પુનરાવર્તનની ઘણી જરૂર પડતી હોવાથી કંટાળો ઊપજે છે. ૨ બાળક લેખનમાંના અક્ષરો કે શબ્દો ઓળખીને વાંચવાને બદલે એમ ને એમ વાંચે છે, તેથી મૂળાક્ષરો કે બારાખડીનું જ્ઞાન પાકું થતાં ઘણી વાર લાગે છે. ૩ બાળકોને મૂળાક્ષરો તથા બારાખડી આવડે તે માટે વાક્યોનું શબ્દોમાં તથા શબ્દોનું મૂળાક્ષરો તથા બારાખડીમાં પૃથક્કરણ કરવાની જરૂર રહે છે; અને એ પૃથક્કરણ કંટાળાભરેલું થઈ પડે છે.

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર

(ગતાંક ૯ પાન ૧૪૪ થી ચાલુ)

[આ લેખ આજથી અગિયારેક વર્ષ ઉપર લખાયેલો છે. આ લેખમાં શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરની હકીકત આવે છે તે પત્રિકામાં સચવાઈ રહે તે હેતુથી તથા એમાં બાલમંદિરના કાર્યની રૂપરેખા આપી છે તે ઉપકારક થઈ પડે તેમ લાગવાથી આ લેખ અત્રે છાપ્યો છે.]

મૉંટેસોરી પદ્ધતિ એમ પણ માને છે કે બાળક ૨॥ થી ૭ વર્ષની ઉંમરમાં જે વિકાસ સાધી શકે છે તે વિકાસમાં ત્યાર પછી બહુ વધારો થતો નથી. આથી પણ આ પદ્ધતિ સામાન્ય થઇ પડેલી પાંચછ વર્ષની ઉંમરને બદલે ૨॥ વર્ષની ઉંમરથી જ પોતાનું કામ શરૂ કરી દે છે.

સામાન્ય રીતે એમ મનાય છે કે બાળકને નાની વયે કેળવવાનું શરૂ કરવામાં આવે તો તેને પુષ્કળ શ્રમ પડે અને તેની શક્તિઓ કુંઠિત થઈ જાય. આ વસ્તુ એક રીતે સાચી પણ છે. બાળકને કેળવવાનો આપણો સામાન્ય અર્થ એ છે કે બાળકને મોટાંઓ જે બનાવવા ઇચ્છે તે બનાવવું. આમ મોટાંની ઇચ્છા પ્રમાણે બનવામાં હંમેશ બાળકોને ગમે જ એમ બને નહિ. આથી બાળકોને પોતાની ઇચ્છા વિરુદ્ધ મોટાંઓની ઇચ્છા પ્રમાણે બનવા માટે કેળવાવું પડે. આમ બીજાંની ઇચ્છા પ્રમાણે કામ કરનાર વ્યક્તિને શ્રમ પડે જ; એનું વ્યક્તિત્વ કુંઠિત થાય એ પણ સ્વાભાવિક છે. મૉંટેસોરી પદ્ધતિમાં આપણે જોયું તેમ બાળકોને મોટાંઓ ઇચ્છે તેમ બનાવવા માટે કેળવવાનું હોતું નથી. એમાં તો બાળકને જે દિશામાં, જે ગતિએ, જે વખતે વિકસવું હોય તે પ્રમાણે વિકાસ કરવાની એને અનુકૂળતા છે. આ અનુકૂળતા બાળક ઇચ્છે છે. આવી અનુકૂળતા મળવાથી બાળક શ્રમિત થવાને બદલે પ્રસન્ન થાય છે; અને એથી એનું જીવન કુંઠિત થવાને બદલે પ્રફુલ્લિત બને છે.

× × ×

બાળકને વિકાસયોગ્ય વાતાવરણ બાલમંદિરમાં કેવી જાતનું આપવામાં આવે છે તેનો હવે વિચાર કરીએ.

બાળક પોતાનો વિકાસ સાધવા માટે પ્રથમ તો આજુબાજુની દુનિયા સમજી લેવા ઇચ્છે છે. એ દુનિયા સમજવા માટે બાળકને જ્ઞાનેંદ્રિયો વાપરવી પડે છે. એ જ્ઞાનેંદ્રિયો વાપરીને શુદ્ધ અને તીવ્ર બનાવવાનું બાળકને પસંદ પડે છે. એ શુદ્ધ અને તીવ્ર બનેલી જ્ઞાનેન્દ્રિયો બાળકને દુનિયાનું જ્ઞાન મેળવવામાં પુષ્કળ મદદગાર થાય છે. આમ જ્ઞાનેન્દ્રિયો સંબંધી હોવાથી મૉંટેસોરી પદ્ધતિમાં ઇંદ્રિયવિકાસનું સ્થાન પ્રાથમિક તથા મહત્ત્વનું ગણાય છે.

સામાન્ય રીતે મનાતી પાંચ જ્ઞાનેન્દ્રિયોઃ— આંખ, કાન, નાક, જીભ અને ત્વચાને બદલે મૉંટેસોરીમાં નવ જ્ઞાનેન્દ્રિયો ગણવામાં આવે છે. એ જ્ઞાનેન્દ્રિયો આ પ્રમાણે છેઃ—રૂપની ઇંદ્રિય, રંગની ઇંદ્રિય, સ્પર્શની ઇંદ્રિય, શીતોષ્ણની ઇંદ્રિય, વજનની ઇંદ્રિય, આંખની મદદ વગર

રૂપ જાણનારી ઇંદ્રિય, ગંધની ઇંદ્રિય, શબ્દની ઇંદ્રિય અને સ્વાદની ઇંદ્રિય.

આ ઇંદ્રિયોની કેળવણી માટે મૉંટેસોરી પદ્ધતિમાં સાધનો છે. આ સાધનોને પ્રબોધક સાધનો કહેવામાં આવે છે.

આવાં સાધનોમાં રૂપની ઇંદ્રિયની કેળવણી માટે દટ્ટાની ત્રણ પેટીઓ, મિનારો, પહોળી સીડી તથા લાંબી સીડી હોય છે. રંગની ઇંદ્રિય માટે રંગની તખ્તીઓની બે મોટી પેટીઓ હોય છે. સ્પર્શની ઇંદ્રિય માટે સુંવાળાં-બરડ-બચડાં પાટિયાં તથા જાત જાતની સુંવાળી બરબચડી સપાટીવાળાં લૂગડાંના ટુકડાની જોડીઓ હોય છે. શીતોષ્ણ ઇંદ્રિયની કેળવણી પાણીને જુદી જુદી ડિગ્રીનું ગરમ કરીને એ દ્વારા આપવામાં આવે છે. વજનની ઇંદ્રિય માટે ત્રણ પ્રકારની લાકડાની તખ્તીઓ હોય છે. આંખની મદદ વગર રૂપ જાણવાની ઇંદ્રિય માટે અનેક વસ્તુઓ સાધન તરીકે વાપરવામાં આવે છે. આ માટે દટ્ટા, મિનારો, પહોળી સીડી તથા લાંબી સીડી એ આંખે પાટા બાંધી પણ વાપરી શકાય. આ ઉપરાંત જાત જાતનાં રમકડાં, ફળ, સિક્કા, વસ્તુઓ વગેરે પણ વાપરી શકાય. ઇંદ્રિય માટે અવાજની છ ડાબલીઓની જોડ આવે છે. જુદા જુદા ચઢતાઊતરતા ધ્વનિ કાઢતી ઘંટડીઓ પણ આ માટે વપરાય છે. આમ મૉંટેસોરી બાલમંદિરમાં બાળકોના ઇંદ્રિયવિકાસ માટે ઉપર જણાવેલાં પ્રબોધક સાધનો રાખવામાં આવે છે.

આ સાધનો બાળકની ઇંદ્રિયવિકાસની ભૂખને રોચક હોવાથી બાળકો તે સ્વતઃ વાપરે છે. એ સાધનોમાંનાં શરૂઆતનાં સાધનો તો વધતે ઓછે અંશે સ્વયંસુધારક હોવાથી બાળકને તેના વાપર સંબંધી ખાસ કંઈ કહેવાનું હોતું નથી આગળનાં સાધનો પણ કેમ વપરાય તે એકબે વાર બાળક અભિમુખ હોય તે વખતે એને બતાવી દેવાથી તે વાપરે છે. આમ આ સાધનો શરૂઆતમાં બાળકો માટે ઘણાં ઉપકારક નીવડ્યાં છે.

બાળક પોતાનો વિકાસ સાધી શકે તે માટે તેના ઇંદ્રિયવિકાસની જેમ જરૂર છે તેમ તેના હાથપગના સ્નાયુઓનો તથા આખા શરીરનો યોગ્ય વિકાસ થવાની પણ જરૂર રહે છે. આ માટે પણ મૉંટેસોરી પદ્ધતિમાં યોગ્ય વ્યવસ્થા છે.

હાથના સ્નાયુઓના વિકાસ માટે બટનો, આંકડા, હૂક, બકલ, દોરીઓ વગેરેની ફ્રેમો હોય છે. આ ઉપરાંત ભૌમિતિક આકૃતિઓની પેટીનો ઉદ્દેશ પણ કેટલેક અંશે હાથના સ્નાયુઓની કેળવણી માટે છે. કઠેડા ઉપરની નળીઓ પણ આ ઉદ્દેશથી જ ચોડવામાં આવી છે. પગના સ્નાયુઓની કેળવણી માટે સાંકડી લાકડાની પટ્ટી ઉપર તથા લીટા ઉપર ચાલવાની વ્યવસ્થા હોય છે. આ ઉપરાંત કઠેડા ઉપર તથા કઠેડા બહાર ચાલીને પણ બાળકો સ્નાયુઓનો વિકાસ સાધી લે છે.

શરીરવિકાસ માટે આ પદ્ધતિમાં ખાસ રમતો નથી. એને માટે બાળકો ગમે ત્યાં ગમે તે વખતે હરીફરી તે સાધી શકે છે. સાધારણ કેટલાંક રમતનાં સાધનો આ બાલમંદિરમાં રાખવામાં આવે છે. એવાં સાધનોમાં લપસણાં, હીચકા વગેરે હોય છે. આ ઉપરાંત બાગાયતને

આ પદ્ધતિમાં સ્થાન છે. એ દ્વારા પણ બાળકોને શરીરવિકાસ સાધવાનું બની શકે.

બાળકને પોતાના વ્યક્તિત્વના વિકાસ માટે શરૂઆતમાં જેમ ઇંદ્રિયવિકાસની તથા હાથ-પગના સ્નાયુઓ તથા શરીરના વિકાસની આવશ્યકતા છે તેમ એને માટે સામાજિક જીવનની તાલીમની પણ સામાન્ય આવશ્યકતા રહે છે. આ આવશ્યકતા પૂરી પાડવા માટે બાળકને શાંતિથી વસ્તુઓ હેરફેર કરતાં, આસ્તેથી ઊઠતાં, બેસતાં, ચાલતાં, બારીબારણાં અવાજ થવા દીધા સિવાય ઉઘાડબંધ કરતાં, આજુબાજુની વસ્તુઓ તથા પોતાનું શરીર સાફ રાખતાં, સમૂહમાં હળીમળીને કામ પાડતાં, વગેરે વગેરે બાબતોની ફાવટ આવી જાય તે માટે એમને તે બાબતો ટૂંકમાં સરળતાથી તથા સ્પષ્ટતાથી પ્રત્યક્ષ કરી બતાવવામાં આવે છે.

બાલમંદિરમાં જે નાસ્તાની વ્યવસ્થા હંમેશ કરવામાં આવે છે તેની પાછળ બાળકોની હાજત પૂરી પાડવા કરતાં એનો બાસ ઉદ્દેશ તો એ દ્વારા એમને સામાજિક જીવનની તાલીમ આપવાની અનુકૂળતા મળે તે હોય છે.

બાળક ઇંદ્રિયવિકાસ સાધે, હાથપગના સ્નાયુઓ તથા શરીર કેળવે, સામાજિક જીવન બીલવે, એ માટે બાલમંદિરમાં જે વ્યવસ્થા કરવામાં આવે છે તેનો આપણે વિચાર કર્યો. આટલી ભૂમિકા થયા પછી બાળકનો વિકાસ આગળ થવા માટે બાલમંદિરમાં કેવી કેવી સવડ હોય છે તે આપણે હવે જોઈએ.

બાલમંદિરમાં સંગીત, ચિત્ર, લેખનવાચન, ગણિત, કુદરતપરિચય વગેરેને લગતું પણ વાતાવરણ રચવામાં આવે છે. આ વાતાવરણ-માંથી જે વસ્તુ બાળકના વ્યક્તિત્વને સ્પર્શે તેમાં તે વિશેષ પ્રગતિ કરે. આ પ્રગતિ આગળ જતાં બાળકને પોતાને માર્ગે પહોંચાડે.

સંગીત એ બાલમંદિરોની વિશિષ્ટતા છે. સામાન્ય પ્રાથમિક શાળામાં સંગીત જેવું કંઈ હોતું નથી. ત્યાં હમેશ બસૂરાપણું જ તરી આવે છે. બાલમંદિર બાર વાગ્યે અત્રે સંગી-તથી જ શરૂ થાય છે. સંગીતનો ઓરડો વાળીચોળી સ્વચ્છ કરી એમાં ફૂલદાનીઓ, ધૂપ વગેરેની વ્યવસ્થા કરવામાં આવેલી હોય છે. પ્રથમ સંગીતશિક્ષક તથા બીજા શિક્ષકો એ ઓરડામાં આવી શાંતિથી બેસે છે. પછી દિલરૂબાના સૂર રેલાવા માંડતાં આજુબાજુ ટહેલતાં બાળકો એક પછી એક આવી વ્યવસ્થા અને શાંતિથી ત્યાં બેસે છે. સંગીત આગળ ને આગળ વધે છે. વારાફરતી શિક્ષકો ગીતો ગાય છે. સંગીતપ્રિય કોઈ મહેમાન આવ્યું હોય તો તે પણ ગાય છે. વચ્ચે વચ્ચે બાળકોને પણ ગાવાનું કહેવામાં આવે છે. કેટલાંક બાળકો ગાય છે પણ ખરાં. અત્રે સંગીતના રાગો કે ગીતો બાળકોને શીખવી દેવાનો સીધો આગ્રહ રાખવામાં આવતો નથી. અત્રે તો એટલું મનાય છે કે બાળકોને સંગીતનું વાતાવરણ આપો એટલે એમાં જે આત્માને રસ હશે તે આપોઆપ બોલી ઊઠશે.

ચિત્ર સંબંધી વિચાર કરતાં એટલું જણા-વવું જરૂરનું છે કે આ દિશામાં અત્રેના બાળ-કોએ આપણે મોટાંઓ કલ્પી ન શકીએ એટલી પ્રગતિ કરી છે. તેઓ જાતજાતનાં ડિઝાઇનો પાડે છે, વેલો ચીતરે છે, ફૂલઝાડ

દોરે છે, કુદરતનાં દૃશ્યો ઉતારે છે, અને એમ અવનવી દિશાઓમાં ચિત્રકળાને વિકસાવી છે. એમનાં એ ચિત્રોમાં લીટીઓની સુરેખતા તથા રંગની પમંદગી મનોહર હોય છે. આ ચિત્રોની ખાસ વિશેષતા તો એ છે કે એ બધાં ક્રોઈના બતાવ્યા પ્રમાણે દોરવામાં નથી આવતાં; પણ બાળકો પોતાના અનુભવ અને કલ્પનાને આધારે દોરે છે. એમના જેવાં આપણે મોટાંઓમાંથી પણ બહુ ઓછાં દોરી શકીએ.

ચિત્રમાં કરેલો વિકાસ બાળકોને લેખનમાં ઉપકારક નીવડે છે. લેખનમાં પેન કે પેન્સિલ પકડી અમુક આકારો કાઢી ભાષાને વ્યક્ત કરવાની હોય છે. એ વ્યક્ત કરવા માટે આકારો કાઢવાની તાકાત આ બાળકોએ ચિત્રો દોરીને સાધી હોય છે. તેઓ આ તાકાતને લીધે અક્ષરો સહેલાઈથી સરસ લખી શકે છે. લેખનમાં ચિત્રાલેખન જેમ મદદગાર છે, તેમ બાળકે સ્પર્શેન્દ્રિયનો વિકાસ શરૂઆતમાં સાધ્યો હોય છે તે પણ કામમાં આવે છે. એકલી આંખની મદદથી અક્ષરોના આકારો યાદ રાખવા કરતાં સ્પર્શનો આંખમાં ઉમેરો કરતાં અક્ષરોના આકારો યાદ રાખવામાં ઓછો શ્રમ પડે છે. આમ હોવાથી બાળકની કેળવાયેલી સ્પર્શેન્દ્રિયનો અક્ષરોના આકારો શીખવામાં રેતિયા અક્ષરો દ્વારા ઉપયોગ કરવામાં આવે છે. મૉંટેસોરી પદ્ધતિમાં આ રીતે લેખન ઉપર બાળકો બિલકુલ તકલીફ સિવાય સહજ અને સરળ રીતે આવે છે.

વાચન માટે પણ બાલમંદિરમાં વાતાવરણ હોય છે. બાળકને ચલમૂળાક્ષરોની પેટી દ્વારા શબ્દો બનાવી તે વંચાવતાં એમને વાંચનનું રહસ્ય સમજાઈ જાય છે. આ રહસ્ય સમજતાં તેઓ વાચનમાં આગળ ને આગળ વધે છે. શબ્દો, શબ્દપોથીઓ, વાક્યો, વાક્યપોથીઓ, ચિઠ્ઠીઓ વગેરે સાહિત્ય મોટા અને સુંદર અક્ષરે લખેલું બાલમંદિરમાં પુષ્કળ રાખવામાં આવે છે. એ સાહિત્ય બાળકોની કક્ષાને અનુકૂળ હોય છે. આટલું વટાવીને આગળ જતાં બાળકો માટે, નાના પાઠો, નાની વાર્તાઓ, નાની કવિતાઓ વગેરે પણ હાથે લખેલાં રાખવામાં આવે છે. પછી તો બાળક છાપેલા સાહિત્ય ઉપર જાય છે. બાલમંદિરમાં પુસ્તકાલયનું મહત્ત્વ ઘણું સ્વીકારવામાં આવે છે. બાળકો માટેની નાની નાની સરસ ચોપડીઓનું પુસ્તકાલય ત્યાં હોય છે જ. એમાંથી બાળકો પોતાના રસ પ્રમાણે પોતાની ઇચ્છામા આવે તે વખતે વાંચે છે. બાલમંદિરનાં બાળકો સમજ્યા સિવાય વાંચતાં નથી. એ જેટલું વાંચે તેટલું સમજીને વાચે તે માટે શરૂઆતથી જ કાળજી રાખવામાં આવે છે. આ બાળકો માટે નક્કી કરેલાં પાઠયપુસ્તકો વારંવાર વાંચીને અર્થ સાથે પાકાં કરવાનાં હોતાં નથી; આમ છતાં અહીનાં બાળકો એમની ઉમરનાં સામાન્ય પ્રાથમિક શાળાનાં બાળકો કરતાં ઘણું વાંચે છે અને તે સમજીને વાંચે છે.

ગણિત માટે ડૉ. મૉંટેસોરીએ કેટલાંક સાધનો યોજ્યાં છે. એ સાધનોની મારફત ગણિતશિક્ષણ સધાતું હોવાથી બાળકો તેમાં બરાબર સમજીને આગળ વધે છે. અહી બાળકોને અટપટા દાખલા શીખવી દેવા કરતાં એ દાખલા પાછળ રહેલું અટપટાપણું સમજવાની ગાણિતિક બુદ્ધિ બાળકોમાં ઊભી કરવાનો આશય હોય છે. આ પદ્ધતિથી ગણિત

કેમ સાધી શકાય છે તે સમજવા માટે તેમાં ઠીક ઠીક ઊંડા ઊતરવું પડે, એટલે અત્રે એ બની શકે તેમ નહિ હોવાથી આગળ વધીએ.

કુદરતપરિચય સાધવા માટે પ્રવાસો એ અત્રે મુખ્ય અંગ છે. બાગ કે પ્રાણીઉછેર દ્વારા પણ કુદરતપરિચયમાં બાળકોને આગળ લઈ જઈ શકાય, પણ અત્રે એ બાબતોમાં ખાસ કંઈ વ્યવસ્થા નથી બની શકી. બાગ માટે જમીન અનુકૂળ નથી; પાણીની તંગી પણ આજ સુધી કારણભૂત છે. પ્રાણીઉછેરમાં પણ મુશ્કેલી છે જ. આમ છતાં પહેલાં અહીં સસલાં ઉછેરવામાં આવતાં હતાં. બાળકો એ સસલાં જોવામાં બહુ રસ લેતાં, એમની સાથે હળીમળી જતાં; પણ દુર્ભાગ્યે એ સસલાંના ઉછેરમાં જોઈતી સફળતા નહિ મળવાથી એ પ્રવૃત્તિ બંધ કરી દેવામાં આવી. બાલમંદિર ભવિષ્યમાં અનુકૂળતા મળતાં બાગ તેમ જ પ્રાણીઉછેર બન્ને પ્રવૃત્તિઓ હાથ ધરશે એમ આશા રાખી શકાય.

કુદરતપરિચય માટે પ્રવાસો તો બાલમંદિરમાં ઘણી વાર રાખવામાં આવે છે. આ પ્રવાસોમાં બાળકોને બાલમંદિર આજુબાજુના ગધેડિયા ખેતરમાં કે તખ્તેશ્વર લઈ જવામાં આવે છે; એ ઉપરાંત જરા દૂર આવેલા પીલ ગાર્ડન તથા વિક્ટોરિયા પાર્કમાં પણ લઈ જવામાં આવે છે. એથી દૂર રૂવાપરી કે બંદર પણ કદી કદી બાળકોને પ્રવાસે લઈ જવામાં આવે છે. અનુકૂળતાએ બાળકોને બહારગામને પ્રવાસે પણ ઉપાડવામાં આવે છે. આવા પ્રવાસોમાં શિહોર, પાલીતણા, ઘોઘા વગેરે સામાન્ય રીતે પસંદ કરવામાં આવે છે. આ પ્રવાસોથી બાળકો કુદરતપરિચય સાધે છે, તે ઉપરાંત એકબીજા સાથે કેમ પ્રસંગ પાડવો તે પણ વધારે સમજતાં થાય છે. આમ પ્રવાસોની કિંમત કુદરતપરિચયની દૃષ્ટિએ છે તેમ સામાજિક જીવનની દૃષ્ટિએ પણ છે.

બાલમંદિરમાં મોટાં બાળકોનો ભૂગોળ તથા ઇતિહાસમાં પ્રવેશ થાય તે માટે એ વિષેની વાર્તાઓ કહેવામાં આવે છે. પ્રવાસ મારફત તો તેઓ એ બાબતોમાં શરૂઆત કરે જ છે.

આ ઉપરાંત મોટાં બાળકો માટે દેશી રમતો–હુતુતુતુ, ખોખો, બારોપાટ, લંગડી વગેરે પણ રાખવામાં આવે છે.

બાલમંદિરનાં મોટાં બાળકો અહીંથી સીધાં વિનયમંદિરમાં દાખલ થઈ શકે છે. વિનયમંદિરમાં દાખલ થવા જેટલી લાયકાત તે પહેલાં એમણે બાલમંદિરમાં મેળવી લીધેલી હોય છે.

આ બાલમંદિરમાં બાળકો પાસેથી નાસ્તાના માસિક આઠ આના સિવાય બીજી કોઈ જાતની ફી લેવામાં આવતી નથી. બાળકોને ઘેરથી ઘોડાગાડીમાં લાવવા તથા મૂકવા જવા બદલ તેમ જ કાગળ, પેન્સિલો ચોપડીઓ વગેરે વાપર્યા બદલ પણ કંઈ જ લેવામાં આવતું નથી.

અત્યારે આ બાલમંદિરમાં બાળકોની સંખ્યા લગભગ ૧૦૦ છે. એમાં છોકરાછોકરીઓ બન્ને છે. લગભગ બધી નાતજાતનાં બાળકો એમાં છે.

આ બધાં બાળકો એક કુટુંબની માફક એકબીજાં સાથે હળે મળે છે. અહીં માણસ જાતની કડવાશ જોવામાં આવતી નથી.

અહીં બાળકો પોતપોતાની વિકાસક પ્રવૃત્તિઓમાં વિહરતાં દેખાય છે. અહીં બાળકોનાં ક્રંદન સંભળાતાં નથી. અહીં તો ઊઘડેલા બાગની પ્રસન્નતા અને શાન્તિ છે.

આ બાલમંદિર આટલાં ૧૦૦ બાળકોનું જ કલ્યાણ સાધે છે એમ કહેવું બહુ અધૂરું છે. આ બાલમંદિર એ ગુજરાત તથા બૃહદ્ ગુજરાતનાં બાલમંદિરોના આદર્શરૂપ છે. આ બાલમંદિરની સુવાસ મેળવી ગુજરાત તથા બૃહદ્ ગુજરાતનાં બાળકોનાં જીવન દોરવાની પ્રવૃત્તિ પણ 'શિક્ષણ પત્રિકા' મારફત અહીંથી જ ચાલે છે. આમ આ બાલમંદિર ગુજરાત તથા બૃહદ્ ગુજરાતનાં બાળકોનાં જીવન ઉપર રોશની ફેંકવા માટે ઊભું કરવામાં આવેલું એક મોટું પાવરહાઉસ છે. આ પાવરહાઉસ પોતાની પ્રગતિ વિશેષ અને વિશેષ સાધે એમ ઇચ્છી અત્રે આ લેખ પૂરો કરીએ.

શંકરલાઈ સો. પટેલ

આણંદ ઓપવર્ગ

[શ્રી નૂતન બાલશિક્ષણ સંઘના ઉપક્રમથી]

ગયા અંકમાં જાહેર કર્યા મુજબ તા. ૨૩-૧૦-૪૫થી તા ૩૦-૧૦-૪૫ સુધીનો આ એક સપ્તાહનો સંસ્કારવર્ગ શ્રી. તારાબેનની દોરવણી નીચે આણંદમાં ચરોતર કેળવણી મંડળના બાલગૃહમાં યોજવામાં આવ્યો છે.

બાલમંદિરોમાં અનેક વર્ષોથી કામ કરતાં અને અનુભવમાં આગળ વધેલાં, પરંતુ પદ્ધતિના જ્ઞાનમાં અદ્યતન નહિ રહી શકેલાં શિક્ષક ભાઈ-બહેનો જૂના વિસરાયેલા જ્ઞાનને તાજું કરે; શિક્ષણમાં થયેલા નવા ફેરફારો સમજી લે, એકબીજાંના અનુભવોની આપલે કરે અને બાલમંદિરોની સ્થિતિ તેમ જ પ્રગતિ સાંભળી-સમજી લઈને સર્વે અધિક તાજાં, યુવાન અને ઉત્સાહી બની, નવચેતનના પૂરા જુસ્સાથી પુનઃ બાલસેવાના કામે લાગે, એવા હેતુથી આ વર્ગ નૂતન બાલશિક્ષણ સંઘના ઉપક્રમથી યોજાયો છે.

તેનું બીજું કંઈ જ લવાજમ નથી. ફક્ત ભોજનખર્ચ રૂા. ૧૦) દસ છે, તે આણંદ મુકામે આવતાં જ ભરી દેવાના છે. રૂા. ૨) બે ડિપોઝીટના આવેદનપત્ર સાથે મોકલવાના છે. આવનારે સાથે બિસ્તરો થાળી-વાટકો ને લોટો-પ્યાલો લાવવાનાં છે. બાળકોને કે બહાર મહેમાનને લાવવાનાં નથી. ખાસ તો વર્ગ બાલમંદિરનાં ભાઈબહેનો માટે જ છે; તે તેમની કાર્યક્ષમતા વધારવા પૂરતો જ છે. જેથી બાલ-મંદિર સિવાયના બીજા શિક્ષકોને આમાં અવકાશ નથી. આથી કોઈ વિશેષ પ્રમાણપત્ર મળવાનું નથી. બાલમંદિરનાં જિજ્ઞાસુ ભાઈ-બહેનો જ પોતાની કાર્યદક્ષતા વધારવા જરૂર આવે. ભાઈઓ તેમ જ બહેનોની રહેવા-સૂવાની અલગ વ્યવસ્થા છે. તા. ૨૩ મી સાંજે આ વર્ગનું ઉદ્ઘાટન છે. આવનારે તે પહેલાં ત્યાં હાજર રહેવાનું છે.

તો આપ આપના બાલમંદિરના અને બાળકોના હિતાર્થે, આપની સંસ્થાના ખર્ચે પણ આપના શિક્ષકોને આ વર્ગનો લાભ લેવા મોકલશો. આચાર્ય મહાશયો-મુખ્ય શિક્ષકો તો આ વર્ગનો લાભ લેશે, લેવડાવશે જ.

કમળાશંકર પંડિત
ભાષામંત્રી, નૂ. બા. શિ. સંઘ,
ઠે. શિશુભારતી : વડોદરા.

ઘર અને શાળા

બાળકોની કેળવણી અંગે ઘર અને શાળા બંને સંસ્થાઓ પરસ્પર પૂરક–એકબીજાને મદદગાર હોવા છતાં હમણાં હમણા આ બંને સંસ્થાઓ વચ્ચે એક જાતની હરીફાઈ–ગજગ્રાહ ચાલી રહેલ છે. શાળાને સુંદર બનાવવાનો આગ્રહ ધરાવનાર શિક્ષકો એમ માને છે કે બાળકોને અંગેની શક્ય તેટલી બધી પ્રવૃત્તિઓ શાળામાં જ થાય તો વધારે સારું. જેઓ ઘરને વધારે અગત્યનું ગણે છે તેઓ શાળાનું કામ ઓછામાં ઓછા સમય ચાલે જ્યારે બાળકોને ઘેર રહ્યાં વિશેષ પ્રવૃત્તિઓ મળ્યાં કરે એમ ઇચ્છે છે. પરિણામે આખો દિવસ–ચોવીસે કલાક ચાલે તેવી શાળા–ગૃહવાળી શાળા હોવી જોઈએ એવો મત ધરાવનાર વ્યક્તિઓથી માંડી બહુ બહુ તો બેત્રણ કલાક જ શાળાની પ્રવૃત્તિઓ બાળકો માટે જોઈએ એવો મત ધરાવનાર વ્યક્તિ સુધીના અનેક ભેદો સમાજમાં નજર આવે છે, અને આ બધા માટેની જોરદાર દલીલો હરેક પક્ષ પોતા માટે રજૂ કરે છે.

આજ સુધી આ મતભેદનું ક્ષેત્ર કિન્ડરગાર્ટન-વિનયમંદિર અને તેથી આગળ વધી પ્રાથમિક શાળાઓ સુધી મર્યાદિત હતું. પણ ધીરે ધીરે આ મતભેદે પોતાનું ક્ષેત્ર વિસ્તાર્યું છે અને પૂર્વ પ્રાથમિક કેળવણી એટલે પાંચ વર્ષથી ઓછી ઉમરનાં બાળકોની કેળવણીના પ્રદેશ ઉપર પણ તેણે આક્રમણ શરૂ કર્યું છે.

અહીં આપણે બાળશાળાઓના પ્રદેશ-પૂરતો આ ચર્ચાનો વિચાર હાથ ધરીએ.

ઘર એ કુદરતી ભાવનાને અંગે ઉત્પન્ન થયેલી અને પરસ્પરના સ્વભાવિક પ્રેમના પાયા પર રચાયેલી સંસ્થા ગણાય. ઉત્તમ શાળા બરોબર એક ઉત્કૃષ્ટ યંત્રના જેવું કામ અવશ્ય આપી શકે. પરંતુ કુટુંબમાં સહુ એક જાતના પ્રેમપાશથી બંધાવાને કારણે એના ઘટકોમાં જે જાતનો અરસપરસ મમતા, અગર પ્રોતાપણાનો ભાવ સહજ છે તે જાતના ભાવો અગર પ્રેમ-સંબંધો શ્રેષ્ઠ શાળામાં પણ બંધાય કે કેમ એ એક પ્રશ્ન જ છે. શાળામાં કાયદો અને વ્યવસ્થાના નિયમો દરેક વ્યક્તિને સરખી રીતે જ લાગુ પડે છે. ઘરના સંબંધો વ્યક્તિગત (personal) હોય છે, જ્યારે શાળાના સંબંધો થોડે ઘણે અંશે પણ વ્યક્તિનિરપેક્ષ (impersonal) જ હોય છે. ઘરમાં હરેક વ્યક્તિની વિશિષ્ટ જરૂરિયાતો પૂરી પાડી શકાય છે, અને આવશ્યક જણાય ત્યાં વ્યક્તિ પરત્વે અપવાદો પણ કરી શકાય છે. શાળામાં આમ બનવું લગભગ અશક્ય હોય છે. ત્યાં તો સંસ્થાના સામાન્ય નિયમો ઘડાયેલા હોય છે, અને તે સઘળી વ્યક્તિઓને સમાન રીતે જ લાગૂ પડે છે.

વળી ઘરમાં વ્યક્તિગત ધ્યાન આપી શકાય છે, લાડ લડાવી શકાય છે, વિશિષ્ટ સાચવણની અનુકૂળતા હોય છે. શાળામાં અથવા કોઈ વસતિગૃહ (બોર્ડિંગ કે ગૃહ)માં આવું બની શકતું નથી. ત્યાં તો ખાસ કાળજી કહો, લાડ કહો કે સાચવણ કહો, બધાં માટે સરખું જ હોય છે. આ કારણે ઘરનું સ્થાન શાળા કે

બોર્ડિંગ કદી પણ ન લઈ શકે એ કથન ખરેખર સાચું છે. બંને સંસ્થાઓની યોજના જ ભિન્ન ભિન્ન રીતે ગોઠવાયેલી હોવાથી એમ જ બને.

આ ભિન્નતા હોવાને કારણે જ શાળાનો પક્ષ કરનારાઓ એવી દલીલ કરે છે કે બાળકોને સારી જાતની ટેવો પડાવવી હોય-તેમનું ચારિત્ર્ય બરાબર ઘડાય એમ કરવું હોય તો શાળાઓ આવશ્યક જ છે. ઘરમાં બાળકને ઘણાં લાડ લડાવી શકાય, વિશિષ્ટ જાતની સાચવણ તેને મળી શકે, 'મારો બાબો કેવો હોશિયાર છે!' એવી ભાવના પણ હોઈ શકે; તેના પર એટલું બધું વહાલ બતાવાય કે બાળક એના ભાર તળે ગૂંગળાઈ ગયાનો અનુભવ કરે એવું પણ બને. નજીકનાં સગાંવહાલાંઓ સાથે બાળક કૌટુંબિક બંધનોથી બંધાય એ પણ શક્ય બને. પરંતુ બાળકના સંપૂર્ણ વિકાસ માટે આટલી બાબતો જ પૂરતી ન ગણાય. આ બધી ખાસ સગવડો અથવા લાભો જતા કરીને પણ થોડા ઘણા અંશે યાંત્રિક જેવા અને સર્વ સામાન્ય તેમ જ વ્યક્તિનિરપેક્ષ (impersonal) વાતાવરણમાં ઊછરવું-એની તાલીમમાંથી પસાર થવું એ દરેક બાળકના ઉત્તમ વિકાસ માટે આવશ્યક છે એવી શાળાવાદીઓની દલીલ છે.

એમના તરફથી બીજી દલીલ એ પણ રજૂ થાય છે કે શાળામાં બધી બાબતોમાં જેમ વિશિષ્ટ જાણકારો-તજ્ઞ લોકો હોય છે, તેવી સગવડ ઘરમાં શી રીતે હોઈ શકે? વસતિગૃહમાં વાંચવા ભણવાની જે અનુકૂળતા મળે છે તેવી ઘરમાં મળી શકતી નથી, કેમકે બોર્ડિંગમાં વિદ્યાર્થીની મુશ્કેલી વખતે તેમને સલાહ-દોરવણી આપનાર શિક્ષકોની જે જાતની અનુકૂળતા હોય છે તે બધાં ઘરોમાં મળતી નથી. બોર્ડિંગોમાં અગર તેવી સંસ્થાઓમાં રમતગમત, વ્યાયામ, ભોજન, આનંદપ્રમોદ, પ્રવાસો અને અન્ય સહકારથી કરવાનાં કાર્યોની યોજના બધું શિક્ષણની દૃષ્ટિથી અને સંપૂર્ણ યોજનાપૂર્વક જે રીતે ગોઠવાઈ શકે છે, તેમ જ એ બધા કાર્યક્રમો એના ખાસ જાણકારોની દેખરેખ તળે જે રીતે પાર પડે છે તેવી અનુકૂળતા ઘરમાં-કોઈ પણ સામાન્ય ઘરમાં હોવી અશક્ય છે.

આજની પરિસ્થિતિ આ મુશ્કેલીમાં ઉમેરો કરે છે, કેમકે સાધારણ રીતે આજે માબાપોને બાળકોને માટેની આવી પ્રવૃત્તિઓ કરવાનો-અરે આ અંગે વિચાર કરવાનો અવકાશ પણ ક્યાં મળે છે? આ પરિસ્થિતિ માત્ર મજૂર વર્ગની જ છે એવું પણ નથી; મધ્યમવર્ગનાં તેમ જ એક યા બીજી રીતે શ્રીમંત વર્ગનાં કુટુંબોમાં પણ બાળકોની તો એ જ સ્થિતિ છે કે માબાપો તેમને વિષે ધ્યાન આપવાને ફુરસદ મેળવી શકતાં નથી!

ઘરને વિશિષ્ટ મહત્ત્વનું ગણનારો પક્ષ આ સામે એવી દલીલ કરે છે કે આ બધું સાચું છે એમ માની લઈએ તોપણ "ઘર તે ઘર અને શાળા તે આખરે શાળા જ!" કેળવણીની સંપૂર્ણ વિચારણાપૂર્વક ચાલતી શાળા અથવા બોર્ડિંગ કે ગૃહ કરતાં પણ બાળક માટે 'ઘર' એ જ વધારે હિતકર છે, કેમકે તે ઘર છે. ઘરમાં કુટુંબભાવના છે; ઘરમાં કુટુંબસહજ વાત્સલ્ય પણ સભર ભરેલું હોય છે. ત્યાં બધાં કુટુમ્બીજનો પરસ્પર કુદરતી પ્રેમને કારણે જોડાયેલાં હોય છે.

આમ દલીલો તો બંને પક્ષો તરફથી સચોટ અને પુષ્કળ પ્રમાણમાં રજૂ થાય છે.

આપણે અત્યારે તો નાનાં બાળકો પરત્વે જ આ મુદ્દા ઉપર વિચાર કરવાનો છે. જો હાઈસ્કૂલ તેમ જ કૉલેજના વિદ્યાર્થીઓની બાબતમાં પણ ઘર આવશ્યક ઘટક હોવાનું પ્રતિપાદવામાં આવતું હોય ત્યાં નાનાં બાળકો માટે એટલે ૨ થી ૫ અગર ૭ વર્ષ સુધીની ઉંમરનાં બાળકો માટે તો નવો વિચાર કરવાપણું જ રહેતું નથી. વાત એમ છે કે આવાં બાળકોને થોડા સમય માટે પણ ઘરની બહાર લઈ જવાનું અયોગ્ય ગણાય એમ માનનારો સારો એવો વર્ગ સમાજમાં અસ્તિત્વ ધરાવે છે.

બે વર્ષનું બાળક સાધારણ રીતે કઈ કઈ જાતની પ્રવૃત્તિઓમાં ગૂંથાયેલું હોય છે તે આપણે તપાસીએ. જે કાળે બાળક ચાલતાં શીખી જાય છે, તેને બોલતાં આવડી ગયું હોય છે અને મોટેરાંઓની પેઠે લગભગ દાંતેથી ચાવતાં શીખી ગયું હોય છે, તે કાળે બાળકે તેની પ્રાથમિક અસહાય અવસ્થા પૂરી કરી તે પછીની બીજી કક્ષામાં તેનો પ્રવેશ થયો છે એમ ગણી શકાય. પહેલાં તેને પોતાની માતા અગર અન્ય કુટુંબીજનોની મદદ પર અવલંબી રહેવું પડતું હતું. હવે તે જાતે ચાલી શકે છે; પોતાને જોઈતી કે ન ગમતી બાબત વાણી દ્વારા અન્યને સમજાવી શકે છે. પરિણામે તે ઘણે અંશે સ્વાવલંબી થયું છે એમ કહી શકાય છે. પોતાની આ નવી શક્તિની જાણ થતાં જ બાળક ઘર છોડીને બહાર આસપાસ નીકળી પડવા માંડે છે. આપણે બેરકી ભાષામાં 'બાળકને પગ આવ્યા' એમ તે કાળે કહીએ છીએ.

આ ઉંમરે બાળક ઘણો વખત આંગણામાં જ રહેવા માંડે છે. પટ દઈને તે પાડોશીને ત્યાં પેસી જાય છે. બીજાં સમવયસ્ક કે સહેજ મોટી ઉંમરનાં બાળકોની રમતો તે જુએ છે, તેમની વાતો સાંભળે છે અને તેઓ જે કરે તેમ આ નાનાં બાળકોને પણ કરવાનું બહુ ગમે છે. બાળક ચાલ્યું જવાની બીકથી માતા તેને પકડીને ઘરમાં આણે છે, ને તે નજર ચૂકવી ગમે ત્યારે બહાર પલાયન થઈ જાય છે! મધ્યમ સ્થિતિનાં કુટુંબોમાં આ દૃશ્ય બહુ વાર બને છે—સ્વાભાવિક છે. આ લોકોની એવી માન્યતા હોય છે કે બાળક ઘરના સંસ્કારી (refined) તંદુરસ્ત અને પ્રેમભરી દેખરેખવાળા વાતાવરણમાં રહે તો જ તેને યોગ્ય માર્ગદર્શન થાય—તેની ચાલચલગત સારી ઘડાય અને તેની પૂરતી સંભાળ—સંરક્ષણ લેવાય

જૂની પદ્ધતિમાં ઊછરતાં કુટુંબોનું દૃશ્ય લઈએ તો આ ઉંમરે માતા બાળકને નવરાવે, બચરાવે, કપડાં પહેરાવે અને પછી 'રમવા બહાર' મોકલી દે. બહાર એટલે કે આંગણામાં, અગર સડક ઉગર અગર ગલી કે કૂળીમાં—જ્યાં બીજાં અનેક બાળકો પોતાનો આખો દિવસ ગાળતાં હોય છે ત્યાં તેણે જવાનું હોય છે. ઘરમાં માતાને તો ઘરનું પૂરતું કામકાજ હોય છે; ઉપરાંત બીજા નાના બાળકને સંભાળવાનું પણ કદાચ તેને માથે આવી પડ્યું હોય છે. પરિણામે અઢી ત્રણ વર્ષની ઉંમરે આંગણામાં કે શેરીમાં બધાં બાળકો મળી જે 'બાલમંદિર' ચલાવાતું હોય છે તેમાં જવાનું તેણે શીખી જ લેવું પડે છે.

સમાજની આથી ઊતરતી કક્ષાનાં કુટુંબોમાં જઈને જોઈશું તો ત્યાં પણ આ જ દશા દેખાશે.

છેકે નાનાં ભાંડરડાંને જરા મોટી ઉમરનાં ગેટલે છ સાત વર્ષનાં બાળકો સાચવે છે, અને ચાલતાં શીખેલાં આ ૨ા થી ૫ વર્ષની ઉંમરનાં બાળકો તેમનાં આ મોટેરાં ભાંડરડાં સાથે જ અહીતહીં ભટકતાં હોય છે.

ટૂંકમાં આ ઉમર બાળકો માટે ઘર છોડીને બહારની જરા વિશાળ દુનિયામાં પ્રવેશવાની છે. ખૂબ કાળજી લેનારાં કુટુંબો બાળકોને ઘરમા જ સાચવી રાખે છે, જ્યારે અન્ય કુટુંબો તેમને 'બહાર રમવા' મોકલી દે છે. આમાં પણ જે કુટુંબો બાળકોને 'બહાર' જવા ન દેતાં ઘરમાં જ રાખી મૂકે છે તેઓ બાળકોને વધારે નુકસ ન કરે છે, કેમકે બાળકની આ ઉંમરનો સ્વાભાવિક ક્રમ તેણે ઘરથી છૂટા પડી સ્વાવલંબી બનવાનો હોય છે.

જ્યાં સુધી બાળક ધાવતું હોય છે ત્યાં સુધી તો ઝાડે લટકતા ફળની જેમ જ તે માતાને વળગેલું રહે છે–હોય છે. માતા જ તેને પોષણ આપતી હોવાથી તેને દેખતાં જ બાળક હસવા માંડે છે, કિલકિલાટ કરે છે ને માતાના ખોળામાં જ થાકી જતાં ઊંઘી જાય છે. જેમ જેમ તે મોટું થાય છે તેમ તેમ માતાથી છૂટા પડવાના તેના કુદરતી ક્રમની શરૂઆત થાય છે. આઠ દસ મહિનાનું બાળક ઘરમાં મોટેરા ભાંડરડા હોય તો તેમની સાથે છૂટથી રમતું થયું હોય છે. પિતા અગર કોઈ મોટેરું બહાર જતું હોય તો બા પાસેથી છૂટું પડીને હાથ લંબાવી ને બહાર જવાની તૈયારી દેખાડે છે. એથી આગળ જતાં માત્ર ભૂખ લાગતાં જ તેને માતા સાંભરે છે; એ સિવાયનો બાકીનો વખત તે અન્ય કુટુંબીજન સાથે અથવા સ્વયં એકલું એકલું રમવામાં, ગાળવા માડે છે. જેમ પાકેલું ફળ ડાળીથી આપો-આપ અલગ થઇ ગળી પડે છે તેમ ધીરેધીરે અજાણપણે બાળક માતાથી છૂટું થઈ જાય છે.

આ છૂટા પડવાની ક્રિયા એને યોગ્ય સમયે અને સ્વાભાવિક રીતે કશી મુશ્કેલી વિના જો ન સધાય હોય તો તેની ઊણપ બાળકને ઘણી વાર આખી જિંદગી સુધી નડ્યા કરે છે. જેમ બાળક માતાને જ વળગી રહે તો નુકસાન થાય છે તેમ જ માતા પણ જો બાળકને છૂટું જ ન મૂકે તોપણ બાળકને તો નુકસાન જ થાય છે. આ રીતે જ જો બાળકને આ સમય સુધી માતાનો પૂરતો લાભ હરકોઈ કારણે ન મળ્યો હોય અને યોગ્ય સમય પહેલાં જ તે અળગું પડી ગયું હોય (માતાની માંદગી અગર મૃત્યુને કારણે) અને સાથે સાથે માતાનું યોગ્ય સ્થાન પૂરે એવું વહાલસોયું કોઈ મોટેરું બાળકને દુર્ભાગ્યે ન સાંપડ્યું હોય તોપણ બાળકનું જીવન દુ:ખી દુ:ખી થાય છે. આથી આજનાં ભણેલાં કુટુંબોમા જ્યાં માતા નોકરી ઉપર જતી હોય ત્યાં બાળકની 'માતા માટેની ભૂખ' સદૈવ અધૂરી જ રહી જાય છે.

અહી સુધી આપણે બાળક માતાથી છૂટું થાય એ ઉંમરનો વિચાર કર્યો. આવો જ બીજો અગત્યનો 'સમય' બાળકની બે અઢી વર્ષની ઉંમરે ઉપસ્થિત થાય છે.

પહેલા સમયમાં જો બાળક ધીરેધીરે સ્વાભાવિક રીતે જ માતાથી છૂટું પડી શકયું હોય તો પ્રમાણમાં તે સ્વાવલંબી અને સ્વતંત્ર બને છે, બાળકની છૂટા પડવાની આ ક્રિયા તેના વિકાસ અર્થે અતિ આવશ્યક પણ છે. આ બીજા સમયની–અઢી ત્રણ વર્ષની ઉંમરે બાળકની સ્વતંત્ર થવાની ક્રિયા પણ એના

વિકાસને સારુ અતિ આવશ્યક અને વિકાસને પોષક જ છે. અર્થાત્ એ ક્રિયા પણ પહેલાંની પેઠે જ સહજ રીતે અને ધીરેધીરે કુશળતા-પૂર્વક થઈ જવી જોઈએ.

પહેલો સમય બાળકને માતા પાસેથી છૂટું કરવાનો અથવા તો તેનાં છૂટા થવાનો છે; એની યોગ્ય તૈયારી સાથે કાળજીથી કામ લેવાયું હોય તો યોગ્ય કાળે એ 'સમય' આપોઆપ આવી લાગે છે, ને બાળકો પણ સ્વાભાવિક રીતે જ આ મુક્તિ પ્રાપ્ત કરે છે. આને સારુ બે બાબતો જરૂરી છે. એક તો બાળક ઘરાઈને ધાવી લે અને માતાથી અળગું પડવાનું સૂચન કરે કે તુરત માતાએ તેને છૂટું મૂકી દેવું જોઈએ—પોતાથી દૂર કરવું જોઈએ. બાળક પોતાને જેમ ઓછું વળગી રહે તેમ કરતાં જવું જોઈએ. એથી ઊલટું જો બાળક પ્રેમને કારણે, લાડને લીધે અગર માંદગીને પરિણામે કે અન્ય કોઈ કારણે માતાના શરીર સાથે વધારે વળગેલું રહે તો તેને ધાવતું છોડાવવાનું કામ અતિ મુશ્કેલીભર્યું બને છે. માતાઓ આપણે ત્યાં મોટે ભાગે ધાવણા બાળકને આખી રાત પોતાના પડખામાં લઈને સૂએ છે; બાળક પણ વચમાં વચમાં થોડું ધાવી લે એવી તેને ટેવ હોય છે. આવી ટેવો બાળકને માતાથી અલગ કરવાની ક્રિયામાં નડતરરૂપ બને છે.

બીજું એમ છે કે બાળક ધાવણ છોડે છે અને માતાથી છૂટું પડે છે ત્યારે તેની શારીરિક ભૂખની તો તૃપ્તિ થઈ ગઈ હોય છે, પણ તેની માનસિક ભૂખ જાગૃત થાય છે—હોય છે. આસ-પાસનું નિરીક્ષણ કરવું, જુદાં જુદાં માણસોને જોવાં, તેમની સાથે રમવું, તે શું બોલે છે તે ધ્યાનથી સાંભળવું વગેરે તેનાં અંગો છે. ઉપરાંત બાળકને પોતાની જાતે પણ કામ કરવાનું ગમતું હોય છે. ઊંધા પડતાં શીખવું, ભાંખોડિયે ચાલવું, ઊભા થવું, ચાલતાં શીખવું, વગેરે નવી નવી ક્રિયાઓ પણ તેણે સાધ્ય કરવાની હોય છે. સિવાય એને અન્યનો સહવાસ પણ ખૂબ ગમે છે આ કારણે માતાથી છૂટા થવાના પહેલા સમયે જો બાળકને બીજા પ્રેમાળ અને રમતિયાળ સોબતીઓ મળી જાય તો તેની માતાથી છૂટા થવાની ક્રિયામાં મુશ્કેલી આવતી નથી

માતાનું ધાવણ છોડવાની અગર તેનાથી છૂટા થવાની આ ક્રિયા અંગે આટલું વિસ્તા-રથી એટલા માટે લખ્યું છે કે આગળ જતાં ૨॥—૩ વર્ષની ઉંમરે બાળકની 'ઘરમાં'થી બહાર નીકળવાની ક્રિયા સર્વાંશે માતાથી છૂટા પડવાની ક્રિયાને મળતી આવે તેવી હોય છે. એથી એ સમયે જે ભૂલો થઈ જાય છે અગર તો જે ઊણપો રહી જાય છે તે આખી જિંદગી સુધી નડવાનો સંભવ રહે છે.

૨॥ વર્ષનું બાળક ઘરની બહાર પગલાં માંડે છે ત્યારે પણ પહેલા કાળની જ ઘણી ક્રિયાઓ પુનરાવર્તન પામે છે. આ કાળે જો યોગ્ય પગલાં લેવાયાં હોય—જે વખતે તે લેવાવાં જોઈએ એ સમય બરાબર સધાયો હોય, તો બાળકો માતા અને ઘરથી સહેલાઈથી મુક્ત થઈ જાય છે, અને પરિણામે સ્વતંત્ર અને સ્વાવલંબી બને છે. આમાં જો કોઈ જાતની મુશ્કેલીઓ રહી જાય તો એનાં પરિણામો આખી જિંદગી સુધી પણ નડ્યા કરે એવું બને છે.

માતા અને ઘરથી બાળક મુક્ત થવાના આ બંને કાળમાં કઈ કઈ બાબતોમાં સામ્ય છે તે આપણે તપાસી લઈએ. પહેલા કાળમાં જેમ

બાળક ધરાઈ–તૃપ્ત થઈને સ્વેચ્છાપૂર્વક માતાથી છૂટું પડે છે, એ જ પરિસ્થિતિ આ ઘરમાંથી બહાર પડવાના બીજા કાળે પણ કોઈ વાર ઊભી તો થાય જ છે. એ વખતે બાળક ઘરનો ઊંબરો છોડીને શેરીમાં, અગર પોળમાં નીકળી પડવા અતિ ઉત્સુક બને છે. આ કાળ બાળકની ઘણે ભાગે એકથી દોઢ વર્ષની ઉમરે જ આવે છે. પણ ભણેલાં માબાપો–બાળકોની સંભાળ અને રક્ષણ પ્રત્યે અતિશય કાળજી અને ચીવટ ધરાવનારાં મા બાપો બાળકને બહાર જવા દેતાં નથી. સડક ઉપર ગાડીઘોડા કે સાયકલ અગર મોટરની ભીતિ રહે છે; રખેને હાદરેથી બાળક પડી જશે; શેરીમાંના બીજાં બાળકો ગંદાં હોય, તેઓ ગંદી રમત પણ રમતાં હોય, ગંદી ભાષા વાપરતાં હોય, તેથી એવા બાળકો સાથે પોતાનું બાળક ન ભળે એમ તેઓ ઇચ્છતાં હોય છે. ઘણી વાર નવાઈ લાગે તેવાં કારણો–બાવે ઉપાડી જશે અગર કૂતરાં કરડશે એવા વિચિત્ર કારણો –પણ આ કાળજી પાછળ રહેલા હોય છે! પરિણામે ઘણી વાર બાળક જરા મોટી ઉંમરનું એટલે ત્રણ–ચાર વર્ષનું થયું હોય તોપણ તેને ઘર બહાર કે ફળીમાં જવાની છૂટ હોતી નથી. એટલે ખરું જોતાં જે કાળ સ્વાભાવિક રીતે જ બાળક માટે ઘરથી મુક્ત થવાનો નિર્માણ થયો છે એ જ કાળે નાઇલાજ બાળકને ઘરને જ વળગી રહેવાનો વારો આવે છે!

એ જ રીતે વધારે પડતા લાડને કારણે, અતિશય પ્રેમને પરિણામે, સાચવણની વધારા પડતી ચીવટને અંગે અગર માંદગીને લીધે પણ બાળકને ઘરમાંથી મુક્ત થવાને આ સમયે ઘરમાં જ ભરાઈ રહેવું પડે છે. આવે વખતે ઘરની તેમ જ કુટુંબીઓની વધારે પડતી મમતાનો લાભ મળતો હોય તોપણ પરિણામે બાળકનો વિકાસ સાચો અને સંપૂર્ણપણે થતો નથી; બાળક ઘરથી મુક્ત થઈ જઈને સ્વતંત્ર સ્વાવલંબી બનવાને માર્ગે જવું જોઈએ તે અટકી પડે છે. પોતાની જ શક્તિને જોરે ફરતાં શીખવાને બદલે તે ઘર અને ઘરના વડીલોને આધારે જ માત્ર કયાંઈ પણ જઈ શકવા સમર્થ બને છે. પરિણામે આ ટેવ જડાઈ જતાં પાંચ છ વર્ષની ઉમરે પણ બાળક ઘર છોડી શાળાએ જવા તૈયાર થતું નથી.

એમ પણ છે કે બાળક માતાથી છૂટું પડે ત્યારે તેનું સ્થાન લઈ શકે તે માટે અન્ય વહાલસોયા વડીલો, ભાંડરડાં અગર તો બાળકનું દિલ રંગાઈ જાય એવાં રમતનાં સ્થળોની જરૂર રહે છે. એ નિયમ ૨॥–૩ વર્ષના બાળકની બાબતમાં પણ લાગુ પડે છે. ઘરની બહાર પણ ઘરનાં સગાં-વહાલા જેટલી જ પ્રેમી અને સંભાળ લેનાર આપ્ત મંડળી મળી જાય–મિત્રો મળી જાય અગર બાળકનું મન ચોટે એવી પ્રવૃત્તિઓ અને રમતો જો ઘર બહાર બાળકને મળી જાય તો બાળક એટલી જ સ્વાભાવિકતાથી ઘરથી પણ છૂટું પડતાં શીખી જાય છે. પોતે આ મુક્તિ કયારે મેળવી તે બાળક પણ જાણી કે સમજી શકતું નથી. શેરીમાં બાળકને પોતાના સમવયસ્ક મિત્રો મળે તો તેમની સાથે ભળવું, વાતો કરવી, બોલવું–ખેલવું બાળકને ખૂબ ગમે છે. ઝાડ, પાન, ફૂલો, પ્રાણીઓ, પક્ષીઓ, કીટક, પથરા, ઘોડા વગેરે અનેક નવી નવાઈની ચિજો જોવાનો અને તેમનો પરિચય પામવાનો અવસર અને સગવડ જો એ વખતે ત્યાં મળી આવે તો બાળકનું મન એ સ્થળે એકદમ ચોંટી

જાય છે. વળી આ ઉંમરે બાળકને જાતજાતની મહેનત અને ક્રિયાઓ કરવાનું ખૂબખૂબ ગમે છે; આવી પ્રવૃત્તિઓ કરવાનું જો શેરીમાં બાળકને મળી જાય તો બાળક અતિ સહજ રીતે ઘરથી મુક્ત બને છે.

બેશક પહેલા કાળમાં જેમ બાળક માતાથી સ્થૂળ રીતે છૂટું થવા છતાં તેમનો પરસ્પર સંબંધ જળવાઈ જ રહે છે, તેમ જ આ બીજે સમયે પણ બાળક ગમે તેટલો વખત ઘર બહાર રમતું હોય તોપણ તેનો ઘરની સાથેનો નિકટતાનો સંબંધ જળવાઈ જ રહે છે. એટલું જ નહિ પણ ઘર શાંતિ મળવાનું સ્થળ છે, ઘરમાં બા અને ભાઈબહેન વગેરે બધાં છે, એ વિચાર મનમાં સતત સુષુપ્તપણે પણ રહેતો હોવાથી જ બાળક એ ઉંમરે ઘર બહાર પણ શાંતિથી સ્વસ્થતાપૂર્વક રમી શકે છે. મારા પડોશીના છોકરાનો એક કિસ્સો નોંધવા જેવો છે. એ બાળક એક વર્ષનો થયો ત્યારથી સદાય મારે ત્યાં જ પડી રહેતો; બાલમંદિર કાયમ જતો; શેરીમાં પણ કલાકો સુધી પોતાના મિત્રો સાથે રમ્યા કરતો. એક દહાડો સાંજે પાંચ વાગે તે ઘેર આવ્યો ત્યારે તેણે ઘરને તાળું વાસેલું દીઠું! મને એની માહિતી હતી એટલે એ આવ્યો કે તુરત હું તેને મારે ઘેર લઈ આવી, બા કયાં ગઈ છે, શા માટે ગઈ છે, કયારે આવશે વગેરે બધી વિગતો તને કહી અને સમજાવવા ઘણી મહેનત કરી પણ છોકરો કેમે કરી રડવું ખાળી શકતો નહોતો. તેની બા મોડી આવી ત્યાં સુધી મહામહેનતે અને ખૂબ અસ્વસ્થ ચિત્તે તે મારે ત્યાં રોકાયો, તેની બા આવ્યાં ત્યારે જ તેના મોં પર પ્રસન્નતા દેખાઈ. ટૂંકમાં બાળક અદૃશ્ય એવા પ્રેમના સૂક્ષ્મ તાંતણે ઘરની સાથે સંકળાયેલ જ હોય છે; માત્ર સદૈવ ઘરમાં જ બેસી રહેવું નથી ગમતું. ઘરની પડખેના મિત્રો સાથે, તેમ જ બહારની વિશાળ દુનિયામાં ભળવું તેમને ગમે છે ને તેઓ તેમ કરતાં જ થાય છે; ગામડાંઓમાં તો બાળકો ઘરથી ઘણે દૂર સુધી રમવા જતાં જોઈએ છીએ. રમત દરમિયાન ભૂખ લાગે કે તેઓ ખાવા ઘેર આવે છે, ને તુરત પાછાં બહાર ચાલ્યાં જાય છે તે ઠેઠ સાંજ સુધી રોકાય છે તે છેક વાળુ કરી સૂઈ જવાને ટાણે જ પાછાં ઘેર આવે છે. એ વખતે જો કે તેમને ઘરનાં માણસો, કુટુંબનું વાતાવરણ અને પોતાની સુરક્ષિતતાની ખાતરી કરાવી આપનારી સ્થિતિ દેખાય એ એમના મનથી અતિ આવશ્યક હોય છે.

જે બાળકો ઉકત સમય કરતાં વધારે વખત ઘરમાં પડ્યા રહે છે, જેમને ઘર અને ઘરનાં માણસો તથા તેમના દ્વારા મળતું પ્રત્યક્ષ સંરક્ષણ વધારે લાંબા સમય સુધી મળે છે, તે બાળકો તેટલે અંશે ઓછાં સ્વાવલંબી, ઓછા સ્વતંત્ર, ઓછાં હિંમતવાળાં અને ઓછી જિજ્ઞાસાવૃત્તિવાળાં હોય છે. આવાં બાળકો મોટાં તો થાય છે પણ બોટ સરખાં જ રહે છે.

ટૂંકમાં ૨॥ થી ૩ વર્ષની ઉંમર બાળકને માટે ઘર છોડીને શેરીમાં–આંગણામાં દાખલ થવાની છે. એ વખતે બાળકને તેમ કરી શકવાની પૂર્ણ સ્વતંત્રતા અને મોકળાશ મળવાં જોઈએ. એટલું જ નહિ પણ જો બાળકો એ ઉંમરે ઘર છોડી બહાર ન જતાં હોય, ઘર છોડતાં જ ન હોય તો તેમનામાં કશીક વિકૃતિ છે એમ માનવું. એવાં બાળકો અંગે તુરત એમની ઊંડી તપાસ કરી લેવી જરૂરનું હોય છે.

તા. ૦

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે એમણે
આત્મારામ પ્રિ. પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. તા. ૬૫–૧૦–૪૫

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણ સંઘ)

☆

આદ્યતંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

☆

બાળકને સ્વાતંત્ર્ય આપવાનો આપણો હેતુ એ છે કે બાળક પોતાના શરીર, મન અને આત્માનો વિકાસ પૂર્ણતાએ અને અબાધિતપણે સાધી શકે. પ્રાણીમાત્રનો આ હક્ક કુદરતી છે. પરંતુ મનુષ્ય સામાજિક પ્રાણી છે; ને તેથી જો તે સામાજિક પરિસ્થિતિની અવગણના કરીને વિકાસ સાધવા જાય તો તેના વિકાસમાં સમાજ પોતે જ વિઘ્ન નાખે છે. એવી જ રીતે જો મનુષ્ય પોતાના શરીરને જોખમમાં નાખીને વિકાસ સાધવા નીકળે તો વિકાસનો હેતુ જ નષ્ટ થાય છે. વળી જેમ મનુષ્યને સામાજિક બંધનો છે તેમ જ દુન્યવી હોવાથી તેને નૈતિક અને ધાર્મિક બંધનો પણ છે. આ બંધનો તેને ચડાવનારાં છે અને લોકોએ એને જીવનમાં ઉતારવાના પ્રયત્નો પણ કર્યા છે. આ રીતે બાળકની સ્વતંત્રતા ઉપર આ ત્રણ અંકુશો હોય છે.

—સ્વ. ગિજુભાઈ

વર્ષ ૨૦ | : : કાર્યાલય : : | અંક ૧૧

૨૦૦૨ | રાવપુરા : વડોદરા | કારતક

કચ્છ-કાઠિયાવાડમાં નૂતન બાલશિક્ષણ સંમેલનો

(૧)

શ્રી કચ્છ નૂતન કેળવણી મંડળના આમંત્રણને માન આપીને નૂતન બાલશિક્ષણ સંઘનાં મંત્રી શ્રી તારાબેન મોડક તા. ૧૬ મી ઑક્ટોબરે અંજાર ગયાં હતાં. તેમની સાથે ભાષામંત્રી શ્રી કમળાશંકર પંડિત, શ્રી શારદાબેન ગદ્રે, શ્રી ભગવતીપ્રસાદ શેલત અને શ્રી રામભાઈ પાઠક હતા. અંજાર સ્ટેશન ઉપર શ્રી તારાબેનનો સત્કાર કરવા કચ્છ નૂતન કેળવણી મંડળની સ્થાનિક સમિતિના પ્રમુખ શ્રી કરસનજી જાડેજા, મંત્રીઓ શ્રી માવજીભાઇ ચૌહાણ તથા શ્રી દેવરામભાઈ વરૂ અને અંજારનાં શિક્ષણપ્રેમી ભાઈબહેનો હાજર રહ્યાં હતાં. સદનવાડીના આચાર્ય શ્રી માર્કંડભાઈ તથા કચ્છ નૂતન કેળવણી મંડળની સંસ્થાઓનાં ત્રીસેક જેટલાં શિક્ષક-શિક્ષિકાઓ આ પ્રસંગે અંજારમાં આવી પહોંચ્યાં હતાં. સૌએ શ્રી તારાબેનનો સત્કાર કર્યો હતો.

બહેનોની સભા

બપોરના અઢી વાગે અંજાર મહિલામંડળના આશરા નીચે સ્ત્રીઓની એક ખાસ સભા ગોઠવવામાં આવી હતી. દશેરાનો તહેવાર હોવા છતાં બાલશિક્ષણમાં રસ લેતી બહેનોએ સભામાં સારી સંખ્યામાં હાજરી આપી હતી. શ્રી તારાબહેને બાલઉછેર અને બાલશિક્ષણ ઉપર સાદી સરળ ભાષામાં પ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું.

જાહેરસભા

સાંજના સાડાપાંચ વાગે અંજારના શહેરીઓની જાહેર સભા શ્રી તારાબહેનને સાંભળવા મળી હતી. તેમાં સ્વાગત પ્રમુખ શ્રી કરસનજીભાઈ તથા કચ્છ નૂતન કેળવણી મંડળના મંત્રી શ્રી માવજીભાઈનાં વ્યાખ્યાનો થયાં હતાં. ભાષામંત્રી શ્રી કમળાશંકર પંડિતે પોતાનું નિવેદન સભા સમક્ષ રજૂ કર્યું હતું અંજારની હાઈસ્કૂલના હેડમાસ્તર સાહેબે તેમ જ સદનવાડીના આચાર્ય શ્રી માર્કંડભાઈએ કેળવણી વિષેના પોતપોતાના વિચારો ને અનુભવો રજૂ કર્યા હતા. ત્યાર બાદ શ્રી તારાબહેને બાલશિક્ષણ ઉપર પોતાના ઊંડા અભ્યાસ અને અનુભવના નિચોડરૂપ પ્રવચન કર્યું હતું. લગભગ એક કલાક સુધી સભાજનોએ એકચિત્તે શ્રી તારાબહેનનું એ વક્તવ્ય શાંતિથી સાંભળ્યું હતું. વક્તાઓનો આભાર માન્યા બાદ વંદેમાતરમ્ ગાઈ સભા વિસર્જન થઈ હતી.

નાગલપુરમાં બાલવાડીનું ઉદ્ઘાટન

અંજારથી બે માઈલ દૂર આવેલા નાગલપુર ગામે તા. ૧૬મી બુધવારે સવારે બાલવાડીની ઉદ્ઘાટનક્રિયાનો સમારંભ યોજવામાં આવ્યો હતો. ગામલોકોએ સભાસ્થાન તથા બાલવાડીના મકાનને સુંદર રીતે શણગાર્યાં હતાં. નાગલપુર અને સિનોગરાનાં ઉત્સાહી ભાઈબહેનો અને બાળકોથી સભાસ્થાન ચિકાર ભરાયું હતું. અંજારથી શ્રી તારાબહેન, તેમની મંડળી, કેળવણી મંડળનાં શિક્ષક ભાઈબહેનો તથા અંજારના શિક્ષણપ્રેમી ગૃહસ્થો વખતસર નાગલપુર આવી પહોંચ્યા હતા. નોબત અને શરણાઈના મંગળસૂરોથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ઉદ્ઘાટનવિધિ શરૂ કરતાં શ્રી કરસનજીભાઈ,

શ્રી માવજીભાઈ તથા શ્રી દેવરામભાઈએ આવી બાલવાડી સ્થાપવાનું પોતાનું વર્ષોજૂનું સ્વપ્ન આજે સફળ થયેલું જોઈ આનંદ વ્યક્ત કર્યો હતો, અને થોડા સમયમાં કચ્છના શિક્ષણપ્રેમી ગૃહસ્થોની સહાયથી બીજી અનેક બાલવાડીઓ ગામેગામ ખોલવાની ઉમેદ દર્શાવી હતી. ત્યાર બાદ શ્રી તારાબહેને બાલવાડી ખુલ્લી મૂકતાં પોતાના અંતઃકરણના આશીર્વાદ આપ્યા હતા અને એ વાડી ચિરકાળ ફાલીફૂલી રહે તેવી શ્રદ્ધા વ્યક્ત કરી હતી. શ્રી શૈલતભાઈએ બાલ-વાડીના પોતાના અનુભવો વર્ણવ્યા હતા. શ્રી તારાબહેનની મંડળીના અન્ય સાથીઓએ બાલગીતો અને બાળવાર્તાઓથી આબાલવૃદ્ધ સૌનાં મન રંજિત કર્યાં હતાં.

શિક્ષકો સાથે વાર્તાલાપ

બુધવારે બપોરે નાગલપુરથી પાછા ફર્યા બાદ નૂતન કેળવણી મંડળનાં તથા અંજારનાં શિક્ષકબહેનોએ શ્રી તારાબેન સાથે શિક્ષણના વિષય ઉપર વાર્તાલાપ કર્યો હતો. રોજબરોજ ઊભા થતા જટિલ પ્રશ્નો ઉપર સૌએ શ્રી તારા-બહેનની દોરવણી માગી હતી. પુછાયેલા પ્રશ્નોના સચોટ, મુદ્દાસર અને શાસ્ત્રીય જવાબો આપી શ્રી તારાબહેને સૌને સરસ માર્ગદર્શન કરાવ્યું હતું.

વિભાગીય શાખાની સ્થાપના

સાંજે અંજારમાં ફરી જાહેરસભા મળી હતી. તેમાં કચ્છ વિભાગની નૂતન બાલશિક્ષણ સંઘની શાખા સ્થાપવામાં આવી હતી. શ્રી કમળાશંકર પંડિતે વિભાગીય બંધારણ, સભ્યો અને હોદ્દેદારોની રીતસરની જાહેરાત કરી હતી. ચાર આજીવનસભ્યો, બીજા કેટલાક સહાયક અને સામાન્ય સભ્યો કચ્છ વિભાગમાંથી નોંધાયા હતા. જાણીતા વનસ્પતિશાસ્ત્રી વૈદરાજ શ્રી વલ્લભરામભાઈ આ પ્રસંગે ખાસ હાજર રહ્યા હતા અને તેમણે સભામાં સદ્‌ગત ગિજુભાઈ સાથેના પોતાના સ્મરણીય પ્રસંગો કહી સંભ-ળાવ્યા હતા. કચ્છમાં બાલશિક્ષણનો પ્રસાર થતો જોઈ પોતાનો હર્ષ વ્યક્ત કર્યો હતો.

રાતે દોઢેક કલાકનો મનોરંજનનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. આમ શ્રી તારાબહેનની હાજરીનો લાભ લઈ દોઢબે દિવસમાં કચ્છનાં બાલશિક્ષણ પ્રેમી ભાઈબહેનોએ કચ્છ જેવા પછાત પ્રદેશમાં બાળકેળવણીનું કાર્ય ખૂબ ઉત્સાહભેર આગળ ધપાવવાની પ્રેરણા મેળવી હતી અને એ રીતે કચ્છ વિભાગનુ સંમેલન સફળ નીવડ્યું હતું.

આપણને કુદરતે સોંપેલ પવિત્ર કાર્ય

[વિજયાદશમીના પુણ્યદિને અંજારની સ્ત્રીસભા સમક્ષ શ્રી તારાબહેન મોડકે સ્ત્રીઓના કર્તવ્ય ઉપર એક મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. બાળઉછેર દ્વારા માનવીનો સંપૂર્ણ વિકાસ સાધી, જગતનો શાશ્વત શાંતિ અને સ્વાધીનતાનો માર્ગ સરળ કરવાનું મહાન કાર્ય સ્ત્રીઓ–માતાઓ જ કરી શકે એ વસ્તુ ઉપર શ્રી તારાબહેને પોતાના ભાષણમાં ખાસ ભાર મૂકયો હતો. એ વ્યાખ્યાનમાંથી કેટલીક કડિકાઓ અહીં ઉતારવામાં આવી છે.]

આજે આપણા સમાજમાં સ્ત્રીવર્ગ અત્યંત પછાત છે. કુદરતે આપણને બાળઉછેરનુ જે પવિત્ર કાર્ય સોંપ્યું છે તે વફાદારીથી, કાળજી-પૂર્વક, શાસ્ત્રીય રીતે આપણે કરી શકતાં નથી.

જે સ્ત્રીઓ ભણેલીગણેલી છે તેઓ પોતાનું આ કુદરતી કાર્યક્ષેત્ર છોડી બીજી બાજુ વળી જાય છે. પણ આપણે સ્ત્રીઓ જાગૃત થશું ત્યારે જ પછાત સમાજને આગળ વધારવાનું કાર્ય પાર પાડી શકશું એમ મને લાગે છે. કારણકે બાળઉછેર અને બાળશિક્ષણ એ સમાજરચનાનો પાયો છે, અને એ કાર્ય બહેનોએ જ ઉપાડી લેવાની જરૂર છે. પુરુષો એ કાર્ય માટે ગમે તેટલા પ્રયત્નો કરે છતાં સ્ત્રીહૃદય–માતૃહૃદય બાળકને જેટલું પિછાની શકે, વિકસાવી શકે તેટલું એ ન વિકસાવી શકે. મહાત્માજીએ કસ્તુરબા સ્મારક નિધિનો ઉપયોગ મુખ્યત્વે પછાતવર્ગની સ્ત્રીઓની ઉન્નતિ અર્થે કરવાનું ઠરાવ્યું છે. તેઓ જાણે છે કે સ્ત્રીઓની ઉન્નતિ વિના આખા સમાજની ઉન્નતિ શકય નથી. મોટો જગવિખ્યાત સેનાધિપતિ કે સરમુખત્યાર હશે તે પણ માતાના ખોળામાં રમ્યો હશે ને ઊછર્યો હશે. એ બતાવે છે કે માતાનું સ્થાન અને માતાનું કર્તવ્ય અદ્વિતીય છે.

ગુણવિકાસ કરો

આપણને કુદરતે એક જીવની બક્ષિશ આપી. તેની ઉપર આપણે પ્રેમ રાખીએ છીએ, તેને લાડ લડાવીએ છીએ. પણ એટલો કુદરતી પ્રેમ અને લાડકોડ તો કૂતરાંબિલાડાં પણ લડાવે છે. આપણે સમજી બહેનોએ આપણા બાળકની કેળવણીનો વિચાર કરવાની જરૂર છે. આપણા ખોળામાં એક મનુષ્યબાળ ઊછરી રહ્યો છે. તેના શરીરને કેમ વિકસાવવું, તેની ઇંદ્રિયોને કેમ ખીલવવી, તેના હૃદયમાં ઉત્તમ ગુણો કેમ વિકસાવવા, તેનો દરેક માતાએ રાતદિવસ વિચાર કરવો જોઈએ. બાળકનાં ખાનપાન, પહેરવેશ, રમતગમત દરેક ક્રિયામાં એનું મન અને બુદ્ધિ વિકસે છે. એ વિકસાવવાની પાછળ આખી દુનિયામાં ઓછું ધ્યાન અપાયું છે. હવે એ તરફ ધ્યાન દોરાવા લાગ્યું છે. બાળકોને ઉછેરવાનું–કેળવવાનું શાસ્ત્ર રચાયું છે. તમને થોડા વખતમાં એ આખું શાસ્ત્ર તો કેમ કહી શકાય? પણ તમારામાંથી જેને વાંચતાં આવડતું હોય તેઓ એનાં પુસ્તકો વાંચો. વાંચતાં ન આવડતું હોય તેને વંચાવો, સમજાવો. પુસ્તકો લખનાર કરતાં આપણો પોતાનો અનુભવ જુદો લાગે ત્યાં લખનારનું ધ્યાન ખેંચો. એ શાસ્ત્રને પણ આપણે ઘડવાનું છે.

આજથી બંધ કરો

બાળકને માર, બીક, ધાકધમકી આપવાનું તો આજથી જ બંધ કરજો. વાતવાતમાં બાળક ઉપર ગુસ્સે થવાને બદલે તેના રડવાનું, કજિયાનું કારણ શોધી કાઢી, ધીરજથી ને પ્રેમથી એ દૂર કરજો. એ કારણનો વિચાર આપણી દૃષ્ટિએ નહિ પણ બાળકની દૃષ્ટિએ કરજો. એમ કરશો તો તમને તુરત સમજાશે કે સોએ નેવું ટકા બનાવોમાં બાળકનો નહિ પણ આપણો જ વાંક હોય છે. અઢી ત્રણ વર્ષના બાળકને માટે આ દુનિયા નવી છે. દરેક ચીજ–દરેક વસ્તુનું એ રહસ્ય જાણવા માગે છે. તેના અંગેઅંગમાં ચેતન તરવરી રહ્યું હોય છે. એને યોગ્ય રીતે સમજવું, સમજીને યોગ્ય વલણ આપવું એ માતાઓની ખાસ ફરજ છે. આપણે ઘરકામ કરવું હોય, મહેમાનો સાથે વાતો કરવી હોય, ફરવા જવું હોય એવે વખતે બાળક નવાં નવા પ્રશ્નો પૂછે, યોગ્ય ઉત્તર ન મળતાં રડે, કજિયા કરે તેને મારીને ચૂપ કરવાને બદલે તેના પ્રશ્નનો વિચાર કરી, યોગ્ય જવાબ આપી તેને શાંત

કરવું એ આપણે માટે અને બાળકને માટે હિતાવહ છે. એમાં બાળકનો વિકાસ રહેલો છે અને ભાવિ સમાજની ઉન્નતિ રહેલી છે. મને આશા છે કે અહીં એકઠી થયેલી અંજારની બહેનો આ વસ્તુ સમજશે અને બીજી બહેનોને સમજાવશે.

શિશુશિક્ષણ–રાષ્ટ્રોદ્ધારનો પાયો

[અંજાર મુકામે તા ૧૬–૧૦–૪૫ ના રોજ મળેલી જાહેર સભા સમક્ષ શ્રી તારાબહેને 'બાલશિક્ષણ' ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. આજના રાષ્ટ્રઘડતરના મહાન કાર્યમાં શિશુશિક્ષણ એ પાયો હોઈ તેની તરફ મોટો મોટો પણ રાષ્ટ્રવિધાયકોનું ધ્યાન દોરાયું છે એ વસ્તુને આવકારદાયક ગણતાં, એ વિષય ઉપર તેમણે પોતાના કિંમતી વિચારો રજૂ કર્યા હતા. એ વ્યાખ્યાનમાંથી થોડાએક ફકરા અહીં નીચે ઉતારવામાં આવ્યા છે.]

બાલશિક્ષણનું મહત્ત્વ આપણા રાષ્ટ્રના પુનર્ઘટનાકાર્યમાં જેટલું છે તેટલું હજી આપણા દેશના સારા સારા કાર્યકર્તાઓના મનમાં વસ્યું નથી. કેટલાક દેશનેતાઓ એવી દલીલ કરે છે કે બાલશિક્ષણની પદ્ધતિ ખર્ચાળ છે; આપણો દેશ ગરીબ છે તેથી એવું મોંઘું શિક્ષણ આપણને પોસાય નહિ. સામાન્ય મધ્યમ વર્ગના શિક્ષિત લોકો પણ આવી દલીલ કરે છે. એ બતાવે છે કે આપણા મનમાં હજી એનું મહત્ત્વ વસ્યું નથી. કારણ કે

જીવનવ્યવસાય નહિ, જીવનવિકાસ

આપણે ત્યાં આજે હાઈસ્કૂલો ને કૉલેજોમાં જે શિક્ષણ અપાય છે તે ખર્ચાળ હોવા છતાં તેની સામે કોઈ વાંધો ઉઠાવતું નથી. એ ભણતરથી આપણને ગંભીર નુકસાન થાય છે છતાં માબાપો પેટે પાટા બાંધીને એ ખર્ચ ખમે છે. કારણ છોકરાને ભણાવવા પાછળનો તેમનો હેતુ જીવનવિકાસનો નહિ પણ વ્યવસાયનો છે. આજે તો વ્યવસાયની દૃષ્ટિએ અને વિકાસની દૃષ્ટિએ બન્ને રીતે એ ખર્ચાળ ભણતરનું પરિણામ મીંડું આવે છે. છતાં બાલશિક્ષણમાં થોડો વધારે ખર્ચ થતો જોઈને આપણે ભડકી ઊઠીએ છીએ એ કેટલું નવાઈ પમાડે તેવું અને દુઃખદાયક છે? કમાણીના સાધનને અને શિક્ષણને જુદું પાડવું એ પણ બરાબર નથી. બાળકને નાનપણથી જ યોગ્ય રીતે કેળવવામાં આવે, તેના હાથપગ, મગજ, હૃદય, દરેકનો શાસ્ત્રીય પદ્ધતિથી વિકાસ સધાય તો દેશને ભારે લાભ થાય. આજે આપણા દેશમાં ઉદ્યોગધંધા ભાંગી પડયા છે. કચ્છી ભાઈઓ મહાર જઈને લાખોપતિ બને છે પણ કચ્છમાં ગરીબાઈ છે. વિચાર કરશો તો સૌને સમજાશે કે ઉદ્યોગો શાથી ભાંગી પડયા? એનું કારણ અંગ્રેજી રાજ્યે દાખલ કરેલી કેળવણીની પદ્ધતિ છે. માણસની બુદ્ધિ ઉદ્યોગ એટલે કે ક્રિયા દ્વારા ખીલે તો તે મહાન કાર્યો કરી શકે છે. હાથપગ સાથે મગજનો સુમેળ મળે તો માનવી રણમાં બગીચા બનાવે, ધૂળમાંથી ધાન નિપજાવે. આજે કચ્છમાં જ નહિ, આખા હિંદમાં કશું નિપજાવી શકાતું નથી. આધુનિક

કેળવણીની પ્રથાને પરિણામે આપણાં ભણેલાં મગજ કશું નવું નિર્માણ કરી શકતાં નથી. મગજ સાથે હાથપગ વાપરીને પ્રચંડ કામો કરવાની શક્તિ આપણે ગુમાવી બેઠા છીએ. એ શક્તિ મેળવવા આપણે અઢીથી સાત વર્ષની પાયાની કેળવણી તરફ ધ્યાન આપવું જ પડશે. આવશ્યક હોય ત્યાં તેને માટે કરેલું ગમે તેટલું ખર્ચ એ પેદા થનારી શક્તિને હિસાબે ભારે નહિ લાગે. આપણા દેશના સદ્‌ભાગ્યે પૂ. મહાત્માજીની દૃષ્ટિ આ તરફ વળી છે. સ્વ. કસ્તુરબા સ્મારક નિધિનાં કાર્યોમાં તેમણે બાલશિક્ષણને દાખલ કર્યું છે. એટલે હવે બાલશિક્ષણના કામને દેશભરમાં વેગ મળશે એ આનંદની વાત છે.

દૂરદૃષ્ટિ કેળવો

આપણે મકાન બાંધવામાં હજારો રૂપિયા ખર્ચીએ છીએ, નાતના વરામાં હજારો ખરચાય છે, ત્યારે કોઈ પાછું વાળી જોતું નથી. માત્ર બાળકની કેળવણીનો પ્રશ્ન આવે છે ત્યારે જ આપણો હાથ ભિડાઈ જાય છે. એનું કારણ આગળ કહ્યું તેમ આ વસ્તુનું મહત્ત્વ આપણને હજી સમજાયું નથી તે છે. આપણે ટૂંકી દૃષ્ટિ છોડી દૂરદૃષ્ટિ કેળવવાની જરૂર છે.

ભાવી કાર્યકરો સુખી થશે

અત્યારે કાર્યકરોની મુશ્કેલી સર્વત્ર જણાય છે. વખત ખરાબ છે. મોંઘવારી અને હાડમારીનો પાર નથી. એવી પરિસ્થિતિમાં ધીરજ રાખી સહનશીલતાથી જે શિક્ષકો બાલશિક્ષણના કામને વળગી રહેશે તે ભવિષ્યના કામ કરનારાનો માર્ગ સરળ બનાવશે. સદ્‌ગત ગિજુભાઈએ ફાટલાં પહેરણ પહેરીને ચલાવ્યું, હજારોની કમાણી છોડીને બાળકેળવણી પાછળ ભેખ લીધો, તો એકડિયા ભણાવનાર બાલમંદિરના શિક્ષકોને પચાસ પોણોસોનાં વેતન મળવા લાગ્યા. આમ આજે બાલશિક્ષણને ખાતર જેઓ તપશ્ચર્યા કરશે તેઓ તેને લોકપ્રિય બનાવશે અને ભવિષ્યના કર્યકરોને સુખી કરશે. આ કામમાં પડેલાં ભાઈબહેનોને મારી વિનંતી છે કે તમે ગમે તે ભોગે આ કામ ચાલુ રાખજો, થાકશો નહિ.

બાળકને સમજે તે સાચો શિક્ષક

હમણાં થોડા દિવસ પહેલાં અમે પૂર્વ બુનિયાદી તાલીમનો વિચાર કરવા એકઠાં મળ્યાં હતાં. તે વખતે ગામડાંમાં મોટા પાયા ઉપર બાલવાડીઓ કેમ પ્રસરે અને તેને માટે કેવા શિક્ષકો જોઈએ તેની વાત થતી હતી. ત્યારે એમ નક્કી કરવામાં આવ્યું કે "જે ભાઈબહેનો બાળકને સમજીને કામ કરવા તૈયાર હોય તેમને એ કામ સોંપવું." આપણા જૂના વખતના સંતમહંતો બાલમાનસ અને લોકમાનસને સમજનારા હતા. તેમની આસપાસ ગામડાના સામાન્ય જ્ઞાનવાળા જુવાનિયા એકઠા થતા. તેથી જ તેઓ સમાજને આગળ વધારવામાં આટલા બધા સફળ નીવડ્યા. એટલે જ હું માનું છું અને અનુભવથી કહું છું કે ચૈસાની જરૂર પડે છે ખરી, પણ આવાં કાર્યો શ્રદ્ધાથી નભે છે. આ કામમાં ભૌતિક મદદ કરતાં નૈતિક હિંમત અને નૈતિક ટેકાની વધારે જરૂર પડે છે. નિષ્ઠાથી અને અંતથી કામ ધપાવ્યે રાખનારને જરૂરી ધન મળી રહેશે એની મને ખાત્રી છે.

બાલવાડીનું બીજારોપણ

[અંજારથી બે માઈલ દૂર, ખારા સમુદ્રમાં મીઠી વીરડી જેવા કચ્છના સૂકા પ્રદેશમાં ફળફૂલની વાડીઓ વાળા નાગલપુર ગામે શ્રી તારાબહેને બાલવાડી ખુલ્લી મૂકી હતી. એ પ્રસંગે તેમણે આપણા દેશમાં લાખો ગામડાંની અંદર એવી બાલવાડીઓ રોપાય અને ફાલેફૂલે તેવી શ્રદ્ધા વ્યક્ત કરતાં, બાલવાડી કેમ ઉછેરવી તેની શાસ્ત્રીય દૃષ્ટિ સભા સમક્ષ રજૂ કરી હતી. શ્રી તારાબહેનના એ મંગલ પ્રવચનમાંથી કેટલોક અગત્યનો ભાગ અહી આપવામાં આવ્યો છે.]

પહેલી બાલવાડી ખોલવા માટે તમે આ ગામની પસંદગી કરી છે તેથી મને આનંદ થાય છે. કચ્છના સૂકા મુલકમાં આ ગામ ફરતી સુંદર વાડીઓ આવેલી છે. આ ગામ વાડીઓનું ગામ છે તેથી અહીં બાલવાડી સારી રીતે ફાલીફૂલી શકશે. કારણ કે આ ગામના લોકો વાડીઓ કેમ ઉછેરવી તે જાણે છે. ઉછેરેલી વાડીને કેમ સાચવવી તે જાણે છે. વાડીમાં ફળઝાડ રોપ્યા પછી તેને ગોડ, બાતર, પાણી, માવજત વગેરે કર્યા જ કરે છે. નિષ્ફળ જાય તો ફરી ફરીને શ્રદ્ધાપૂર્વક મહેનતમાં બેડૂત મંડયો રહે છે. આંબા ને અખરોડ જેવાં ઝાડ મહેનત, ધીરજ અને શ્રદ્ધાથી જ ઉગાડી શકાય. બેડૂત જાણે છે કે જેટલી મહેનત વધારે કરશું તેટલું ફળ વહેલું મળશે ને સારું મળશે. આ બાલવાડીનું પણ તેવું જ છે. બાલવાડીને કેમ ઉછેરવી તે તમે સૌ સારી રીતે સમજી શકશો. પાચ વર્ષ પહેલાં હું આવેલી ત્યારે પણ બાલવાડીની વાતો થઈ હતી. તે પહેલાં ગિજુભાઈ આવેલા ત્યારે પણ વાતો થયેલી. આમ એનું વિચારબીજ તો ઘણાં વરસોથી પોષાતું હતું. આજે વાડી શરૂ થાય છે. તમારા સૌના સહકારથી તે ખૂબ ફાલશે ફૂલશે અને આખા કચ્છમાં ફેલાઈ જશે એવી પરિસ્થિતિ આજે દેખાય છે.

સૃષ્ટિની સૌથી સુંદર જાત

આજ સુધી નાગલપુરમાં તમે કેળ પપૈયાની વાડીઓ ઉછેરતા હતા. આજે તમે હીરાની વાડી શરૂ કરો છો. કારણ કે મનુષ્યજાત એ સૃષ્ટિમાં સૌથી સુંદર જાત છે. એનું મહત્ત્વ તમે પૂરેપૂરું સમજશો તો પેલી વાડીઓ કરતાં આની માવજત વધારે કરશો. આજના વિજયાદશમીના શુભ દિને આ મંગળ કાર્યની શરૂઆત કરો છો તેને શ્રદ્ધાથી વળગી રહેજો. તમારી આ વાડી મારે હાથે ખુલ્લી મુકાય છે તેથી મારી જવાબદારી પણ વધે છે; અને તમારી આ વાડી ચાલુ રાખવાના પ્રયાસમાં મારો તથા મારા સાથીઓનો તમને સંપૂર્ણ સાથ મળશે તેની તમને ખાત્રી આપું છું

આદર્શ સમાજનાં બીજ

તમને થશે કે હું નાની વાતને મોટું રૂપ આપી રહી છું. નાનાં છોકરાંને રમવાની બાલવાડી કરી એમા આટલું બધું બોલવાનું શું ? પણ તમે વિચાર કરશો તો તમને જણાશે કે હું આ વસ્તુને શા માટે આટલી અગત્ય આપી રહી છું. તમારા ગામમા કેટલા પક્ષ છે ? કેટલી કોમો છે ? આપણા ઘરમાં, ગામમાં ને દેશમાં જે કજિયાકંકાસ, બીક, આળસ, અને નિર્ધનતા પથરાયાં છે અને પરિણામે જે ગુલામી આપણને પાયમાલ કરી રહી છે તેનું મુખ્ય કારણ શિક્ષણ તરફની બેદરકારી છે. તમારાં બાળકો આ વાડીમાં રમશે, જમશે, ભણશે, એકડા લખશે તેનું મહત્ત્વ નથી; પણ એ બાળકો સાથે રહીને

કામ કરતાં શીખશે, દરેક બાબતમાં સ્વયં-સ્ફુરણાથી સ્વાવલંબી બનશે, નિર્ભયતાથી વાડીમાં ફરશે ફરશે, હાથપગ સાથે મગજને હૃદયનો વિકાસ સાધશે તેથી એમનામાં આદર્શ માનવીનાં બીજ ખીલશે. ગાંધીજી સત્ય અને અહિંસા ઉપર, સંપ અને નિર્ભયતા દ્વારા જે આદર્શ સમાજની રચના કરવા માગે છે તેનાં બીજ આ બાલવાડીમાં રોપાય છે. એ મહત્ત્વની વસ્તુ છે. મહાત્માજી પોતે કહી ગયા છે કે આપણે જુદી રીતે ઉછર્યાં છીએ તેથી કુસંપ, જૂઠાણું, બીક, આળસ વગેરે આપણામાં ઘર કરી રહ્યાં છે. તે કાઢવા માટે આપણે નાનપણથી જ સત્યઅહિંસાનાં બીજ રોપવાં પડશે. અને આવી બાલવાડીમાંથી જ આદર્શ સમાજની રચના થઈ શકશે.

જાતમહેનતની પ્રતિષ્ઠા

આ બાલવાડીમાં સ્વાવલંબનનું શિક્ષણ પ્રથમ મળશે. આપણા દેશને એ વસ્તુની ઘણી જરૂર છે. અંગ્રેજી નિશાળમાં ભણેલો શિક્ષક ખુરશી જોઈતી હશે તો વિદ્યાર્થીને કહેશે, ને વિદ્યાર્થી પટાવાળાને બોલાવવા દોડશે. ભણેલો માણસ સત્તા પર આવે છે અને શ્રીમંત બને છે એટલે નોકરચાકર વધારે છે, હાથપગથી કામ કરવામાં નાનમ સમજે છે. પ્રોફેસર, દાક્તર, વકીલ, શેઠ કે અમલદાર થાય એટલે કોટપાટલૂન વગેરે ઊજળાં ને ઠાઠવાળાં કપડાં પહેરી મહેનતુ વર્ગ ઉપર રુઆબ બેસાડે છે. એને ફોસ હાંકવાનું કહેશું તો વિચિત્ર લાગશે. પોતાના બગીચાના ફૂળઝાડ ગોડવવાની વાત એને અપ્રતિષ્ઠિત જણાશે. આ વસ્તુ આજની ખોટી કેળવણીનું પરિણામ છે. આપણે એથી ઊલટી વસ્તુ કરવાની છે. મહેનતમજૂરીની પ્રતિષ્ઠા વધારવાની છે. આ વાડીમાં રાયરંક સૌ સરખાં ગણાશે. સૂપડી, સાવરણી, કોદાળી, ઝારી, કડછી વગેરે વાપરતાં બાળક શીખશે. શિક્ષક બાળકોની સાથે જ કામ કરતો હશે. આ બાલવાડીના બાળકોની આંખમાં સ્વાતંત્ર્ય અને સ્વાવલંબનનું તેજ દેખાશે. આવી બાલવાડીની પદ્ધતિ શોધી કાઢનારી બાઈનું એક વાક્ય અત્યારે મને યાદ આવે છે. એણે કહ્યું છે કે 'સ્વાવલંબન એ જ સ્વાતંત્ર્યનો પાયો છે.' આ વસ્તુ આપણા હિંદુસ્તાન માટે જ નહિ પણ આખા જગત માટે ઉપયોગી છે.

અનુકરણ કરવાનું નથી

શિક્ષકોને અને ગામલોકોને મારે બે વસ્તુ કહેવાની છે. શહેરી નિશાળો ને શહેરી બાલ-મંદિરોનું આ બાલવાડીમાં અનુકરણ કરવાનું નથી. શહેરમાં ગંદકી હોવાથી ત્યાંનાં બાળકો નબળાં રહે છે. અહીંનાં તંદુરસ્ત હવાપાણીમાં ઉછરેલ બાળક બળવાન થવું જોઈએ. અહીંના શિક્ષક ચારપાંચ કલાક કામ કરી બેસી રહેવાથી નહિ પાલવે. આજુબાજુની આબોહવામાંથી એણે જુદી જુદી વસ્તુઓ નિપજાવવાની છે, અને આસપાસની વસ્તુઓથી આ બાલવાડી ખીલવવાની છે. શહેરના લોકો આ બાલવાડી જોવા આવે એવી એને નમૂનેદાર બનાવવાની છે. ખોટું અનુકરણ કરીને આપણે જગત આગળ મૂરખા દેખાશું. આપણે શોધકબુદ્ધિ વાપરીને હૈયાઉકલત ખીલવવાની છે. આખનો માટે કારીગર શોધી કાઢવા પડશે, સંગીત માટે ભજનિક અને ભજનો તથા લોકગીતો શોધી કાઢવાં પડશે. મદદ કરે તેવા જુવાનિયા અને બહેનો આ ગામમાં પડ્યાં હશે તેને શોધી કાઢવાની કળા બાલવાડીના શિક્ષકે કેળવવી પડશે.

ગામલોકોને–માબાપોને બીજી વસ્તુ કહે-

વાની છે. તમે છોકરાને બાલવાડીમાં મોકલ્યાં એટલે પંચાત મટી એમ ન માનશો; નવરાં થયાં એમ ન માનશો. તમારી જવાબદારી શિક્ષક જેટલી જ છે. બાળક બાલવાડીમાં કેવી રીતે રમે છે, ગણે છે, લખે છે, ચીતરે છે, હાલેચાલે છે, બોલે છે, તે તમે જોવા જાઓ અને બાળક ઘેર પણ એ રીતે રહી શકે તેવી તેને સગવડ આપજો ને તેમા સહાય કરજો.

આ બાલવાડી ખૂબ ફાલેફૂલે અને કચ્છને ગામેગામ ફેલાય તેવી પ્રભુ પાસે પ્રાર્થના કરું છું.

'ઘર અને શાળાનો સુમેળ કરવો એ જ નૂતન બાલશિક્ષણ સંઘનું કાર્ય છે.'

બાલવાડી વિષે વાર્તાલાપ

[અંજાર મુકામે તા. ૧૭-૧૦-૪૫ ના રોજ બપોરે કચ્છ કેળવણી મંડળ તથા અંજાર શહેરના શિક્ષક ભાઈબહેનોએ શ્રી તારાબહેન સાથે વાર્તાલાપ કર્યો હતો. પોતાના જીવનકાર્યને સ્પર્શતા પ્રશ્નોના શ્રી તારાબહેને શાસ્ત્રીય સુંદર અને સમાધાનકારક ઉત્તરો આપ્યા હતા. તેમાંથી મહત્ત્વના પ્રશ્નોત્તર અહીં આપવામાં આવ્યા છે.]

બાલવાડી એ ઘરનું આંગણું છે

પ્રશ્ન : બાલમંદિરનાં બાળકો ઘેર જાય છે; ત્યાં વાતાવરણ જુદું હોવાથી બાલમંદિરની સારી ટેવો ભૂલી જાય છે. ચોવીસે કલાક સંસ્થામાં રહે તેવું થાય તો સારું નહિ ?

ઉત્તર : બાલમંદિરની પદ્ધતિ માબાપોને સમજાવવી એ પણ શિક્ષકનું જ કામ છે. બાલમંદિર સિવાયના વખતનાં જેણે એ કામ કરવું જોઈએ. બાલમંદિર જેવું ઘરનું વાતાવરણ થાય તેવા પ્રયાસ કરવા જોઈએ. હિંદુસ્તાનનાં લાખો ગામડાંમાં બાલવાડીઓ આપણે ફેલાવવી છે, એ તો જ બની શકે. ઘર ગમે તેટલું ખરાબ હોય, માબાપ ગમે તેટલાં અસંસ્કારી હોય, પણ માબાપનો પ્રેમ એ એક અલૌકિક વસ્તુ છે. ગમે તેવો સંસ્કારી શિક્ષક એ ન આપી શકે. માના ધાવણથી જેમ બાળકનું શરીર બંધાય છે, તેમ માબાપના પ્રેમથી તેનો માનસિક વિકાસ સધાય છે. નાનપણમાં જેની મા ગુજરી ગઈ હોય તેવા બાળકને ગમે તેટલી સારી રીતે ઉછેરીએ તોપણ એને માની ઊણપ સાલે છે. ઘર અને શાળાનો સુમેળ કરવો એ જ નૂતન બાલશિક્ષણ સંઘનું કાર્ય છે. શાળા એ તો ઘરનું આંગણું છે. બાળક મોટું થતાં ઉબરે, ડેલે, શેરીમાં જાય છે, તેમ બાલમંદિરમાં તેને વિકાસનું વાતાવરણ આપવું એ આપણો ઉદ્દેશ છે. ઘરની જગ્યા બાલવાડી લઈ જ ન શકે. બીજી વ્યવસ્થા બાલવિકાસને માટે ઘાતક છે. પછાત વર્ગનાં ઘરોમાં બાલવાડીના સંસ્કારો લઈ જવાનું કામ બાલશિક્ષકે કરવાનું છે. સંસ્કારો વખતથી નથી માપી શકાતા. ઘરમાં જે પ્રેમનું વાતાવરણ સગાંસંબંધી તરફથી મળે છે, ત્યાં બાળકને જે પોતાપણું લાગે છે, તે બીજે કયાંઈ નથી લાગતું. બાળકને ઘરમાં જે રક્ષણ, આધાર, છાંયો મળે છે તે બીજે નથી મળતું. ભાવ ગરીબ કુટુંબ હશે, અધોરોટલો ને ફાટલાં કપડાં મળતાં હશે, મારપીટ થતી હશે, છતાં મા 'મારો બાપો' કહીને બચ્ચી ભરશે તેમાં જે વિકાસનું તત્ત્વ રહેલું છે તે સર્વોપરી છે.

પ્રવૃત્તિ પરથી ઉદ્યોગમાં લઈ જવાં

પ્રશ્ન : બાલવાડીમાં કયા કયા ઉદ્યોગો આપી શકાય ?

ઉત્તર : ઉદ્યોગ અને પ્રવૃત્તિનો ભેદ પાડવો ન જોઈએ. સામાન્ય રીતે બાલવાડીમાં નીચે પ્રમાણે પ્રવૃત્તિઓ ને ઉદ્યોગ ચલાવી શકાયઃ—

(૧) હાથપગ, વાળ, નખ, જગ્યાની સ્વચ્છતા.
(૨) કપડાં પહેરવાં.
(૩) ગીત-વાર્તા સંભળાવવાં.
(૪) કપડાં ધોવાં, વાસણ માંજવાં, ઓરડો શણગારવો, નાસ્તો તૈયાર કરવો, પીરસવો એ બધી પ્રવૃત્તિઓ સ્થાનિક વાતાવરણ ને સંજોગો અનુસાર ગોઠવી શકાય. નાનાં બાળકો માટે એવી પ્રવૃત્તિ એ જ ઉદ્યોગ છે.
(૫) મોટાં બાળકો માટે તૂણાઈ, પીંજાઈ, તકલી, બાગાયત, ઘર બાંધવું, છાપરું છાજવું, વગેરે ધીમે ધીમે ઉત્તરોત્તર આપી શકાય. નાના બાળકની દૃષ્ટિએ તે શાક સુધારે કે તકલી કાંતે એ સરખું જ છે. આપણે બાળકને પ્રવૃત્તિ દ્વારા ઉદ્યોગ તરફ લઈ જવાનું છે.

સ્વમાન સાચવવું જોઈએ

પ્રશ્ન : બાલવાડીમાં તદ્દન ગરીબ માબાપનાં બાળકો આવે તેમનાં કપડાંની સ્વચ્છતા વિષે શું કરવું ?

ઉત્તર : અત્યારે સામાન્ય રીતે નાનાં બાળકોને પણ કપડાં પહેરાવવાં એ સભ્યતા ગણાય છે. પણ મને લાગે છે કે બાલવાડીનાં બાળકોનાં માબાપ બે જોડી સારાં કપડાં ખરીદી આપી શકે તેવાં ન હોય તો બાળકોને નવરાવી ધોવરાવી સ્વચ્છ કરી લંગોટી પહેરાવીને વાડીમાં રમવા લેવાં. હું તો કહું કે નાગાં આવે તેનીય હરકત નથી. આપણે બે જોડી કપડાં ફંડફાળા કરીને લઈ આપી શકીએ તો પણ એ વસ્તુ હું પસંદ કરતી નથી. આપણે એમને ધર્માદા ખવરાવી ઉજાણિયાત વર્ગનાં ઓશિયાળાં બનાવવાં નથી; એમાં સ્વમાન હણાય છે. બાળકો જેમ મોટાં થતાં જાય તેમ તેની પાસેથી શાળાના કામમાં મદદ લઈ શકાય. બિહારમાં લક્ષ્મીબાણુ એક બાલવાડી ચલાવે છે. તેઓ બાદીકેન્દ્ર પણ ચલાવે છે. મોટા ભાગનાં બાળકો કાંતનાર બહેનોનાં આવે છે. એમણે બાળકોનાં માબાપ પાસેથી મહિને ત્રણ આંટી સૂતર લેવાનું ઠરાવ્યું; બદલામાં બાળકોને બે જોડી કપડાં ને નાસ્તો મળી રહ્યો. વાડીવાળાં ગામ હોય ત્યાં ફળ લેવાનું ઠરાવી શકાય. જેનો જેવો ધંધો, તેની પાસેથી તેવી ફી લેવી અને બદલામાં કપડાં-નાસ્તો આપવાં. મફત નાસ્તો કરાવી બાળકોને મહાજનિયાં બનાવવાનાં નથી. જૂના વખતમાં તો આખા હિંદુસ્તાનમાં એ રીતે ગામડે-ગામડે પાઠશાળાઓ ચાલતી. આપણે એ વસ્તુને નવા સ્વરૂપે સજીવન કરવાની છે.

છોકરાછોકરીઓનો અભ્યાસક્રમ જુદો ન જોઈએ

પ્રશ્ન : કન્યાઓને માટે મુખ્યત્વે કયા વિષય તરફ આપણે વિશેષ લક્ષ આપવાની જરૂર છે ?

ઉત્તર : છોકરા-છોકરીઓના શિક્ષણમાં બાર વરસ સુધી કશો ભેદ પાડવાની જરૂર નથી. આપણે ત્યાં કન્યાઓને સીવણ, ગૂંથણ, રસોઈ વગેરે કામ ખાસ શીખવવામાં આવે છે. પણ ઘરકામ, સીવણ, રસોઈ વગેરે મનુષ્ય તરીકેના જીવનનાં પ્રાથમિક કાર્યોની કેળવણી બન્નેને સરખી જરૂરી છે. જે છોકરીઓ આગળ ભણું-

વાળી ન હોય તેમને માટે છેલ્લાં ત્રણ વર્ષનો અભ્યાસક્રમ જરા જુદો કરીએ તો ચાલે. જો કે તેમાંય બીજું શું વધારે છે ? વિજ્ઞાન કે એવું બન્નેને સરખું જરૂરી છે. નાની ઉમરે બાળ-ઉછેરની તાલીમ આપવાથી ખાસ અર્થ સરતો નથી. પરણ્યા પછી એકાદ બે વર્ષ, માતા થાય તે દરમિયાન ખાસ બબ્બે કલાક બાળઉછેરની તાલીમ આપવામાં આવે તો તે રસથી ઝડપથી શીખી શકે. અત્યારે કન્યાશાળાઓમાં કૃત્રિમ રીતે સીવણ, ભરત, રસોઈ, ગૃહવિજ્ઞાન શીખવાય છે તેથી ખાસ ફાયદો થતો હોય એમ મને લાગતું નથી.

---

(૨)

ભાવનગર નૂતન બાલશિક્ષણ સંમેલન

નૂતન બાલશિક્ષણ સંઘના આશ્રયે કાઠિયાવાડ વિભાગનું બાલશિક્ષણ સંમેલન સદ્‌ગત ગિજુભાઈની કર્મભૂમિ ભાવનગરમાં ઑક્ટોબરની તા. ૨૦–૨૧ શનિ–રવિવારના રોજ ભરાયું હતું. સંમેલનના પ્રમુખપદે શ્રી સરલાદેવી સારાભાઈ હતાં.

સંમેલનની સાથે ઘરશાળા છાત્રાલયમાં એક બાલશિક્ષણનું નાનકડું કલાત્મક પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું, જેમાં બાલશિક્ષણનાં સાધનો, બાલસાહિત્ય, બાળકોને યોગ્ય પ્રવૃત્તિ આપે તેવાં રમતગમતનાં સાધનો ગોઠવવામાં આવ્યાં હતા.

સંમેલન અને પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ભાવનગરના નામદાર મહારાજા સાહેબને હાથે થવાનું હતું પરંતુ નાદુરસ્ત તબિયતને અંગે તેઓશ્રીએ નાયબ દીવાન સુરતી સાહેબને સંદેશો આપી પાઠવ્યા હતા. મહારાજા સાહેબની વિનંતિને માન આપીને પ્રમુખશ્રી સરલાદેવી સારાભાઈએ સંમેલન તથા પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યું હતું અને નાયબ દીવાન શ્રી સુરતીએ મહારાજાસાહેબનો સંદેશો વાંચી સંભળાવ્યો હતો.

સંમેલનપ્રસંગે કાઠિયાવાડના જુદા જુદા ભાગમાંથી બાલમંદિરના સંચાલકો આવી પહોંચ્યા હતા. શ્રી નાનાભાઈ ભટ્ટ, શ્રી છગનભાઈ જોષી, શ્રી હરભાઈ, શ્રી. તારાબેન, શ્રી વજુભાઈ દવે વગેરે મુખ્ય શિક્ષણશાસ્ત્રીઓ ઉપરાંત શ્રી ભોગીલાલ પરીખ, શ્રી વીરસુત મહેતા વગેરે પણ આ નિમિત્તે દૂર દૂરથી આવ્યા હતા. વઢવાણના નામદાર ઠાકોરસાહેબ, પોરબંદરવાળા શેઠશ્રી નાનજીભાઈ કાલિદાસ વગેરેએ સંમેલનને સફળતા ઇચ્છતા સંદેશાઓ મોકલ્યા હતા. જાણીતા બાલશિક્ષણપ્રેમી શ્રી જુગતરામ દવે વગેરેએ સંમેલનની સફળતા ઇચ્છી હતી.

આવેલા મહેમાનોનો સત્કાર કરતાં શ્રી નાનાભાઈએ દક્ષિણામૂર્તિના આદર્શને જીવંત રાખવાની હિમાયત કરી હતી. સ્વાગત પ્રમુખશ્રી રમણિકલાલ ભોગીલાલ શાહે ભાવનગરમાં પાંગરેલી શિક્ષણપ્રવૃત્તિઓનો ઉજ્જવળ ઇતિહાસ કહી સંભળાવ્યો હતો અને તેના ઉજ્જવળ ભાવિની આગાહી કરી હતી.

મનનીય વ્યાખ્યાનો

બન્ને દિવસની બેઠકોમાં આગંતુક શિક્ષણશાસ્ત્રીઓએ વિચારપ્રેરક વ્યાખ્યાનો કર્યાં હતાં. ભાવનગર કેળવણી ખાતાના ભૂતપૂર્વ અધિકારી

શ્રી ગજાનન ભટે બાલસંમેલન ઉપર વ્યાખ્યાન આપ્યું હતું, શ્રી નાનાભાઈ એ વર્ધા શિક્ષણ પદ્ધતિને અનુલક્ષીને એક સુંદર પ્રવચન કર્યું હતું, તેમ જ શ્રી છગનલાલ જોષીએ હરિજન બાળકોની કેળવણી તરફ બાલશિક્ષકોનું લક્ષ દોરતા હૃદયસ્પર્શી ઉદ્ગારો કાઢ્યા હતા. મુંબઈ સેવામંદિરની બાલવાડી ચલાવતા શ્રી ભગવતીપ્રસાદ શેલતે પોતાના અનુભવો રજૂ કર્યા હતા. વ્યાખ્યાનો, નિબંધવાચન, વાર્તાલાપ પૂરો થયા બાદ પ્રમુખ તરીકેના ઉપસંહારમાં શ્રી સરલાદેવીએ બાલશિક્ષણના કાર્યને વેગ આપવા સૌને હાર્દિક નિમંત્રણ આપ્યું હતું અને વ્યાખ્યાતાઓના કથનનો સમન્વય કરી બતાવ્યો હતો.

પ્રમુખશ્રી તથા મહેમાનોએ ભાવનગરની કેટલીક શિક્ષણસંસ્થાઓની મુલાકાત પણ લીધી હતી જેમાં હરિજનઆશ્રમ, ભંગીવાસ, શિશુવિહાર બાલમંદિર, મજૂર બાલમંદિર, કમળાબેન ઉદ્યોગશાળા, વગેરે મુખ્ય હતાં.

કાઠિયાવાડ હરિજન–સેવકસંઘના મંત્રીની વિનતિથી નૂતન બાલશિક્ષણ સંઘે તેઓ જ્યાં હરિજન બાલવાડીઓ ખોલે ત્યાં શિક્ષણવિષયક તમામ સહાય કરવાની તૈયારી બતાવી હતી. અને હરિજનસંઘને હરિજન બાલવાડીઓનું કામ શરૂ કરવા નિમિત્તે ફ્રવાફંડની પેઠે એક બાલવાડીફંડ ખોલે તેમા શરૂઆત તરીકે રૂ. ૧૦૦૦) એક હજાર શ્રી સરલાદેવી સારાભાઇએ આપ્યા હતા.

ભાવનગરમાં કાઠિયાવાડ વિભાગની શાખા સ્થપાઇ હતી જેના પ્રમુખ તરીકે શ્રી હરભાઈ ત્રિવેદીને પસંદ કરવામાં આવ્યા હતા. શ્રી હરભાઈએ એ સ્થાન સ્વીકાર્યું તેથી સૌને અત્યંત હર્ષ થયો હતો.

મનોરંજન અને વિદાય

શરદપૂર્ણિમાની રાતે મનોરંજનનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. સંગીત, નૃત્ય, નાટ્યપ્રયોગો વગેરે વિવિધ કાર્યક્રમોથી વિશાળ શ્રોતાસમૂહનાં મન રંજિત કરવામાં આવ્યા હતાં.

તા. ૨૩મીએ શ્રી સરલાદેવી, શ્રી તારાબેન વગેરે મંડળી શ્રી નાનાભાઇ ભટ સાથે આંબલા ગ્રામદક્ષિણામૂર્તિ જોવા ગઈ હતી. ત્યાંથી ભાવનગર પાછા ફરી સાંજની ગાડીમાં પ્રમુખશ્રી તેમ જ શ્રી તારાબેન વગેરે મંડળ આણંદના સંસ્કારવર્ગમા જવા માટે ઊપડી ગયું હતું.

બાલશિક્ષણની ગંગોત્રી

[તા. ૨૦–૨૧ નવેંબર ૧૯૪૫ ના રોજ ભાવનગર મુકામે નૂતન બાલશિક્ષણ સંઘના ઉપક્રમે કાઠિયાવાડ વિભાગનું બાલશિક્ષણ સંમેલન ભરાયું હતું. એ સંમેલન પ્રસંગે પ્રમુખપદેથી શ્રી સરલાદેવી સારાભાઈએ આજના રાષ્ટ્રોદ્ધારના મહાન કાર્યમાં બાલશિક્ષણની અગત્ય અને તેના સ્થાનનું સુસ્પષ્ટ દર્શન કરાવતું તત્ત્વદર્શી અને તલસ્પર્શી વિચારણા દર્શાવતું વ્યાખ્યાન આપ્યું હતું. એ આખું વ્યાખ્યાન અહીં ઉતારવામાં આવ્યું છે.]

નૂતન બાળકેળવણીની આ ગંગોત્રીમાં એકત્ર થતાં આંપણામાંના કોને આનંદ નહિ થતો હોય ? અને એ હર્ષની છાયાની પેઠે શોક પણ કોને નહિ થતો હોય ? શ્રી નાનાભાઈ, ગિજુભાઈ અને શ્રી તારાબહેન મોડકની આ કાર્યભૂમિનાં અનેક સ્મરણો આપણ દરેકને થઈ

આવતાં હશે. આ ભૂમિનો ઘોષ કેવળ કાઠિયાવાડ —ગુજરાતમાં નહિ, પણ તેની બહાર પણ સંભળાયેલો છે. નવીન બાળકેળવણીનું રહસ્ય વ્યવસ્થિત સ્વરૂપે હિંદમાં પ્રથમ આ સ્થાને પ્રકટ થયું અને આજે ગુજરાતમાં અને અન્ય સ્થળોએ નૂતન બાળકેળવણીની જે પ્રવૃત્તિઓ ચાલી રહી છે તે સર્વના પ્રેરક ગિજુભાઈના આપણે સર્વે અત્યંત ઋણી છીએ. આજે ગિજુભાઈ નથી, અને પૂર્ત્તનું દક્ષિણામૂર્તિ પણ નથી, છતાં બાળકેળવણીના ઇતિહાસમાં તેમણે કાયમનું સ્થાન લીધેલું છે.

અખંડ માનવજીવનની બુનિયાદી તાલીમ

થોડાક સમય પહેલાં નૂતન બાળકેળવણીની પ્રવૃત્તિઓ મુખ્યત્વે કાઠિયાવાડ ગુજરાતમાં હતી. પણ હાલ કેટલાક સમયથી બીજા પ્રાંતોમાં તે શરૂ થયેલી છે, અને બીજાં ઘણાં પ્રેરક બળો કામ કરી રહ્યાં છે. પૂજ્ય ગાંધીજીની સમર્થ પ્રેરણાથી હિન્દુસ્તાની તાલીમસંઘ સમગ્ર રાષ્ટ્રને ઉપયુક્ત, અખંડ માનવજીવનની બુનિયાદી તાલીમના એક અનિવાર્ય અંગ તરીકે પૂર્વબુનિયાદી તાલીમની યોજના ઘડી રહ્યો છે. કસ્તુરબા સ્મારકે ગ્રામજનતામાં બાળકનો આર્તરવ સાંભળ્યો છે. સાર્જન્ટ રિપોર્ટ પણ પૂર્વપ્રાથમિક (Pre-primary) કેળવણી ઉપર અત્યંત ભાર મૂકે છે. મેડમ મોન્ટેસોરી હિન્દમાં પધાર્યાં ત્યારથી આજ સુધીમાં તેમણે સાત મોન્ટેસોરી પદ્ધતિના પ્રાથમિક વર્ગો ચલાવ્યા છે. આ બધાં સૂચક બળો સ્પષ્ટ દર્શાવે છે કે રાષ્ટ્રવિધાયકોની દૃષ્ટિ બાળક તરફ ગઈ છે, અને રાષ્ટ્રની પુનર્ઘટનામાં બાળકેળવણીનું મહત્ત્વ સમજવા માંડયું છે. તેમ છતાં નૂતન બાળકેળવણી વિષે એક પ્રકારની ગેરસમજ રહેલી એમ મને લાગે છે. કેટલાકને એમ લાગે છે, કે નૂતન બાળકેળવણીની પદ્ધતિ એ માત્ર શહેરી જીવનને ઉપયોગી છે એટલું જ નહિ, પણ કુપથ્ય છે. આ એક પ્રકારની ભીતિ જ છે, અને આ ક્ષેત્ર વધારે ખેડતાં તે ચાલી જશે, એવું મારું નમ્ર માનવું છે. જો આ પદ્ધતિના સિદ્ધાંતો અને સાધનોનો સમભાવપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો જણાશે કે તેમાં ઓતપ્રોત રહેલી ભાવના અને કાર્યસરણિ બાળક માત્ર માટે છે, પછી તે બાળક પૂર્વનું હોય કે પશ્ચિમનું હોય, ગરીબનું હોય કે શ્રીમંતનું હોય. કોઇ પણ બાળક, ભલેને તે ગમે તે પરિસ્થતિમાં જન્મેલું હોય, તથાપિ તે પોતાની આજુબાજુની દુનિયાનું યથાર્થ જ્ઞાન મેળવી પ્રત્યક્ષ જીવનનો સામનો કેમ કરવો તેની તાલીમ અહીં પામે છે. પ્રાપ્ત થતી પરિસ્થિતિમાં બાળક માત્ર પોતે પોતાની શક્તિ અનુસાર પરિસ્થિતિનો જ્ઞાતા અને કુશળ સંચાલક કેવી રીતે બને, એ આ પદ્ધતિનો મુખ્ય સૂર છે. બાળકને સ્વાવલંબનને પંથે ચડાવવું, એ તેનું વિશિષ્ટ લક્ષણ છે. તેથી આ નવીન ભાવનામાં શ્રદ્ધા ધરાવનારાઓનું એ કર્તવ્ય થઈ પડે છે, કે દેશના બધા પ્રકારના વિસ્તારોમાં આ પદ્ધતિના પ્રયોગો કરવા. શહેર કે ગામડામાં, જ્યાં જ્યાં તેના વિવેક અને સમજણપૂર્વક પ્રયોગો કરવામાં આવશે ત્યાં ત્યાં તેનાં પરિણામો આશ્ચર્યજનક આવશે, એ વિષે મારી ખાત્રી છે. કેટલેક ઠેકાણે જ્યાં આવા પ્રયોગો થયેલા છે ત્યાં ઘણાં ઉત્તેજક પરિણામો આવ્યાં છે. વેડછીમાં શ્રી જુગતરામભાઈની અને આંબલામાં શ્રી નાનાભાઈની દોરવણી નીચે ઘણા સ્તુત્ય પ્રયોગો

થયેલા છે, અને તેમાંથી ઘણા મૌલિક અનુભવો મળેલા છે. શહેરના શ્રમજીવીઓના વિસ્તારમાં શ્રી તારાબહેન મોડકની અને શ્રી સરોજબહેન પોધની દોરવણી નીચે મુંબઈ ભગિનીસમાજના સહકારથી તેના સેવામંદિરના હરિજન બાલ-મંદિરમાં પ્રયોગ ચાલુ છે, તે પણ એટલો જ ઉત્સાહપ્રેરક છે. હવે આપણને જે જોઈએ છે તે કુશળ શિક્ષકો–ભાવનાશાળી અને કર્તવ્ય-નિષ્ઠ. ગિજુભાઈના હાથ નીચેથી અનેક શિક્ષકો પસાર થયેલા છે. શ્રી તારાબહેન મોડક દાદરમાં એક અધ્યાપનમંદિર ચલાવે છે, અને મેડમ મોન્ટેસોરીએ હિન્દમાં અનેક શિક્ષકો તૈયાર કર્યા છે. આ બધાના પરિણામે શિક્ષકોની સંખ્યા વધી છે, પણ તે એટલી નથી કે આ વિશાળ દેશમાં બધે પહોંચી વળી શકે. કસ્તુરબા સ્મારકના આશ્રય નીચે ગામડાંમાં બાલ–ક્રીડાંગણો ખોલવાનાં છે; ત્યાં ઘણા સેવાભાવી અને પ્રયોગશીલ શિક્ષકોની જરૂર પડશે. જો તૈયાર શાસ્ત્રીય સાધનો પ્રાપ્ત કરી શકાય તો તેનાથી શિક્ષકો પ્રયોગ કરે, અથવા ગ્રામ પરિસ્થિતિ-માંથી ઉપજાવી કહાડે. તૈયાર મળતાં સાધનો વિવેક અને સમજણપૂર્વક વાપરવાનાં છે. સાધનોના સંબંધમાં મારે કહેવું જોઈએ કે નૂતન બાળકેળવણીના મૂળભૂત સિદ્ધાન્તો જો પચાવેલા હોય તો સાધનોથી અસાધારણ પરિ-ણામો લાવી શકાય એમ છે. કોઈ પણ એમ તો ન જ સમજે કે સાધનોનો ઉપયોગ યાંત્રિક રીતે કર્યા જવાનો છે. સાધનોનું રહસ્ય સમજીને તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવાનો છે. સાધનો સ્વતઃ સારાં કે ખોટાં નથી. કેવી બુદ્ધિથી તેનો ઉપયોગ થાય છે તે ઉપર તેની સાર્થકતા કે નિરર્થકતાનો આધાર રહે છે. તેથી સિદ્ધાં-તોની સાથે જ પ્રથમથી જ સાધનોનું રહસ્ય પામી જવું જોઈએ.

વિનાશમાંથી ઊગરવાનો સચોટ ઉપાય

જગતે કદી ન જોયેલા એવા દારુણ માનવ વિનાશમાંથી હમણાં જ જગત જરા છૂટયું છે. હિંસાનાં બળો જગતમાંથી કેમ દૂર કરવાં તેને માટે કેળવણી સિવાય બીજો એક પણ સચોટ ઉપાય નથી. માનવજીવનના પુનર્વિધાનમાં બાળકેળવણીએ સૌથી પ્રથમનું સ્થાન લેવું જોઈએ છે. આપણે જો શ્રદ્ધાથી ધીર અને પ્રબળ પ્રયત્નો કરીશું તો મોડા વહેલા પણ આપણે આપણા દેશમાં સફળ થઈશું. કેટલાક કેળવણીકારોનો એવો મત છે, કે બાળકેળવણી એટલે કે પૂર્વબુનિયાદી તાલીમ, એ પ્રૌઢ કેળ-વણીનું એક અંગ છે, અને નાનાં બાળકોને શિશુવયમાં પૂર્વબુનિયાદી તાલીમ પોતાના ઘરમાં જ મળવી જોઈએ. એક દૃષ્ટિએ આ વિચાર યોગ્ય છે; છતાં આપણાં કુટુંબોની અત્યારની અવ્યવસ્થિત સ્થિતિ અને આપણાં માબાપોનું અજ્ઞાન અને બેકાળજી જોતાં બાળ-શાળાઓને આપણી કેળવણી પદ્ધતિમાં નિશ્ચિત સ્થાન છે, એમ માનવું વાજબી ગણાશે. અલબત્ત, ઉત્તમ પરિણામો તો ત્યારે જ આવે કે જ્યારે આપણા ગૃહજીવનનો અને શાળાઓનો સુમેળ જામે.

કાર્યસિદ્ધિનો આધાર–નિષ્ઠા અને કુશળતા

નૂતન બાલશિક્ષણ સંઘનું કાર્યક્ષેત્ર અત્યાર સુધી મુખ્યત્વે ગુજરાત કાઠિયાવાડ રહ્યું છે. પણ ગિજુભાઈના સમયથી જ તેની ભાવના વ્યાપક હોઈને અન્ય સ્થળોએ પણ તે આદરસત્કાર પામેલી છે. આ ભાવનાને દેશ-વ્યાપી કરવા આપણે જેટલો પ્રચાર કરીએ

તેટલો ઓછો છે, અને તેથી અનેક ઠેકાણે આ પદ્ધતિના પ્રયોગો થવા ઘટે છે. આ કાર્યસિદ્ધિનો આધાર આપણી નિષ્ઠા અને કુશળતા ઉપર બેશક છે. છતાં જનસમાજે ભૂલવું જોઇતું નથી, કે પોતાનાં પ્રિય બાળકોના કલ્યાણ માટે તેણે પણ ઉમંગભેર પ્રવૃત્ત થવું ઘટે છે. પ્રમાદ અને ઉપેક્ષામાંથી મુક્ત થઇ માબાપો જો બાળકેળવણીની પ્રવૃત્તિને પોતાનો સહકાર આપવાનું પવિત્ર કર્તવ્ય સમજે તો પોતાનાં બાળકોનું સાચું કલ્યાણ સાધવાની સાથે તેઓ સહજ રીતે રાષ્ટ્રના નવીન ઘડતરમાં પોતાનો ફાળો આપશે.

વિશાળ અશ્વત્થનાં મૂળ

શ્રીમંત મહારાજા સાહેબને શ્રીહસ્તે આ સંમેલનના પ્રદર્શનનો ઉદ્‌ઘાટન વિધિ થવાનો હતો તે સર્વથા ઉચિત હતું. ભાવનગર એ કાઠિયાવાડમાં એક પ્રગતિશીલ રાજ્ય છે. મરહૂમ મહારાજા સાહેબ તથા સદ્‌ગત સર પ્રભાશંકર પટ્ટણીએ રાજ્યમાં અનેક ઊર્ધ્વમુખી પ્રવૃત્તિઓનો આરંભ કરેલો, તે તેની પ્રજાનું એક સદ્‌ભાગ્ય છે. તેમના પ્રયાસોને લીધે અનેક પ્રવૃત્તિઓ વિકસવા પામી છે. નૂતન બાળકેળવણીનાં બીજ આ ભાવનગરની ભૂમિમાં નંખાયાં, અને તેમાંથી કાઠિયાવાડ–ગુજરાતમાં બાલમંદિરોનો એક વિશાળ અશ્વત્થ પાંગર્યો છે, તે ભાવનગર રાજ્યને માટે ઓછું શોભાસ્પદ નથી. શ્રીમંત મહારાજા સાહેબે આજના પ્રસંગનો ઉદ્‌ઘાટનવિધિ કરવાનું આમંત્રણ સ્વીકાર્યું હતું તે તેઓનો આ પ્રવૃત્તિ પ્રત્યેનો સમભાવ સૂચવે છે. આવા પ્રકારના મમભાવથી પ્રેરાઇને શ્રી અનંતરાયભાઇએ પણ અમદાવાદમાં મૉન્ટેસોરી તાલીમવર્ગ ચાલતો હતો તેમાં તાલીમ લેવા રાજ્ય તરફથી કેટલાક શિક્ષકો મોકલ્યા હતા. મહારાજા સાહેબના સમભાવથી આપણી પ્રવૃત્તિઓને વેગ મળશે, એ વિશે મારી ખાત્રી છે.

પ્રદર્શનનું ઉદ્‌ઘાટન

આજે તેઓશ્રીના શુભ હસ્તે જ આ મંગલકાર્યનો ઉદ્‌ઘાટનવિધિ થયો હોત, તો આપણ સૌને ઘણો જ આનંદ થાત. પરંતુ તેમની નાદુરસ્ત તબિયતના કારણે તેઓશ્રી અહીં પધારી શકયા નથી, તે દિલગીરીની વાત છે. તેઓશ્રીની ઇચ્છાને માન આપી, આજે આ પ્રદર્શન ખુલ્લું મૂકતાં મને આનંદ થાય છે.

જે હેતુથી આ પ્રદર્શન યોજાયુ છે, તેનો પૂરો લાભ અહીં આવેલાં શિક્ષક–ભાઇબહેનો અને જનતા લેશે, એવી હું આશા રાખું છું અને પ્રદર્શન ખુલ્લું મુકાયેલું જાહેર કરું છું.

સરલાદેવી સારાભાઈ

સળંગ જીવનની દૃષ્ટિએ કેળવણીનો વિચાર કરો

[ભાવનગર મુકામે મળેલા બાલશિક્ષણ સંમેલનમાં શ્રી નાનાભાઇ ભટ્ટે સમેલનની બીજી બેઠક પ્રસંગે એક વિચારપ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું. કેળવણીનો વિચાર કરનારાએ જીવનનો સળંગસૂત્ર વિચાર કરવો જોઇએ; તેના કટકા ન થઇ શકે, એ વસ્તુ પર ભાર મૂકતાં તેમણે શિક્ષણની પોતાની વેધક દૃષ્ટિ શ્રોતાજનો સમક્ષ રજૂ કરી હતી. એ વ્યાખ્યાનમાંથી કેટલોક અગત્યનો ભાગ અહીં આપવામાં આવ્યો છે.]

જીવનનો સળંગ વિચાર

છેલ્લાં સાતેક વર્ષ થયાં એક વિચાર મને મૂંઝવે છે. આપણે બધા બોલીએ છીએ કે જીવનના કટકા ન થઈ શકે; સમગ્ર જીવનને જુદું પાડવું ન જોઈએ. પણ બાળકેળવણીમાં તૈયાર થયેલો શિક્ષક બાલમંદિરમાં 'મારવું નહિ'

'બિવડાવવું નહિ' એમ બોલશે પણ ઘર આગળ તેનું વર્તન જુદું હશે તો તેણે જીવનના કટકા કર્યા છે એમ ગણાશે.

એ જ રીતે બાલશિક્ષણ આપનાર શિક્ષકે બીજા કોઇ વિચાર કરવા કે નહિ એ પ્રશ્ન આવે છે. એ શિક્ષકને આર્થિક, રાજકીય, સામાજિક વગેરે બાબતોમાં કોઈ કલ્પના હોય કે નહિ? તેના બાલશિક્ષણના વિચારોનો મેળ જીવનના બીજા વિચારો સાથે હોય કે નહિ? બાલમંદિરના ઓરડામાં એક વિચાર ને બહાર નીકળ્યા પછી બીજો, એ બરાબર ગણાય કે નહિ? દુકાનદાર પૂજાના ઓરડામાં બેસે ત્યારે અમુક વિચાર ને થડે બેસે ત્યારે જુદો—નાટકનો અંક પડે તેમ વ્યવહાર જુદો થઈ જાય એ બરાબર છે? આજે આપણી સમજ એવી છે કે બાળકો સાથે અમુક રીતે વર્તવું જોઈએ, પણ જીવનમાં ગમે તે રીતે વર્તીએ તો ચાલે. આ સમજ ખોટી છે.

થોડા વખત પહેલાં ખાદી કાર્યકર્તાઓ સાથે મારે વાતચીત થઈ હતી. ખાદી પુષ્કળ પેદા થાય, કેંદ્ર પગભર ચાલે, પણ ખાદી પેદા કરનારના જીવન સાથે કાર્યકર્તાનું જીવન ઓત-પ્રોત ન હોય તો એમાં શું કમાયા? આપણી ગણતરી એવી હોય કે બાલમંદિર મારફત નવો સમાજ રચવો છે તો કઈ જાતનો એ સમાજ હોવો જોઈએ તેની સ્પષ્ટ કલ્પના આપણી નજર સામે હોવી જોઇએ. રાજકીય, આર્થિક, ધાર્મિક, સામાજિક દરેક વસ્તુ સાથે બાલમંદિર બંધ બેસતું થવું જોઈએ. ઊછરતું બાળક આવતી કાલે કેવું થશે તેની કલ્પના હશે તો જ તેવો સમાજ રચી શકાશે.

કળાનો નમૂનો

ગાંધીજીનો રચનાત્મક કાર્યક્રમ એ કલાનો નમૂનો છે. એનો કોઈ એક કટકો નહિ શોભે. નાક શરીર પર પ્રમાણસર હોય તો જ શોભે. નાક ઉખાડી લો તો રૂપાળું શરીર પણ વરવું લાગશે. આખા જીવનવિકાસનો વિચાર આપણે કરવાનો છે અને તેની મધ્યમાં બાલમંદિરને ગોઠવવાનું છે.

નવી મૂડી જમાવો

આજે બાળકેળવણી ઉપર દેશનું ધ્યાન ગયું છે. સાર્જંટ યોજના, નઇ તાલીમ સંઘ, મેડમ મોન્ટીસોરી સંઘ, એનો ત્રિભેટો થયો છે. આપણે કોની સાથે રહેવું છે? આપણા બાલ-મંદિરનાં બાળકો ખાદી પહેરે કે કેમ? પહેલાં શિક્ષણના ક્ષેત્રમાં રાષ્ટ્રીય અને શાસ્ત્રીયની ચર્ચાઓ થતી. આજે એમ નહિ વિચારી શકાય. આજે આપણી સામે માનવજાતની રચનાનો વિચાર આવ્યો છે. માણસ કાં તો નિરંતર આગળ વધે, કાં તો પાછળ પડે. આપણે શું કરવું છે?

દક્ષિણામૂર્તિ ૧૯૧૦માં સ્થપાઈ. દસ વર્ષ સુધી શ્રી નથુરામ શર્માના વર્ચસ્વ નીચે ચાલી. તેમનો વિચાર માનવતાની આડે આવતાં અમે વિવેકથી જુદા પડ્યા. આગળ ચાલતાં ફરી મત-ભેદ થતાં છૂટા પડ્યા. આજે દક્ષિણામૂર્તિ આ મકાનોમાં જીવતી નથી છતાં આદર્શને પચાવી ગયેલા વિદ્યાર્થીઓ મારફત એ ગુજરાત મહાગુજરાતમાં ફેલાઈ ગઈ છે. અહીં વાતાવરણ અનુકૂળ હતું ત્યાં સુધી એ વિચાર અહીં ફાલ્યો ફૂલ્યો; હવે જ્યાં વધારે અનુકૂળતા હશે ત્યાં ફાલશે ફૂલશે. પણ બાપીકી મૂડી ઉપર લાંબો વેપાર ન ચાલે. તમારે નવી મૂડી પેદા કરવી

પડશે. વિચારોને વિકસાવવા પડશે. આજે અનેક બાજુથી નવા અવાજો સંભળાય છે; તેમાં પાછળ રહ્યે નહિ ચાલે જગતની પ્રગતિની સાથે આપણે પણ કૂચ કરવી પડશે. આજે આપણામાં પ્રાણ હોય તો નવાં ક્ષેત્રો શોધી નવો વિચાર જમાવવાની જરૂર છે. એને માટે વિશાળ ક્ષેત્ર તમારી સામે પડ્યું છે હિંદમાં આટલાં બધાં ગામડાં પડ્યાં છે ત્યાં ચાલો. સદ્ગત ગિજુભાઈએ તો સેનાપતિની માફક ટપકાં મૂકી દીધાં છે. આપણે એ પ્રમાણે થાણાં જમાવી નવા પ્રદેશો સર કરવાના છે. શહેર કરતાં ગામડાની કેળવણી વધારે કિમતી છે એમ હું કહેતો નથી. પણ એ નવો ચીલો છે. નવે ચીલે તો બમતીધર બળદિયા હોય તે જ ચાલી શકે. અજાણી દિશાનો આપણને ભય છે. ગામડાંની દિશા એ અજાણી દિશા છે. તમારામાં જેઓ બમતીધર હોય તેમને હું એ પ્રદેશમાં આવવાનું આહ્વાન કરું છું.

રોટીનો સવાલ

આજકાલ રોટીનો સવાલ સૌને મૂંઝવે છે. એ સવાલનું મહત્ત્વ હું બરાબર સમજું છું. સાચા કામ કરનારને રોટીનો સવાલ જ્યાં મૂંઝવે તે સમાજ શાપિત છે. થોડા વખત પહેલાં પ્રાથમિક શાળાના કેટલાક શિક્ષકો પોતાનો પગાર વધારવાની વાત લઈને મારી પાસે આવેલા. તેમને મેં કહેલું કે તમારામાંથી ફક્ત આઠ જ જણ ભૂખે મરી જાઓ તો બધાનો બેડો પાર થઈ જાય ! ચાર મરે તો ય બસ. પણ એકે ય તૈયાર નહોતો. એ દૃષ્ટિએ વિચાર કરતાં આપણને જણાઈ આવે છે કે આપણા કામમાં આપણને શ્રદ્ધા ઓછી છે. પૈસાદારના છોકરાને ભણાવવા અને તેમને જ ગાળો દેવી એ કેમ બને ? કળિકાળમાં ટકે તે જ સાચો

કૉલેજમાં વધારે પગાર મળે ત્યાં સૌ દોડ્યા જાય છે. પણ જેમને છોકરાઓ સાથે સંબંધ બંધાયો છે તે તેમને છોડીને ક્યાં જાય ? એમ એક મૂકીને બીજે ચૈમાની ખાતર દોડે તો તો ઊભડિયા જેવું થયું. હું સમજું છું કે ભલભલા આ કળિકાળમાં ટકી શકે તેમ નથી. પણ આપણે મહેનાજી તો કળિકાળમાં ટકીએ તો જ સાચા. ચૈસા મેળવવા જોઈએ પણ ચૈસા લેવાની બુદ્ધિથી કામ ન કરવું જોઈએ. આ ધંધો બ્રાહ્મણધંધો છે. સમાજસેવા માટે જીવતા રહેવું છે પણ સ્વમાનપૂર્વક. સિંહ તરણું નહિ ખાય. નહિતર આપણે આ દ્રવ્યયુગમાં જરૂર તણાઈ જવાના. બીજા ધંધામાં ફેરવી બંધાય; આ ધંધામાં એમ નહિ બની શકે. આપણે મરીને પણ બીજાને માટે માર્ગ સરળ બનાવવાનો છે. આજે આ કામને વેગ મળ્યો છે. રચનાત્મક કાર્યક્રમમાં આ કાર્ય મોખરે આવ્યું છે. આપણે તેનું ઊંડાણ તપાસીએ. આપણે સરગવો નહિ પણ આંબો ઉછેરવો છે. શાસ્ત્રીયતા એ શિક્ષણક્ષેત્રનું ઊંડાણ છે. આપણે ઊંડાણથી, શાસ્ત્રીયતાથી, હિંમતથી, સાહસથી આ કાર્યને આગળ ધપાવવાનું છે, અને નવો પ્રદેશ સર કરવાનો છે.

બાલશિક્ષિકાઓ જોઈએ

હિંદી ભાષા જાણનાર મૉન્ટેસોરી ટ્રેઈન્ડ (શ્રીદક્ષિણામૂર્તિ અગર શિશુવિહાર ટ્રેઈન્ડ પણ ચાલે) બહેનોની જરૂર છે. પગાર લાયકાત મુજબ સારો મળશે. પ્રોવિડંડ ફંડની સગવડ છે. વિગત માટે પૂછોઃ–

વ્યવસ્થાપક : અભિનવ ભારતી

૩૨, સર હરિરામ ગોયનકા સ્ટ્રીટ,

કલકત્તા.

નૂતન બાલશિક્ષણ સંઘ સંચાલિત

પ્રથમ સંસ્કારવર્ગ : આણંદ, ૧૯૪૫

સંઘના ઇતિહાસમાં આ પહેલી જ વાર Refreshers' Course–સંસ્કારવર્ગ યોજાયો. તેનો સર્વ યશ શ્રી તારાબેન મોડકને ઘટે છે, કારણ તેમને જ આભારી આ વર્ગનું અસ્તિત્વ થયું.

બાલમંદિરોમાં અનેક વર્ષોથી કામ કરતાં, પરંતુ પદ્ધતિના જ્ઞાનમાં અદ્યતન નહિ રહી શકેલાં શિક્ષક ભાઈબહેનો વિસરાયેલા જ્ઞાનને તાજું કરે, શિક્ષણમાં થયેલા ફેરફારો સમજી લે, પરસ્પર અનુભવોની આપલે કરે અને બાલ-મંદિરોની સ્થિતિ તેમ જ પ્રગતિ સમજી લઈને સર્વે અધિક તાજાં, યુવાન અને ઉત્સાહી બની નવચેતનના પૂરા જુસ્સાથી પુનઃ બાલસેવાના કામે લાગે, એવા હેતુથી આ વર્ગ નૂતન બાલ-શિક્ષણસંઘના ઉપક્રમથી તા. ૨૩ ઑક્ટો./૪૫ થી તા. ૩૦મી ઑક્ટો./૪૫ સુધી એક સપ્તાહ માટે આણંદ, ચરોતર કેળવણી મંડળના બાલ-ગૃહમાં યોજાયો હતો. આ હેતુથી પ્રેરાઈ જુદાં જુદાં ૨૩ બાલમંદિરોમાંથી ૩૩ ભાઈબહેનો આ વર્ગનો લાભ લેવા આવ્યાં હતાં; તેમાં ૨૨ શિક્ષકભાઈઓ અને ૧૧ શિક્ષિકાબહેનો હતાં. અધ્યાપક વર્ગમાં મુખ્યત્વે શ્રી તારાબેન મોડક, ભાઇ ભગવતીપ્રસાદ શેલત, શ્રી વિષ્ણુભાઈ મજમુદાર, શ્રી શંકરભાઈ શાહ, શ્રી શંકરભાઈ પટેલ અને શ્રી સોમાભાઈ કિશાભાઈ પટેલ વગેરે હતા. વિષયોમાં બાલશિક્ષણનું સિંહાવલોકન, મૉન્ટેસોરી સિદ્ધાન્તો, બાલવાડીના પ્રયોગો, સાધનપરિચય, હસ્તવ્યવસાય, સ્વતઃનિયમન, ક્રિયાશક્તિ, લાગણીની કેળવણી, ભાષા, ગણિત, બાલમંદિરનુ સંચાલન, બાલસંઘ, બાલક્રીડાંગણ, જીવનમંદિર, પ્રૌઢશિક્ષણ, માબાપમિલન આદિ બાલમંદિરપોષક પ્રવૃત્તિઓ, વગેરે વિવિધ વિષયો પર વ્યાખ્યાનો અપાયાં હતાં; વર્ગમાં બાગકામ મહેનતકામને પણ યોગ્ય સ્થાન મળ્યું હતું તેમ જ બાલગીતો અને બાલરમતોને પણ યથાર્થ ન્યાય અપાયો હતો. સંઘના પ્રમુખ શ્રી સરલાદેવીએ આ વર્ગની મુલાકાત લીધી હતી. તેમણે મૉન્ટે-સોરી સિદ્ધાન્તોનો જીવનમાં સુમેળ તારવી તત્ત્વજ્ઞાનપૂર્ણ પ્રબોધક પ્રવચન કર્યું હતું. એ સિવાય નૂતન બાલશિક્ષણ સંઘની મધ્ય ગુજરાત શાખાના પ્રમુખ શ્રી હરિવલ્લભ ચુ. શાહ, શ્રી વિષ્ણુદેવ પંડિત, શ્રી વજુભાઈ દવે, શ્રી રંજન-બહેન દેસાઈ વગેરે મહેમાનો અને સંઘના કાર્ય-કર્તા મંડળના સભ્યો વર્ગની મુલાકાત લઈ સંસ્કારસિંચન કરી ગયા હતા. વર્ગનું કામ વહેલી સવારે સાડાપાંચે શરૂ થતું અને રાત્રે દસ વાગે પૂરું થતું. શૌચ–સ્નાનાદિ અને પ્રાર્થનાથી માંડી શિક્ષણકાર્યને લઈને રાતના રંજન કાર્યક્રમ સુધીની સતત અને સળંગ દિનચર્યાને વર્ગનાં દરેક ભાઈબહેનો ઠરેલા નિયમ મુજબ સૈનિકની પેઠે અનુસરતાં અને વર્ગના સર્વ કાર્યક્રમને ઉત્સાહ–આનંદથી વધાવી લેતાં. સાતે દિવસનું કામ મોટા સંસ્કારી કુટુંબમેળાની માફક શાંતિથી ને નિર્વિઘ્ને સફળતાથી પાર પડ્યું છે. આ વર્ગને સફળ કરવામાં સૌ કોઈ લાગતાં વળગતાંઓનો સારો સાથ–સહકાર

સાંપડ્યાં હતાં, એ પ્રભુકૃપા.

'સંસ્કાર' દૈનિક પણ આ સંસ્કારવર્ગે સાતે દિવસ નિયમિત કાઢ્યું હતું. જિંદગીના આ સાત દિવસનો સંસ્કારવર્ગ સાચે જ સારા સ્નેહ-સંસક્ત સમાજ–Society by cohesion–નાં સંસ્મરણો સાથે વર્ગમાં આવેલાં સૌ કોઈને યાદ રહી જશે.

सर्वेऽत्र सुखिनः सन्तु । सर्वे सन्तु निरामयाः । सर्वे भद्राणि पश्यन्तु । मा कश्चित् दुःखमाप्नुयात् ।
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

કમળાશંકર પંડિત
ભાષામંત્રી

આણંદમાં મળેલી સંઘના કાર્યકર્તાઓની બેઠક

અહેવાલ અને ઠરાવો

તા. ૨૮-૧૦-૪૫ને રવિવારે, બપોરે બે વાગે, આણંદ ચરોતર કેળવણી મંડળના બાલગૃહમાં શ્રીમતી સરલાદેવી સારાભાઈના પ્રમુખપદે નૂતન બાલશિક્ષણ સંઘના ગુજરાત-કાઠિયાવાડના કાર્યકર્તાઓની બેઠક મળી હતી. તેમાં જુદા જુદા વિભાગીય કાર્યકર્તાઓ ઉપરાંત સંઘમંત્રી શ્રી તારાબેન મોડક, તેમના મંત્રી શ્રી રામનારાયણ પાઠક, તથા સંઘના વ્યવસ્થાપક મંડળમાંથી શ્રી વિષ્ણુભાઇ મજમુદાર અને ખાસ આમંત્રણથી ભાઇ ભગવતીપ્રસાદ શેલત તેમ જ અમદાવાદથી શ્રી રંજનબહેન વગેરે હાજર હતાં.

કાર્યસૂચિ મુજબ એક પછી એક કામ ચાલતાં દરેક વિગતની સારી પેઠે છણાવટ થઈ નીચે મુજબના ઠરાવો થઇ બેઠક વિખેરાઇ હતી.

ઠરાવો

૧ દરેક વિભાગમાં બાલશિક્ષણ વિષયક પુસ્તકોનું મધ્યસ્થ પુસ્તકાલય રાખવું. રાખવા લાયક પુસ્તકોની યાદી શિક્ષણ પત્રિકામાં અવારનવાર બહાર પાડવી.

૨ દરેક વિભાગીય મંત્રીઓએ પોતાના વિભાગનાં બાલમંદિરોમાં ચાલતાં ગીતો, વાર્તાઓ અને રમતોનો સંગ્રહ કરી, યોગ્ય પ્રકાશન માટે ભાષામંત્રી પર મોકલી આપવો.

૩ સ્વ. ગિજુભાઈ, શ્રી તારાબેન, મેડમ મોન્ટેસોરીના અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓની ઠામઠેકાણા સહિતની નામાવલિ વિભાગીય મંત્રીઓએ મેળવીને ભાષામંત્રી ઉપર મોકલી આપવી. તેને માટે શિક્ષણપત્રિકામાં જાહેરાત મૂકવી.

૪ બાલમંદિરોના નિરીક્ષણનું કાર્ય સૌથી વધારે અગત્યનું હોઈ, તેવા નિરીક્ષકો માટે એક વર્ગ ચલાવવો. શ્રી તારાબેન મોડકે તેમને ત્રણ વર્ષ તાલીમ આપી તૈયાર કરવા. તાલીમ લેનાર શિક્ષકભાઇઓને નિરીક્ષણ-કાર્ય માટે યોગ્ય તે લાયકાત ઠરાવી પત્રવ્યવહારથી અને શિક્ષણ પત્રિકામાં જાહેરાત આપીને તાલીમ માટે બોલાવવા.

૫ શિક્ષણ પત્રિકાને શિક્ષકો, મા'બાપો અને બાળકો વાંચી સમજી શકે તેવી ઉપયોગી અને અદ્યતન બનાવવા પ્રયાસ કરવા. જરૂરી સંપાદકમંડળ ને લેખકોનાં નામ વ્યવસ્થાપક મંડળ પાસે રજૂ કરવાં.

કમળાશંકર પંડિત.
ભાષામંત્રી.

નૂતન બાલશિક્ષણ સંઘના શાખા સંચાલનના સમાચાર

કચ્છ અને કાઠિયાવાડમાં ચાલુ અંકમાં અન્ય સ્થળે અહેવાલ આપ્યા પ્રમાણે આપણા નૂતન બાલ શિક્ષણ સંઘની શાખાઓની તે તે પ્રદેશમાં વિધિસરની સ્થાપના થઈ છે. ત્યાં કાર્યવ્યવસ્થા માટે અનુક્રમે નીચે મુજબનાં મંડળો ચુંટાઈ આવ્યાં છે.

મધ્ય ગુજરાત શાળાનું વ્ય. મંડળ, વર્ષ પૂરું થવાથી થોડા ફેરફાર સાથે બદલાયું છે, તે પણ આ સાથે આપ્યું છે.

આમ સંઘ દિનપ્રતિદિન સંગીન પ્રગતિ કરતો જાય છે. પણ એની સંગીનતાનો આધાર તો સંઘનાં જીવન્ત ચક્રોસમાં સહુ પ્રાણવાન સભ્યો પર નિર્ભર છે. જેમ સંઘનો વિસ્તાર વધે છે, તેમ તેની જવાબદારી પણ અનેકગણી વધે છે. સંઘનાં સહુ સભ્યો લગીર લગીર ટેકો કરે, તો ગોવર્ધન પર્વતની જેમ સૌને શિરે એનો સમગ્ર ભાર વહેંચાતો આવી જાય અને સંઘકાર્ય હળવું, સરલ, સંગીન, શાસ્ત્રીય અને જીવન્ત બને.

કમળાશંકર પંડિત
ભાષામંત્રી

કચ્છ શાખાનું કાર્યકર્તા મંડળ

શ્રી.	કરસનજી જેઠાભાઈ જેઠવા	પ્રમુખ
,,	દેવરામ ડાહ્યાભાઈ વરૂ	મંત્રી
,,	હરિભાઈ ચૌહાણ	સહમંત્રી
,,	માર્કંડભાઈ મહેતા	સભ્ય
,,	માવજીભાઇ મૂળજીભાઇ ચૌહાણ	,,
,,	વૈદ્ય રાજ પુરુષોત્તમ યાદવજી	,,
,,	ગંગારામભાઈ વરૂ	,,

કાઠિયાવાડ શાખાનું કાર્યકર્તા મંડળ

શ્રી.	હરભાઈ ત્રિવેદી	પ્રમુખ	ભાવનગર
,,	પ્રેમશંકર ન. ભટ્ટ	મંત્રી	,,
,,	હેમુભાઈ રાજગોર	,,	,,
,,	ભોગીલાલ હ. પરીખ	સભ્ય	વઢવાણ કેમ્પ
,,	વીરસુત મહેતા	,,	માંગરોળ
,,	પુરુષોત્તમ ડા. મિસ્ત્રી	,,	પાલીતાણા
,,	ભગવાનજી ભી શ હ	,,	પોરબંદર
શ્રીમતી	જયાબહેન ગોહેલ	,,	રાજકોટ

મધ્ય ગુજરાત શાખાનું કાર્યકર્તા મંડળ

શ્રી.	હરિવલ્લભ ચુ. શાહ	પ્રમુખ
,,	પુરુષોત્તમ પટેલ	મંત્રી
,,	નટવરલાલ બરાનપુરીઆ	સહમંત્રી
,,	દેવદત્ત પટેલ	,,
,,	મગનભાઈ વા. પટેલ	સભ્ય
,,	જયંતકુમાર પંડિત	,,
,,	રમેશ મહેતા	,,
,,	ચીમનલાલ પાઠક	,,

નવા આજીવન સભ્યો

(ઘ વર્ગ)

(૧) શ્રી. માવજીભાઈ મૂળજીભાઈ માટુંગા

(ચ વર્ગ)

(૨) શ્રી. કાનજીભાઈ એચરભાઈ ત્રિચિનાપલ્લી

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ. ચિત્રે એમણે
આત્મારામ પ્રિ. પ્રેસ, બારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. તા. ૨૩–૧૧–૪૫

ચાંદામામા



૧૯૮૬

આવૃ તંત્રી

ન.. ગિજુભાઈ બધેકા

તંત્રી

બાલાભેન મોડકે

વર્ષ ૨૦ મું : સં. ૨૦૦૧

અંક ૧૨ મો : : આના-૧૨

ઓ ચાંદલિયા !

ઓ ચાંદલિયા ! તું છપે નભે;
તારાં શિતળ વહેણ
મારાં અંગે રમે —ઓ ચાંદલિયા૦

તારી કાયા રૂપઅંબાર સમી,
તારી પ્રકાશવાની કળા ગમી;
તને ચાંદા મામા સહુ કહે,
મને ચાંદા મામા થવું ગમે —ઓ ચાંદલિયા૦

તું તો પ્રકટે સહસ્ર કળાએ,
તારાં તેજે બાળુડાં ન્હાયે;
ફૂલ પાંખડીઓ રાચે,
જૂઈ જાસુદી નાચે —ઓ ચાંદલિયા૦

મને એમ થતું કે ઊડી આવું !
પણ પાંખ વિના ક્યાંથી આવું ?
તારી સાથે રમવું ખૂબ ગમે
પણ તું તો ક્યાંનો ક્યાંય ભમે —ઓ ચાંદલિયા૦

—નટુભાઈ જુરાનપુરિયા.

છનિયાબાપાની છાપરીએ

[આપણે રાજકુમાર ને નાગકુમાર, પરીઓ ને અપ્સરા, રાક્ષસ ને વાઘદીપડાની ઘણી વાર્તાઓ વાંચી છે ને સાંભળી છે. આજે તમને છનિયાબાપાની વાત કહેવાની છે. આપણા સૌના ગામમાં છનિયાબાપા જેવા ડોસા અને તેમની છાપરી જેવાં ઝૂંપડાં હોય છે. છનિયાબાપાની છાપરીની વાત વાંચ્યા પછી તમે ગામમાં ફરવા નીકળજો. વાઘરીવાડામાં, ચમારવાડામાં, કોળીવાડામાં, ઢેડવાડામાં, ખારવાવાડમાં, દૂબળાવાડમાં જ્યાં જશો ત્યાં તમને છનિયાબાપાની જેવી જ છાપરીઓ જોવા મળશે. એ જોયા પછી તમે એની વાર્તા લખીને તમારા ભાઈબંધ–દોસ્તોને વંચાવજો. સૌને જાણવાનું મળશે ને મજા આવશે. —સંપાદક.]

એક વાર છનિયાબાપા આંગણામાં બેઠા હતા. એમના ખોળામાં નાનો બબલો રમતો હતો. તે વખતે દૂરથી એમણે અનુબેન અને ભગુભાઈને આવતાં જોયાં. એમની સાથે બાલવાડીનાં બાળકો હતાં. એમને જોઈને છનિયાબાપા એકદમ ઊભા થયા ને સામે આવ્યા. ભગુભાઈએ પાસે આવતાં કહ્યું: ‘ રામરામ, છનિયાબાપા ! ’

‘ રામરામ, ભગુભાઈ! આવો, અનુબેન! આજ તો અમારી ઉપર દયા કરી. ’

‘ આજે અમારો ફરવા જવાનો દિવસ હતો. બાળકો કહે આજ ચાલો છનિયાબાપાની છાપરીએ જઈએ. એટલે આ બાજુ આવ્યાં. ’

‘ સારું કર્યું. આવો, બેસો. ’

‘ ના, બેસશું નહિ. અમે તો બધું જોવા આવ્યાં છીએ. ’

‘ અમારા ગરીબનાં ઝૂંપડાંમાં શું જોવાનું ? ’ કહીને છનિયાબાપા હસ્યા.

છોકરાંઓ છનિયાબાપા સામે જોઈ રહ્યાં હતાં; એમના પગ પાતળા સોટી જેવા હતા. કાળી ચામડી ઉપર કરચલીઓ પડી ગઈ હતી. એમણે ફક્ત લંગોટી પહેરી હતી. ઉપર કાળું જાકીટ પહેર્યું હતું. જાકીટને બુતાન નહોતાં તેથી છાતી ને પડખાંની પાંસળીઓનાં હાડકાં દેખાતાં હતાં. પેટ આગળ નીકળી આવ્યું હતું. ઉઘાડા માથા ઉપર કાળા–ધોળા કાબરચીતરા વાળ હતા. હજામત ચડી જવાથી દાઢી વધી ગઈ હતી. કાનમાં નાની કડી પહેરી હતી. આંખો ઊંડી ઊતરી ગઈ હતી અને ગાલગાં બાડા પડ્યા હતા. છનિયાબાપાને હજી પૂરાં પચાસ વરસ થયાં ન હતાં છતાં સિત્તેર વરસના બુઢ્ઢા જેવા લાગતા હતા. એમના પાતળા હાથમાં નાનો બબલો રહેતો નહોતો; વારે વારે ઊંચો થઈને કૂદતો હતો.

અનુબેને આગળ આવીને બબલાને તેડી લીધો. બબલો પરાણે વહાલો લાગે

તેવો હતો. ગોળમટોળ હતો. મોટું માથું; પહોળું કપાળ; ગાલ તો જાણે પાકાં ટામેટાંની માફક લટકી રહ્યા હતા ! મોટી કાળી આંખોમાં આંજણ આંજ્યું હતું. હાથપગ રૂપાળા હતા. એની ડોકમાં લીલા, પીળા ને વાદળી રંગના મોટા પારાની માળા હતી અને એક ઈંગોરિયા જેવા ફળનું અર્ધું ફાડિયું કાણું કરીને બાંધ્યું હતું. અનુબેને છનિયાબાપાને પૂછ્યું: 'આ શું કામ બાંધ્યું છે ?'

'એ બોબલું છે. એ બાંધીએ એટલે છોકરાંની ઉધરસ મટી જાય.'

બાળકો બબલા સામે જોઈ રહ્યાં હતાં, તેવામાં એક જુવાન આવ્યો. એણે કાળી ચડ્ડી, લીલી લીટીવાળું સફેદ બાંડિયું ને માથે ધોળી ટોપી પહેર્યાં હતાં. છનિયા-બાપાએ કહ્યું: 'આ આવ્યો લખિયો.'

'કેમ લખુભાઈ ?'

'સારું.' લખુ છનિયાબાપાનો દીકરો હતો.

'તમે તો બાદીની ટોપી પહેરી જણાય છે?' ભગુભાઈએ પૂછ્યું.

'હા, હવે એ ગાંધી બાપુના મતમાં આવ્યો છે. પહેલાં તાડી પીને ગાંડો થતો, બૈરીને મારતો, પૈસા ઉડાડી નાખતો. હવે લેનમાં આવ્યો છે.' છનિયાબાપાએ કહ્યું.

લખુ કહે: 'આવોની, માસ્તર ! ઉપર ઓસરીમાં બેસો.'

બાળકો કહે: 'ભગુભાઈ ! અમને એમનું ઘર બતાવો.'

'જુઓ, આ છાપરીઓ એ લોકોએ હાથે બાંધી છે. તાડ ને નાળિયેરીનાં પાન ઉપર છાણમાટીનું લીંપણ કર્યું છે. વચ્ચે વાંસ ને બપાટો નાખી ભીંતો કરી છે. ઉપર ઘાસનું છાજ બનાવ્યું છે.'

'પણ, ભગુભાઈ! આ છાપરું આટલું બધું નીચું કેમ છે ? જુઓ, અમારો હાથ પણ પહોંચી શકે છે !'

'એટલો ઢાળ રાખ્યો છે તેથી પાણી એકદમ નીચે પડે છે. વરસાદના દિવસોમાં આપણાં નળિયાંવાળા મકાનમાં ચૂવા થાય પણ આમાં પાણીનું એક ટીપું ય ન પડે.'

'વાહ, એ તો બહુ સારું !'

'આવો હવે અંદર બતાવું. કેમ લખુભાઈ ! તમારા ઘરમાં જઈએ ?'

લખુની મા ને બૈરી બારણામાં ઊભાં હતાં તે એકસાથે હસીને બોલી ઊઠ્યાં: 'આવોની, કોણ ના પાડે છે ?'

લખુની માએ એક ફાટલી તૂટલી સફેદ સાડી કેડે વીંટાળી હતી ને એવી જ ચોળી પહેરી હતી. ઉઘાડા માથાના સફેદ વાળ પવનમાં ઊડતા હતા. દાંત પડી ગયા હતા ને ગાલમાં બાડા જણાતા હતા. કેડમાંથી એ વળી ગઈ હતી.

લખુની વહુએ વાદળી રંગનો લાલ ટીમકીવાળો સાલ્લો પહેર્યો હતો. માથું

ઓળીને કપાળમાં ચાંલ્લો કર્યો હતો. એના હાથમાં પિત્તળનાં ચારપાંચ બલોયાં હતાં. પગમાં એવી જ પિત્તળની ત્રણચાર કલ્લીઓ હતી. ગળામાં કાળાં ને રાતાં મોતીની કંઠીઓ પહેરી હતી. સાસુવહુ બાજુ પર બસી ગયાં; ભગુભાઈ ને અનુબેન ઘરમાં ગયાં. બાળકો અંદર પેઠાં એટલે છાપરીમાં ઊભા રહેવાની જગ્યા ન રહી.

બાળકો ચારેકોર નજર ફેરવવા લાગ્યાં. પિત્તળનું કે બીજી કોઈ ધાતુનું એકેય વાસણ જણાતું ન હતું. એલ્યુમિનિયમની એક જૂની કાળી તપેલી ચૂલા પાસે પડી હતી; બાકીનાં વાસણ માટીનાં હતાં. એક ભૂંગલી પેટી પર કપડાના બેચાર ટુકડા પડયા હતા. ગોદડીના ગાભા એક ખૂણામાં નાખી મૂક્યા હતા. એક બાજુ ઘંટી હતી ને બીજી બાજુ બાણિયો હતો. એક ખૂણામાં સાંબેલું પડયું હતું. બસ, આટલી એમની ઘરવખરી ને આટલું એમનું રાચરચીલું હતું !

નાનો સોરાબ ધીમે રહીને બોલ્યોઃ ‘ ભગુભાઈ ! આ લોકોના ઘરમાં અનાજ રાખવાની કોઠીઓ કે પીપ નથી તો તેઓ શું બાતાં હશે ? ’

ભગુભાઈએ કહ્યું: ‘ એ લોકો રોજનું કમાય ને રોજ લાવે. સાંજે મજૂરીના પૈસામાંથી ચોખા કે જુવાર લાવે, તે દળી-ભરડીને સાંજસવાર બાઈ લે. ’

‘ પણ ભગુભાઈ ! અહીં મરીમસાલાના ડાબલા કે અથાણાંના બાટલાય નથી ! ’ ડાહી કમુ બોલી.

‘ એમને અથાણાં ને મસાલા કયાંથી હોય ? એ લોકો તો લીલાં મરચાં, મૂળા કે લીલી ડુંગળી વાડીમાંથી કોઈ વાર મળે તો લાવીને બાય. બાકી રામરામ ! ’

‘ અને કપડાંના કબાટ પણ નથી. ’ રમેશ કાપડિયાએ કહ્યું.

‘ એમને બીજી જોડ કપડાં જ કયાં છે તે કબાટની જરૂર પડે ! ’

સૌ બહાર આવ્યાં.

છાપરીના આંગણામાં ચારપાંચ કેળ વાવી હતી. છનિયાબાપાએ કહ્યું: ‘ એ કેળ અમે વાવેલી. એમાંથી કેળાં રોજ ઊતરે છે. ’

‘ અને આમ તો જુઓ, ભગુભાઈ ! ’ વિનુએ છાપરી પાછળથી બૂમ મારી.

સૌ પાછળ ગયાં. ત્યાં એક કોળાનો વેલો હતો. એ પાછળની ભીંતેથી છાપરી ઉપર ચડયો હતો. આખી છાપરી પર એ પથરાઈ ગયો હતો. કોઈ નાનકડા બેતરમાં બોળબંધ કપાસ ઊગી નીકળ્યો હોય તેમ વેલો છાપરી પર હારબંધ ઢંકાઈ ગયો હતો, અને નીચેઉપર એને નાનાંમોટાં કોળાં લાગેલાં હતાં. જાણે ફૂતરીને ગલૂડિયાં ધાવતાં હોય તેમ આડાં

પડયાં હતાં. બાળકોને એ જોઈને ખૂબ મજા પડી.

અનુબેને હાથ લાંબો કરીને કહ્યું: 'જુઓ, સામે તળાવ ઉપર નજર કરો.'

બાળકો આગળ આવીને તળાવ સામે જોઈ રહ્યાં.

મોટું તળાવ હતું. પાછળ લીલીછમ પહાડીઓ દૂર દૂર જણાતી હતી. તળાવમાં ધોળાં કમળ ઊગી નીકળ્યાં હતાં. કમળનાં પાન તળાવમાં તરતાં હતાં ને વચ્ચે ખિડાયેલી કમળની પીળી કળીઓ શોભતી હતી.

સોરાબે પૂછ્યું: 'આ કમળ કયારે ખીલશે, ભગુભાઈ?'

'રાતે ખીલશે, વહેલી સવારે આવીએ તો આખું તળાવ ઊઘડેલાં કમળથી દીપી રહ્યું હોય અને સુગંધ પ્રસરી રહી હોય.'

'આ બીજાં છાપરાં કોનાં છે, છનિયાબાપા?'

'એ મારા ભાઈઓનાં જ. અમે ચાર ભાઈ હતા. ચાર ભાઈના દીકરાઓ મોટા થયા, પરણ્યા ને ઝૂંપડાં બાંધ્યાં.'

ભગુભાઈ ને બાળકો બીજી છાપરીએ ગયા. ત્યાં આંબલીની ઘટા સારી હતી. એ ઘટા નીચે હથેળી જેવું આંગણું વાળીને ચોખ્ખું કર્યું હતું. બે-ચાર છોકરાં ત્યાં રમતાં હતાં. એક મોટો કૂકડો સામેથી ચાલ્યો આવતો હતો. એણે બાળકોને જોઈને પોતાની ડોક ફુલાવી ઊંચી કરી. એની કેસૂડાંના ફૂલ જેવી લાલ કલગી બહુ સુંદર લાગતી હતી. એક મરઘીની પાછળ પાંચસાત નાનાં બચ્ચાં ચીં ચીં કરતાં નીકળ્યાં તે જોઈને નાનો રમણ બોલી ઊઠ્યો: 'અનુબેન! જુઓ તો, કેવાં સરસ બચ્ચાં દોડે છે!'

'વાહ, બહુ સરસ છે!' અનુબેન પણ જોઈ રહ્યાં.

એક બાજુ કૂવા પર રહેંટ ચાલતો હતો. ઘૂ ઘૂ ઘૂ, ખટ્ ખટ્ ખટ્, ચરડ, ચરડ, અવાજ આવતો હતો. એ રહેંટ બે બાઈઓ ચલાવતી હતી. સૌ એ તરફ ગયાં.

સોરાબ કહે: 'ભગુભાઈ! અમારા બાગમાં રહેંટ છે તે પાડાથી ચાલે છે.'

'આ રહેંટ હલકો જણાય છે.' કહીને અનુબેન ઉપર ચડયાં ને બાઈઓને કહ્યું: 'મને ચલાવવા દેશો?'

'લ્યો ને!' કહીને બાઈઓ બાજુ પર બેસી ગઈ. અનુબેનની જોડે કમુ, સોરાબ ને રમેશ સૌ જોડાયાં. રહેંટ ઝપાટાબંધ ચાલવા લાગ્યો.

'આ તો બહુ મજાનું, ભગુભાઈ! આપણી બાલવાડીમાં એક રહેંટ મુકાવો.'

'મુકાવશું. આ ભારે ફરે છે; એને બૉલ-બેરીંગ હોય તો હલકો ફરે. અને

દાંડો જરા લાંબો જોઈએ, ને લોટકા ઓછા કરવા જોઈએ.'

'આ પાણી સાવ ઉપર છે. ઊંડું હોય તો હાથે ન ચાલી શકે.'

'આપણી બાલવાડીમાં તો પાણી ઉપર જ છે.'

'આપણે હાથરહેંટ મુકાવશું, હોં!' ભગુભાઈ એ કહ્યું.

'તો તો બહુ મજા પડશે!' રમેશ બોલી ઊઠ્યો.

'આપણે રોજ અહીં આવીએ તો?' કમુ બોલી.

'આપણે દર શનિવારે ફરવા જવાનું તો ઠરાવ્યું જ છે. હવે આવતા શનિવારે રતનના વાડામાં જઈશું.'

'અને તે પછી અમારે ત્યાં.' નાની કમળા બોલી.

રતન કાના માછીની દીકરી હતી અને કમળા રયા ચમારની. બન્ને છોડીઓ ડાહી ને સમજુ હતી.

ચાલતાં ચાલતાં સૌ પાછાં છનિયા-બાપાના આંગણા પાસેથી નીકળ્યાં.

'લો છનિયાબાપા! અમે જઈશું હવે.'

'એ આવજો ભગુભાઈ, અનુબેન!' છનિયાબાપા વળાવવા આવ્યા.

'તમારા બબલાને પછી લઈ જવો છે.'

'આ રહ્યો; અત્યારે જ લઈ જાઓ ને!'

છોકરાંઓ એકસાથે બોલી ઊઠ્યાં:

'આવજો, છનિયાબાપા! રામરામ.'

'એ રામરામ, બચ્ચાંઓ રામરામ!'

ર.

કૃપાળીની ભાઈબીજ

એક ગરીબ ખેડૂત હતો. એનું નામ કેશવ. એની વહુનું નામ કૃપાળી. કૃપાળીમાં નામ પ્રમાણે ગુણ હતા. ગામલોક કૃપાળીને કેશવની કારભારી કહેતા. એ ગામમાં એક અભ્યાસ કરીને હકીમ હતો. અભ્યાસ કેશવનો દોસ્ત અને કૃપાળીનો માનેલો ભાઈ. અભ્યાસ હકીમ ગામમાં દવાદારૂ કરતો, ને જેમ તેમ પોતાનું ગાડું ચલાવતો. કેશવ ખેડ કરતો; કૃપાળી એને મદદ કરતી. પણ એની ખેતીમાં બરકત આવતી નહિ. ખેતીનું બરચ ભારે. બળદ જોઈએ; બળદ માટે ઘાસચારો જોઈએ; ખેતરમાં કામ કરવા માટે મજૂર જોઈએ; મજૂરને દાડી ચૂકવવી જોઈએ; વાવણી માટે બી જોઈએ; બી માટે પૈસા જોઈએ; સરકારને મહેસૂલ ભરવું જોઈએ; ઘણું ઘણું જોઈએ.

કેશવ ખૂબ મહેનત કરે; કૃપાળી પણ

મહેનત કરે. પણ બાર મહિને થોડા દાણા આવે તે બરચાઈ જાય. વરસ આખું બાવા પૂરતા દાણા પણ ઘરમાં ન રહે.

એટલે કેશવ ગયો રતના મારવાડી પાસે. કરજે દાણા લાવ્યો. કરજ વધવા માંડ્યું. કરજ ઉપર વ્યાજ ચડ્યું. વ્યાજને તો ઘોડા પણ ન આંબે. એ તો બમણું ને ત્રમણું વધતું જ ચાલ્યું. બળદ મરી ગયો; નવો લીધો ને નવું કરજ કરવું પડ્યું. ઘરમાં દાણા ખૂટ્યા તો ઉધારે લીધા. સરકારી મહેસૂલનો હુકમો આવ્યો તો રતના શેઠના ઉછીના લઈને ભર્યો. આમ કરજ વધતું જ ગયું, વધતું જ ગયું.

દર વરસે તૂટ પડે; દર વરસે દેવું કરે.

પણ દેવું ભરવું કયાંથી ?

કરજનું વ્યાજ ભરવું કયાંથી ?

આખરે મારવાડીને ખેતર લખી આપ્યાં. કેશવ પોતે જ પોતાના ખેતર ઉપર મજૂર બન્યો. રૂપાળીનો જીવ દુઃખાતો હતો પણ એ બિચારી શું કરે ? મારવાડીના ઘરનું કામ કરે ને પેટ ભરે.

બધાં ખેતર રતના શેઠને ત્યાં ઘરેણે મુકાઈ ગયાં. રતનો કહેઃ ‘ દેવું ભરી દે એટલે બધાં ખેતર તારાં જ છે. ’

કેશવ કહેઃ “કરજના પૈસા કયાંથી લાવું ? અને ખેતર પાછાં શી રીતે લઉં ?”

આવી દશા કેશવની થઈ.

આવી દશા રૂપાળીની થઈ.

* * *

અબ્બાસ રોજ આવે.

કેશવ ને અબ્બાસ આંગણામાં ખાટલો ઢાળીને બેસે; રૂપાળી ઝૂંપડીના બારણામાં બેસે; ત્રણે જણ રોજ સુખદુઃખની વાતો કરે.

એક આટલું જ કેશવને સુખ હતું. રૂપાળીને એક આટલો જ આધાર હતો.

કેશવ કહેઃ ‘ અબ્બાસ મારો સાચો દોસ્ત. સગા ભાઈથી વધારે છે. ’

રૂપાળી કહેઃ ‘ અબ્બાસ તો મારો સગો ભાઈ. એના કરતાં સગો ભાઈ કાંઈ વધારે નથી. ’

રૂપાળીએ પોતાના માનેલા ભાઈ ઉપર ગીત જોડ્યાં; રોજ સવારે દળતી વખતે ગાય.

કેશવ રોજ પથારીમાં પડ્યો પડ્યો એ ગીત સાંભળે.

રૂપાળીને મજા આવે; કેશવ પણ રાજી થાય,

અબ્બાસને બન્ને પોતાનો આધાર માને.

રૂપાળી મીઠે રાગે ગાય :—

મારો માનેલો ભાઈ, જાતે મુસલમાન;
દિવાળીનો કમખો, લાવી આપે ઘેર ॥૧॥
મારો માનેલો ભાઈ, જાતે મુસલમાન;
સગાભાઈ સરખો, એને હૈયે છે ઈમાન ॥૨॥
મારો માનેલો ભાઈ, જાતે મુસલમાન;
એને કોઈ ન હુસશો, દુઃખે જાશે એના પ્રાણ ॥૩॥

* *

આસપાસની સ્ત્રીઓ રૂપાળીનાં ગીત સાંભળીને એને હસવા લાગી: ‘ અરે મુઈ!

મુસલમાન ભાઈ કર્યો.' આમ કહીને ખડખડ હસી પડે.

આસપાસના ખેડૂતો કેશવની મશ્કરી કરવા લાગ્યા.

'કેમ કેશવ! મુસલમાનને સગો બનાવ્યો છે? સારું સારું! પણ સમાલજે, બહેન: કહેતો કહેતો બીબી ન બનાવી દે. પછી મોં ફાટયું રહેશે!'

સાંભળીને કેશવનું માથું ભમી ગયું. લોકોને પણ કેશવ પર રીસ ચડી. રૂપાળીને પણ રીસ ચડી. અબ્બાસને પણ ખોટું લાગ્યું.

'સ્ત્રીઓ હસે, પુરુષો હસે, આખું ગામ હસે. હવે એ ગામમાં કેમ રહ્યું જાય?'

'બસ, અબ્બાસ ન જોઈએ; એ ભાઈ-બંધ ન જોઈએ; એવો ભાઈ ન જોઈએ!'

અબ્બાસે કહ્યું: 'તને દુઃખ પડે છે, રૂપાળીને ત્રાસ થાય છે, તો મારે આવવું જ શા માટે? કાંઈ જરૂર પડે, હવાદાર જોઈએ તો કહેજે. બાકી કેશવ, રૂપાંબેન! આપણા મનમાં પ્રેમ છે તે કાંઈ થોડો ચાલ્યો જવાનો છે? તમે બંને સુખી રહો એટલે બસ.'

અબ્બાસ હવે આવતો નથી; કેશવ એને ઘેર જતો નથી. કોઈ ગીત ગાતું નથી; કોઈ ગીત સાંભળતું નથી. બધું મનનું મનમાં રાખી મૂક્યું છે. બહાર બધું બંધ છે.

કેશવનું કરજ વધતું જ જતું હતું. કરજના ભારે કેશવ દબાઈ ગયો હતો.

જે કાંઈ થોડું પાકતું તે વ્યાજમાં ચાલ્યું જતું. પછી બાવાપીવાના સાંસા થતા માંડ માંડ બન્ને જણ અર્ધો રોટલો બાઈને પેટ ભરતાં, અને પછી આકાશ સામે તાકીને બેસી રહેતાં. સુખદુઃખની વાત કરવા અબ્બાસેય નહોતો. શું કરવું?

*　　*　　*

દિવાળીના દિવસ આવ્યા. તહેવારના દિવસ, પણ મીઠાઈ કેવી ને તહેવાર કેવો?

મારવાડી ધોકો પછાડીને ઊભો રહ્યો: 'કાલ ને કાલ વ્યાજ ભર, નહિતર જમીન ગઈ સમજ!'

રૂપાળીની આંખમાં પાણી આવ્યાં

આવડી મોટી ધનતેરસ આવી, પણ માથામાં નાખવા તેલ નહોતું!

આવડી મોટી દિવાળી આવી, પણ મોંમાં નાખવા જલેબીનો ટુકડોય નહોતો.

આવડું મોટું પરબ આવ્યું, બાર મહિનાનો તહેવાર આવ્યો, પણ અંગ ઢાંકવા નવી ચોળીયે ન મળી!

આવડી મોટી દિવાળી આવી પણ બારણાને ટોડલે મૂકવા સારુ બે કોડિયાંય ન મળ્યાં!

બેમાંથી કોઈ કોઈની સાથે બોલતું નથી; કોઈ કોઈની પાસે જતું નથી.

કેશવ ખાટલી પર વીલું મોં કરીને બેઠો હતો; રૂપાળી સામેથી હાથ દઈને ઉંબરા પર બેઠી હતી.

એટલામાં દૂરથી અવાજ આવ્યો: 'એ કેશવા, એ કેશવા !'

'કોણ, રતનશેઠ ! આજ દિવાળીને દહાડે ય મારો કેડો મૂકતો નથી ? એક વાર જીવ લઈ લે એટલે હવે છૂટકો થાય !' કેશવ બબડ્યો.

'કાળ જેવો લાગે છે, મૂઓ !' રૂપાળી ચિડાઈ.

'અરે કેશવ ! લે આ તારાં બધાં ખેતર પાછાં. આજથી એ બધી જમીન તારી છે; તારું બધું દેવું ફીટી ગયું છે.' રતનશેઠ બોલ્યો.

કેશવ સાંભળી જ રહ્યો; રૂપાળી ફાટી આંખે જોઈ રહી. આ રતનશેઠ તે ગાંડો થઈ ગયો કે શું ?

'કેશવ ! આ જો, કરજનો દસ્તાવેજ ફાડી નાખ્યો. આ જો, ઘરેણાં-ગાંઠાં ફાડી નાખ્યું. તારા બળામાં જે દાણા પડ્યા છે તે તારા. ચાલ ઊઠ, બધું ઘેર લઈ આવ ને દિવાળી ઊજવ.'

કેશવની જીભ તાળવે ચોંટી ગઈ હતી. એ તો રતનશેઠ સામે એકીટસે તાકી જ રહ્યો હતો.

'આ જમીન તારા દોસ્તે છોડાવી: પેલા અબ્બાસે !'



કેશવ એકદમ બોલી ઊઠ્યો: 'હેં ! મારા દોસ્તે ? અબ્બાસે ?'

'હા, સાંભળ. હું પડ્યો'તો ભાંદો. ૭ મહિના તો બાટલે પડ્યો રહ્યો. વૈદ

બોલાવ્યા, દાક્તર બોલાવ્યા; પૈસા પાણીની જેમ વાપર્યા, પણ કોઈની કારી ફાવી નાહે. છેવટ આ હકીમને બોલાવ્યો. એની દવા લાગુ પડી. સાજો થયો. મેં અબ્બાસને કહ્યું: 'માગ, જેટલા માગીશ એટલા પૈસા આપીશ.' હકીમ બોલ્યો: 'મારા ભાઈ-બંધને કરજમાંથી છોડ, ને એની જમીન એને પાછી આપ. એટલું જ માગું છું.' બસ! એણે કહ્યું તેવો જ દોડતો હું અહીં આવ્યો.'

'વાહ વાહ, અબ્બાસ મારો જિગર, અબ્બાસ મારો પ્રાણ!' કેશવ દોડતો ગયો. અબ્બાસને લઈ આવ્યો.

'લોક ભલે હસે; ગામેય ભલે હસે. હસવા દે.' કહી રૂપાળી ગાવા લાગી:—

માનેલો ભાઈ મારો, જાતે મુસલમાન;
દિવાળીની ચોળી લાવ્યા આપી જમીન.
ભાઈ મારાએ એવી, આપી ભાઈબીજ;
જાણે આપ્યો અમને, નવો જ અવતાર.

['સાક્ષરતા દીપ'ના દિવાળી અંકમાથી 'શેતકર્યાચી દિવાળી' નામના લેખને આધારે.]

શું કહેશો?

બિલાડીનું બચોળિયું.
કૂતરીનું ગલૂડિયું.
બકરાનું બાકરું.
ઘેટાનું ગાડરડું.
ઘોડાનું વછેરું.
ગધેડાનું ખોલકું.
ઊંટનું બોતડું.
હાથીનું મદનિયું.
અને માણસનું?
છોકરું!

આંબાની આમરાઈ,
બોરડીનાં જળાં.
નાળિયેરીનું રાન,
બાવળની કાંટ.
મોસંબીનો બાગ,
વાંસનું જંગલ,
વડની વનરાઈ.
ચિકુની વાડી,
ને ઝાડની ઝાડી.

ર. પા.

ગુજરાતી બાલશિક્ષકો-શિક્ષિકાઓ જોઈએ

મોન્ટેસોરી ટ્રેન્ડ અગર સ્વ ગિજુભાઈ અથવા શ્રી. તારાબેન પાસે તાલીમ લીધેલ બાલ-શિક્ષકોની નીચેને સ્થળે જરૂર છે. પત્ર વ્યવહાર સીધો કરવો :—

(૧) શ્રી. ઋષિકુમાર, ઠે. શ્રી ભટ્ટાચાર્ય આશ્રમ, **અંકલેશ્વર.** (૨) ડૉ. કે. બેમ. કાપડિયા, કંસારવાડ, **નવસારી.** (૩) વ્યવસ્થાપક, બાલમંદિર, **વર્ધા.** (૪) મરિના મોડર્ન સ્કૂલ; વિંસન કોલેજ પાસે, **ચોપાટી, મુંબઈ.** [છેલ્લે સ્થળે ફક્ત અનુભવી બહેનોની જ જરૂર છે.]

ગાયૂ માતા

ગાય માતા, તારાં શિંગ,
જાણે મહાદેવજીનું લિંગ.
ગાય માતા, તારા કાન,
જાણે નાગરવેલનાં પાન.
ગાય માતા, તારી આંખ,
મોરપિચ્છમાં શોભે પાંખ.
ગાય માતા, તારા દાંત,
જાણે ઊજળા દૂધ ભાત.
ગાય માતા, તારી પીઠ,
(જાણે) વાટ દ્વારકાની દીઠ.
ગાય માતા, તારું પેટ,
કપાસ ગાંસડી બાંધી હેઠ.
ગાય માતા, તારા પગ,
જાણે દીવા પરની શગ.
ગાય માતા, તારી ડોક,
સુંવાળી રેશમ કહેતા લોક.
ગાય માતા, તારું મુખ,
જોતાં ટળે સઘળું દુઃખ.
ગાય માતા, તારાં આંચળ,
અમીઝરણાં ફૂટ્યાં ખળખળ.
ગાય માતા, તારું નામ,
ભવસાગર તરવાનું કામ.

વ.ડ

વડના ટેટા બાપુ ખાય,
બબલી બીસાં ભરતી જાય;
એક જ ટેટો સરકી જાય,
ફળીમહીં છૂપો રહી જાય.
વાત વિસ પડતી ગઈ,
ધરતી ટેટો ગળતી ગઈ.

ચોમાસાના દિન આવતાં,
ફળીમહીં ખૂબ નીર ભરાતાં;
બાજુમાં બીલ્યું કો' પાન,
બાપુ-બબલી કરતાં ધ્યાન.

આનંદે મલકાતાં બન્ને,
બા બાપુને કરતાં વાત;
આપણ ફળીએ વૃક્ષ ઊગ્યું તે
પીરસો સઘળાંને પકવાન.

દિન ગયા ને માસ ગયા ને
વરસો પણ વહી ખૂબ ગયાં.

મોટાં થાતાં ભાઈ બેન ને
બા-બાપુ પણ ઘરડાં થયાં.
ફળીમહીં ભેગાં બેસીને
આનંદે સઘળાં મલકાય;

બચપણની યાદી રહી જાય,
ટેટાનો મોટો વડ થાય.

બાલવાડી : ચાડિયા. ચંદુલાલ પાલક
(કાઠિયાવાડ)

ઝાર

સૂરજ પોતાના ઘર ભણી જવા આથમણી દિશાએ નમ્યો હતો. પંખીઓ પોતાનાં માળા તરફ રવાના થયાં હતાં. ગાયોભેંસો પોતાનાં ભૂખ્યાં બચ્ચાંઓને મળવા ઉતાવળે પગે ગામ તરફ વળી હતી. થાકયાપાકયા ખેડૂતો ઘર તરફ પાછા ફરતા હતા. આકાશમાંથી અંધારાં ઊતરવા લાગ્યાં હતાં.

એ વખતે મહી નદીને તીરે, રતનપરના આરામાં વડલા નીચે, એક ઊંચો પડછંદ આદમી આવીને ઊભો રહ્યો. અંધારામાં અજવાળું કરે તેવાં સફેદ કપડાં તેણે પહેર્યાં હતાં. એની પાછળ ખેતરમાંથી બે જણ ઉપર આવ્યાં. આગળ ચાલનાર માણસ ચીંથરેહાલ હતો. ઉઘાડું શરીર, માથે લીરો વીંટેલો, ઉઘાડા પગ અને માથે ઘાસનો ભારો હતો. પાછળ એની જુવાન દીકરી હતી. એ બાઈની કાખમાં ધાવણી નાની છોડી હતી. એને માથે પણ ભારો હતો. બન્ને દોડતાં નદી તરફ આવતાં હતાં. એને અંધારું થવાનો ડર હતો, બહારવટિયાની બીક હતી અને સૌથી વધારે ભય હતો નદીમાં ઝાર* આવવાનો. એ ભય સાચો હતો અને સૌથી વધારે ભયંકર હતો.

ઊંચી દીવાલવાળી ગાંધીટોપી અને સાદી બંડીથી અંધારામાં ઓળખી શકાય એવા મહારાજ એક ઘડીવાર વડલા નીચે ઊભા રહ્યા; પછી તરત નદીમા ઊતર્યા. એની પાછળ ભારાવાળો ભંગી ઊતર્યો, અને સૌની પાછળ ઊતરી ભંગીની જુવાન દીકરી. હોડી સામે પાર હતી; માછીઓ ઝારની બીકે આ પાર આવ્યા ન હતા.

પાણી ધીમે ધીમે વધારે આવવા લાગ્યું. સાથળ સુધીના પાણીમાં ત્રણે જણ પહોંચ્યાં ત્યાં કાદવમાં પગ ખૂંચવા લાગ્યા. મહામહેનતે એક એક ડગલું ઉપાડી શકાતું હતું.

મહારાજ આગળ નીકળ્યા; ભંગી પણ આગળ ચાલ્યો. પણ પેલી બાઈ બિચારી આગળ ચાલે ને અટકે; જોર કરે તેમ વધારે ખૂંચે. એણે ધીમે રહીને બૂમ મારીઃ ‘ઓ બા!’

ભંગીએ બીકના માર્યા બૂમ સાંભળી ન સાંભળી કરી; મહારાજે પાછું વાળીને જોયું પણ અંધારામાં બાઈ ધીમે ધીમે ચાલી આવે છે એમ લાગ્યું એટલે આગળ ચાલ્યા. એમને બહારવટિયાની બીક ન

---

* ઝાર=જુવાળ. દરિયામાં મળતી નદીઓના મુખ પાસે આઠદસ ગાઉ સુધી જુવાળ ચડે છે.

હતી, અંધારાનો ભય ન હતો, તેમ ઝારનીયે બીક ન હતી, પણ એમની પાસે સરકારી કાગળ હતો. હેંમતપરના ગરીબ બારૈયા ખેડૂતોને રોજ સાંજે ચોરામાં જઈને હાજરી પુરાવવી પડતી, એ મહારાજને બહુ બટકતું. એમની હાજરી ન લેવી એવો હુકમ તેઓ વડોદરે જઈને લઈ આવ્યા હતા. દીવાળત્તી વખતે હેંમતપર પહોંચી જાય તો હાજરી ન લેવાય, પોતાનું વેણ પળાય. એમણે તો ત્યાર પછી જ આવું એવો નિયમ કર્યો હતો એટલે એ ઉતાવળા આગળ ચાલતા હતા. જોતજોતામાં એ તો પાર ઊતર્યા. થોડી વારે ભંગી પણ એમની પાછળ ભારાને ટેકે પાર ઊતર્યો.

પલળેલાં કપડાં નીચોવતાં મહારાજે પાછળ નજર કરી તો બાઈ ત્યાંની ત્યાં ઊભી છે. એ બૂમો પાડે છે પણ આટલે દૂર સુધી એનું સાંભળે કોણ? ઝાર આવવાની તૈયારી છે.

ભંગીએ પાસે બેઠેલા માછીને કહ્યું: 'એ આના આલીશ, ભઈ! મારી છોડીને કાઢી આવ ને?'

'હમણાં ઝાર આવશે. બે આના સારુ હું મરવા જાઉં કે?'

ભંગી મજબૂત બાંધાનો સાજેસારો હતો, પણ એનીય હિંમત ચાલતી ન હતી. માછી બેફિકર બનીને બેઠો બેઠો બીડી ફૂંકતો હતો.

મહારાજે થેલી બાજુ પર મૂકી, પંચિયાનો કછોટો માર્યો, ને 'જય રામ' કહીને પાછા પાણીમાં ઊતર્યા. માછી ને ભંગી જોઈ રહ્યા.

ઠંડી વધતી જતી હતી. ઝારનો વખત ભરાઈ ગયો હતો. બાઈની ગભરામણ વધતી જતી હતી. જેમ જેમ વખત વીતતો હતો તેમ તેમ બાઈની બૂમો વધતી જતી હતી. મહારાજ બનતી ઉતાવળે પાછા ચાલ્યા. ઝાર આવે તો કેમ કરીને પહોંચી વળવું એની ગણતરીઓ કરતા જતા હતા.

ધીરે ધીરે મહારાજ બાઈની પાસે પહોંચ્યા. બાઈના બોળિયામાં પ્રાણ આવ્યો. એનું મન બોલી ઊઠ્યું: 'આખરે ઉગારનાર આવ્યો ખરો!'

પણ એણે પોતાનો હાથ લાંબો ન કર્યો. કેડેથી છોડીને લઈને આગળ ધરી કાલાવાલા કરતી હોય એવા અવાજે બોલી: 'ભઈશા'બ! આ મારી છોડીને લઈ લો. હું તણાઈ મરું તો છો તણાઉં, પણ આટલી આ જીવે તોય બસ! ભગવાન તમારું સારું કરશે.'

મહારાજે છોડીને તેડી લીધી; બાઈનું બાવડું પકડીને ખેંચી. મહારાજે બાઈને માથેથી ભારો ઉતરાવ્યો. ભારાને ટેકો મળતાં બાઈના પગમાં જોર આવ્યું. બાઈએ જોર કરીને પગ ખેંચી લીધો. મહારાજે આપેલી લાકડીને પકડી એ પાછળ ચાલી. પણ ચાલતાં ચાલતાં એના મોંમાં એક જ વાકય હતું: 'ભઈશાબ ! મારી છોડીને સમી પકડજો.'

એક ફર્લાંગ ઉપરથી ઝરનો ધુધવાટ સંભળાયો ત્યારે કાંઠો ફક્ત ચાર ડગલાં દૂર હતો. ઉતાવળા પગ ઉપાડીને બન્ને બહાર નીકળી ગયાં.

એ જ વખતે કાળની નોબત માફક ગાજતો, એક હાથ દોઢ હાથ ઊંચા પ્રીણુના ફગર ચડાવતો ઝાર પસાર થઈ ગયો !

બાઈએ છોડીને તેડી લીધી, અને છાતીએ ચાંપતાં મહારાજ ભણી આભારની નજર નાખી. મહારાજે કપડાં નીચોવ્યાં; થેલી લીધી; કામળી બંને નાખી ચાલી નીકળ્યા. પેલો ભંગી ને માછી તો તાકી જ રહ્યા !

એ જ આપણા રવિશંકર મહારાજ

ર. પા

ગ્રામ-બાલશિક્ષણ-કેન્દ્ર, બોર્ડી

શ્રી નૂતન બાલશિક્ષણ સંઘ તરફથી બોર્ડી (જિ. થાણા)માં એક બાલશિક્ષણકેન્દ્ર ખોલવાનું નક્કી થયું છે. તેનો ઉદ્‌ઘાટનસમારંભ તા. ૨૪-૧૨-૪૫ના રોજ બપોરના નામદાર બાળાસાહેબ ખેરના શુભહસ્તે કરવામાં આવનાર છે.

બોર્ડી ગામ ઉંમરગામ અને ડહાણુની વચ્ચે બોલવડ સ્ટેશન પાસે દરિયાકાંઠે આવેલું છે. સાગરના સાન્નિધ્યને કારણે તે હવાખાવાનું સ્થળ બની ગયું છે. આજુબાજુ ફળઝાડો અને શાકવાડીઓની સમૃદ્ધિને લીધે એ સ્થળ ઘણું રમણીય લાગે છે. કુદરતી રીતે રમણીય બનેલા આ ગામનું મહત્ત્વ કેળવણીની દૃષ્ટિએ પણ ઘણું છે. ગોખલે એજ્યુકેશન સોસાયટી તરફથી આ ગામમાં છેલ્લાં પચ્ચીસ વર્ષથી એક રાષ્ટ્રીય ભાવનાથી રંગાયેલી હાઈસ્કૂલ ચલાવાય છે. તે સાથે સરકારી ટ્રેનિંગ કૉલેજ અને ઇન્ડસ્ટ્રિયલ સ્કૂલ પણ અહીં ચાલે છે. સિવાય આ આદિવાસીઓ અંગેનું મહત્ત્વનું કામ પણ અહીં ચાલી રહ્યું છે. અહીંનો આમવર્ગ સાવ ગોમડિયો છે એવું તો ન કહેવાય; છતાં તેમની રહેણીકરણીમાં ગામડાના ઘણા અંશો છે. અહીં વસ્તીમાં મોટો ભાગ ડૉક્ટરો, વૈદ્યો, સુતાર, લુહાર, કુંભાર, વાંસફોડાઓ અને વેપારીઓ ઉપરાંત વાડીવાળાઓનો પણ છે. સિવાય શિક્ષણસંસ્થાઓને અંગે વિદ્યાર્થીઓ, શિક્ષકો, તેમની બોર્ડિંગો વગેરેની પણ સારી વસ્તી છે. ઉપરાંત હવાખાવા આવનાર વર્ગ પણ ઋતુ અનુસાર આછા-પાતળા પ્રમાણમાં સદાય રહે છે. એવા લોકો માટે ૨૦-૨૫ બંગલાઓ પણ આસપાસ દેખાય છે.

ગામને બીજે છેડે ગરીબ વસ્તીનાં ઝૂંપડાં છે. એ ઝૂંપડાઓને લગત અગાઉ એક ચોખાની મિલ અને લોટની ઘંટી પણ ચાલતી હતી. એને માટે બંધાવેલ ગોદામોના, એક બંગલો અને એક નાની ચાલીનો ભાગ દરિયા કિનારાની નજીક હોઈ એને 'સૂર્યકુંજ'નું નામ આપેલું હતું. એ આખો ભાગ સંઘ તરફથી ભાડે રાખવામાં આવ્યો છે. આ જગ્યા ઘણો વખત અણવાપરી રહેલી હોવાથી શરૂઆતમાં તેમાં મરામત કરાવવી પડી. એ ભાગમાં બાલવાડી ચલાવી શકાય એવો સુધારો—દુરસ્તી કરી લેવામાં આવ્યાં છે.

આ સૂર્યકુંજની આજુબાજુ તો મુખ્યત્વે કુંભારો, ચમાર, ખાટકી અને હરિજન ભાઈઓ (જેઓ વાંસફોડાનો ધંધો કરે છે.)ની વસ્તી જ છે. આ લોકોની રહેણીકરણી તો ગામડાંના જેવી જ છે, પરંતુ આ લોકો પ્રમાણમાં જરા સુખી દેખાય છે, કેમકે એ બધાઓ મોટે ભાગે ભલે નાના પાયા પર પણ પોતાના સ્વતંત્ર ધંધાઓ ચલાવે છે. ધંધો ન હોય તેવાઓને આસપાસની શાકભાજી અને ફળોની વાડીઓમાં સારી રોજી મળી શકે છે. બેશક દેશના અન્ય ભાગમાં આદિવાસીઓની જે આર્થિક સ્થિતિ દેખાય છે તે કરતાં અહીં બહુ સારી સ્થિતિ છે એવું તો ન જ ગણાય. એ લોકોમાં અજ્ઞાન તો પુષ્કળ છે; ભય પણ એટલો જ ભરેલો છે. પેટપૂર અનાજ મેળવાની હાડમારી પણ ઘણી છે, અને તાડીનું વ્યસન પૂર જોસમાં પ્રચલિત છે. અજ્ઞાનને કારણે તેઓ દવાદારૂને બદલે મેલડી-માતામાં વધારે શ્રદ્ધા રાખે છે. ટૂંકમાં ગામડાંઓમાં આમવર્ગ જે જાતનો છે તેવી જ દશામાં આ લોકો પણ હોવાથી આ

ભાગ ગ્રામ બાલશિક્ષણ કેન્દ્ર થવાની સંપૂર્ણ શક્યતા અને લાયકાત ધરાવે છે.

અહીં બાલવાડીનું કામ થોડું ઘણું શરૂ કરી દીધું છે એમ કહી શકાય. આસપાસનાં બાળકો આ બાલવાડીમાં આવતાં થયાં છે. સિવાય દૂબળા લોકો વગેરેનાં ઝૂંપડાં છૂટાંછવાયાં હોવાથી તેમનાં બાળકો સારુ એ ઝૂંપડીઓની પડખે જ નાની નાની બાલવાડીઓ બબે કલાક ચારપાંચ ઠેકાણે ચલાવવામાં આવે છે. આ બાળકો ખૂબ જ સુરમાળ અને એટલાં જ બીકણ માલૂમ પડ્યાં છે.

આ બાલવાડીની સાથે એક ગ્રામ બાલ-અધ્યાપનમંદિર પણ થોડા વખત પછી શરૂ કરવાની ધારણા છે. એ અધ્યાપનમંદિરમાં અન્ય પ્રાંતોમાંથી પણ વિદ્યાર્થીઓ ભણવા આવશે એમ માનીએ છીએ, પરંતુ એ અંગે વિગતવાર માહિતી હવે પછી આપવામાં આવશે. બાલઅધ્યાપનમંદિર ઉપરાંત પણ ગ્રામબાલ-શિક્ષણ કેન્દ્રને માટેની આવશ્યક અન્ય પ્રવૃત્તિઓ પણ અનુકૂળતા મુજબ હાથ ધરવાની નમ છે.

આ કેન્દ્રનો પહેલા વર્ષનો બધો ખર્ચ નૂતન બાલશિક્ષણ સંઘનાં પ્રમુખ શ્રી સરલાદેવી સારાભાઈ પોતાના પદરથી આપવાના છે. આ જ સુધી ગામડાંઓમાં બાલશિક્ષણના જે પ્રયોગો થયા તેને અંગેની સઘળી મદદ તેઓ તરફથી જ મળી હતી, એટલે એકંદરે આ કાર્ય પાછળ કાંઈ નહિ તો દસેક હજારની મદદ તેમણે કરી છે. તેમની મદદને કારણેજ સંઘ આ દિશામાં જે કંઈ કરી રહ્યું છે તે શક્ય બન્યું છે. ગામડાના રચનાત્મક કાર્યના આ અંગે તેમને વધારે આકર્ષ્યાં છે.

આ આખાય કેન્દ્રની યોજના વગેરે વિગતો હવે પછી આપશું.　　તા૭

મુંબઈમાં મળનારું સંમેલન

આ અંકમાં અન્ય સ્થળે આપેલી હકીકત પરથી મુંબઈમાં કૉન્વોકેશન હૉલમાં મળનારા આ વિભાગીય સંમેલનની વિગતો વાચકોના ધ્યાનમાં આવી જશે.

આપણા સંઘનો પ્રચાર વિભાગીય શાખાઓ મારફત જેટલા પ્રમાણમાં સંગઠનપૂર્વક ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડમાં આજે ચાલી રહેલ છે તેટલા પ્રમાણમાં તેનો પ્રચાર મહારાષ્ટ્રમાં હજુ થયો નથી. હિંદીભાષા વિભાગમાં તો એ કામ છેક મંદ રહ્યું છે. મરાઠીભાષા વિભાગમાં નાગ-પુરમા એક શાખા ચાલુ થઈ છે. પણ તે જોઈએ તેટલું જોરદાર કાર્ય કરી શકતી નથી.

આ મુંબઈનુ સંમેલન મરાઠી ભાષામંત્રીઓ તરફથી યોજવામાં આવ્યું છે તેથી આશા છે કે મહારાષ્ટ્રમાં હવે એ કાર્યને સારો વેગ મળશે. મહારાષ્ટ્રમાં આ કાર્ય પ્રત્યે વ્યક્તિગત પ્રયત્નો તો ચાલે જ છે. બાલશિક્ષણમાં ઓતપ્રોત થયેલા અભ્યાસી વ્યક્તિઓ પણ ઠીક ઠીક છે. પરંતુ આ બધા પ્રયત્નો સંઘટિતરૂપે હજુ નથી થયા. આ વખતે મુંબઈ ઉપરાંત મૂહ્ત મહારાષ્ટ્ર, વરાડ અને મધ્યપ્રાંતમાંથી પણ મરાઠીભાષા બોલનારો અને બાલશિક્ષણમાં રસ લેનારો સારો સમુદાય હાજર થશે તેમ જ સહુ પરસ્પર પરિચય વધારી કોઈ વેગવાન યોજના હાથ ધરશે એવી આશા વધારે પડતી નહિ ગણાય. આ સંમેલનમાં બાલશિક્ષણ સંસ્થાઓ તેમ જ મહિલા સંસ્થાઓ તરફથી પ્રતિનિધિઓ પણ આવનાર છે. બહેનો પોતાની સંસ્થાઓ મારફત જો બાલશિક્ષણનો પ્રશ્ન ઉપાડી લઈ તેને યોગ્ય રીતે વિકસાવે તો દેશની એક મહાન સેવા તેઓ કરી શકે એ નિઃસંશય છે. મુંબઈ સરખા શિક્ષણના બહોળા અનુભવના ક્ષેત્રમાં મળતું આ સંમેલન આ દિશામાં અનેક રીતે માર્ગદર્શી બને અને કેંદ્રક સંસ્થા કાર્યમાં પરિણમે એવી આશા છે.　　તા૦

નૂતન બાલશિક્ષણ સંમેલન

(મરાઠી વિભાગ)

આવતા જાનેવારી ૧૯૪૬ ની તારીખ ૧૮ થી ૨૨ ના દિવસો દરમિયાન નૂતન બાલશિક્ષણ સંઘની મુંબઈની શાખા તરફથી એક બાલ-શિક્ષણ સંમેલન ભરવાનું નક્કી થયું છે. સંમેલનનું ઉદ્‌ઘાટનકાર્ય મુંબઈના માજી વડા પ્રધાન નામદાર બાળાસાહેબ ખેરના શુભહસ્તે મુંબઈ યુનિવર્સિટીના કૉન્વોકેશન હૉલમાં થશે. સંમેલનમાં 'ઘર અને બાળકો,' 'શાળા અને બાળકો,' 'બાલસાહિત્ય' તેમ જ 'બાળકો સંબંધી મૂંઝવતા પ્રશ્નો' વગેરે વિષયોની ચર્ચા રાખવામાં આવી છે. આ મરાઠી વિભાગની સાથે સાથે એક અધિવેશન હિંદી ભાષામાં અને એક અધિવેશન ગુજરાતી ભાષામાં પણ મળશે.

સંમેલન અંગે બાલપ્રદર્શન તેમ જ મનો-રંજનના કાર્યક્રમો પણ ગોઠવવામાં આવ્યા છે.

સ્વાગત સભાસદનું લવાજમ રૂા. ૫-૦-૦ રાખવામાં આવ્યું છે. આ સ્વાગત સભ્યોને ૧૯૪૬ સાલ દરમિયાન શિક્ષણપત્રિકા મફત મળે એવી એમાં યોજના છે. બાલશિક્ષણ સંસ્થાઓ તેમ જ મહિલા સંસ્થાઓને દરેકને બબે પ્રતિ-નિધિઓ મોકલવાની છૂટ છે, જેનું લવાજમ પ્રતિનિધિના ફક્ત રૂા. ૩-૦-૦ છે. શિક્ષકો માટે ખાસ લવાજમ રૂા. ૧-૦-૦ રાખેલું છે.

નૂતન બાલશિક્ષણ સંઘના સઘળા સભ્યો તેમ જ બાલશિક્ષણ રસિકોને સંમેલનમાં ભાગ લેવા સપ્રેમ નિમંત્રણ છે.

મંત્રીઓ : મુંબઈશાખા

નવી જોડાણ સંસ્થાઓ

(૧) ગુજરાતી પ્રાયમરી સ્કૂલ બાલવિભાગ
સિકંદરાબાદ (ડેક્કન)

નવા આજીવનસભ્યો

(ઘ વર્ગ)

(૧) રાયબહાદુર દેવરાજ ડાહ્યાભાઈ ચાવડા
સિનોગરા (કચ્છ)
(૨) શ્રી. માવજીભાઈ મૂળજી ચૌહાણ મુંબઈ-૪
(૩) શેઠ ભોગીલાલ મગનલાલ શાહ ભાવનગર
(૪) શેઠ રમણિક ભોગીલાલ શાહ ભાવનગર
(૫) શેઠ શાંતિલાલ મંગળદાસ અમદાવાદ
(૬) શ્રીમતી વસંતબેન
શાંતિલાલ મંગળદાસ અમદાવાદ

(ચ વર્ગ)

(૭) શ્રી. કાનજીભાઈ બેચરભાઈ સોલંકી
ત્રિચિનોપલ્લી
(૮) અ. સૌ. તારાબેન બાબુભાઈ પટેલ, વડોદરા

આવતો અંક વી. પી. થશે

આ વર્ષનો આ છેલ્લો અંક છે. સૌ ગ્રાહકોને વિનંતી કરવાની કે નવા વર્ષનું લવાજમ રૂા. ૨-૦-૦ મની ઑર્ડરથી જાનેવારીની તારીખ ૨૨ મી સુધીમાં કૃપા કરીને મોકલી આપે. ત્યાર પછી બધા ગ્રાહકોને વી. પી. ખર્ચના ૦-૧-૦ ઉમેરીને ૨-૪-૦ નું વી. પી. રવાના થશે તે સ્વીકારી લેવાની વિનંતી છે. વધારાનું ખર્ચ બચાવવા બધા જ ગ્રાહકો મનીઑર્ડરથી લવા-જમ મોકલે તો વધારે સારું. મનીઑર્ડર કુપનમાં પોતાનો ગ્રાહક નંબર અવશ્ય લખશે.

વ્યવસ્થાપક

નૂતન બાલશિક્ષણ સંઘ માટે રા. પુ. આ ચિત્રે એમણે
આત્મારામ પ્રિ. પ્રેસ, ખારીવાવ, વડોદરા, એમાં છાપીને પ્રગટ કર્યું. તા ૨૨-૧૨-૪૫

23117
23117

23117

शिक्षक पत्रिका
वर्ष:२०: २००९

31
050
D'